ગણધરવાદ વિશેષાંક

# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૧ • અંક-૮-૯, ઑગષ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૩ • પાના ૮૪ • કીમત રૂા. ૨૦




આત્મા, પરલોક, સ્વર્ગ, નરક વગેરે છે કે નહિ તે અંગે ચર્ચા કરવા, સમાધાન મેળવવા આવેલા ૧૧ વિદ્વાન બ્રાહ્મણો

Eleven learned Brahmins, arrive to discuss about soul, the other world, heaven, hell with Bhagwan

# જિન-વચન

## દુરાચારી ને વાચાળ મનુષ્યનો અંજામ

जह सुणी पूइकण्णी णिक्कसिज्जइ सव्वसो।२
एवं दुस्सीलपडिणीए मुहरी निक्कसिज्जई ।।

(उ. १-४)

જેમ સડેલા કાનવાળી કૂતરીને સર્વ સ્થળેથી હાંકી કાઢવામાં આવે છે, તેમ દુરાચારી, પ્રતિકૂળ વર્તન કરનાર અને વાચાળ મનુષ્યને સર્વ સ્થળેથી કાઢી મૂકવામાં આવે છે.

A bitch with rotten ears is driven away from everywhere.Similaly a person of bad conduct, of an insubordinate attitude and of talkative nature is turned out from everywhere.

(ડૉ. રમણલાલ ચી. શાહ સંકલિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૪ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૩ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૧મા વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તંત્રીની કલમે... | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આ વિશિષ્ઠ અંકના માનદ સંપાદક શ્રુત ઉપાસક ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી | ધનવંત શાહ | ૫ |
| (૩) | ઋણ સ્વીકાર | ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી | ૬ |
| (૪) | ૨૪ તીર્થંકર ભગવંતોના ગણધરો | — | ૬ |
| (૫) | ગણધરવાદ | ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી | ૧૭ |
| (૬) | સમન્વયાત્મક દૃષ્ટિકોણનું સમૃદ્ધ આકાશદર્શન | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૭) | પ્રથમ ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ | છાયા પ્રવર કોટિચા | ૨૨ |
| (૮) | બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ ગૌતમ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૫ |
| (૯) | ત્રીજા ગણધર શ્રી વાયુભૂતિ ગૌતમ | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૨૯ |
| (૧૦) | ચોથા ગણધર શ્રી વ્યક્તજી | બીના ગાંધી | ૩૪ |
| (૧૧) | પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી | ડૉ. રશ્મિબેન ભેદા | ૩૮ |
| (૧૨) | છઠ્ઠા ગણધર શ્રી મંડિક | ડૉ. અભય દોશી | ૪૧ |
| (૧૩) | સાતમા ગણધર શ્રી મૌર્યપુત્ર | પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૪૪ |
| (૧૪) | આઠમા ગણધર શ્રી અકંપિત | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૪૬ |
| (૧૫) | નવમા ગણધર શ્રી અચલભ્રાતાજી | ભારતી બી. શાહ | ૪૯ |
| (૧૬) | દસમા ગણધર શ્રી મેતાર્ય પંડિત | ડૉ. કલા શાહ | ૫૨ |
| (૧૭) | અગિયારમા ગણધર શ્રી પ્રભાસ | વર્ષા શાહ | ૫૬ |
| (૧૮) | ગણધરોં કી શંકાઓં કે વૈદિક વાક્ય (હિન્દી) | — | ૫૯ |
| (૧૯) | ગ્યારહ સ્થાપનાએં | આચાર્ય તુલસી | ૬૧ |
| (૨૦) | મનની મૂંઝવણના જ્ઞાતા સર્વજ્ઞ કઈ રીતે ? | પૂ. આ. વિજય પૂર્ણચંદ્ર સુરીશ્વરજી | ૬૩ |
| (૨૧) | જીવને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોના નિમિત્તોથી ઉદ્ભવતું ભાવકર્મ | સુમનભાઈ શાહ | ૬૫ |
| (૨૨) | વ્યાખ્યાનકાર સાધુ ભગવંતોના ચરણમાં વિનંતી | ડૉ. છાયા પી. શાહ | ૬૬ |
| (૨૩) | જીવદયા, સંપૂર્ણ શાકાહારી જીવન સાચા જૈન થવા તરફ પ્રયાણ | અતુલ દોશી | ૬૭ |
| (૨૪) | જયભિખ્ખુ જીવનધારા : ૫૨ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૬૯ |
| (૨૫) | આર્થિક સહાય માટે માલવી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ગામ કુકેરી, શાંતા બા વિદ્યાલયની પસંદગી | — | ૭૩ |
| (૨૬) | શ્રી મું. જૈન યુવક સંઘ સંચાલિત કિશોર ટિંબડિયા કેળવણી ફંડ | — | ૭૫ |
| (૨૭) | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૭૬ |
| (28) | Ganadharvad in Jain philosophy | Dr. Anil V. Desai | 78 |
| (29) | Thus HE Was, Thus HE Spoke Swami Vivekanand | Reshma Jain | 81 |
| (30) | Ocean of Politeness | AcharyashriVatsalyadeepji Translation:Pushpa Parikh | 82 |
| (૩૧) | ૨૦૧૩-૭૯મી પર્યુષણ વ્યાખ્યાનમાળા | — | ૮૪ |


**આ અંકના ચિત્રો કવર પેજ પહેલું અને ત્રીજું**
**સૌજન્ય : આચાર્ય યશોવિજયજી સંપાદિત તીર્થંકર ભગવાન શ્રી મહાવીર ચિત્ર સંપુટ**
**ચિત્રકાર : ગોકુલદાસ કાપડિયા**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૧ ● અંક : ૮-૯ ● ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૩ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● શ્રાવણ વદિ ● તિથિ ૧૨

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૪મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## આ ગણધરવાદ વિશિષ્ટ અંકના માનદ સંપાદક

## ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી

### તંત્રીની કલમે...✍

ગણધરવાદ એટલે વાદ વિવાદ નહિ, પણ ભગવાન મહાવીરનો એમના થનારા અગિયાર મહાપંડિત શિષ્યો સાથેનો સંવાદ, અને આ સંવાદમાંથી પ્રગટતું જૈન તત્ત્વજ્ઞાનનું તર્કબદ્ધ સત્ય.

આ મહાપંડિતો વેદોના પ્રકાંડ અભ્યાસી હતા, અને વેદોના ભિન્ન ભિન્ન અધ્યયનથી તથા તેમાં પ્રસ્તુત થયેલા પરસ્પર વિરૂદ્ધ વેદવાક્યોથી એમના મનમાં શંકાઓ જન્મી હતી, પણ એ શંકા અન્ય પાસે પ્રગટ કરતા એમને સંકોચ અને માનહાની થતી જણાતી હતી, જ્યાં અહમ્ ઊભો હોય ત્યાં સમ્યગ્ જ્ઞાન ન પ્રવેશે. એઓ એક પછી એક ભગવાન મહાવીર પાસે ઉપસ્થિત થયા, ભગવાન મહાવીર તો સર્વજ્ઞ હતા, એટલે મહાપંડિતોને એમણે સામેથી પ્રશ્ન પૂછ્યો કે તમારી આ શંકા છે, આ શંકાનું નિવારણ તમારા વેદોના સાચા અર્થઘટનથી આ છે. પોતાની શંકાને પ્રશ્ન પૂછ્યા વગર જ ભગવાને જાણી એથી, તેમજ સત્યના પ્રગટીકરણથી પ્રભાવિત થઈ આ અગિયાર મહાપંડિતો ભગવાનના શિષ્ય બન્યા અને ભગવાને એમની ગણધર તરીકે સ્થાપના કરી.

આ વિશિષ્ટ અંકમાં આ ચર્ચા-વિગતે આપી છે એટલે અહીં પુનરુક્તિ કરી પ્રબુદ્ધ વાચકની જિજ્ઞાસાવૃત્તિનો રસ વિચ્છેદ કરતો નથી.

જૈન શ્રાવકો તેમજ જૈનેતર જિજ્ઞાસુને આ ગણધરવાદની આછેરી રૂપરેખા મળે અને એમાંથી નિપજતા જૈન ધર્મના તત્ત્વને આ જિજ્ઞાસુ ભવ્યાત્મા સમજે અને પામે એ જ આશય આ અંકનો છે.

આ અંક માત્ર વાચનનો જ નથી. આ અધ્યયન સ્વાધ્યાય અને પરિશિલન માટેનો તત્ત્વ વિચાર અંક છે. એના વાચનથી જેમ ગણધરોની શંકાનું ભગવાને સમાધાન કર્યું એ રીતે જ પ્રબુદ્ધ વાચકની શંકાઓનું સમાધાન થશે જ એમ નમ્ર ભાવે હું આપને ખાત્રીપૂર્વક કહું છું.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોના કરકમળમાં આ આઠમો

**આ સંયુક્ત અંકના સૌજન્યદાતા**
**શ્રીમતિ કલ્પા હસમુખ દી. શાહ પરિવાર**
**સ્મૃતિ - શ્રદ્ધાંજલિ**
**સ્વ. સંપતબેન દી. શાહ - માતુશ્રી**
**સ્વ. દીપચંદ કેશરીમલ શાહ - પિતાશ્રીની**
**૧૯મી પુણ્યતિથિ પર**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

વિશિષ્ટ અંક અર્પણ કરતાં ખરેખર અમે શબ્દ ધન્યતાનો ચિર ભાવ અનુભવીએ છીએ.

આ સર્વે અંકોએ વાચકવર્ગનો યશ પ્રાપ્ત કર્યો છે, એના વિશેષ અધિકારી છે એ અંકોના વિદ્વાન સંપાદકો. અમે અહીં આ સર્વે મહાનુભાવ પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરીએ છીએ. આમાંનો 'જૈન સાહિત્ય કથા વિશ્વ' અંક તો ગ્રંથાકારે પ્રગટ પણ થઈ ચૂક્યો છે.

આ ગણધરવાદના અંકની પ્રેરણા અમને પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી પાસેથી મળી છે. એ પૂજ્યશ્રીનો આભાર કયા શબ્દોમાં માનીએ? પૂજ્યશ્રીના નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે આ અંકને પૂજ્યશ્રીની કલમનો લાભ પ્રાપ્ત નથી થયો અને એ ઊણપ અમને, આપને, સર્વને લાગે એ સ્વાભાવિક છે.

ગણધરવાદ જેવા તાત્ત્વિક અંકનું સંપાદન કરવા માટે આ વિષય તેમજ જૈન આગમના જ્ઞાતા હોય એ જ આવા વિશિષ્ટ અંકને ન્યાય આપી એને ચિંતનીય સાથોસાથ દર્શનીય પણ બનાવી શકે. આ શુભ અને ઉત્તમ કાર્ય માટે અમને અમારા મિત્રવર્તુળમાંથી ડૉ. રશ્મિકુમાર ઝવેરી જ સમર્થ લાગ્યા.

પરંતુ એઓશ્રીની નાદુરસ્ત તબિયત, કેન્સર જેવા મહાવ્યાધિ સાથે એક દાયકાથી એમની લડત, આવી પરિસ્થિતિમાં હૃદય મિત્ર હોય છતાં આ શુભ કાર્યનો સ્વીકાર કરો એવું એઓશ્રીને કહેવાની હિંમત કેમ આવે? પણ અમે તો શ્રુતદેવતાને પ્રાર્થના કરી, હિંમતોનો સરવાળો કરી એમની પાસે પહોંચ્યા. ચશ્માંમાંથી સહેજ આંખ ઊંચી કરી પ્રેમમિશ્રતિ ભાવે એમણે મીઠા ઠપકા સાથે અમારી સામે જોયું. અમારી પાસે તો શાસ્ત્ર, સંબોધન અને સ્મિત સિવાય કોઈ શસ્ત્રો ન હતા. પ્રથમ અમને તો રોકડી 'ના' મળી. પણ એમના ધર્મપત્ની અંજનાબેન અમારા પક્ષે આવી ગયા, અમે વિનંતિઓનો ગુણાકાર કર્યો અને અમે જીતી ગયા. શ્રુતદેવતાએ અમારા ઉપર કૃપા કરી.

માત્ર બે મહિનાના ટૂંકા સમયમાં અતિ પરિશ્રમ કરી પૂ. ડૉ. રશ્મિભાઈએ આ અંક તૈયાર કર્યો. એમના ઉપકારને કઈ રીતે મૂલવવો? અમારા કર્મચારી, મથુરભાઈ, પ્રવીણભાઈ, હરિચરણ અને અશોકનો સાથ મળ્યો. પૂ. પુષ્પાબેનના પરિશ્રમને કેમ ભૂલાય? અને આ અંકના દેહને આકાર આપનાર એંસી વરસના અમારા જવાહરભાઈ તો ચેન્નાઈ એક્સપ્રેસ જેવા, ઝડપી, થાક્યા વગર દોડે અને બધાંને દોડાવે.

આ અંકમાં અલગ રીતે પ્રસરાયેલ કેટલીક વિચાર કણિકા અને દૃષ્ટાંતો અમારા પરમ મિત્ર સુરેશ ગાલાના પુસ્તક 'મરમનો મલક'માંથી લીધી છે, આભાર માનીશ તો ઠપકો મળશે.

આ સર્વ પરિશ્રમ અને પ્રજ્ઞાનો સરવાળો એટલે આ ગણધરવાદ અંક.

આશા છે કે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અંતરથી આ અંકને સ્વીકારી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરશે.

જો કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો હું ક્ષમાપ્રાર્થી છું. મિચ્છામિ દુક્કડમ્-શ્રુતદેવને વંદન.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

## આપણે તો આત્મા છીએ, જે નિરાકાર છે, અનંત છે. શક્તિનો પૂંજ છે, ચૈતન્યમય છે.

*ક્રિશ્ચિયન પરંપરા જે પુનર્જન્મ, આત્મા અને કર્મની થિયરીનો સ્વીકાર કરતી નથી એ પરંપરામાં જન્મેલ ડૉ. વાઝ ઉપસંહારમાં કહે છે:*

*'આપણે માત્ર સ્થૂળ શરીર નથી. એ તો નાશવંત છે. આપણે તો આત્મા છીએ, જે નિરાકાર છે, અનંત છે. અનાદિ છે, અમર છે, શક્તિનો પૂંજ છે, ચૈતન્યમય છે. પૂર્વે આપણા અનેક જન્મો થયા છે અને આ ભવમાં આપણે જે પણ છીએ અને જેવા સંજોગો આપણને પ્રાપ્ત થાય છે એનું કારણ આપણા પૂર્વજન્મમાં કરેલાં કર્મો છે. આપણું ચિત્ત સ્ટોરહાઉસ જેવું છે જેને ફ્રોઈડ unconscious mind કહે છે. એ ચિત્તમાં કર્મના, વાસનાના સંસ્કારો પડેલ હોય છે. જ્યારે પણ વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે સ્થૂળ દેહ અહીં પડેલો હોય છે. આત્મા ચિત્તની સાથે અનંતની સફરે ઉપડી જાય છે. આ જન્મમાં જે પણ તમારા મિત્રો છે, કુટુંબીજનો છે, સગાં છે એ બધાં પૂર્વજન્મમાં કોઈક ને કોઈક રીતે તમારી સાથે સંકળાયેલાં જ હોય છે. સંબંધો બદલાઈ જતા હોય છે. કો'ક જન્મની દીકરી આ જન્મમાં તમારી બહેન પણ બની શકે છે.'*

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–**(U.S. $ 20) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–**(U.S. $ 50) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–**(U.S. $ 80)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–**(U.S. $180)

## આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક શ્રુત ઉપાસક

## ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી

मेंति भूएसु कप्पण।

મૈત્રી મારો ધર્મ છે-ભગવાન મહાવીર.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું જેમના જીવનમાં સતત વહેતું રહે છે એવા આ ડૉ. રશ્મિભાઈ ઝવેરીને તમે એક વાર સહજ મળો તો વધુ વખત મળ્યાનો આનંદ અનેક વારમાં પલટાઈ જાય. એમને મળવું એટલે જાણે આપણી એક જ્ઞાન ભંડારની મુલાકાત. હૂંફ તો એવી આપે કે જાણે શિયાળાની કડકડતી ઠંડીમાં ઉષ્માભર્યા તાપણા પાસે આપણું આસન, જે જ્ઞાનનું તેજ પણ અપાવે. એમના ઘરની અગાસીમાં ફૂલોના કુંડા વચ્ચે આકાશની છત નીચે આ દંપતીનું સાન્નિધ્ય મ્હાણીએ ત્યારે શોધવું પડે કે આ સુગંધ એ કુંડાના ફૂલોની છે કે આ દંપતીના જ્ઞાન અને સ્નેહની છે! ચંદ્ર તારાના તેજમાં આપણે બાગબાગ થઈ જઈએ.

રશ્મિભાઈએ જીવનની કારકીર્દિ તો ઘડી આંકડા સાથે. મુંબઈ યુનિવર્સિટીમાંથી વાણિજ્ય શાખામાં માસ્ટર ડીગ્રી મેળવી સી.એ. થયા અને ધન પ્રાપ્તિ કરવા સી.એ.ની સફળ પ્રેકટિસ કરી, આયુષ્યના સાંઠ વરસની ઉંમર સુધી.

૧-૧૦-૧૯૩૫માં કચ્છ અંજારમાં ઉદ્યોગપતિ અને ધર્મ ચિંતક પિતા જેઠાભાઈ ઝવેરીને ત્યાં માતા સૂરજબેનની કુખે અવતરનાર આ રશ્મિભાઈને સી.એ.ની આંકડા લીલાથી સંતોષ ન થયો એટલે આત્મવિકાસ માટે એમણે ઝાલ્યો શબ્દનો હાથ. પાંસઠ વર્ષની ઉંમરે જૈનોલોજીમાં એમ.એ. કર્યું અને 'પ્રેક્ષાધ્યાન' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પણ ગ્રહણ કરી. આમ 'આંક' અને 'શબ્દ'ના બે ગજરાજો ઉપર સવારી. શુભ કર્મોદયની આ પરિણતિ.

ઉપરાંત આ રશ્મિભાઈ એવા સદ્‌ભાગી કે આ યુગના મહાન જૈન ચિંતક આચાર્ય મહાપ્રજ્ઞજીનું એમને સાનિધ્ય સાંપડ્યું.

ઉદ્યોગપતિ પિતા જેઠાભાઈને ધનની સાથોસાથ ધર્મની લગની લાગી અને એ વિષયક પુસ્તકોનું સર્જન કરી જીવનની સંધ્યાએ 'સંથારો' ગ્રહણ કરી પોતાના દેહને અરિહંતને શરણે ધરી જીવન અને મૃત્યુને ધન્ય કરી દીધું.

લઘુ બંધુએ પણ સંસારનો ત્યાગ કરી મુનિ જીવન સ્વીકારી આચાર્ય મહાપ્રજ્ઞજીના શિષ્ય બન્યા અને શતાવધાની મહેન્દ્રકુમારજી નામાભિધાનથી વર્તમાનમાં તેરાપંથ સમુદાયમાં સ્થિર થઈ જ્ઞાન તપની આરાધના કરી રહ્યાં છે.

ડૉ. રશ્મિભાઈને જે સાધના, સિદ્ધિ અને પ્રસિદ્ધિ મળી એનો ધબકાર તો પત્ની સુશ્રાવિકા અંજનાબેન. રશ્મિભાઈ અને અંજનાબેનનું દામ્પત્ય એટલે એક સમૃદ્ધ અને મંગળ કલ્યાણમયી દામ્પત્ય. નરસિંહ-માણેકબા, ન્હાનાલાલ-માણેકબા અને શિવ-પાર્વતી જેવું. અંજનાબેનની પતિભક્તિ છે એટલે જ તો રશ્મિભાઈને ધન-ધર્મના યશનો ઓડકાર આવે.

જૈન ધર્મના આગમો અને અનેક ગ્રંથોના અભ્યાસી તેમજ ૨૫ થી વધુ પુસ્તકો અને અનેક લેખોના કર્તા અને પ્રભાવક વક્તા ડૉ. રશ્મિભાઈની જીવન છાબમાં અનેક ઉપલબ્ધિઓ અને સાફામાં પણ એક કરતાં વધુ યશકલગીઓ છે. આપણે એની તરફ વિહંગ નજર કરીએ. વધુ વિગતમાં જઈએ તો પાનાં ભરાય.

વ્યવસાય ક્ષેત્રે જૈન સી.એ. ફાઉન્ડેશન તેમજ ફોરમ ઓફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલના સ્થાપક પ્રમુખ, ઈન્કમ ટેક્સ ટ્રીબ્યુનલ બોર્ડના ખજાનચી, સામાજીકિ ક્ષેત્રે, વેજીટેરિયન કોંગ્રેસના પ્રમુખ, લાયન કલબના સેક્રેટરી, પત્રકાર ક્ષેત્રે, 'જૈન જગત', 'મંગલયાત્રા' અને 'શ્રી જીવદયા'ના એક સમયે તંત્રી, સાહિત્ય ક્ષેત્રે આચાર્ય મહાપ્રજ્ઞના સૂત્રકૃતાંગના ગુજરાતી અનુવાદક, જૈન પ્રચાર ક્ષેત્રે વિદેશોમાં જૈન ધર્મના આરાધક, પ્રેક્ષાધ્યાનના સંચાલક અને પ્રચારક, તેમજ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપરના પ્રભાવક વક્તા.

ડૉ. રશ્મિભાઈને મહારાષ્ટ્ર સરકારે ગિરનાર એવોર્ડથી નવાજ્યા છે, અને અનેક સંસ્થાએ એમને જૈનરત્નથી સંબોધ્યા છે.

એમના રણકતા પરિવારના ત્રણ સંતાનો, પુત્રવધૂ અને જમાઈ બધાં જ સી.એ. છે. સી. એ. પરિવાર.

મૌન, મંત્ર અને ધ્યાનના આરાધક આ વિદ્વદ્ શ્રાવકે કેન્સરના મહારોગને હંફાવી વર્તમાનમાં ધર્મધ્યાન અને સર્જનાત્મક સાહિત્યની આરાધના કરતા કરતા સ્વસ્થ કલ્યાણમય જીવન જીવી રહ્યાં છે.

'પ્રબુદ્ધ જીવન'ના આ ગણધરવાદ વિશિષ્ટ અંકના યશસ્વી માનદ સંપાદક અને આવા શ્રુત ઉપાસક ડૉ. રશ્મિકુમારના સ્વસ્થ અને દીર્ઘ તેમજ મંગલમય જીવન માટે શાસન દેવને આપણે સૌ વાચકો પ્રાર્થના કરીએ, અને એમના મૈત્રી ઝરણમાં આપણે સર્વને ભીના ભીના થવાનું સદ્‌ભાગ્ય સાંપડો.

☐ ધનવંત શાહ

# ઋણ-સ્વીકાર

ગણધરવાદ જેવા ગહન વિષય પર આવા અમૂલ્ય વિશેષાંકના માનદ સંપાદક માટે મારા જેવા અલ્પજ્ઞાની પર વિશ્વાસ મૂકવા માટે 'પ્રબુદ્ધ જીવન'ના માનદ તંત્રી ડૉ. ધનવંતભાઈનો આભાર માનવા માટે મારી પાસે પૂરતાં શબ્દો નથી. શરુઆતની મારી અનિચ્છાને આ જાદૂગરે અતિ ઉત્સાહમાં રૂપાંતર કરી નાખી. એમની પ્રેમાળ પ્રેરણાનું સતત સિંચન અને અમૂલ્ય માર્ગદર્શને જ મને આ ભગીરથ કાર્ય સંપન્ન કરવા સમર્થ બનાવ્યો.

સંપાદનના આ કાર્યમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ અત્યંત સ્નેહ અને વાત્સલ્યથી મને તો જાણે નવડાવી નાખ્યો. ગણધરવાદ ઉપર લેખ માગ્યો તો બીજે દિવસે મારા હાથમાં છાપેલો લેખ હાજર! વિષય ઉપરનું સાહિત્ય માગ્યું તો બીજે જ દિવસે પંન્યાસ શ્રી અરુણવિજયજી મ. સા. રચિત સચિત્ર ગણધરવાદ (બેભાગ) પુસ્તકો અને આ ઉપરાંત સલાહ-સૂચન આદિથી મારો ઉત્સાહ વધારનાર આ મહાન વિભૂતિનો હૃદયપૂર્વક આભાર.

જૈન સોશ્યલ ગ્રુપ–સાયનના ગોડફાધર જેવા શ્રી અશોકભાઈ શાહે તો પં. દલસુખ માલવણિયાના 'ગણધરવાદ'ની ગુજરાતી C.D. શ્રી હિતેશ સવાણી સાથે મારે ઘેર મોકલી આપી! આ C.D.માંથી Soft Copy બનાવીને બધા લેખકોને મોકલી આપવાથી એ બધાને પં. દલસુખ માલવણિયાના અમૂલ્ય ગ્રંથનો લાભ મળ્યો અને લેખન માટે આધારભૂત સામગ્રી મળી. પરમ મિત્ર અશોકભાઈનો આભાર.

થાણા સ્થિત શ્રી જે. કે. સંઘવીએ ગણધરવાદ ઉપર આચાર્ય વિજય જયંતસેન સૂરિજી રચિત 'મિલા પ્રકાશ : ખિલા બસંત' આદિ ઉત્તમ સાહિત્ય મોકલી આપ્યું તે માટે હું એમનો ઋણી છું.

## ૨૪ તીર્થંકર ભગવંતોના ગણધરો

| તીર્થંકરનામ | પ્રથમ ગણધર | સંખ્યા |
|---|---|---|
| ૧. શ્રી ઋષભદેવ | ઋષભસેનાદિ | ૮૪ ગણધર |
| ૨. શ્રી અજિતનાથ | સિંહસેનાદિ | ૯૫ ગણધર |
| ૩. શ્રી સંભવનાથ | ચારૂઆદિ | ૧૦૨ ગણધર |
| ૪. શ્રી અભિનંદનસ્વામી | વજ્રાનાભાદિ | ૧૧૬ ગણધર |
| ૫. શ્રી સુમતિનાથ | ચમરાદિ | ૧૦૦ ગણધર |
| ૬. શ્રી પદ્મપ્રભુ | સુવ્રતાદિ | ૧૦૭ ગણધર |
| ૭. શ્રી સુપાર્શ્વનાથ | વિદર્ભાદિ | ૯૫ ગણધર |
| ૮. શ્રી ચંદ્રપ્રભુ | દિન્નાદિ | ૯૩ ગણધર |
| ૯. શ્રી સુવિધિનાથ | વરાહાદિ | ૮૮ ગણધર |
| ૧૦. શ્રી શીતલનાથ | આનન્દાદિ | ૮૧ ગણધર |
| ૧૧. શ્રી શ્રેયાંસનાથ | ગોસ્તુભાદિ | ૭૨ ગણધર |
| ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી | સુધર્માદિ | ૬૬ ગણધર |
| ૧૩. શ્રી વીમળનાથ | મન્દરાદિ | ૫૭ ગણધર |
| ૧૪. શ્રી અનંતનાથ | યશાદિ | ૫૦ ગણધર |
| ૧૫. શ્રી ધર્મનાથ | અરિષ્ટાદિ | ૪૩ ગણધર |
| ૧૬. શ્રી શાંતિનાથ | ચક્રાધાદિ | ૩૬ ગણધર |
| ૧૭. શ્રી કુન્થુનાથ | સ્વયંભુઆદિ | ૩૫ ગણધર |
| ૧૮. શ્રી અરનાથ | કુંભાદિ | ૩૩ ગણધર |
| ૧૯. શ્રી મલ્લિનાથ | ઈન્દ્રાદિ | ૨૮ ગણધર |
| ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી | કુંભાદિ | ૧૮ ગણધર |
| ૨૧. શ્રી નમિનાથ | શુભાદિ | ૧૭ ગણધર |
| ૨૨. શ્રી અરિષ્ટનેમિ | નરદત્તાદિ | ૧૧ ગણધર |
| ૨૩. શ્રી પાર્શ્વનાથ | દિન્નાદિ | ૧૦ ગણધર |
| ૨૪. શ્રી મહાવીરસ્વામી | ઈન્દ્રભૂતિગૌતમાદિ | ૧૧ ગણધર |

**૨૪ તીર્થંકરોના કુલ ગણધરો ૧૪૪૮**

ડૉ. કલાબેન શાહ પાસેથી પંડિત દલસુખ માલવણિયાનું દળદાર પુસ્તક મળ્યું તે માટે આભાર.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસના કર્મચારી શ્રી પ્રવીણભાઈ અને એમના મિત્ર શ્રી સેવંતીલાલ પટ્ટણીએ પણ પ્રસ્તુત વિષય પર ઘણું સાહિત્ય મોકલી આપ્યું હતું. તેમનો આભાર.

કલ્યાણ મિત્ર શ્રી ગુણવંતભાઈ બરવળિયા, શ્રી યોગેશ બાવીસી આદિ મિત્રોએ અગત્યના સલાહ-સૂચનો આપી મારો ઉત્સાહ વધાર્યો–તે માટે આભાર.

અંતમાં મને આ કાર્યમાં આદિથી અંત સુધી પ્રોત્સાહિત કરવા બદલ મારા ધર્મપત્ની અંજનાને હું કેમ ભૂલી શકું? આ ઉપરાંત રૂપલ પ્રેમલ ઝવેરી આદિ પ્રત્યક્ષ-પરોક્ષ રૂપમાં જેમણે મને આ કાર્યમાં સાથ-સહકાર આપ્યો તે બધાનો હું ઋણ સ્વીકાર કરું છું.

**□ રશ્મિકુમાર ઝવેરી**

૧૦-૦૮-૨૦૧૩

# ગણધરવાદ

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

**(૧) ગણધરવાદ એટલે શું ?**

ભગવાન મહાવીરસ્વામીના ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર ગણધરો હતા. તેઓ સહુ વેદોના પ્રકાંડ પંડિત હતા. પણ આ દરેકના મનમાં એક સંદેહ-શંકા હતી. ભગવાન પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી-કેવળજ્ઞાનથી આ બધાની શંકા દૂર કરે છે. એટલે ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર પંડિતો પોતપોતાના શિષ્યો સાથે ભગવાનના શિષ્યો બની જાય છે. આજ પાછળથી ગણધર બને છે અને ગણધરવાદની સ્થાપના થાય છે.

આચાર્ય મહાપ્રજ્ઞ 'શ્રમણ મહાવીર'માં લખે છે કે ભગવાન મહાવીર ગણતંત્રના વાતાવરણમાં ઉછર્યા હતા. સત્તા અને સંપત્તિના વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત એ ગળથૂથીથીજ શીખ્યા હતા. એમણે સાધુસંઘને નવ ગણોમાં વિભક્ત કરી તેની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરી દીધું. ઈન્દ્રભૂતિ આદિ અગિયાર શિષ્યોની 'ગણધર' રૂપે નિમણૂક કરી. (ઈન્દ્રભૂતિ ગૌતમ કૂળના હતા એટલે એ 'ગૌતમસ્વામી' તરીકે ઓળખાયા.) પ્રથમ સાત ગણોનું નેતૃત્વ પ્રથમ સાત ગણધરોને સોંપ્યું. આઠમા ગણનું નેતૃત્વ અકંપિત અને અચલભ્રાતા તથા નવમા ગણનું નેતૃત્વ મેતાર્ય અને પ્રભાસને સોંપીને સંયુક્ત નેતૃત્વની જે વ્યવસ્થા કરી એનું જ નામ છે ગણધરવાદ.

**(૨) ગણધરવાદનો ઉદ્‌ગમ**

જિજ્ઞાસાની જાગૃતિ માટે ભગવાને કહ્યું છે :

*'જે સંશયને જાણે છે તે સંસારને જાણે છે*
*જે સંશયને નથી જાણતો તે સંસારને નથી જાણતો.'*

(આયારો-૫/૯)

અગિયાર પ્રકાંડ પંડિતોને સંશય થયો, સંદેહ થયો, શંકા થઈ તો જ એ બધાનું સમાધાન ભગવાને આપ્યું. અને આ સમાધાનરૂપી ઉત્તરો રૂપે ગણધરવાદ જૈન દર્શનનો પાયો બની ગયો. આ અગિયાર પંડિતોના અગિયાર પ્રશ્નોના ભગવાન ઉત્તર આપે છે એનું પ્રશ્નોત્તર શૈલીમાં આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્યમાં 'ગણધરવાદ'ના નામથી વર્ણન કર્યું છે. આ અગિયાર પ્રશ્નોત્તરમાં સમસ્ત જૈન દર્શનનો સાર આવી જાય છે. આત્મા, નવ તત્ત્વ, પંચાસ્તિકાય, કર્મવાદ, પુણ્ય-પાપ-બંધ-મુક્તિ, દેવ અને નારકીની ચર્ચા આદિ દ્વારા જૈન દર્શનનું હાર્દ એટલે ગણધરવાદ.

આ અગિયાર પંડિતો કટ્ટર કર્મકાંડી બ્રાહ્મણો હતા, પણ એમનામાં સત્યનિષ્ઠા અને સરળતા હતી માટે જ જ્યારે ભગવાને એમની સમક્ષ સત્યનો સાક્ષાત્કાર કર્યો ત્યારે પોતાની પંડિતાઈનું અભિમાન અને જન્મજાત ઉચ્ચ કૂળના મદનો ત્યાગ કરી સત્યનો સ્વીકાર કરે છે. અને એ સત્યના ઉદ્‌ઘાટકના શિષ્ય બની જાય છે. એટલે સત્યનિષ્ઠા અને સરળતા એ જ ગણધરવાદનો પાયો છે.

ભગવાન મહાવીર કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી બીજા દિવસે વૈશાખ સુદી અગિયારસે મધ્યમ પાવા પહોંચ્યા ને ત્યાં મહસેન ઉદ્યાનમાં રહ્યા. અંતરમાં એકલા અને બહાર પણ એકલા. કોઈ શિષ્ય નહીં, કોઈ સહાયક નહીં. એમની પ્રથમ દેશનામાં માત્ર દેવો જ શ્રોતા તરીકે આવ્યા હતા. તેઓ સહુ જન્મજાત વિલાસી હોવાથી ભગવાન પાસે કોઈ દીક્ષા ન લઈ શક્યા.

પણ ભગવાનના અંતરમાં નિષ્કારણ કરૂણાનો અખૂટ સ્રોત વહેતો હતો એટલે જગતના પ્રાણીઓના કલ્યાણની એમને સહજ સ્ફૂરણા થઈ. અહિંસા અને સંયમ રૂપી ધર્મનો પ્રચાર કરવા એમને કેટલાક સહાયકોની–શિષ્યોની આવશ્યકતા લાગી અને આ કાર્ય માટે એમને બ્રાહ્મણ વર્ગના લોકો યોગ્ય લાગ્યા. બ્રાહ્મણ હોય તો અધિકતર ઉપકાર થશે એમ એમને લાગ્યું. ભગવાને પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી જોયું કે મધ્યમ પાવામાં સોમિલ બ્રાહ્મણે એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું છે. એને સંપન્ન કરવા માટે અગિયાર યજ્ઞવિદ્ વિદ્વાનો આવ્યા છે. આજ અગિયાર વિદ્વાનો ભગવાન પાસે આવી પોતાના સંદેહનું સમાધાન કરી ભગવાનના શિષ્યો-ગણધરો બની ગયા.

**(૩) આધાર ગ્રંથ**

ગણધરવાદનો ઉલ્લેખ મૂળ અગિયાર અંગ અથવા ૩૨/૪૫ આગમોમાં ક્યાંય નથી મળતો. આનો ઉલ્લેખ સૌ પ્રથમ શ્રી ભદ્રબાહુસ્વામી કૃત આવશ્યકચૂર્ણિમાં થયેલો છે. આ ગ્રંથની ૪૨ ગાથાઓમાં (૬૦૦-૬૪૧) ઈન્દ્રભૂતિ આદિ અગિયાર ગણધરોના મનમાં રહેલા સંશય કથનથી માંડીને અંતિમ અગિયારમાં ગણધર પ્રભાસની દીક્ષાવિધિ સુધીના પ્રસંગનું કથન છે. આ ગાથાઓ ઉપરથી આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાક્ષમણે વિશેષાવશ્યકભાષ્યની રચના કરી પ્રથમવાર 'ગણધરવાદ'નો ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથની મલધારી હેમચંદ્રાચાર્યની

બૃહદ્‌વૃત્તિમાં કરેલા વિવરણના આધારે આજે 'ગણધરવાદ' પ્રચલિત છે.

વિશેષાવશ્યકભાષ્યને 'જૈનજ્ઞાન મહોદધિ'ની ઉપમા આપવામાં આવી છે. આની ૩૬૦૬ ગાથાઓમાંથી ૧૫૪૯ થી ૨૦૨૪ સુધીની ૪૭૬ ગાથાઓ ગણધરવાદ પર છે.

ગણધરવાદનો સૌથી વધારે વિસ્તાર આ વિશેષાવશ્યકભાષ્યમાં જ છે. તેના ઉપરથી કલ્પસૂત્રની વિનયવિજયજી રચિત ટીકામાં ઘણો સંક્ષિપ્ત ગણધરવાદ છે, જે ભાદરવા સુદ બીજના દિવસે બપોરના વ્યાખ્યાનમાં વંચાય છે.

શ્રી વિશેષાવશ્યકભાષ્ય ઉપર ગ્રંથકર્તા શ્રી જિનભદ્રગણિજીની પોતાની જ રચેલી સ્વોપજ્ઞ ટીકા, કોટ્યાચાર્યજીની ટીકા અને શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજીની રચેલી ટીકા, વગેરે ઘણું સાહિત્ય રચાયેલું છે. પ્રથમની બન્ને ટીકા સંક્ષિપ્ત અને કંઈક કઠીન છે. જ્યારે મલધારીજીની ટીકા વિસ્તૃત, સરળ અને સુખબોધ છે. આ ટીકાની રચના થતાં પ્રથમની બે ટીકાઓ પઠન-પાઠનનો અવિષય બની ગઈ. મલધારીજીની ટીકા ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ છે. વિશેષાવશ્યકભાષ્યના સર્વ વિષયોને સરળ રીતે ન્યાયયુક્ત ભાષામાં વિસ્તૃતપણે રજૂ કરનારી આ ટીકા છે. તેમાં જ આ ગણધરવાદ સારી રીતે ચર્ચેલો છે. આ રીતે આ ગણધરવાદના વિષયને નીચેના ચાર ગ્રંથો સાથે પૂર્વાપર સંબંધ છે.

(૧) શ્રી ગણધરભગવંત રચિત–આવશ્યક સૂત્ર
(૨) શ્રી ભદ્રબાહુસ્વામીજી રચિત–આવશ્યક નિર્યુક્તિ
(૩) શ્રી જિનભદ્રગણિજી રચિત-વિશેષાવશ્યકભાષ્ય
(૪) મલધારી શ્રી હેમચંદ્રાચાર્ય રચિત-સંસ્કૃત ટીકા

**ગ્રંથકર્તાઓનો પરિચય**

**આચાર્ય ભદ્રબાહુગણિ (દ્વિતીય)**

ભદ્રબાહુ નામના એકાધિક પ્રભાવક આચાર્યો થઈ ગયા. ભદ્રબાહુ પ્રથમ (વી.નિ. ૯૪ થી વી. નિ. ૧૭૦) પાંચમા અને અંતિમ શ્રુતધર હતા. આચાર્ય ભદ્રબાહુ (દ્વિતીય) (વી. નિ. દસમી-અગિયારમી શતાબ્દિ) જૈનાગમના નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ છે. એમણે આચારાંગ, સૂત્રકૃત્રાંગ, આવશ્યક આદિ દસ આગમોની નિર્યુક્તિઓની રચના કરી હતી, જેનો લાભ આજે પણ મળી રહ્યો છે. સુપ્રસિદ્ધ પાર્શ્વનાથ સ્તોત્ર 'ઉવસગ્ગહરં'ની રચના પણ એમણે કરી હતી. તેઓ સુપ્રસિદ્ધ જ્યોતિર્વિદ વરાહમિહિરના વડીલબંધુ હતા. પ્રસ્તુત વિષય 'ગણધરવાદ'નું મૂળ એમણે રચેલી આવશ્યક નિર્યુક્તિમાં મળે છે.

**(૨) આગમવાદી આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ**

આગમોના અદ્વિતીય વ્યાખ્યાકાર આચાર્ય જિનભદ્રગણિ (વિ. સં. ૫૪૫-૬૫૦) ને આગમવાણી માટે અગાધ શ્રદ્ધા હતી. એમણે રચેલા 'વિશેષાવશ્યકભાષ્ય' આદિ દસ ભાષ્યો આગમ અને નિર્યુક્તિઓના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરે છે. ચૂર્ણિકાર સિદ્ધસેનગણિ, મુનિ ચંદ્રસૂરિ, ટીકાકાર મલયગિરિ, આચાર્ય હેમચંદ્ર, આદિ આચાર્યોએ એમને યુગપ્રધાન, શ્રુતજ્ઞાનમાં દક્ષ, જિનમુદ્રા સમાન અને જ્ઞાનના સમુદ્ર વિશેષણોથી નવાજ્યા છે. એમની ચિંતન-વિદ્યા મૌલિક હતી. એ જિનાગમ સિંધુ હતા.

વિશેષાવશ્યકભાષ્યમાં નય, નિક્ષેપ, પ્રમાણ, સ્યાદ્‌વાદ આદિ દાર્શનિક વિષયો પર ગૂઢ પરિચર્ચા, કર્મશાસ્ત્રનું સૂક્ષ્મ પ્રતિપાદન, જ્ઞાન-પંચકના ભેદ-પ્રભેદો સાથે વ્યાખ્યા, શબ્દશાસ્ત્રના વિસ્તારથી વિવેચન અને ઔદારિક આદિ સાત પ્રકારની વર્ગણાઓ સંબંધમાં નવા તથ્ય મળે છે. આ સામાયિક ભાષ્યના શ્રવણ, અધ્યયન મનનથી બુદ્ધિ પરિમાર્જિત થાય છે. એથી ભાષ્ય સાહિત્યમાં વિશેષાવશ્યકભાષ્યનું મહત્વપૂર્ણ સ્થાન છે. જૈન આગમોના વિવિધ વિષયોનો આ પ્રતિનિધિ ગ્રંથ છે.

*વિશેષાવશ્યકભાષ્યને 'જૈનજ્ઞાન મહોદધિ'ની ઉપમા આપવામાં આવી છે. આની ૩૬૦૬ ગાથાઓમાંથી ૧૫૪૯ થી ૨૦૨૪ સુધીની ૪૭૬ ગાથાઓ ગણધરવાદ પર છે.*

ગણધરવાદ માટેનો આ આધાર ગ્રંથ છે કારણ એમાં ગણધરવાદનું સર્વાંગપૂર્ણ વિવેચન છે.

**(૩) મલધારી આચાર્ય હેમચંદ્ર**

મલધારી હેમચંદ્ર (વિક્રમની બારમી શતાબ્દિ) તત્કાલીન યુગના વિશિષ્ટ વ્યાખ્યાતા હતા અને કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રના પૂર્વવર્તી હતા. તેઓ સંસ્કૃતના પંડિત હતા. સ્વાધ્યાય, યોગ તથા ધ્યાનમાં એમની સહજ રુચિ હતી. તેઓ પ્રવચનકાર પણ હતા અને સાહિત્યકાર પણ. વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિના અંતમાં એમણે સ્વ-રચિત દસ ગ્રંથોની સૂચના આપી છે જેમાં આવશ્યક ટિપ્પણથી વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિનો સમાવેશ થાય છે.

ચૌલુક્ય ચૂડામણિ સિદ્ધરાજ જયસિંહ એમના વ્યક્તિત્વથી અધિક પ્રભાવિત હતા. એમના કહેવાથી સિદ્ધરાજે એક વર્ષમાં ૮૦ દિવસ 'અમારિ'ની ઘોષણા કરાવી હતી.

**(૪) મૂળ આધારગ્રંથ-વિશેષાવશ્યકભાષ્યની શૈલી**

પ્રાચીન ઉપનિષદોમાં ભગવદ્‌ગીતામાં જે પ્રકારની સંવાદાત્મક શૈલી જોવામાં આવે છે અથવા તો જૈન આગમો અને બૌદ્ધ ત્રિપિટકમાં જે વિવિધ સંવાદોની રચના કરવામાં આવી છે તે પ્રકારના સંવાદોની રચના કરીને આચાર્ય જિનભદ્રે 'ગણધરવાદ' નામના પ્રકરણની રચના કરી નથી, પણ તત્કાળમાં પ્રસિદ્ધ

દાર્શનિક ગ્રંથોમાં દર્શનના વિવિધ વિષયોની ચર્ચા જે શૈલીએ કરવામાં આવતી હતી તે જ શૈલીનો આશ્રય પ્રસ્તુત 'ગણધરવાદ'ની રચનામાં લીધો છે. એ શૈલીની વિશેષતા એ છે કે ગ્રંથકર્તા સ્વયં પોતાના મંતવ્યને રજૂ તો કરે છે, પણ સાથે જ પ્રતિસ્પર્ધીના મનમાં તેથી વિરુદ્ધ જે પ્રકારની દલીલો ઊઠવાનો સંભવ હોય તેનો પણ પોતે જ પ્રતિવાદીની વતી ઉલ્લેખ કરીને રદિયો આપતા જાય છે. સંવાદશૈલીનો આશ્રય લેવામાં આવે છે ત્યાં બન્ને વ્યક્તિઓ પોતપોતાનું મંતવ્ય સ્વયં રજૂ કરે છે. પણ આ શૈલીમાં એક જ વ્યક્તિ વક્તા હોય છે અને તે જ પોતાની અને વિરોધીની વાતને સ્વયં કહે છે. પ્રસ્તુતમાં આચાર્ય જિનભદ્રે ભગવાન મહાવીરને મુખ્ય વક્તા બતાવ્યા છે એટલે તેઓ જ ગણધરોનાં મનમાં જે જે દલીલ ઊઠી શકે તેનો ઉલ્લેખ કરે છે અને તેનો રદિયો આપતા જાય છે. અગિયારે ગણધરો સાથેના વાદમાં આ શૈલી જ અપનાવવામાં આવી છે.

આખા વાદની ભૂમિકા ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા અને તેઓ સૌના સંશયોનું જ્ઞાન કરવા અને તે બધાનું નિવારણ કરવા સમર્થ હતા એ છે; એટલે ગણધરોના મોઢે પોતાની શંકાઓ કહેવરાવવાને બદલે સ્વયં ભગવાન મહાવીર ગણધરોના મનમાં રહેલી શંકાઓનો અનુવાદ કરીને તેને નિવારે તે વધારે સંગત બને. એટલે જ પ્રત્યેક વાદના પ્રારંભમાં જ્યારે ઈન્દ્રભૂતિ વગેરે ભગવાનની સામે ઉપસ્થિત થાય છે ત્યારે તેઓ કાંઈ બોલવાનું શરૂ કરે તે પહેલાં જ ભગવાન મહાવીર તેમને નામ-ગોત્રથી બોલાવીને તેમના મનમાં રહેલી માત્ર શંકાનો જ નહિ, પણ તે શંકાની આધારભૂત દલીલોનો પણ ઉલ્લેખ કરી દે છે.

જો કે પં. માલવણિયા અને પં. શ્રી ધીરજલાલ મહેતાએ કરેલા ગુજરાતી અનુવાદમાં પ્રશ્નોત્તર શૈલી દ્વારા વિષયને અધિક સરળતાથી સમજાવવામાં આવ્યો છે. એજ પ્રમાણે આચાર્ય વિજય જયંતસેન સૂરિજીએ પણ હિંદીમાં (મિલા પ્રકાશ : ખિલા બસંત) પ્રશ્નોત્તર શૈલી જ અપનાવી છે.

**(૫) આગમ સાહિત્યમાં ગણધરવાદ**

ગણધરોના પ્રશ્નો અને ભગવાન મહાવીર સ્વામીના ઉત્તરોમાં વણાયેલા વિવિધ વિષયોનું જૈનાગમોમાં વિસ્તૃત વર્ણન મળે છે.

**શ્રી આચારાંગ સૂત્ર**

જૈન ધર્મ એક આસ્તિક ધર્મ છે. આત્માના અસ્તિત્વમાં, એના પૂર્વજન્મ અને પુનર્જન્મમાં તથા કર્મ-બંધન અને એમાંથી મુક્તિ મળી શકે છે, એમાં વિશ્વાસ ધરાવે છે. આત્મા અરુપી છે, જ્ઞાનમય છે, માત્ર અનુભવ-ગોચર છે, એ સત્ય આ આગમમાં ઉદ્‌ઘાટિત થાય છે. આમાં આત્મવાદ, લોકવાદ, કર્મવાદ અને ક્રિયાવાદની ચર્ચા છે. પૃથ્વીકાય આદિ છ કાયના જીવોનું અસ્તિત્વ તથા એમની હિંસા–વિવેકની ચર્ચા પણ છે. આગમના અંતિમ અધ્યયન 'ઉપધાન શ્રુત'માં ભગવાન મહાવીરની દીક્ષા, સાધના, પરિષદ આદિનું વર્ણન છે.

**શ્રી સૂયગડાંગ સૂત્ર**

સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ તથા બારમા અધ્યયનમાં અને દ્વિતીય શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં નીચેના વાદોની ચર્ચા કરવામાં આવી છે. પંચમહાભૂતવાદ, એકાત્મવાદ, તજ્જીવતચ્છરીવાદ, સાંખ્યનો અકારવાદ, આત્મષષ્ઠવાદ, બૌદ્ધોનો શૂન્યવાદ, જ્ઞાનવાદ, જગતકર્તૃત્વવાદ, વિનયવાદ, અવતારવાદ, આદિ. પછી જૈનદર્શનના આત્મપ્રવાહની પ્રશંસા અને સિદ્ધવાદ તથા લોક સ્વરૂપની ચર્ચા પણ આમાં છે. પ્રસ્તુત આગમની ચૂર્ણિ તથા વૃત્તિમાં આ અધ્યયન પર વિસ્તૃત વિવરણ કરવામાં આવ્યું છે. જેમાં ઋગ્વેદ, છાન્દોગ્ય ઉપનિષદ, 'બ્રહ્મબિંદુ' ઉપનિષદ, કઠોપનિષદ, આદિ વેદો અને ઉપનિષદોના અવતરણો પણ આપવામાં આવ્યા છે. બધાં જ વાદોના પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. આજ સૂત્રમાં નરકનું હૃદયદ્રાવક વર્ણન પણ કરવામાં આવ્યું છે.

**ઉત્તરાધ્યયન સૂત્ર**

વાસ્તવિક યજ્ઞનું સ્વરૂપ, 'જન્મના જાતિવાદ'નું વિધ્વંસન, બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિનું ભેદ-દર્શન, શ્રમણકેશિ અને ગૌતમસ્વામીનો સંવાદ, બ્રાહ્મણના સ્વરૂપનું વર્ણન, મોક્ષમાર્ગ, કર્મ-પ્રકૃતિ આદિ વિષયોનું વિસ્તૃત વિવેચન ઉત્તરાધ્યયન સૂત્રમાં મળે છે.

**દશ વૈકાલિક સૂત્ર**

આ આગમના ચોથા અધ્યયન 'ષડ્‌જીવનિકા'માં છકાયનું વિસ્તૃત વિવરણ, એની હિંસાના વિવિધ સાધનો, કર્મ-મુક્તિની પ્રક્રિયા આદિ વિષયો છે.

**શ્રી રાયપસેણીય સૂત્ર**

જેમ ગણધરવાદમાં ભગવાન મહાવીર ગૌતમસ્વામીની શંકા દૂર કરી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે એમ પ્રસ્તુત સૂત્રમાં પાર્શ્વપ્રભુની પરંપરાના શ્રમણ કેશીકુમાર રાજા પ્રદેશીની આત્મા વિષેની શંકા દસ પ્રશ્નોત્તરો દ્વારા દૂર કરી એને નાસ્તિકમાંથી આસ્તિક બનાવે છે. આ પ્રશ્નોત્તરોમાં દૃષ્ટાંતો, દલીલો અને તર્કોનો સંવાદ મનનીય છે.

ભગવાન મહાવીરના ઉપદેશનું આદિ બિંદુ, મધ્યબિંદુ અને અંતિમ બિંદુ પણ માત્ર આત્મા જ છે. આત્માને કર્મબંધનથી મુક્ત કરી એનો સાક્ષાત્કાર કરવો એ જ એમની દેશનાનો સાર છે. પણ આ પ્રથમ ઉદ્દેશ્યને સમજવા માટે છ દ્રવ્યો અને નવ તત્ત્વોને જાણવા જરૂરી છે. ગણધરવાદમાં આનો જ

ઉલ્લેખ છે.

જીવ-અજીવ-પુણ્ય-પાપ-બંધ-આશ્રવ-સંવર-નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વો પર અનેક ગ્રંથોમાં વિવેચન મળે છે. શ્રી કુંદકુંદાચાર્ય રચિત સમયસાર, પંચાકિસ્તાય આદિ ગ્રંથો, શ્રી ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થસૂત્ર, આચાર્ય તુલસી રચિત શ્રી જૈન સિદ્ધાંત દીપિકા આદિમાં આ મૂળભૂત તત્વોની વિસ્તૃત ચર્ચા છે. જેનું મૂળ જૈનાગમોમાં અને ગણધરવાદમાં છે.

**અનિત્યાદિ બાર ભાવનાઓ અને ગણધરવાદ**

અનિત્ય, અશરણ આદિ બાર ભાવનાઓ જૈન દર્શનમાં વૈરાગ્યની ભાવનાઓ તરીકે પ્રસિદ્ધ છે. સાથે સાથે પ્રત્યેક ભાવના એક એક શાશ્વત સત્ય પ્રકાશિત કરે છે. ગણધરવાદના અગિયાર પ્રશ્નોત્તરોમાં આ ભાવનાઓ પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે વણી લેવામાં આવી છે. જેમ કે અનિત્યભાવના કહે છે કે જગતમાં બધું જ અનિત્ય છે, માત્ર આત્મા જ (દ્રવ્ય રૂપે) નિત્ય છે. સંસાર અને લોકસ્વરૂપ ભાવનાઓમાં નરક, દેવ, મોક્ષ આદિ વિષે જાણવા મળે છે. આશ્રવ, સંવર, નિર્જરા અને બોધિદુર્લભ ભાવનાઓ પુણ્ય-પાપ-બંધ-મોક્ષના સ્વરૂપનું વર્ણન કરે છે.

**(૬) ગણધરોના નામ તથા સંદેહ**

ભગવાન શ્રી મહાવીર પ્રભુના ૧૧ ગણધર થયા, તે પ્રત્યેકના મનમાં એક એક વિષયનો સંદેહ હતો. સર્વજ્ઞપણાના માનને કારણે તેઓ કોઈ કોઈને પુછતા જ નહીં. ભગવાનને જીતવાની બુદ્ધિથી આવ્યા પરંતુ પરમાત્માની અમૃત તુલ્ય વાણીના કારણે તથા પોતાની કલ્યાણ પ્રાપ્તિની નિયતિ પાકી ગઈ હોવાથી તત્ત્વ સમજ્યા, પરમાત્મા પાસે દીક્ષા લીધી, ગણધરપદે તેઓની સ્થાપના થઈ અને પ્રત્યેક ગણધરે દ્વાદશાંગીની રચના કરી, જેમાંના ૧૧ અંગો આજે પણ ઉપલબ્ધ છે. ગણધરોના નામો અને શંકાઓ આ પ્રમાણે છે–

(૧) પહેલા ગણધર ઈન્દ્રભૂતિ, જીવ છે કે નહીં? તે સંદેહ.
(૨) બીજા અગ્નિભૂતિ, કર્મ છે કે નહીં? તે સંદેહ.
(૩) ત્રીજા વાયુભૂતિ, શરીર અને જીવ એક જ છે કે ભિન્ન છે? તે સંદેહ.
(૪) ચોથા વ્યક્ત, ભૂતોના આસ્તિત્વનો સંદેહ.
(૫) પાંચમા સુધર્મા, આ ભવ અને પરભવનું સાદૃશ્ય.
(૬) છઠ્ઠા મંડિક, બંધ-મોક્ષની શંકા
(૭) સાતમા મૌર્યપુત્ર, દેવોના અસ્તિત્વની શંકા
(૮) આઠમા અકંપિત-નરકના અસ્તિત્વની શંકા
(૯) નવમા અચલભ્રાતા-પુણ્ય-પાપના અસ્તિત્વની શંકા
(૧૦) દસમા મેતાર્ય-પરલોકના અસ્તિત્વની શંકા
(૧૧) અગિયારમા પ્રભાસ-નિર્વાણના અસ્તિત્વની શંકા

**(૭) ગણધરોનો પરિચય**

આગમોમાં ગણધરો વિશેની બહુ જ થોડી હકીકતો મળે છે. સમવાયાંગસૂત્રમાં ગણધરોના નામો અને આયુ વિશેની છૂટી છવાઈ હકીકતો ઉપલબ્ધ થાય છે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર વર્ણિત છે પણ તેમાંય ગણધરવાદની ગંધ સરખી નથી. કલ્પસૂત્રની ટીકાઓમાં જો કે ગણધરવાદનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. કલ્પસૂત્રમાં સ્થવિરાવલી પ્રસંગે કહ્યું છે કે ભગવાન મહાવીરને નવ ગણ અને અગિયાર ગણધરો હતા. તેના સ્પષ્ટીકરણમાં કલ્પસૂત્રમાં અગિયારે ગણધરોના નામો, ગોત્રો અને પ્રત્યેકના શિષ્યોની સંખ્યા નોંધવામાં આવી છે. વળી એ ગણધરોની યોગ્યતા વિષે જણાવવામાં આવ્યું છે કે બધા ગણધરો દ્વાદશાંગી અને ચતુર્દશ પૂર્વના ધારક હતા. વળી એમ પણ જણાવ્યું છે કે બધા ગણધરો રાજગૃહમાં મુક્ત થયા છે. તે બધામાંથી સ્થવિર ઈન્દ્રભૂતિ અને સુધર્મા સિવાયના નવ ગણધરો ભગવાન મહાવીરની હયાતીમાં નિર્વાણ પામ્યા હતા. અત્યારે જે શ્રમણસંઘ છે તે આર્ય સુધર્માની પરંપરામાં છે. શેષ ગણધરોનો પરિવાર વ્યુચ્છિન્ન છે. સ્થવિર સુધર્માના શિષ્ય આર્ય જંબૂ થયા અને તેમના શિષ્ય આર્ય પ્રભવ – એમ આગળ સ્થવિરાવલીનું વર્ણન કરવામાં આવ્યું છે. બધા ગણધરો વિશે આટલી સામાન્ય હકીકતો ઉક્ત આગમમાં વર્ણવાયેલી મળે છે.

ગણધર ભગવંતોની એક વિશેષતા આંખે ઊડીને વળગે છે. પૂર્વ કાળનું તેમનું અભિમાન એવું અબાધ્યકક્ષાનું નથી, કે તેમને તત્ત્વપ્રતિપાદનમાં બાધક બને. ઉલ્ટું 'અહંકાર અપિ' એ ઉક્તિથી સાધક બને છે. જો અબાધ્ય અભિમાન હોત તો (૧) કાં તો સૌ પ્રથમ જ મને આવી કોઈ શંકા જ નથી, એમ કહી દેત. (૨) અથવા તો તે શંકાના સમાધાનમાં પ્રભુએ રજૂ કરેલા તર્કોનો અસ્વીકાર કરત. (૩) અથવા તો નિરુત્તર થયા બાદ પણ જમાલિની જેમ પોતાની જ માન્યતા–પોતાનું જ દર્શન પકડી રાખત. **ગણધરવાદ એક દિવ્ય સંકેત આપે છે કે તમે ગમે તે ભૂમિકાએ ઊભા હો, પણ જો કદાગ્રહમુક્ત છો, તો તમને ઉચ્ચ કક્ષાએ પહોંચતાં વાર નહીં લાગે.**

એમના શિષ્યો પણ કેવા સમર્પિત! જે અમારા અધ્યાપક-ગુરુનો માર્ગ એ અમારો માર્ગ. દરેક ગણધર ભગવંતોની દીક્ષા પોતપોતાના શિષ્યગણ સાથે જ થાય છે. 'સો સમણો પવ્વઇઓ પંચહિં સહ ખંડિયસએહિ' અર્થાત્ (સંશય છેદાવાથી) તે શ્રમણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે (પ્રભુ પાસે) દીક્ષા લે છે. આ ગાથાર્ધ પ્રત્યેક ગણધરવાદના અંતમાં આવે છે.

ગણધરોના પરિચાયત્મક કોષ્ટક આ પ્રમાણે છે:-

## અગિયાર ગણધરોનું પરિચયાત્મક વિવરણ

| નામ | પિતા | માતા | ગોત્ર | ધંધો | જન્મ-નગર | ગૃહવાસ પર્યાય | છદ્મસ્થ પર્યાય | કેવલ પર્યાય | સર્વાયુ | શિષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈન્દ્રભૂતિ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | અધ્યાપક | મગધ દેશ ગોબ્બર | ૫૦ | ૩૦ | ૧૨ | ૯૨ | ૫૦૦ |
| અગ્નિભૂતિ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | અધ્યાપક | મગધ દેશ ગોબ્બર | ૪૬ | ૧૨ | ૧૬ | ૭૪ | ૫૦૦ |
| વાયુભૂતિ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | અધ્યાપક | મગધ દેશ ગોબ્બર | ૪૨ | ૧૦ | ૧૮ | ૭૦ | ૫૦૦ |
| વ્યક્ત | ધનમિત્ર | વારુણિ | ભારદ્વાજ | અધ્યાપક | કોલ્લાગસંનિવેશ | ૫૦ | ૧૨ | ૧૮ | ૮૦ | ૫૦૦ |
| સુધર્મા | ધમ્મિલ | ભદ્રિલા | અગ્નિ-વૈશ્યાયન | અધ્યાપક | કોલ્લાગસંનિવેશ | ૫૦ | ૪૨ | ૦૮ | ૧૦૦ | ૫૦૦ |
| મંડિક(ત) | ધનદેવ | વિજયદેવા | વાશિષ્ઠ | અધ્યાપક | મોરિય સંનિવેશ | ૫૩ | ૧૪ | ૧૬ | ૮૩ | ૩૫૦ |
| મૌર્યપુત્ર | મૌર્ય | વિજયદેવા | કાશ્યપ | અધ્યાપક | મોરિય સંનિવેશ | ૬૫ | ૧૪ | ૧૬ | ૯૫ | ૩૫૦ |
| અકંપિત | દેવ | જયંતી | ગૌતમ | અધ્યાપક | મિથિલા | ૪૮ | ૦૯ | ૨૧ | ૭૮ | ૩૦૦ |
| અચલભ્રાતા | વસુ | નંદા | હરિત | અધ્યાપક | કોસલ્લા | ૪૬ | ૧૨ | ૧૪ | ૭૨ | ૩૦૦ |
| મેતાર્ય | દત્ત | વરુણદેવા | કૌણ્ડિન્ય | અધ્યાપક | વત્સભૂમિતુંગિય સનિવેશ | ૩૬ | ૧૦ | ૧૬ | ૬૨ | ૩૦૦ |
| પ્રભાસ | બલ | અતિભદ્ર | કૌણ્ડિન્ય | અધ્યાપક | રાજગૃહ | ૧૬ | ૦૮ | ૧૬ | ૪૦ | ૩૦૦ |

● ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ સગા ભાઈઓ હતા.

આ કોષ્ટક ઉપરથી જણાય છે કે પ્રભાસ માત્ર ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લે છે જ્યારે મૌર્યપુત્ર સૌથી વધુ-૬૫ વર્ષની ઉંમરે સંયમ અંગીકાર કરે છે. આના ઉપરથી એક બીજી વાત પણ ફલિત થાય છે કે ગણધરો જ્યારે ભગવાન પાસે વાદ કરવા આવે છે ત્યારે ભગવાનની ઉંમર માત્ર ૫૦ વર્ષની હતી. અર્થાત્ મૌર્યપુત્ર ઉંમરમાં ૧૫ વર્ષ મોટા હોવા છતાં સત્યનિષ્ઠ અને સરળ હોવાથી ભગવાનના શિષ્ય બની જાય છે!

બધાં ગણધરોમાં સુધર્માસ્વામીનું આયુષ્ય સૌથી લાંબું–૧૦૦ વર્ષનું હતું અને પ્રભાસનું સૌથી ઓછું–માત્ર ૪૦ વર્ષનું હતું.

બધાં ગણધરોને ભગવાને પ્રથમ અર્થાતઃ ઉપદેશ સામાયિકનો આપ્યો હતો અને ગણધરોએ પણ વાદ-વિવાદ-શંકા નિવારણ પછી સામાયિકનો ઉપદેશ ગ્રહણ કરી આજીવન સામાયિક વ્રત અંગીકાર કર્યું હતું.

**ગણધરો રચિત આગમ સાહિત્ય**

આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાનો યુગ શ્રુતિ અને સ્મૃતિયુગ હતો. લિપિનું પ્રચલન નહીંવત્ હોવાથી સ્મૃતિની વિશિષ્ટ પદ્ધતિઓ વિકસીત હતી. ગ્રંથ (આગમ) રચના માટે સૂત્ર-શૈલીના ગ્રંથોનો વિકાસ થયો.

ઈન્દ્રભૂતિ આદિ ગણધરો પર ભગવાનની દેશનાનો પ્રચાર-પ્રસાર કરવાની જવાબદારી હતી. ભગવાનના આધારભૂત તત્વોને સમજવા ઈન્દ્રભૂતિએ વિનમ્રતાથી પૂછ્યું-'ભંતે! તત્વ શું છે?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની ત્રિપદીનો ઉપદેશ આપ્યો જેનો આધાર લઈ પ્રત્યેક ગણધરે દ્વાદશાંગીની સૂત્રાત્મક શૈલીમાં રચના કરી જેમાં મહાવીરના દર્શન અને તત્વોનો સાર આવી જાય છે.

આજે જે આગમો વિદ્યમાન છે તે બધાં આર્ય સુધર્મા રચિત છે, બાકીના ગણધરોના આગમો કાળનાં પ્રવાહમાં વિલીન થઈ ગયા છે.

'સુયં મે આઉસં તેણં ભગવયા એવમક્ખાયં' એવા વાક્યથી જે આગમો શરૂ થાય છે, તેની વ્યાખ્યામાં ટીકાકારોનો સ્પષ્ટ

## અગિયાર ગણધરો અને એમની શંકાઓ

*(૧) પહેલા ગણધર ઈન્દ્રભૂતિ, જીવ છે કે નહીં? તે સંદેહ.*
*(૨) બીજા અગ્નિભૂતિ, કર્મ છે કે નહીં? તે સંદેહ.*
*(૩) ત્રીજા વાયુભૂતિ, શરીર અને જીવ એક જ છે કે ભિન્ન છે? તે સંદેહ.*
*(૪) ચોથા વ્યક્ત, ભૂતોના અસ્તિત્વનો સંદેહ.*
*(૫) પાંચમા સુધર્મા, આ ભવ અને પરભવનું સાદૃશ્ય.*
*(૬) છઠ્ઠા મંડિક, બંધ-મોક્ષની શંકા*
*(૭) સાતમા મૌર્યપુત્ર, દેવોના અસ્તિત્વની શંકા*
*(૮) આઠમા અકંપિત-નરકના અસ્તિત્વની શંકા*
*(૯) નવમા અચલભ્રાતા-પુણ્ય-પાપના અસ્તિત્વની શંકા*
*(૧૦) દસમા મેતાર્ય-પરલોકના અસ્તિત્વની શંકા*
*(૧૧) અગિયારમા પ્રભાસ-નિર્વાણના અસ્તિત્વની શંકા*

અભિપ્રાય છે કે, તેમાં ભગવાન પાસેથી શ્રવણ કરનાર આર્ય સુધર્મા અભિપ્રેત છે. અને તેઓ પોતાના શિષ્ય જંબૂને એ શ્રુતનો અર્થ તે તે આગમમાં બતાવે છે. ઉક્ત વાક્યથી શરૂ થતાં આગમોમાં આચારાંગ, સ્થાનાંગ, સમવાયાંગ જેવા આગમો મૂકી શકાય. કેટલાક આગમો એવા છે કે, જેના અર્થની પ્રરૂપણા જંબૂના પ્રશ્નોના આધારે સુધર્માએ કરી છે, પણ તે વિશેનું જ્ઞાન ભગવાન મહાવીર પાસેથી મેળવીને જ. એ આગમોમાં જ્ઞાતાધર્મકથા, અનુત્તરોપાતિક, વિપાક, નિરયાવલિકા જેવા આગમો મૂકી શકાય છે.

સૂત્રકૃતાંગ સૂત્રની શરુઆત જ આ પ્રમાણે થાય છે–

''બુજ્ઝેજ્જ તિઉટ્ટેજા, બંધણં પરિણજાણિયા।।

કિમાહ બંધણં વીરે? કિંવા જાણં તિઉટ્ટઈ.''

અર્થાત્ (સુધર્માસ્વામી જંબૂને કહે છે કે હે જંબૂ!) **પહેલાં બોધી પામ અને પછી બંધનોને જાણ અને પછી એને તોડી નાખ.** ત્યારે જંબૂસ્વામી પૂછે છે કે (હે સુધર્માસ્વામી!) ભગવાન મહાવીરે બંધન કોને કહ્યાં છે અને એને જાણીને તે તોડી કેમ શકાય?

> ***ગણધરો જ્યારે ભગવાન પાસે વાદ કરવા આવે છે ત્યારે ભગવાનની ઉંમર માત્ર ૫૦ વર્ષની હતી.***

આર્ય સુધર્માનું ગુણવર્ણન પણ ઈન્દ્રભૂતિ ગૌતમ જેવું જ છે. ભેદ માત્ર એટલો જ છે કે તેમને જ્યેષ્ઠ નથી કહ્યા.

ગણધરો વિશે આટલી હકીકતો મૂળ આગમોમાં મળે છે. તેમાં ધ્યાન આપવા જેવી એક વાત એ છે કે ગણધરવાદમાં પ્રત્યેક ગણધરના મનની જે શંકાઓ કલ્પવામાં આવી છે, તે શંકાઓ તેમણે ભગવાન સામે પ્રથમ વ્યક્ત કરી હોય અથવા ભગવાને તેમની તે શંકાઓ કહી આપી હોય એમાંનું કશું જ ઉલ્લિખિત મળતું નથી. કલ્પસૂત્રમાં એ વસ્તુની અપેક્ષા રાખી શકાય, પણ તેમાંય એ બાબતનો નિર્દેશ નથી. સર્વપ્રથમ ગણધરવાદનું મૂળ આવશ્યકનિર્યુક્તિની એક ગાથામાં જ મળે છે. એ ગાથામાં અગિયાર ગણધરોના સંશયોને ક્રમશઃ આ પ્રમાણે ગણવામાં આવ્યા છે.

जीवे कम्मे तज्जीव भूय तारिसय बंदमोक्खे य ।

देवा णेरइय या पुण्णे परलोय णेव्वाणे ।।

અર્થાત્ જીવ, કર્મ, તજ્જીવતચ્છરીર, ભૂત, મૃત્યુ પછી એ જ યોનિ, બંધ-મોક્ષ, દેવ, નારકી, પુણ્ય-પાપ, પરલોક અને નિર્વાણ (સંબંધી શંકાઓ).

**(૮) અગિયાર ગણધરોમાં સૌથી વધુ પ્રસિદ્ધ હતા :**
**પ્રથમ ગણધર : ભગવાન ગૌતમસ્વામી**

'મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમોગણિ। '

'અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર

શ્રી ગુરુ ગૌતમ સમરતા, વાંછિત ફલ દાતાર ।।'

પ્રત્યેક જૈન માટે આ પદો શાશ્વત મંગળ છે. આમાં ભગવાન મહાવીરસ્વામી અને એમના પટ્ટશિષ્ય ગૌતમસ્વામીને મંગલ કહ્યા છે. ગણધરવાદમાં જેમનું સ્થાન અદ્વિતીય છે એવા શ્રી ગૌતમસ્વામી વિષે લખવાનું અસ્થાને નહીં ગણાય.

ગૌતમસ્વામી ભગવાનના પ્રથમ ગણધર અને જેષ્ઠ શિષ્ય હતા. ભગવાને એમને શ્રદ્ધાનું સંબલ અને તર્કનું બળ–બંને આપ્યા હતા. અન્ય ધર્મોમાં તેમના ઈષ્ટદેવો સાથે તેમની પત્નીઓના નામ જોડવામાં આવે છે જેમકે રામ-સીતા, રાધે-શ્યામ, શકર-પાર્વતી આદિ, પણ જૈન ધર્મમાં તો 'વીર-ગૌતમ'ની જોડી જ મશહૂર છે.

વિદ્યમાન આગમો જોતાં જણાય છે કે તેમાંના કેટલાકનું નિર્માણ ઈન્દ્રભૂતિ ગૌતમના પ્રશ્નોને જ આભારી છે. આવા આગમોમાં ઉવવાઈ સૂત્ર, રાયપસેણઇય, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિને મૂકી શકાય અને ભગવતીસૂત્રનો મોટો ભાગ ગૌતમ ઈન્દ્રભૂતિના પ્રશ્નોને આભારી છે એમ કહી શકાય. બાકીના આગમોમાં પણ ગૌતમના પ્રશ્નને આભારી હોય એવું છૂટુ છવાયું મળે છે.

**આગમ સાહિત્યમાં શ્રી ગૌતમસ્વામી**

**શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ: શ્રી ભગવતી સૂત્ર**

આમાં ગૌતમસ્વામી, રોહા, આદિએ પૂછેલા છત્રીસ હજાર પ્રશ્નો અને ભગવાન મહાવીર સ્વામીએ આપેલાં ઉત્તરોનો સમાવેશ છે. આ પ્રશ્નોત્તરો દ્વારા જૈન દર્શનના વિવિધ વિષયો પર બહુ સૂક્ષ્મતાથી વિવરણ કરવામાં આવ્યું છે. પ્રશ્નની અને ઉત્તરની ભાષા સંક્ષિપ્ત છે. ગણધર ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નો 'સે નૂણં ભંતે' અને ઉત્તર 'હંતા ગોયમા' આ રીતે આરંભ થયેલો છે. સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી ઉત્તર સાંભળી સમધાન પામેલા ગૌતમસ્વામી અત્યંત વિનયની ભાષામાં તેનો સ્વીકાર કરી કહે છે 'સેવં ભંતે! સેવં ભંતે!' ભગવં ગોયમે સંમણં ભગવં મહાવીરં વંદતિ નમંસતિ, વંદિત્તા નમંસિત્તા સંજમેણ તવસા અપ્પાણં ભાવમાહે વિહરતિ.' અર્થાત્ ગૌતમસ્વામી કહે છે- 'ભગવાન એ આમ જ છે!' એ આમ જ છે! એમ કહી ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરે છે અને સંયમ તથા તપથી પોતાને ભાવિત કરતા વિચરણ કરે છે!

**શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર**માં આવે છે કે 'ભગવાન મહાવીરના અગિયાર ગણધરોમાં પ્રથમ ઈન્દ્રભૂતિ યતિ હતા.' 'વયોવૃદ્ધ, સંયમવૃદ્ધ

અને જ્ઞાનવૃદ્ધ શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમે બાણું વર્ષનું પૂરું આયુષ્ય ભોગવી સિદ્ધત્વ અને બુદ્ધત્વને પ્રાપ્ત કર્યું.'

**શ્રી કલ્પસૂત્રમાં** અને **શ્રી વિપાકસૂત્રમાં** કહ્યું છે કે, 'શ્રી ઈન્દ્રભૂતિ ગણધર ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી હતા અને તેઓ ગૌતમ ગોત્રીય હતા.'

**સમવાયાંગસૂત્ર** તથા **પ્રવચનસારોદ્ધાર**માં એમની આ વિશેષતા બતાવવામાં આવી છે-'શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ સ્વનામખ્યાત તેઓ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર, પ્રથમ ગણનાયક અને એમના સર્વપ્રથમ શિષ્ય હતા.'

આ ઉપરાંત **ઉત્તરાધ્યન સૂત્ર**ના દસમા અધ્યયનમાં ભગવાનનો 'અપ્રમાદ'નો અમૂલ્ય ઉપદેશ ગૌતમસ્વામીને ઉદ્દેશીને જ આપવામાં આવ્યો છે. 'સમયં ગોયમ! મા પમાયએ.'

હે ગૌતમ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

***આ આત્મા સર્વજગદ્વ્યાપી છે કે શરીરમાત્રવ્યાપી છે ? સર્વ આત્માઓનો એક જ આત્મા છે કે દરેક આત્મા સ્વતંત્ર અને અનંત છે. બ્રહ્માત્મા જ જગત્ રૂપે બનેલા છે કે સર્વે આત્માઓ ભિન્ન છે. જીવ પરલોકગામી છે કે દીપક બુઝાઈ જાય તેમ આ આત્મા મૃત્યુ પામે ત્યારે સમાપ્ત જ થઈ જાય છે. આમ આત્મા સંબંધી વિવિધ ચર્ચાઓ આ પ્રથમ ગણધરવાદમાં છે.***

ગૌતમસ્વામીની વિશેષતા એ હતી કે અનંતજ્ઞાનધારક, અનંત લબ્ધિનિધાન હોવા છતાં અત્યંત વિનયી, શાંત સ્વભાવી, બાળક જેવા સરળ અને ક્ષમાવતાર હતા. એમને ભગવાનના વચનોમાં અપાર શ્રદ્ધા હતી. ઘોર તપશ્ચર્યાથી એમનામાં આત્માની વિશિષ્ટ શક્તિઓ–લબ્ધિઓ ઉત્પન્ન થઈ હતી.

ગૌતમને ભગવાન પ્રત્યે જે દૃઢ રાગ હતો. તે જ તેના કેવલજ્ઞાનમાં બાધક હતો. જે ક્ષણે તે દૂર થયો તે જ ક્ષણે તેને કેવલજ્ઞાન થયું અને તે ક્ષણ તે ભગવાનના નિર્વાણ પછીની હતી. તે પ્રસંગનું વર્ણન કરતાં આચાર્ય હેમચંદ્ર કહે છે કે તે રાત્રે જ પોતાનો મોક્ષ જાણીને પ્રભુએ વિચાર્યું કે ગૌતમના મારા પ્રત્યેના દૃઢ રાગને કારણે જ તેને કેવલજ્ઞાન થતું નથી, માટે એ રાગને છેદી નાંખવાનો ઉપાય કરવો જોઈએ. આમ વિચારી તેમણે ગૌતમને નજીકના ગામમાં દેવશર્માને પ્રતિબોધ આપવા મોકલ્યા. તે પાછા આવે એટલામાં તો ભગવાન નિર્વાણ પામી ગયા. એ સાંભળીને પ્રથમ તો તેમને દુ:ખ થયું કે છેલ્લી ઘડીએ પ્રભુએ શા માટે મને અળગો કર્યો. પણ છેવટે તેમણે વિચાર્યું કે હું જ અત્યાર સુધી ભ્રાંતિમાં હતો, નિર્મમ અને વીતરાગ પ્રભુમાં મેં રાગ અને મમતા રાખ્યાં, મારા રાગ અને મમતા જ બાધક છે. આમ વિચારે ચડતાં તે કેવલજ્ઞાન પામ્યા.

આવા જ્ઞાની અને અનેક લબ્ધિધારી ગૌતમસ્વામીને પણ એક વખત વિચિકિત્સા (ધર્મની કરણીમાં સંદેહ)નો અતિચાર લાગ્યો હતો. એમણે પ્રતિબોધેલા ગાગલી રાજા, તાપસો, આદિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તો પણ પોતાને ન થયું એ વાત પર તેઓ ભગવાનને ફરિયાદ કરે છે કે મને કોઈ દિવસ કેવળજ્ઞાન થશે કે નહીં? ત્યારે ભગવાન એમને અત્યંત વાત્સલ્યપૂર્વક સમજાવે છે કે, 'હે ગૌતમ! તારો અને મારો સ્નેહ-સંબંધ તો બહુ જૂનો છે, અનેક ભવોનો છે. તેં લાંબા કાળથી મારી સેવા કરી છે, મને અનુસર્યો છે. મારી સાથે અનુકૂળપણે વર્ત્યો છે. વધારે શું ? પણ આ ભવ પછી શરીરનો નાશ થયા બાદ અહીંથી ચ્યવી આપણે બન્ને સરખા, એક જ સિદ્ધક્ષેત્રમાં રહેવાવાળા, વિશેષતા અને ભેદરહિત થઈશું' (ભગવતી સૂત્ર).

મુનિશ્રી નિરંજન વિજયજી મ. સા. લિખિત 'શ્રી ગૌતમ પૃચ્છા' (શ્રી નેમિઅમૃત ખાન્તિ નિરંજન ગ્રંથમાળા વિ. સં. ૨૦૧૫) અમદાવાદ) ગ્રંથમાં ગણધર ગૌતમસ્વામીએ પૂછેલાં ૪૮ પ્રશ્નો અને ભગવાને આપેલાં ઉત્તરો અને એટલી જ કથાઓ સાથે આપ્યાં છે. આ દરેકમાં નાયકના પૂર્વજન્મની કથા છે જે પૂર્વજન્મ-પુનર્જન્મના સિદ્ધાંતની દ્યોતક છે.

**(૮) ગણધર ભગવંતોના પ્રશ્નોની ચર્ચા :**

પ્રત્યેક ગણધરોના મનમાં જે એક એક પ્રશ્ન હતો તેની ઘણી લંબાણપૂર્વકની ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પૂર્વપક્ષ–ઉત્તરપક્ષ ઘણો જ સારી રીતે ચર્ચવામાં આવ્યો છે.

(૧) જીવદ્રવ્ય ચક્ષુ આદિ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ જણાતું નથી. ઉત્પત્તિસ્થાનમાં આવતું અને મૃત્યુ બાદ પરલોકમાં જતું જીવદ્રવ્ય નજરે નીહાળાતું નથી. જીવતા શરીરને અને મૃતશરીરને તોળતાં વજન વધતું-ઘટતું નથી. કાચની પેક પેટીમાં જીવતા જીવને રાખવામાં આવે અને ત્યાં તે મૃત્યુ પામે તો કાચ તૂટી-ફૂટી જતો નથી ઇત્યાદિ રીતે જીવ નથી એવી માન્યતા પૂર્વપક્ષવાળાની છે. તેથી દેહ એ જ આત્મા એટલે કે દેહાત્મવાદ, પાંચ ભૂતોનો જ બનેલો આ આત્મા છે તે ભૂતાત્મવાદ, ઈન્દ્રિયો એ જ આત્મા છે તે ઈન્દ્રિયાત્મવાદ આવા પૂર્વપક્ષો આ ચર્ચામાં છે અને તેના ઉત્તર રૂપે ચેતનાગુણવાળો આત્મા સ્વતંત્ર હોવાથી શરીર, ભૂતો અને ઈન્દ્રિયોથી આત્મા નામનું દ્રવ્ય ભિન્ન અને સ્વતંત્ર છે આવી ચર્ચા ઉત્તરપક્ષમાં છે.

તથા આ આત્મા સર્વજગદ્વ્યાપી છે કે શરીરમાત્રવ્યાપી છે ?

સર્વ આત્માઓનો એક જ આત્મા છે કે દરેક આત્મા સ્વતંત્ર અને અનંત છે. બ્રહ્માત્મા જ જગત્ રૂપે બનેલા છે કે સર્વે આત્માઓ ભિન્ન છે. જીવ પરલોકગામી છે કે દીપક બુઝાઈ જાય તેમ આ આત્મા મૃત્યુ પામે ત્યારે સમાપ્ત જ થઈ જાય છે. આમ આત્મા સંબંધી વિવિધ ચર્ચાઓ આ પ્રથમ ગણધરવાદમાં છે. વિશ્વવ્યાપિત્વ, દેહમાત્રવ્યાપિત્વ, અદ્વૈતવાદ, અનંતાત્મવાદ, બ્રહ્મવાદ, સ્વતંત્ર આત્મવાદ વગેરે વિષયોનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે. ચાર્વાકદર્શનની દૃષ્ટિએ ભૂતો એ જ આત્મા, સાંખ્ય-નૈયાયિક-વૈશેષિકદર્શનની દૃષ્ટિએ નિત્ય આત્મા, બૌદ્ધદર્શનની દૃષ્ટિએ ક્ષણિક આત્મા, મીમાંસક અને વેદાન્તદર્શનની દૃષ્ટિએ એકાત્મવાદ અર્થાત્ અદ્વૈતાત્મવાદની વાત રજૂ કરીને તે સર્વે માન્યતાઓનું ખંડન કરવાપૂર્વક તેની સામે આત્માસંબંધી યથાર્થ વાત રજૂ કરવામાં આવી છે. આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય છે. ચૈતન્યગુણવાળું છે. અનંત આત્માઓ છે. તે સર્વે નિત્યાનિત્ય છે. દેહમાત્ર વ્યાપી છે. પરલોકગામી છે. વર્ણાદિ પૌદ્ગલિક ગુણોથી રહિત છે. અર્થાત્ અરૂપી છે માટે જતું-આવતું તે દ્રવ્ય દેખાતું નથી. ન દેખાતું એવું પણ તે દ્રવ્ય નથી એમ નહીં, પણ છે જ. આવી વાતો તર્ક અને ઉદાહરણપૂર્વક આ વાદમાં સમજાવવામાં આવી છે. વેદના પાઠોના સાચા અર્થ કરીને પણ આત્મતત્ત્વની સ્વતંત્રરૂપે સિદ્ધિ કરેલી છે.

*પ્રત્યેક ગણધરના પ્રશ્નો તથા એમની શંકાઓ આદિનું ભગવાન મહાવીરે જે સમાધાન આપ્યું હતું તેનું વિસ્તૃત વર્ણન આ વિશેષાંકમાં અગિયાર વિદ્વાન લેખકોએ તેમના અલગ અલગ લેખોમાં કર્યું છે; તેથી મારા લેખમાં એનું સંક્ષિપ્ત વર્ણન જ મેં આપ્યું છે.*

(૨) બીજા ગણધરવાદમાં 'કર્મતત્ત્વ'ની ચર્ચા કરવામાં આવી છે. જગતમાં પ્રત્યક્ષ દેખાતી ચિત્ર-વિચિત્રતાનું કોઈક કારણ હોવું જોઈએ. તે કારણને જ 'કર્મ' કહેવાય છે. આ વિષયમાં ન્યાય-વૈશેષિક દર્શનકારો 'ધર્મ-અધર્મ' નામના આત્મગુણોને લીધે આ વિચિત્રતા છે એમ સમજે-સમજાવે છે. વેદાન્તદર્શન અને ઉપનિષદો અદૃષ્ટ નામનું કારણ જણાવે છે. કોઈક દર્શનકારો ભાગ્ય-નસીબ-અવિદ્યા વગેરે નામો આપીને વિચિત્રતાનું તેને કારણ માને છે. જૈનદર્શનમાં 'કાર્મણ વર્ગણા' નામના સૂક્ષ્મ પુદ્ગલ દ્રવ્યોનું જ જીવ વડે કર્મરૂપે રૂપાંતર કરીને જીવની સાથે લોહાગ્નિની જેમ એકમેકરૂપે સંબંધિત (બદ્ધ) કરવામાં આવે છે. જેમ જીવ વડે જ લોટની બનાવેલી મિઠાઈ સુખનું કારણ બને છે. વિષરૂપે બનાવેલી દવા મૃત્યુનું કારણ બને છે. એમ જીવ વડે જ કાષાયિક પરિણામથી તીવ્ર-મંદ ભાવે બંધાયેલું પુણ્ય-પાપાત્મક કર્મ જ જીવના સુખ-દુઃખનું નિમિત્તકારણ બને છે. તે કર્મવાદ ઉપર જૂના-નવા કર્મગ્રંથો, કમ્મપયડિ અને પંચસંગ્રહાદિ અનેક ગ્રંથો છે. દિગંબરામ્નાયમાં પણ જીવકાણ્ડ અને કર્મકાણ્ડ રૂપે ગોમ્મટસારાદિ અનેક ગ્રંથો છે.

ઘણા દર્શનકારો બાહ્ય પૂજા-પાઠાદિ પુણ્યાનુષ્ઠાનોને અને હિંસા-જૂઠ આદિ પાપ અનુષ્ઠાનોને જ સુખ-દુઃખનું કારણ માની લે છે. અંતરંગ કારણ સુધી ઊંડા જતા નથી અને તેથી જ હોમ-હવન આદિ પૂજાનુષ્ઠાનોને જ સ્વર્ગાદિનો હેતુ માની લે છે. જીવસૃષ્ટિના વૈવિધ્યના અભ્યાસમાં કર્મને કારણ માનવાને બદલે કોઈ કોઈ દર્શનકારો કાળને જ, સ્વભાવને જ, નિયતિને જ અને ઈશ્વરાત્મક પુરુષને જ કારણ માનવા તરફ પ્રેરાઈ જાય છે. તેમાંથી જે તરફનો એકાન્ત પક્ષ મનમાં બેસી જાય છે તેમાંથી જ કાળવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ અને પુરુષવાદના એકાન્તવાદનો પ્રાદુર્ભાવ થાય છે. જૈનદર્શન આ બધા જ એકાન્તવાદનું ખંડન કરીને સાપેક્ષપણે બધાંની કારણતા સમજાવે છે. હાથમાં રહેલી પાંચે આંગળીઓ સાથે મળે તો જ કોઈ વસ્તુ ઉંચકવાનું કામ જેમ થાય છે તેમ આ પાંચેની કારણતા સાપેક્ષતાપૂર્વકની છે આમ સમજાવે છે.

**છઠ્ઠા ગણધરવાદથી અગિયારમા ગણધરવાદમાં જે કોઈ ચર્ચા છે તે લગભગ આ કર્મવાદની ચર્ચાને જ આભારી છે.**

**છઠ્ઠામાં** 'બંધ' અને 'મોક્ષ'ની ચર્ચા છે. હવે જો કર્મવાદ સ્વીકારીએ તો જ આત્મા કર્મ બાંધે છે. આત્માની સાથે કર્મનો બંધ સંભવે છે તેમ થતાં બંધતત્ત્વની સિદ્ધિ થાય છે. અન્યથા બંધતત્ત્વ સંભવતું નથી. જો આ સંસારી આત્મા મુક્તિગત જીવના જેવો શુદ્ધ-બુદ્ધ-નિરંજન જ હોય તો તેવા શુદ્ધ જીવને કર્મબંધ ઘટે નહીં અને કર્મોના બંધ વિના બંધનમાંથી છુટવા રૂપ મોક્ષ પણ ઘટે નહીં. જે બંધાયો હોય તે જ મુક્ત થાય. જો આત્મા કર્મોથી બંધાયો જ નથી તો મુક્ત થવાનો પ્રશ્ન જ આવતો નથી. તેથી કર્મવાદ જો માનવામાં આવે તો જ બંધ-મોક્ષની સિદ્ધિ સંભવે છે. તે વાત છઠ્ઠા ગણધરવાદની ચર્ચામાં સમજાવી છે.

**સાતમા** ગણધરવાદમાં દેવ છે કે નહીં? **આઠમા** ગણધરવાદમાં નારકી છે કે નહીં? **નવમા** ગણધરવાદમાં 'પુણ્ય-પાપ' છે કે નહીં? **દસમા** ગણધરવાદમાં 'પરલોક' છે કે નહીં? અને **અગિયારમા** ગણધરવાદમાં 'નિર્વાણ-મોક્ષ' છે કે નહીં? આ વિષયની ચર્ચાઓ યુક્તિ-પ્રયુક્તિથી કરવામાં આવી છે. જો કર્મવાદ સ્વીકારવામાં આવે તો ઉપરના તમામ વિવાદો શાંત

થઈ જાય છે. કારણ કે દેવલોક પુણ્યકર્મથી, નરકભવ પાપકર્મથી પ્રાપ્ત થાય છે. પુણ્યકર્મ ૪૨ પ્રકારનું અને પાપકર્મ ૮૨ પ્રકારનું છે. મન-વચન અને કાયાની નિર્દોષ પ્રવૃત્તિઓથી પુણ્યકર્મ બંધાય છે અને દોષિત પ્રવત્તિઓથી પાપકર્મ બંધાય છે. બાંધેલા કર્મોમાં પણ પાછળ આવતા સારા-નરસા (શુભાશુભ) પરિણામોથી સંક્રમણ-ઉદ્વર્તના-અપર્વતના-ઉદીરણા-ઉપશમ-નિદ્ધતિ-નિકાચના-સ્થિતિઘાત-રસઘાત આદિ અનેક જાતના પરિવર્તનો આ જીવ કરી શકે છે. તેથી પરલોક પણ સંભવે છે, સુખ-દુઃખ પણ સંભવે છે અને સર્વથા કર્મોનો નાશ કરવાથી નિર્વાણ પણ ઘટી શકે છે. જો 'નિર્વાણ' છે એમ લક્ષ્યરૂપે સ્વીકારીએ તો જ તેના સાધનારૂપે કરાતી ધર્મપ્રવૃત્તિ યથાર્થપણે ઘટી શકે છે. આ બધી વાતો, દલીલો અને દૃષ્ટાન્તપૂર્વક ૬ થી ૧૧ ગણધરોની સાથેની ધર્મ ચર્ચામાં કંડારવામાં આવી છે.

(૩) ત્રીજા ગણધરવાદમાં શરીર એ જ જીવ છે કે શરીરથી અન્ય જીવ છે? આ વિષય ચર્ચવામાં આવ્યો છે. જે લગભગ પ્રથમ ગણધરવાદને અનુસરતો વિષય છે. શરીર ભૂતોનું બનેલું છે. સ્વયં અચેતન છે. મૂર્ત છે, વિનાશી છે. જ્યારે આત્મા એ સ્વતંત્ર દ્રવ્ય છે, ચૈતન્ય ગુણવાળો આત્મા છે. અમૂર્ત આત્મા છે અને દ્રવ્યથી અનાદિ-અનંત હોવાથી અવિનાશી પદાર્થ છે. દેહનો ત્યાગ કરીને પરભવગામી જીવ છે. જીવંત શરીર અને મૃત શરીરમાં સકળ લોકોને જે પ્રત્યક્ષ ભિન્ન ભિન્ન અનુભવ થાય છે તેનાથી નક્કી થાય છે કે શરીરથી જુદો અને શરીરમાં રહેનારો જીવપદાર્થ છે. જીવંત શરીરને અગ્નિનો કણીઓ અડે તો પણ વેદના થાય છે. તેની અંદરનો પદાર્થ ચીસાચીસ પાડે છે. જ્યારે મૃત શરીરને સંપૂર્ણપણે આગની ભઠ્ઠીમાં મુકવામાં આવે તો પણ વેદના થતી નથી અને કોઈ એક બૂમ પણ પાડતું નથી. માટે શરીરથી આત્મા સ્વતંત્ર પદાર્થ છે. આ ચર્ચા ત્યાં કરેલી છે.

(૪) ચોથા ગણધરવાદમાં 'ભૂતો છે કે નહીં?' આ વિષયની ચર્ચા છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ આ પાંચે પદાર્થો સંસારમાં સ્વયં સત્ છે, ત્રિપદીવાળા છે, નિત્યાનિત્ય છે. દ્રવ્ય દૃષ્ટિએ નિત્ય અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય છે. પણ આકાશપુષ્પ, વન્ધ્યાપુત્ર કે શશશ્રૃંગની જેમ સર્વથા અસત્ નથી. જો પાંચ ભૂત ન હોત તો ચરાચર આ જગત્ શૂન્ય જ ભાસત. પરંતુ શૂન્ય ભાસતું નથી. તમામ પદાર્થો સર્વ લોકોને પ્રત્યક્ષ દેખાય છે તથા તે તે પદાર્થોથી થતા તમામ જલાધારાદિ વ્યવહારો પણ થાય છે. માટે તે તે પદાર્થો સત્ છે. પણ સર્વથા શૂન્ય નથી.

(૫) પાંચમા ગણધરવાદમાં 'જે જીવ આ ભવમાં જેવો હોય તે જીવ પરભવમાં પણ તેવો જ થાય' આવી શંકા સુધર્મા નામના પંડિતજીને છે. તેની ચર્ચા આ પ્રસંગે કરેલી છે. 'આ ભવમાં જે જેવો હોય તે ભવાન્તરમાં તેવો જ થાય એવો નિયમ નથી, પરંતુ તેવો પણ થાય અને અન્યથા પણ થાય. અગ્નિમાંથી પ્રગટેલી જ્યોત અગ્નિને અનુરૂપ હોય છે પરંતુ તે જ અગ્નિમાંથી પ્રગટેલો ધૂમ અગ્નિથી વિરૂપ હોય છે. અગ્નિ દાહક છે. ધૂમ અદાહક છે. અગ્નિ શ્વેત અથવા પીત છે જ્યારે ધૂમ કૃષ્ણ છે. સ્ત્રીજીવ ભવાન્તરમાં સ્ત્રી પણ થાય અને પુરુષ પણ થાય, એવી જ રીતે પુરુષ મરીને પુરુષ પણ થાય અને સ્ત્રી પણ થાય. પશુ મરીને મનુષ્ય પણ થાય અને પશુ પણ થાય એમ સર્વત્ર સમજવું.

### (૯) ગણધરવાદ પરનું સાહિત્ય

**(૧) 'ગણધરવાદ' : લેખક : પં. દલસુખભાઈ માલવણિયા**

(અધ્યાપક : જૈન દર્શન-બનારસ હિંદુ યુનિવર્સિટી)

એમણે આચાર્ય જિનભદ્રગણિકૃત 'ગણધરવાદ' પર સંવાદાત્મક અનુવાદ, વિસ્તૃત ટિપ્પણ અને મનનીય પ્રસ્તાવના સાથે ૧૯૫૨માં પ્રસ્તુત અત્યંત અભ્યાસપૂર્ણ ગ્રંથની રચના કરી છે, જે ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ) દ્વારા પ્રકાશિત છે. આ ગ્રંથના આશીર્વચનમાં મુનિ પુણ્યવિજયજી કહે છે-'ભાઈશ્રી માલવણિયાએ ગણધરવાદ જેવા અતિગહન વિષયને કુશળતાપૂર્વક અતિ સરળ બનાવી દીધો છે. તદુપરાંત તેમણે ગણધરવાદમાં ચર્ચાયેલા પદાર્થોના વિકાસ અને ઉદ્ગમ વિષે વૈદિક કાળથી લઈ સપ્રમાણ દાર્શનિક અને શાસ્ત્રીય ઇતિહાસ રજૂ કર્યો છે...પ્રસ્તુત ભાષાંતરગ્રંથ વિશિષ્ટ ભાત પાડે છે.

આ ગ્રંથ વિષે લખતાં પં. સુખલાલજી કહે છે-'યોગ્ય ગ્રંથ (વિશેષાવશ્યકભાષ્ય)નું યોગ્ય ભાષાંતર યોગ્ય હાથે જ સંપન્ન થયું છે. આખું ભાષાંતર એવી રસળતી અને પ્રસન્ન ભાષામાં થયું છે કે તે વાંચતાવેંત અધિકારી જિજ્ઞાસુને અર્થ સમજવામાં મુશ્કેલી નથી પડતી.'

વિદ્વાન લેખકે ૫-૧૪૮ પૃષ્ઠો સુધી વિસ્તૃત પ્રસ્તાવના લખી છે જેમાં મૂળગ્રંથના કર્તા આચાર્ય જિનભદ્રગણિ, ટીકાકાર મલધારી હેમચંદ્રાચાર્ય, આચાર્ય ભદ્રબાહુકૃત આવશ્યકાનિર્યુક્તિ, અગિયાર ગણધરોનો પરિચય તથા પ્રત્યેક ગણધરની શંકાઓ અને ભગવાનના ઉત્તરો પર અભ્યાસપૂર્ણ વિવેચન કર્યું છે.

ટૂંકમાં 'ગણધરવાદ' ઉપર ગુજરાતી ભાષાનું આ પ્રથમ અને સર્વોત્તમ પુસ્તક છે.

ત્યાર પછી દસેક વર્ષ બાદ આચાર્ય ન્યાયવિશારદ પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુસૂરિજીએ વિવેચન લખ્યું હતું જેનો કે.

રામપ્પાએ અંગ્રેજીમાં અનુવાદ કરેલો છે.

**(૨) મિલા પ્રકાશ : ખિલા વસંત**

આચાર્ય વિજય જયંતસેન સૂરિજીકૃત '**મિલા પ્રકાશ : ખિલા વસંત**'માં (શ્રી રાજ રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ) વિદ્વાન લેખકે હિંદી ભાષામાં ગણધરવાદ ઉપર અભ્યાસપૂર્ણ પુસ્તકની રચના વિ. સં. ૨૦૫૬માં કરી છે. એમણે વૈદિક, શ્રમણ અને બૌદ્ધ ધારાઓનો બહુશ્રુતતાપૂર્વક સમન્વય કર્યો છે. એમનો આ ગ્રંથ એક અનુસંધાત્મક, સમન્વયાત્મક, શ્લાઘનીય, શાસ્ત્રીય અધ્યયન છે.

આમાં ગણધરવાદનો પરિચય, તથા સંશયોની પૃષ્ઠભૂમિને વૈદિક પરંપરાની દૃષ્ટિથી પ્રકટ કરવામાં આવી છે. પ્રત્યેક ગણધરોનો પરિચય તથા એમના સંશય-સમાધાન આપવામાં આવ્યા છે.

પરિશિષ્ટમાં ગણધરોની શંકાઓના વૈદિક વાક્યો તથા અન્ય સંબંધિત સંદર્ભો આપવામાં આવ્યા છે. અંતમાં વિશેષાવશ્યકભાષ્યના મૂળ પદો અને એનો હિંદી અનુવાદ આપવામાં આવ્યો છે.

**(૩) 'ગણધરવાદ' : લેખક : પં. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

શ્રી વિશેષાવશ્યકભાષ્યની શ્રી મલધારી હેમચંદ્રાચાર્યે કરેલી ટીકાનો ગુજરાતી અનુવાદ પંડિત ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાએ કર્યો છે જે શ્રી જૈનધર્મ પ્રકાશન ટ્રસ્ટ સુરતે '**શ્રી ગણધરવાદ**' નામથી ૨૦૦૯માં પ્રકાશિત કર્યો છે.

વિદ્વાન લેખકે આજની પેઢીને વિશેષ ઉપયોગી બને એવા અનુવાદ દ્વારા ગણધરવાદ જેવા ગહન વિષયને સરળ ભાષામાં સમજાવ્યો છે. ૬૨૪ પૃષ્ઠના આ ગ્રંથમાં વિશેષાવશ્યકભાષ્યની ગણધરવાદ ઉપરની ૪૭૬ મૂળ પ્રાકૃત ગાથાઓ, એની સંસ્કૃત છાયા, ગાથાર્થ અને પછી વિસ્તૃત વિવેચન દ્વારા પ્રત્યેક ગણધરના પ્રશ્નો, શંકાઓ તથા ભગવાન મહાવીરના ઉત્તરો સરળ ભાષામાં સમજાવ્યા છે.

ગ્રંથની પ્રસ્તાવનામાં ગણધરવાદનો ઉગમ, એના આધારસ્થંભ ગ્રંથો તથા ગ્રંથકારોનો ટૂંક પરિચય પણ આપવામાં આવ્યો છે.

ગણધરવાદને સમજવા માટે આ ગ્રંથ બહુ ઉપયોગી છે. કારણ કે એમાં જ મૂળ ગાથા, અર્થ અને વિસ્તૃત ભાવાર્થ એક સાથે છે. મોટા અક્ષરોમાં સ્વચ્છ મુદ્રણ અને ઉચ્ચ પ્રકારના કાગળ આદિથી આ ગ્રંથ અદ્વિતીય બની ગયો છે.

**(૪) 'સચિત્ર ગણધરવાદ'**

**લેખક : પંન્યાસ ડૉ. અરુણવિજયજી ગણિવર્યજી મ. સા.**

(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્ય રત્ન, M.A. - જૈન ન્યાય, M.A. દર્શનાચાર્ય)

સચિત્ર ગણધરવાદ ભાગ-૧-૨, પ્રકાશક શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર-મુંબઈ. ૧૯૯૭માં પ્રકાશિત. આમાં વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓના આધારે પ્રત્યેક ગણધરનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો છે અને બધાંના જીવન ચરિત્રની સંક્ષિપ્ત તાલિકામાં ૩૭ વિગતો સાથે અત્યંત ઉપયોગી માહિતી આપવામાં આવી છે. પછી ગણધરવાદની સાદી સમજણ અને પ્રત્યેક ગણધરની શંકાઓ આપવામાં આવી છે. પછીના પ્રકરણોમાં પ્રત્યેક ગણધરની શંકાનું સમાધાન ભગવાન દ્વારા કેમ થાય છે એનું વિસ્તૃત વર્ણન છે. સાથે પ્રસંગોપાત ચિત્ર, ગ્રાફ, ચાર્ટ આદિથી ગહન વિષયોને સાદી ભાષામાં સમજાવવાનો પ્રયત્ન થયો છે. ચાર ગતિના તથા નારકીના ચિત્રો હૃદયદ્રાવક છે.

જૈન દર્શન અને વિજ્ઞાનના વિદ્વાન લેખકે બહુ પરિશ્રમથી આ ગ્રંથોને બે ભાગોમાં વહેંચી વિસ્તૃત માહિતી આપી છે.

**(૫) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય-ગુજરાતી ભાષાંતર**

મૂળ ગ્રંથ અને મલધારી આચાર્ય હેમચંદ્રકૃત વૃત્તિ સહિતનું ગુજરાતી ભાષાંતર સ્વ. શાહ ચુનીલાલ હકમચંદે કર્યું છે. જે ભદ્રંકર પ્રકાશન અમદાવાદે વિ. સં. ૧૯૮૩માં પ્રકાશિત કર્યું છે. આમાં મૂલ ગ્રંથની પ્રાકૃત ગાથાઓનું સરળ ગુજરાતી ભાષામાં

## આત્માના અસ્તિત્વનો સ્વીકાર

*જ્યોર્જિયા વિજ્ઞાન અકાદમીના અગ્રણી શરીરશાસ્ત્રી ડૉ. આઈ.એસ. બેકેનાશ્વિલીએ વિવિધ જીવધારીઓના જીવન વિશે ઊંડું સંશોધન કર્યા પછી એક તારણ આપ્યું છે કે જીવધારીઓમાં એક એવી ચેતનાસત્તા સક્રિય હોય છે જે શરીરના નિયમોમાં બંધાયા વગર અને ઈન્દ્રિયોનો પ્રત્યક્ષ ટેકો લીધા વગર પણ કામ કરી શકે છે. જે કામ આંખ અને કાનની મદદ વડે જ શક્ય હોય તેવું કામ આ ચેતનાસત્તા આપોઆપ કરી શકે.*

*આનો અર્થ શું ? ચેતનસત્તા એટલે જ આત્મા. આપણે ત્યાં કહ્યું છે ને કે ઈન્દ્રિયોની મદદથી મેળવેલું જ્ઞાન પરોક્ષ જ્ઞાન છે અને ઈન્દ્રિયોના ઉપયોગ વિના માત્ર આત્મા દ્વારા મેળવાયેલું જ્ઞાન જ પ્રત્યક્ષ છે. શ્રુતિજ્ઞાન કે મતિજ્ઞાન પરોક્ષ છે. અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, જે ઈન્દ્રિયોની મદદ વિના માત્ર આત્મા દ્વારા જ મેળવાય છે. આધુનિક વિજ્ઞાને પણ આત્માનું અસ્તિત્વ સ્વીકારવાની શરૂઆત કરી દીધી છે. ખાસ નોંધવાની વાત તો એ છે કે પશ્ચિમના વૈજ્ઞાનિકો મોટે ભાગે ક્રિશ્ચિયન છે અને તેઓ પુનર્જન્મ અને આત્માને સ્વીકારતા નથી.*

માત્ર ભાષાંતર કરેલું છે, કોઈ વિવેચન નથી.

**(૯) પ્રકીર્ણ**

શ્રી કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં ગાથા ૨૦૧ થી ૨૦૪ સુધી 'ગણધર ચરિત્ર'નું સંક્ષિપ્ત વર્ણન છે જેનું વાંચન પર્યુષણના છઠ્ઠા દિવસે કરવામાં આવે છે.

આ સિવાય શ્રી અજીતશેખર વિજયજી મ.સા., પં. શ્રી ચિદાનંદજી મ.સા. આદિના પણ ગણધરવાદ પર અભ્યાસપૂર્ણ લેખો-પ્રવચનો પ્રકાશિત થયા છે.

'ગણધરવાદ' ઉપર સ્વતંત્ર લેખો આદિ પણ છે. એમાં શ્રી સુરેશ ગાલાએ 'મરમનો મલક' (શ્રી મું. જૈન યુવક સંઘનું પ્રકાશન-૨૦૧૩) પુસ્તકમાં ગણધરવાદ ઉપર ચિંતનાત્મક પ્રકરણ લખ્યું છે. શ્રી સુમનભાઈ શાહે 'શ્રી જિનેશ્વર સ્તુતિ' (વડોદરા-૨૦૦૧)માં ગણધરવાદ ઉપર સંક્ષિપ્તમાં મનનીય પ્રકરણ લખ્યું છે.

અત્રે એક વાતનો ઉલ્લેખ કરવો જોઈએ. ગણધરવાદ વિષય બહુધા શ્વેતાંબર મૂર્તિપૂજકોમાં જ વધુ પ્રચલિત છે. દિગંબર, સ્થાનકવાસી કે તેરાપંથી સંપ્રદાયોમાં એની વિશેષ ચર્ચા નથી.

શ્રીમદ્ રાજચંદ્રે ગણધરવાદ પર કશું લખ્યું નથી, પણ એમના દ્વારા રચિત 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં છ પદો દ્વારા આત્મા તથા મોક્ષના અસ્તિત્વને સિદ્ધ કરવામાં આવ્યું છેઃ આત્મા છે, તે નિત્ય છે, તે નિજકર્મનો કર્તા અને ભોક્તા છે, મોક્ષ છે અને એનો ઉપાય છે.

**(૧૦) ઉપસંહાર**

ભગવાન મહાવીર વીતરાગ થઈને સર્વજ્ઞ બની ગયા હતા. એ તો પ્રત્યક્ષ નિરાવરણ જ્ઞાનસાગરના તરવૈયા હતા. કોઈ ચમત્કાર કે ખંડન-મંડનના ખાબોચિયામાં છબછબિયાં કરવાનું કે વાદ-વિવાદમાં કોઈને હરાવવાનું એમને અભિપ્રેત ન હતું. એ તો સ્વયં 'જિન' હતા. કષાય-કર્મરૂપી શત્રુઓને જીતનારા હતા, એટલે જ એમની સ્તુતિમાં ઇન્દ્ર કહે છે કે, "હે પ્રભુ! આપ તો 'જિણાણં જાવયાણ' છો." અર્થાત્ આપે સ્વયં તો રાગ-દ્વેષ રૂપી શત્રુઓને જીતી જ લધા છે, સાથે સાથે બીજાને પણ જીતાડનારા છો. આવા જિનેશ્વર ભગવાનને કોઈને પણ વાદ-વિવાદમાં હરાવવાનું અભિપ્રેત ન હતું. એ તો અરિહંત બની ગયા હતા. પોતે સર્વજ્ઞ હતા અને સત્યને પ્રત્યક્ષ જાણતા હોવા છતાં એમણે કોઈને અજ્ઞાની નથી કહ્યા. ભગવાને તો બધા જ પંડિતોને અત્યંત વાત્સલ્યથી આવકાર્યા હતા અને સહજતા તથા સરળતાથી પંડિતો સમજે એ જ ભાષામાં બધાની શંકાઓ દૂર કરી સત્ય પ્રગટ કર્યું હતું. ભગવાને કદી પણ એવો આગ્રહ નહોતો રાખ્યો કે પ્રશ્નકર્તા ભગવાનની જ વાતનો સ્વીકાર કરે. પ્રત્યેક પંડિતને વેદવાક્યોમાં એક એક શંકા હતી એનું નિવારણ ભગવાને વેદવાક્યનું જ સમીચીન અર્થઘટન કરીને જ કર્યું હતું. એમનું વલણ હંમેશ સમન્વયાત્મક જ રહ્યું હતું. આમ ગણધરવાદની શરૂઆત વેદવાક્ય અને અંત પણ વેદવાક્ય તથા વીરવચન સાથે થાય છે.

શ્રી જિનેશ્વરદેવ પાંત્રીસ વચનાતિશય સંપન્ન હોય છે. એમની વાણી વિષે શ્રીમદ્ રાજચંદ્રે સુંદર લખ્યું છે –

*'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,*
*અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે...'*

ભગવાન મહાવીરે પોતાના નિરાવરણ અતિન્દ્રિય જ્ઞાનથી, વાણીની વિશેષતાથી, વાત્સલ્ય અને સહૃદયતાથી, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ અને અર્થાપત્તિ આદિ અનેક પ્રમાણો દ્વારા પ્રત્યેક ગણધરની શંકા દૂર કરી હતી.

અંતમાં એટલું જ લખવાનું કે ગણધરવાદ દ્વારા ભગવાન મહાવીરે માત્ર ગણધરોની જ શંકા દૂર કરી ન હતી, પણ જૈન ધર્મનું હાર્દ અને જૈન દર્શનના પાયાના સિધ્ધાંતો સમજાવ્યા હતા.

✶ ✶ ✶

'અર્હમ', પ્લોટ નં. ૨૬૬, રોડ નં. ૩૧/A, સીકાભાઈ પ્રેમજી હોસ્પિટલ સામે, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
ટેલિફોન : ૨૪૦૪૨૦૩૨/૩૩. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.

**આ અંકના સંપાદક અને આ વિદ્વતાપૂર્ણ લેખના લેખક માનનીય ડૉ. રશ્મિભાઈ ઝવેરી લખે છે...**

*'જૈન ધર્મના પ્રખર વિદ્વાન અને વક્તા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ બે વર્ષ પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય 'ગૌતમકથા'માં ભગવાન ગૌતમસ્વામીની અદ્ભુત જીવનગાથા પોતાની આગવી શૈલીમાં રજૂ કરી હતી. એમાં એમણે 'ગણધરવાદ'નું પણ મનનીય વર્ણન કર્યું હતું. આ પ્રસંગની ત્રણ ડી.વી.ડી. 'ગૌતમકથા' શીર્ષકથી ઉપલબ્ધ છે.*

*'આ વિશેષાંકમાં એમના અત્યંત મનનીય એવા ગણધરવાદ વિષેના લેખમાં ગણધરવાદની શરૂઆત કેમ થઈ એનું સચોટ વર્ણન એમના વિદ્વતાભર્યા વિવેચન સાથે આપેલું છે, એટલે એ વિગતોની ચર્ચાઓ મારા લેખમાં નથી કરી.'*

# સમન્વયાત્મક દૃષ્ટિકોણનું સમૃદ્ધ આકાશદર્શન

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*'આવો ! ઈન્દ્રભૂતિ ગૌતમ ! કુશળ છો ને ? તમારું સ્વાગત હો.'*

ભગવાન મહાવીર અપાપા-નગરી તરફ ચાલ્યા. અહીં સોમિલ આર્ય નામના ધનાઢ્ય બ્રાહ્મણે વિરાટ યજ્ઞનું આયોજન કર્યું હતું. આ યજ્ઞમાં ભારતવર્ષના અનેક પંડિતોને એણે બોલાવ્યા હતા. એ સમયના નામાંકિત એવા જ્ઞાનના સાગર ગણાતા તથા મંત્રો અને ક્રિયાકાંડમાં મહાનિપુણ અગિયાર પંડિતો આવ્યા હતા. આ અગિયાર મહાપંડિતો યજ્ઞ સમયે મંત્રોચ્ચાર કરતા, ત્યારે ખુદ દેવતાઓને પણ હાજર થઈ જવું પડતું. આમાં પણ ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ ત્રણ વિદ્વાનો ચૌદ વિદ્યાના પારંગત હતા. આ પ્રત્યેક મહાવિદ્વાનની સાથે એમના પાંચસો-પાંચસો શિષ્યો હતા. આ ઉપરાંત વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ જેવા અન્ય પંડિતો પણ એમના શિષ્યગણ સાથે ઉપસ્થિત હતા. આમ વેદવિદ્યા વિશારદ, સકલ શાસ્ત્રપારંગત અને વાદકલાનિપુણ અગિયાર મહાપંડિતોની હાજરીમાં મહાયજ્ઞનો પ્રારંભ થયો.

સોમિલ બ્રાહ્મણના હૃદયમાં હર્ષનો સાગર લહેરાતો હતો, પરંતુ જ્યારે એણે આકાશમાં દેવવિમાનમાં બેસીને આવતા દેવોને જોયા, ત્યારે તો એના આનંદનો મહાસાગર છલકાઈ ઊઠ્યો. દેવો દિવ્ય વિમાનમાં બેસીને આ દિશા તરફ આવતા હતા. એ વિમાનો જ્યારે યજ્ઞમંડપની બાજુમાં ઊતરવાને બદલે એને વટાવીને આગળ નીકળી ગયાં, ત્યારે સોમિલ વિપ્ર અને મહાપંડિત ઇન્દ્રભૂતિ વિચારમાં ડૂબી ગયા. સૂર્યના તાપથી ક્ષણવારમાં ઝાકળબિંદુ ઊડી જાય તેમ સોમિલનો આનંદ કરમાઈ ગયો. ઇન્દ્રભૂતિ ગૌતમે આચાર્ય સોમિલને પૂછ્યું:

'આર્ય! આ શું? છેક યજ્ઞમંડપમાં આવીને દેવવિમાન ક્યાં ચાલ્યા ગયા? શું આજે આ નગરીમાં બીજું કોઈ આવ્યું છે?'

આર્ય સોમિલે કહ્યું, 'ક્ષત્રિય-કુમાર વર્ધમાન આવ્યા છે. તેર વર્ષ પૂર્વે ગૃહત્યાગ કરીને દીક્ષા લેનાર તેમણે કઠોર તપ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ખુદ દેવતાઓ પણ એમની ભાવપૂર્વક ભક્તિ કરે છે.'

મહાપંડિત ઇન્દ્રભૂતિને માથે વજ્રપાત થયો હોત તો પણ આટલો આઘાત થાત નહીં. એમને થયું કે મારા જેવો સકલશાસ્ત્રનો મહાપંડિત બેઠો હોય, ત્યાં વળી આ મહાવીર કોણ? કોઈ તપશ્ચર્યા કરીને એણે કદાચ ઐંદ્રજાલિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય, પણ તેથી શું? એની માયાજાળનો અંધકાર ત્યાં સુધી જ ટકશે, જ્યાં સુધી મારા ઝળહળતા જ્ઞાનનો સૂર્યપ્રકાશ ત્યાં પહોંચ્યો નથી.

સોમિલ વિપ્રએ કહ્યું કે ઊગતો શત્રુ અને ઊગતો રોગ ડામી દેવો જોઈએ. મહાવીરની શક્તિને એના આરંભે જ મહાત કરવી જોઈએ. મગધ, વૈશાલી અને કપિલવસ્તુ જેવાં જનપદોમાં એમના વિચારો પહોંચે તે પહેલાં જ એમને વાદ-ચર્ચાથી પરાજિત કરવા જોઈએ.

સોમિલ વિપ્રની યજ્ઞભૂમિમાં સોપો પડી ગયો હતો. મહાપંડિત ઇન્દ્રભૂતિએ મનોમન વિચાર્યું કે આજે મહાવીરનો પરાભવ કરવાની ખરી તક સાંપડી છે, કારણ કે આ શ્રમણ મહાવીરે દેવોની વાણી સંસ્કૃતને બદલે લોકભાષામાં ધર્મ કહેવા માંડ્યો. હજી આમાં કંઈ બાકી હોય તેમ એમણે ધર્મશાસ્ત્રો સહુને માટે ખુલ્લાં મૂક્યાં. હજી એ ય ઓછું હોય તેમ એમણે સ્ત્રી અને શુદ્રને શાસ્ત્ર સાંભળવાના અધિકારી ગણાવ્યા. આવા શ્રમણ મહાવીરનો કોઈપણ ભોગે વિરોધ કરવો જોઈએ. હમણાં જ શ્રમણ મહાવીરને પરાજિત કરી દઉં એમ વિચારતા પચાસ વર્ષની વયના સાક્ષાત્ સરસ્વતીના અવતાર સમા ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાના પાંચસો શિષ્યો સહિત શ્રમણ મહાવીરના સમવસરણ તરફ ગયા.

*અગિયાર ગણધરોએ પ્રગટ કરેલા સંશયો ક્રમસર દર્શાવવામાં આવ્યા છે. ૧. જીવ છે કે નહીં?, ૨. કર્મ છે કે નહીં?, ૩. શરીર એ જ જીવ છે કે નહીં?, ૪. પંચભૂત છે કે નહીં?, ૫. આ ભવમાં જીવ જેવો હોય, પરભવમાં પણ તેવો જ હોય કે નહીં?, ૬.બંધ-મોક્ષ છે કે નહીં?, ૭. દેવ છે કે નહીં?, ૮. નારક છે કે નહીં?, ૯. પુણ્ય-પાપ છે કે નહીં?, ૧૦. પરલોક છે કે નહીં?, ૧૧. નિર્વાણ છે કે નહીં?*

બે મહાન શક્તિઓ સામસામે ટક્કર લેવાની હતી. પળવારમાં ચકમક થઈ જ સમજો. મહાસેન વનમાં આવેલા ઇન્દ્રભૂતિ ગૌતમે જોયું તો મહાયોગી મહાવીરની આસપાસ શાંતિ અને સમતાનું

સામ્રાજ્ય છવાયેલું હતું. સમવસરણની અનુપમ છટા જોઈને ઇન્દ્રભૂતિ ગૌતમ આશ્ચર્યચકિત થઈ ગયા. આસપાસના વાતાવરણમાં અહિંસા, કરુણા અને વિશ્વવાત્સલ્યની ભાવના વ્યાપેલી હતી. હજારો દેવતાઓ ભક્તિભાવપૂર્વક એમને વંદન કરતા હતા. ઈન્દ્રભૂતિ ગૌતમે દિવ્યધ્વનિ સાંભળ્યો અને વિચારવા લાગ્યા કે શ્રમણ મહાવીરના ચહેરા પર કેવું દિવ્ય તેજ છે! આત્મવૈભવનું કેવું ઓજસ છે! પરંતુ ઇન્દ્રભૂતિ તરત જ સાવધાન થયા. એવામાં વેરાન વગડામાં વાંસળી વાગે તેમ મહાસેન વનમાં મધુર વાણી ઈન્દ્રભૂતિના કાને સંભળાઈ, 'આવો! ઇન્દ્રભૂતિ ગૌતમ! કુશળ છો ને? તમારું સ્વાગત હો.'

ઇન્દ્રભૂતિને પહેલાં તો આશ્ચર્ય થયું, પણ પછી થયું કે એમની લોકવ્યાપક ખ્યાતિને કારણે એમનું નામ જાણતા હોય તે સ્વાભાવિક છે. દીવાની આસપાસ પ્રકાશ હોય પણ તેની નીચે અંધારું હોય, તેમ મહાજ્ઞાની ગૌતમના ચિત્તમાં આત્માના અસ્તિત્વ વિશે સંશય હતો. ભગવાન મહાવીરે નિર્મળ જ્ઞાનના બળે એમની વર્ષો જૂની શંકા દૂર કરી આપતાં ઈન્દ્રભૂતિ ગૌતમના હાથ આપોઆપ જોડાઈ ગયા.

> ***પ્રત્યેક પંડિત ભગવાન મહાવીર પાસે આવે છે, ત્યારે ભગવાન મહાવીર એને એના નામ અને ગોત્રથી સંબોધે છે અને પછી તેમના મનની રહેલી શંકા કહે છે.***

મહાપંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ સત્યના સાધક અને અનેકાન્તના શોધક હતા. એમનો ઋજુ સ્વભાવી આત્મા વિનમ્ર બની ગયો. જાણે અંતરમાંથી કોઈ એમને સાદ કરી રહ્યું.

**'ઇન્દ્રભૂતિ ગૌતમ! પાંડિત્યનાં જાળાં દૂર કર. સત્યની ખોજ કર. સત્ય તો અંતરમાં બેઠેલું છે. એમાં ખોવાઈ જા.'**

ભગવાન મહાવીરે પંડિત ઇન્દ્રભૂતિને ત્રણ પ્રમાણોથી અને એ જ રીતે પ્રત્યક્ષ, અનુભવ અને સ્વઅવલોકનથી આત્મતત્ત્વના અસ્તિત્વના પ્રતીતિકર પુરાવા આપ્યા. ઇન્દ્રભૂતિનો જીવ અંગેનો સંશય ધીરે ધીરે દૂર થયો.

ભારતપ્રસિદ્ધ મહાપંડિત પ્રભુ મહાવીરની સમીપ આવ્યા. બે હાથ જોડી ઇન્દ્રભૂતિ ગૌતમ બોલ્યા,

'આપનું કહેવું યથાર્થ છે. આપ સાચા જ્ઞાની, મહાજ્ઞાની અને સર્વજ્ઞ છો. મારો વર્ષોનો સંદેહ દૂર થયો. આપ આપના શિષ્યો તરીકે મારો અને મારા પાંચસો શિષ્યોનો સ્વીકાર કરશો.'

ભગવાન મહાવીરે ક્ષમાભાવ ધારણ કરીને પ્રસન્નતાથી કહ્યું,

'હે ઇન્દ્રભૂતિ ગૌતમ! આ બધામાં હું ભાવિ શુભ યોગનું અને ધર્મશાસનના પ્રભાવનું દર્શન કરું છું. તમારી ઋજુતાને કારણે એ તમારા જ્ઞાનનો વિશેષ ઉપયોગ થશે. આપણે સાથે રહીને ધર્મતીર્થની પ્રભાવના કરીશું.'

ઇન્દ્રભૂતિ ગૌતમ અંતરના આનંદે ડોલી ઊઠ્યા. એમણે કહ્યું, 'આપ સાચે જ સર્વજ્ઞ છો. મારે આપના ઉપદેશવચનો સાંભળવા છે. કૃપા કરી મને એનો લાભ આપો.'

ભગવાન મહાવીરે અહિંસા, સંયમ અને તપ વડે આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો માર્ગ બતાવ્યો. ભગવાનની વાણી ઇન્દ્રભૂતિ ગૌતમના હૃદયમાં પ્રકાશ પાથરવા લાગી. ઇન્દ્રભૂતિ ગૌતમનું સમગ્ર હૃદય મહાવીરમય બની ગયું.

બીજી બાજુ અપાપાનગરીમાં સોમિલ બ્રાહ્મણ અને અન્ય દિગ્ગજ પંડિતો મહાપંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ વાદ-ચર્ચામાં વિજયી બનીને ક્યારે આવે એની રાહ જોતા હતા, ત્યાં તો વિજયના આનંદને બદલે નિરાશાના આઘાતજનક સમાચાર મળ્યા. એમણે જાણ્યું કે શ્રમણ મહાવીરને પરાજિત કરવા ગયેલા મહાપંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ એના સમર્પિત શિષ્ય બની ગયા. ધૂંવાપૂંવા થઈ ગયેલા સોમિલે મહાયજ્ઞ મુલત્વી રાખ્યો. યજ્ઞમાં બલિ માટે લાવવામાં આવેલાં અનેક પશુઓને અભયદાન મળ્યું. નગરજનો ધીરે ધીરે યજ્ઞસ્થળેથી વીખરાવા લાગ્યા.

ઇન્દ્રભૂતિ ગૌતમ પાછા નહિ આવતાં એમના નાના ભાઈ અગ્નિભૂતિ મહાવીરને જીતવા ચાલ્યા. અગ્નિભૂતિ ગૌતમના ચિત્તમાં પડેલી વર્ષો જૂની કર્મ વિશેની શંકાનું મહાવીરે નિવારણ કર્યું. અગ્નિભૂતિ ખુદ જિતાઈ ગયા. બંને મોટા ભાઈઓ એમના પાંચસો શિષ્યો સહિત ભગવાન મહાવીર પાસે દીક્ષિત થયાનું સાંભળીને સૌથી નાનો ભાઈ વાયુભૂતિ મહાવીરને મહાત કરવા નીકળ્યો. વાયુભૂતિ ભગવાન મહાવીરની સમીપ પહોંચ્યા કે ભગવાને જીવ અને શરીર એક છે કે જુદા એવા એના મનના સંશયનો ઉત્તર આપ્યો. આ સમાચાર સાંભળીને પંડિત વ્યક્ત આવ્યા અને એને પંચભૂત અંગે સંશય હતો. જગતમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ સાચાં છે કે સ્વપ્નવત્ છે, એવી એની શંકાનું નિવારણ કર્યું. ત્યારબાદ પંડિત સુધર્માના ઇહલોક અને પરલોક વચ્ચેના સંશયને દૂર કર્યો. મંડિક બ્રાહ્મણના બંધ અને મોક્ષ વિશેના સંશયનું નિવારણ કર્યું અને એ પછી આવેલા મૌર્યપુત્રનો દેવ છે કે નહિ તે સંશય દૂર કર્યો. અકંપિતનો નરકના અસ્તિત્વ વિશેનો સંશય અને અચલભ્રાતાની પાપ-પુણ્યના અસ્તિત્વ વિશેની શંકા દૂર કર્યા. દસમા પંડિત મેતાર્યને પરલોક વિશે અને અગિયારમા પંડિત પ્રભાસને મોક્ષ વિશે સંશય હતો. ભગવાન મહાવીરે એ બધા પંડિતોના સંશયનું હૃદયસ્પર્શી રીતે અને અનુભવને આધારે નિરાકરણ કર્યું. ભગવાનની અહિંસા, સમતા, અનેકાન્ત પદ્ધતિ અને નયવાદની પરિપૂત દૃષ્ટિનો સહુને અનુભવ થયો. પ્રથમ પાંચ પંડિતો ૫૦૦-૫૦૦

શિષ્યો, છઠ્ઠા અને સાતમા પંડિતોના ૩૫૦-૩૫૦ શિષ્યો અને છેલ્લાં ચાર પંડિતોના દરેકના ૩૦૦ શિષ્યોએ મહાવીરના ચરણે પોતાની જાત સમર્પિત કરી. આમ એકસાથે ૪૪૧૧ પુણ્યાત્માઓએ મહાવીરનો ઉપદેશ સ્વીકારતાં ધર્મક્ષેત્રે ચમત્કારરૂપ ઘટના બની. એ અવિસ્મરણીય દિવસ હતો વિક્રમ સંવત પૂર્વે ૫૦૦ વર્ષે વૈશાખ સુદ અગિયારનો! ભગવાન મહાવીરનો અગિયાર મહાપંડિતો સાથેનો આ વાર્તાલાપ 'ગણધરવાદ'ને નામે જાણીતો બન્યો.

ગણધરવાદ વિશે સામાન્ય રીતે આ પ્રસંગની ગરિમાનું વર્ણન થાય છે. એથી ય વિશેષ કવચિત્ પંડિતોના ચિત્તની સમસ્યાનો ભગવાન મહાવીરે આપેલો ઉકેલ દર્શાવાય છે, કિંતુ અન્ય દર્શનોના સંદર્ભમાં ગણધરવાદની વિશિષ્ટતા અને તેમાં પ્રગટ થતી જૈનદૃષ્ટિ જોવાનો પ્રયત્ન ભાગ્યે જ થયો છે. અહીં આ મહાન ઘટનાનું જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં અવગાહન કરીએ.

જૈન આગમગ્રંથો પર દૃષ્ટિપાત કરીએ તો ભગવાન મહાવીર સ્વામીના ગણધરો વિશે પ્રમાણમાં બહુ થોડી વિગતો પ્રાપ્ત થયા છે. 'સમવાયાંગ સૂત્ર'માં ગણધરોના નામ અને આયુષ્ય વિશે થોડી હકીકતો ઉપલબ્ધ થાય છે. સમગ્ર જૈન આગમ-સાહિત્યમાં સૌથી વધુ વ્યાપક પ્રસાર પામેલા 'આવશ્યક સૂત્ર'માં ગણધરોએ વાદ થયા પછી પ્રથમ સામાયિકનો ઉદ્દેશ લીધો હતો અને એ ઉદ્દેશને પરિણામે તેઓ મોક્ષસુખ પામ્યા તેવી નોંધ મળે છે.

સૌપ્રથમ આ પ્રસંગનો ઉલ્લેખ 'આવશ્યક સૂત્ર' નિર્યુક્તિમાં મળે છે. આવશ્યક નિર્યુક્તિની ૫૯૬મી ગાથા આ પ્રમાણે છેઃ

'जीवे कम्मे तज्जीव भूय तारिसय बंधमोक्खेय।
देवा णेरइय या पुण्णे परल्लोय णेव्वाणे।।'

આ ગાથામાં **અગિયાર ગણધરોએ પ્રગટ કરેલા સંશયો ક્રમસર દર્શાવવામાં આવ્યા છે. ૧. જીવ છે કે નહીં?, ૨. કર્મ છે કે નહીં?, ૩. શરીર એ જ જીવ છે કે નહીં?, ૪. પંચભૂત છે કે નહીં?, ૫. આ ભવમાં જીવ જેવો હોય, પરભવમાં પણ તેવો જ હોય કે નહીં?, ૬.બંધ-મોક્ષ છે કે નહીં?, ૭. દેવ છે કે નહીં?, ૮. નારક છે કે નહીં?, ૯. પુણ્ય-પાપ છે કે નહીં?, ૧૦. પરલોક છે કે નહીં?, ૧૧. નિર્વાણ છે કે નહીં?**

> ***આમાં વિરોધી મતની ક્યાંય ટીકા નથી. વિરોધી શાસ્ત્રોને ક્યાંય હીણાં કે ખોટાં ચીતરવામાં આવ્યાં નથી. કોઈપણ શાસ્ત્રનું સર્વથા ખંડન કરવું એ અનેકાંત દર્શનને અનુસરતી તત્ત્વદૃષ્ટિને શોભારૂપ ન ગણાય. એ શાસ્ત્રનો પણ યથાર્થ અર્થ પ્રગટ કરી આપવો, તે સમાદર કે વ્યાપકતા હોવી જોઈએ. આવી વિશિષ્ટ સમન્વયાત્મક દૃષ્ટિ ગણધરવાદમાં જોવા મળે છે.***

આચાર્ય ભદ્રબાહુ કૃત 'કલ્પસૂત્ર'માં બધા તીર્થંકરોમાં ભગવાન મહાવીર સ્વામીનું ચરિત્ર સૌથી વધુ વિસ્તૃત રીતે આલેખાયું છે, પરંતુ આ 'કલ્પસૂત્ર'માં ગણધરવાદની ઘટના મળતી નથી, પરંતુ 'કલ્પસૂત્ર' પર લખાયેલી ટીકાઓમાં ગણધરવાદની સમગ્ર ઘટના અને તેની દાર્શનિકતાનું રસપ્રદ નિરૂપણ મળે છે. 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' નામના શાસ્ત્રમાં શ્રુત મહોદધિ આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજે આનું આલેખન કર્યું છે. ગણધરવાદની આલેખનશૈલી વિશિષ્ટ પ્રકારની છે. વિશ્વમાં ગુરુ સન્મુખ પ્રગટ કરેલી જિજ્ઞાસા અને તેના ઉત્તર રૂપે ગુરુ પાસેથી મળેલા જ્ઞાનનાં ઘણાં દૃષ્ટાંતો મળે છે.

ગ્રીક તત્ત્વજ્ઞાની સોક્રેટિસને એના શિષ્ય પ્લેટોએ પ્રશ્ન પૂછ્યા અને સોક્રેટિસે એના ઉત્તર આપ્યા. ભગવાન બુદ્ધ સમક્ષ પ્રશ્નરૂપે ભિખ્ખુ આનંદ જિજ્ઞાસા પ્રગટ કરતા હતા અને ભગવાન બુદ્ધ એનું સમાધાન કરતા હતા. શ્રીકૃષ્ણ સમક્ષ અર્જુન પોતાનો સંશય પ્રગટ કરે છે અને શ્રીકૃષ્ણ સંશયાત્મા અર્જુનના સંશયને દૂર કરે છે. સ્વયં ભગવાન મહાવીર સ્વામીને ગૌતમ સ્વામીથી માંડીને જયંતી શ્રાવિકા સુધી સહુએ જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછ્યા છે. આમાં પ્રશ્નકર્તા જિજ્ઞાસુ હોય અને ઉત્તરદાતા જ્ઞાની હોય તેવું જોવા મળે છે. જ્યારે ગણધરવાદમાં શંકા અને સમાધાન બંને ભગવાન મહાવીર દર્શાવે છે.

તેઓ બ્રાહ્મણ પંડિતોના ચિત્તમાં રહેલા સંશયોને પ્રથમ સ્વયં પ્રગટ કરે છે અને પછી તેનો ઉત્તર આપે છે. આમ વિરોધી મતને શિષ્ય કે સંશયાત્માની દલીલથી રજૂ કરવાને બદલે તેને તેઓ સ્વયં કહે છે અને પછી તેઓ જ તેનો ઉત્તર આપે છે. આ ઉત્તરમાં સૂક્ષ્મ અને અતીન્દ્રિય તત્ત્વોની ગહન વિચારણા મળે છે. વિરોધીના મનની શંકાઓ પ્રથમ દર્શાવીને એનો પ્રતિવાદ કરવાની શૈલી આચાર્ય જિનભદ્રસૂરિના સમયના ગ્રંથોમાં વિવિધ દાર્શનિક પાસાની છણાવટ પ્રયોજાતી હતી અને એ જ શૈલી મુજબ તત્ત્વજ્ઞાન રજૂ થયું છે.

આ પ્રકારની આલેખન પદ્ધતિનું એક કારણ પ્રભુ મહાવીરની સર્વજ્ઞતા દર્શાવવાનું છે. સર્વજ્ઞને વળી શંકા કહેવાની શી જરૂર? સામી વ્યક્તિના મનને ઘેરી વળેલી શંકા તેઓને જ્ઞાત જ હોય.

આથી પંડિતો પ્રશ્ન પૂછે અને પોતે ઉત્તર આપે તે રચના કેટલી યોગ્ય ગણાય? તેમના દ્વારા જ શંકા અને સમાધાન બંને આલેખાય તે સર્વથા ઉચિત ગણાય. પ્રત્યેક પંડિત ભગવાન મહાવીર પાસે આવે છે, ત્યારે ભગવાન મહાવીર એને એના નામ અને ગોત્રથી સંબોધે છે અને પછી તેમના મનની રહેલી શંકા કહે છે.

ભગવાન મહાવીરની સર્વજ્ઞતા દર્શાવવાની સાથે આમાં તર્કશુદ્ધતાની આગવી પ્રતિષ્ઠા કરવામાં આવી છે. એક અર્થમાં કહીએ તો **ગણધરવાદમાં શ્રદ્ધા અને તર્કનું મનોરમ સમતોલન સર્જાયું છે.** સર્વજ્ઞતાને કારણે તેઓ કશું સ્વીકારી લેવાનું કહેતા નથી, બલ્કે તર્કશુદ્ધતાથી વૈચારિક ગતિ કરવાનું સૂચવે છે. તર્કનો આવો મહિમા સામાન્યતયા ખંડન-મંડનના ગ્રંથોમાં જોવા મળતો નથી. તર્કના આ મહિમાને કારણે જ એક જુદા પ્રકારની પદ્ધતિ જોવા મળે છે. સામાન્ય રીતે વિરોધી મતનું ખંડન અને સ્વમતનું મંડન એ ભારતીય દર્શનની પરંપરા હતી. આ પરંપરા વિરોધી મત પર આગ્રહપૂર્વક પ્રહાર કરીને પોતાના મતની સ્થાપનામાં ઇતિશ્રી મનાતી હતી. આમાં વિરોધી મતની ક્યાંય ટીકા નથી. વિરોધી શાસ્ત્રોને ક્યાંય હીણાં કે ખોટાં ચીતરવામાં આવ્યાં નથી. કોઈપણ શાસ્ત્રનું સર્વથા ખંડન કરવું એ અનેકાંત દર્શનને અનુસરતી તત્ત્વદૃષ્ટિને શોભારૂપ ન ગણાય. એ શાસ્ત્રનો પણ યથાર્થ અર્થ પ્રગટ કરી આપવો, તે સમાદર કે વ્યાપકતા હોવી જોઈએ. આવી વિશિષ્ટ સમન્વયાત્મક દૃષ્ટિ ગણધરવાદમાં જોવા મળે છે. આથી ભગવાન મહાવીરની વાત્સલ્ય નીતરતી વાણીમાં પંડિતના નામ, ગોત્ર અને સંશયને કહ્યા પછી તેઓને વેદવાક્યનો યુક્તિયુક્ત અર્થ દર્શાવે છે અને પછી એમાંથી પોતાની તત્ત્વદૃષ્ટિ પ્રગટ કરે છે.

આ અગિયારે પંડિતો બાર અંગ અને ચતુર્દશપૂર્વ શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતા હતા. આ અગિયારે પંડિતો પોતાને સર્વજ્ઞ માનતા હતા. એમણે પરિશ્રમપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરીને અને શાસ્ત્રાર્થોમાં વિજય મેળવીને મહાપંડિતો તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. માત્ર વેદમાં વિરુદ્ધ જણાતાં વચનોને કારણે પ્રત્યેક પંડિતના ચિત્તમાં ભિન્ન ભિન્ન તત્ત્વો અંગે સંદેહ હતો. તેમને અનુસરનારો વિશાળ શિષ્યસમૂહ હતો. એમાં ૬૫ વર્ષના મૌર્યપુત્ર, ૫૩ વર્ષના મંડિક, ૫૦ વર્ષના ગૌતમ, વ્યક્ત અને સુધર્મા જેવા પંડિતથી માંડીને ૩૬ વર્ષના મેતાર્ય અને સોળ વર્ષના પ્રભારુ જેવા પંડિતો હતા. આ વેદશાસ્ત્ર પારંગત પંડિતોને વેદમાં વર્ણવાયેલી બાબતોનો અર્થ કરીને સમજાવવાથી પોતાની તત્ત્વદૃષ્ટિએ સાહજિકતાથી સમજી શકે. માત્ર એક જ વેદવાક્ય નહીં, પણ બીજાં વેદવાક્યોનો અર્થ તારવીને પણ પોતાની તત્ત્વધારા સમજાવે છે.

આ રીતે પ્રાચીન ઉપનિષદો કે ગીતા, બૌદ્ધ ત્રિપિટક કે જૈન આગમોમાં પ્રયોજાયેલી સંવાદરચના કરતા ગણધરવાદની વિશિષ્ટ સંવાદરચના, આગવી નિરૂપણશૈલી, તર્ક અને શ્રદ્ધાનું સમતોલન, વિરોધી મતનો સમાદર, સમન્વયાત્મક દૃષ્ટિકોણ પ્રગટ થાય છે. આ સમગ્ર તત્ત્વચર્ચામાં જૈનદર્શનની સ્યાદ્વાદ-શૈલી અને અનેકાંતદૃષ્ટિનું કેવું ચિત્તસમૃદ્ધ કરે તેવું વિરલ, મનોહર પ્રતિબિંબ ઝિલાયું છે!

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫. મો.: ૦૯૮ ૨૪૦૧૯૯૨૫

## વિશેષઆવશ્યકભાષ્યનું મહત્ત્વ

*બૌદ્ધ ત્રિપિટકનો સાર જેમ વિશુદ્ધિમાર્ગ ગ્રંથમાં મળે છે તેમ જૈન આગમનો સાર વિશેષઆવશ્યકભાષ્ય ગ્રંથમાં મળે છે. જૈનતત્ત્વનું નિરુપણ તેઓ માત્ર જૈનદૃષ્ટિથી કરે છે એવું નથી પણ ઈતર દર્શનની તુલનામાં જૈનતત્ત્વને મૂકીને સમન્વયગામી માર્ગે તેમણે પ્રત્યેક વિષયની ચર્ચા કરી છે. જેમ વેદ-વાક્યોના તાત્પર્યને શોધવા મીમાંસાદર્શન રચાયું છે તેમ જૈન આગમોના તાત્પર્યને ઉજાગર કરવા જૈન મીમાંસાના રૂપમાં આચાર્ય જિનભદ્રે વિશેષઆવશ્યકભાષ્યની રચના કરી છે. આ ગ્રંથમાં અનેક પ્રકરણો સ્વતંત્ર ગ્રંથ જેવા છે, જેમ કે પાંચજ્ઞાન ચર્ચા, ગણધરવાદ. આ છે વિશેષઆવશ્યકભાષ્યનું મહત્ત્વ.'*

## ગણધરવાદમાં પ્રતિપક્ષીને સાચી સમજ આપવાની ભાવના મુખ્ય કામ કરે છે

*ગણધરવાદમાં જૈન ધર્મની સર્વસમન્વયની ભાવના અને અનેકાંતદૃષ્ટિ જોવા મળે છે. પ્રતિપક્ષી ઉપર વિજય મેળવવાની ભાવનાને બદલે પ્રતિપક્ષીને સાચી સમજ આપવાની ભાવના જ મુખ્ય કામ કરે છે, એટલે ભગવાન વેદવાક્યને મિથ્યા નથી કહેતા પણ વેદવાક્યનો સમ્યક અર્થ, યથાર્થ અર્થ બતાવે છે અને તેના સમર્થનમાં પણ બીજા વેદવાક્યો ઉપસ્થિત કરે છે. આ પ્રકારે ગણધરવાદનું આલેખન કરવાનો એક હેતુ ગણધરો પણ પોતાની વેદભક્તિને કારણે ભગવાનની વાત માની લે એવી વ્યવહારકુશળતા પણ દાખવવાનો છે. કોઈપણ શાસ્ત્રનો સર્વથા તિરસ્કાર કરવાને બદલે તે શાસ્ત્રનો યુક્તિયુક્ત અર્થ તારવીને તેનો ઉપયોગ કરવો એવા વલણને જ જૈનદૃષ્ટિ કહે છે.*

# પ્રથમ ગણધર શ્રી ઈન્દ્રભૂતિ-ગૌતમ

❑ છાયા પ્રવર કોટિયા

[ *વિદુષી લેખિકા, જૈન ધર્મની અને અન્ય શિબિરોના સફળ સંચાલક, પ્રભાવક વક્તા, ચિંતનશીલ લેખોના લેખિકા અને સમાજ સેવિકા છે.* ]

મગધમાં ગોબર નામનું ગામ હતું. આ નાના સરખા ગામમાં યજ્ઞ, ક્રિયાકાંડી, વેદ વેદાંતના પારંગત ગૌતમ ગોત્રીય વિપ્રવર્ય વસુભૂતિ તેમની પૃથ્વીદેવી નામની સહધર્મચારિણી પત્ની સાથે વસતા હતા. તેમને ત્યાં ત્રણ રત્નો ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિનો જન્મ થયો. ઈન્દ્રભૂતિનો જન્મ ભગવાન મહાવીરના જન્મથી ૮ વર્ષ પૂર્વે થયો હતો. ઈન્દ્રભૂતિનો અર્થ છે કે જેની આંતરિક ભૂતિ, આબાદી, ઐશ્વર્ય ઈંદ્ર કરતાં પણ ચઢિયાતા છે. પિતાનો વિદ્યાવારસો મેધાવી પુત્રોમાં આવ્યો હતો અને યુવાનપુત્રો શાસ્ત્રોમાં જ્ઞાનવૃદ્ધ બન્યાં. મગધના મહત્ત્વપૂર્ણ યજ્ઞાદિ કાર્યોમાં તેમનું સ્થાન અગ્ર હતું. તેઓ આજીવન બાળબ્રહ્મચારી હતા. તેમનો આશ્રમ સદા વિદ્યાર્થીઓથી ઝળહળતો રહેતો હતો. પૂરાં પચાસ વર્ષ શાસ્ત્રજ્ઞ ઈન્દ્રભૂતિએ યજ્ઞાદિમાં પસાર કર્યા હતા અને લોકો તેમને 'સર્વજ્ઞ' માનતા હતા.

'અપાપાનગરી'માં સોમિલ બ્રાહ્મણે ધર્મના પ્રચાર માટે મહાભવ્ય યજ્ઞનું આયોજન કર્યું હતું. તેમાં ઈન્દ્રભૂતિ ગૌતમ જેવા ૧૧ વિદ્વાન પંડિતોને ખાસ નિમંત્રણ આપ્યું હતું. તે કાળમાં બ્રાહ્મણોની મંત્રસાધના ઉત્કૃષ્ટ મનાતી અને તેમાં દેવોને આહ્‌વાન થતાં તેઓ આવા યજ્ઞોમાં આવતા, પરંતુ આજે કંઈ અવનવું બન્યું. દેવો યજ્ઞના સ્થાને ન આવતા સમવસરણ પ્રત્યે જતા હતા. આથી બધાને આશ્ચર્ય થયું અને તપાસ કરી તો કોઈ પ્રજાજને જવાબ આપ્યો કે મહસેન ઉદ્યાનમાં 'સર્વજ્ઞ' ભગવાન માહવીર પધાર્યાં છે અને દેવો ત્યાં જઈ રહ્યાં છે. 'સર્વજ્ઞ' શબ્દ સાંભળતાં જ ઈન્દ્રભૂતિ છંછેડાઈ ગયા અને કહેવા લાગ્યા કે 'એક આકાશમાં બે સૂર્ય હોઈ શકે?' 'ન ભૂતો ન ભવિષ્યતિ' તો પછી એક નગરીમાં બે સર્વજ્ઞો હોઈ શકે? નક્કી આ કાર્ય ઈન્દ્રમલિકનું લાગે છે, પરંતુ મારી પાસે તે ટકી શકશે નહિ. માટે હું તેની સાથે વાદવિવાદ કરીને તેને હરાવીને ક્ષણમાત્રમાં પાછો આવુંછું. અને તે પોતાના ૫૦૦ શિષ્યની સાથે પ્રભુને હરાવવા માટે નીકળી પડ્યા.

ઈન્દ્રભૂતિ મહાન પંડિત હતા. એક માત્ર દૃષ્ટિ પરિવર્તનની જ આવશ્યકતા હતી અને તેમનો જાણે સમય પાકી ગયો હોય તેમ પ્રભુ મહાવીરે તેમને આવકાર્યાઃ 'ઈન્દ્રભૂતિ ગૌતમ પધારો!' આ સાંભળીને ગૌતમ સ્વામીને આશ્ચર્ય થયું કે આ તો મારું નામ પણ જાણે છે. અને વળી ગૌતમસ્વામી વિચારવા લાગ્યા કે 'હું કોણ? મને તો પૂરી દુનિયા જાણે એટલો હું પ્રસિદ્ધ છું.'

મનમાં ભારે ઉથલપાથલ ચાલી રહી હતી. ત્યાં તો ભગવાને પુનઃ મધુરવાણીથી કહ્યું, 'હે ઈન્દ્રભૂતિ ગૌતમ! પધારો! તમારા મનમાં એક શંકા છે કે જગતમાં દશ્યમાન અને અદશ્યમાન પદાર્થો છે તેમ આત્મા છે કે નહીં?'

'હે ઈન્દ્રભૂતિ, ચૈતન્યસ્વરૂપ આત્માને વિજ્ઞાન, સંજ્ઞા, યુક્તિ અને લક્ષણોથી જાણી શકાય છે.'

ઈન્દ્રભૂતિ પ્રખર પંડિત હતા. વિજયી હતા. છતાં પોતે એક શંકામાં ગળકાં ખાતા હતા. જેનું સમાધાન પોતાને પ્રાપ્ત ન હતું છતાં તેનું નિરૂપણ આજ સુધી કરતા આવ્યા હતા.

આખરે ભગવાનના વચનથી તેઓનું મન સંતુષ્ટ થયું. કંઈ નિઃશંકતા અનુભવવા લાગ્યા અને સહસા તેમના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા. 'હા પ્રભુ! આપની વાત સત્ય છે.' ભગવાને કહ્યું, 'તને એવી શંકા વેદના પરસ્પર વિરુદ્ધ લાગતાં વાક્યોથી ઉદ્‌ભવી છે.'

ભગવાને કહ્યું, 'હે ઈન્દ્રભૂતિ ગૌતમ! વિજ્ઞાનધન એવૈતેભ્યો ભૂતેભ્ય સમુત્થાય, તાન્યેવાનું વિનશ્યતિ ન ચ પ્રેત્યઃસંજ્ઞાડસ્તિ!'.

'આ વેદવાક્યથી તું એમ માને છે કે આત્મા નામનો પદાર્થ નથી. પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ ભૂતોમાંથી આ વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેથી પરલોક પણ નથી. આ પાંચ ભૂતો શરીરરૂપે પરિણમે છે ત્યારે આ ઘડો, આ ઘર કે આ મનુષ્ય જ્ઞેય છે, તેમ વિવિધ પ્રકારે એ સર્વ જ્ઞાનનો કે જ્ઞેયનો સમુદાય ઉત્પન્ન થાય છે. પણ તે સર્વ પદાર્થનું જ્ઞાન ધરાવનાર આત્મા નામનો પદાર્થ છે. તેમ તું માનતો નથી કેમ કે, તું માને છે કે તે પાંચ ભૂતોમાંથી વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાનનો આધાર પાંચ ભૂતો છે. આવી રીતે પરિણમેલાં પાંચ

> ***'હે ઈન્દ્રભૂતિ ગૌતમ! પધારો! તમારા મનમાં એક શંકા છે કે જગતમાં દશ્યમાન અને અદશ્યમાન પદાર્થો છે તેમ આત્મા છે કે નહીં?'***

ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે. અને જળના પરપોટાની જેમ લય પામે છે. આત્મા નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી એટલે પરલોક પણ નથી, અને પરલોકથી અહીં કોઈ આવતું નથી, તેમ તું માને છે. આત્મા જ ના હોય તો આ લોક-પરલોક કોના થાય? હે ઈન્દ્રભૂતિ, વળી તને યુક્તિથી પણ તે વાત સંગત લાગે છે કે આત્મા સ્પર્શાદિ અનુભવથી પ્રત્યક્ષ જણાતો નથી. જો આત્મા હોય તો ઘટપટ આદિની જેમ જણાતો હોવો જોઈએ. પરમાણુ અપ્રત્યક્ષ હોવા છતાં સમૂહમાં ઘટપટાદિના કાર્યરૂપે જણાય છે. પરંતુ આત્મા તેવી રીતે પરિણમેલો પ્રત્યક્ષ જણાતો નથી. વળી કોઈ અનુમાનથી પણ આત્મા જણાતો નથી. જેમકે કોઈએ રસોડામાં અગ્નિનો ધૂમાડો જોયો હોય તો વ્યક્તિ જ્યારે અન્યત્ર ધુમાડો જુએ ત્યારે અગ્નિનું અનુમાન કરી શકે છે. પણ આત્મા એમ અનુમાનથી પણ પ્રત્યક્ષ જણાતો નથી.'

'વળી શાસ્ત્રોમાં પણ નિશ્ચિતાર્થ નથી. કોઈ કહે છે કે આત્મા છે અને કોઈ કહે છે કે નથી. વળી જગતમાં આત્માને સરખાવી શકાય તેવા પદાર્થ નથી. તો પછી હવે આત્મા કોના જેવો માનવો? વળી, ઘી, દૂધ જેવા પૌષ્ટિક પદાર્થ ખાવાથી બુદ્ધિ સતેજ થતી અનુભવીએ છીએ. તેથી પણ એમ લાગે છે કે પંચભૂતોમાંથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાન એ ભૂતોનો ધર્મ છે. પણ આત્માનો ધર્મ જણાતો નથી.'

'હે ઈન્દ્રભૂતિ ગૌતમ! તું આત્મા છે કે નથી તેવા મહાસંશયમાં પડ્યો છે. તું એ વેદ-વાક્યનો અર્થ બરાબર સમજ્યો નથી.'

ઈન્દ્રભૂતિએ બાળસહજ સરળતાથી પૂછ્યું, 'ભગવાન એ વાક્યનો તાત્વિક અર્થ શો થાય! મને એ સમજાવો.'

ભગવાને કહ્યું: એ વાક્યનો તાત્વિક અર્થ આ પ્રમાણે છે: **'વિજ્ઞાનધન–દર્શનજ્ઞાનનો ઉપયોગ તે વિજ્ઞાન વિશિષ્ટજ્ઞાન. તે જ્ઞાનના સમુદાયરૂપ આત્મા છે. આત્મા ચેતનામય છે. તેની શક્તિ જ્ઞાન-દર્શનમય છે. તેના વડે તે પોતાને અને પરને જાણે છે. આત્મા અન્ય પદાર્થની જેમ ઈન્દ્રિય ગોચર નથી. જ્ઞાન વડે આત્મા જણાય છે.'** એતેભ્યો ભૂતેભ્ય: પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ આ ભૂતો સમુત્થાય – આ ભૂતોના વિકારોથી ઘટ-પટ ઇત્યાદિ ઉત્પન્ન થાય છે. તે જ્ઞેયો–જાણવા યોગ્ય પદાર્થો છે તે ભૂતોના મિશ્રણથી ઉત્પન્ન થાય છે. 'તાન્યેવાનુ વિનશ્યતિ' તે ઘટપટ આદિ પદાર્થોનો જ્ઞેયપણે અભાવ થતાં આત્મા પણ તેના વિયોગરૂપે નાશ પામે છે. તે પદાર્થોનું જણાવાપણું લય પામે છે. અને વળી બીજા પદાર્થને જાણે છે તેવા ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે.' 'ને પ્રેત્યસંજ્ઞાસ્તિ–ઉપયોગપૂર્વક પૂર્વનો આત્મા રહેતો ન હોવાથી પૂર્વની સંજ્ઞા રહેતી નથી.' 'આત્માના દરેક પ્રદેશે જ્ઞાનદર્શનના ઉપયોગરૂપ અનંતી પર્યાયો–અવસ્થા રહેલી છે તે વિજ્ઞાનના સમુદાયથી કથંચિત્ અભિન્ન છે. દરેક સમયે અવસ્થા બદલાય છે. પણ તેથી મૂળ દ્રવ્ય આત્મા નાશ પામતો નથી. જગતના પદાર્થો માત્ર જ્ઞેયરૂપ છે. જ્ઞાનગુણ દર્પણની જેમ સ્વચ્છ હોવાથી તેમાં તે જ્ઞેયો–જાણવાલાયક પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેથી જ્ઞાન જ્ઞેયકર થતું જણાય છે અને જ્ઞેયના બદલવાથી જ્ઞાન બદલાય છે. પણ જ્ઞાતા નાશ પામતો નથી.'

પંડિત ઈન્દ્રિભૂતિનું ચિત્ત સત્યની ઝાંખી થવાનો આહ્લાદ અનુભવી રહ્યું હતું. તેઓ મનના બધા પૂર્વગ્રહોને છોડીને પોતાની જીજ્ઞાસાને તૃપ્ત કરવા તલસી રહ્યા હોય તેમ તેનું મુખારવિંદ કહેતું હતું.

ભગવાને કહ્યું : 'ઈન્દ્રભૂતિ ગૌતમ! ભૂતોના નાશ સાથે આત્મા નાશ પામતો નથી. જો નાશ પામે તો કર્મબંધ કે મોક્ષ પણ ઘટતા નથી. આત્મા કોઈ સંયોગો વડે ઉત્પન્ન થતો નથી કે કોઈના વિયોગથી નાશ પામે. જડ એવા ભૂતોથી આત્માની ઉત્પત્તિ થવી સંભવતી નથી, કારણ કે જડ પદાર્થોના લક્ષણો અને ચેતનાનું લક્ષણ ભિન્ન છે. જગતના સર્વ પદાર્થોથી આત્મા-ચેતના ગુણલક્ષણે ભિન્ન જણાઈ આવે છે. વળી પાંચ ભૂતોથી આત્મા ભિન્ન ન હોય તો દૃશ્ય જગતનું જ્ઞાન કોને થાય?

ઘટ-પટ આદિ એ પુદ્ગલોનો સમૂહ-ભૂતોનો સમૂહ છે. તેને આત્મા જ્ઞાન ઉપયોગ વડે જાણે છે. ઘટપટાદિ આત્માથી ભિન્ન છે તેમ દેહ પણ આત્માથી ભિન્ન છે. પરંતુ એક જ ક્ષેત્રમાં વ્યાપીને રહ્યા હોવાથી અભિન્ન જણાય છે. પણ તે બંને પોતાના લક્ષણોથી ભિન્ન છે. ઘટપટાદિ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા અને જડ છે. આત્મા ચૈતન્ય લક્ષણે યુક્ત છે. ઘટપટાદિને જે જાણે છે તેનો તું સ્વીકાર કરે કે તે જાણનાર તે આત્મા છે.

'આત્માનો ગુણ અવિનાશી છે. બહારની અવસ્થાઓ બદલાય છે. જેમ કે જ્ઞેયો-પદાર્થોને જોઈને જ્ઞાન પરિણમતું જણાય છે. એક દેહનો વિયોગ થતાં આત્માનો વિયોગ જણાય છે પણ તેનો નાશ થતો નથી. કર્મયોગે તે બીજું શરીર ધારણ કરે છે. જગતમાં મૂળ વસ્તુનો અર્થાત્ પદાર્થનો નાશ સંભવતો નથી. પુદ્ગલ શરીર બળી જતાં, રાખ થઈને પરમાણુ કે રજકણ રૂપે પરિણમી વળી તે માટીમાં ભળે છે અને પરમાણુના સમૂહરૂપે થઈને અન્ય શરીરોમાં પોતાનું સ્થાન લે છે. પણ પરમાણુપણે ક્યારેય મૂળ વસ્તુનો નાશ થતો નથી.'

'કેટલીક યુક્તિ-પ્રયુક્તિથી પણ એ શંકાનું નિવારણ થઈ

શકવા સંભવ છે. અજ્ઞાન કે અલ્પજ્ઞતાને કારણે આત્મા દેખાતો ન હોય પણ તે જ્ઞાનીના અનુભવમાં અને **સર્વજ્ઞના જ્ઞાનમાં જણાયો છે** તેથી તેનું અસ્તિત્વ સ્વીકાર્ય છે. જેમ કોઈ એક રણવિસ્તારમાં રહેતા માનવે કમળનું ફૂલ જોયું નથી પણ અન્ય વિસ્તારના માનવે તે જોયું છે, તેથી કોઈએ કમળના ફૂલનું અસ્તિત્વ ન જોયું હોય તો પણ સ્વીકાર્ય બને છે.'

'કોઈ કહેશે કે અમને જેનો અનુભવ ન થાય તે અમે માનતા નથી. અને કોઈનું કહેલું પણ અમને સ્વીકાર્ય નથી. એક માણસ લાડવો ખાઈને બીજી વ્યક્તિને કહે કે, 'તું મને પેટમાં ગયેલો લાડવો દેખાડ તો માનું કે તેં લાડવો ખાધો છે. તે કેવી રીતે બને! અરે શરીરમાં પગ કે માથું દુઃખે તે દર્દી અનુભવે છે ખરો, પણ તે કેવી રીતે બતાવી શકાય? તેવી રીતે તમને પુત્રાદિના સ્મરણથી ખુશી થાય તો તે કેવી રીતે બતાવી શકો? શબ્દોથી કહી શકાય, પણ અમર્યાદ વસ્તુને મર્યાદિત વસ્તુથી કેવી રીતે બતાવી શકાય? તેમજ અમૂર્ત આત્મા ઈન્દ્રિયોથી જણાતો નથી.' કોઈ કહે છે કે 'અમે આત્મા જેવું કંઈ માનતા નથી.' 'આત્મા' શબ્દ જ આત્મા નામના પદાર્થને જણાવે છે. જે વસ્તુનો ભ્રમ થાય તે વસ્તુનું અસ્તિત્વ હોય છે. નહિ તો તે શબ્દકારમાં આવતું નથી. જેમ છીપમાં ચાંદી હોવાનો ભ્રમ થાય છે તે દર્શાવે છે કે ચાંદી જેવી કોઈ વસ્તુ છે ખરી? શરીરમાં રહેલી દરેક ઈન્દ્રિય પોતાના વિષયને જાણે છે. કેવી રીતે? દરેક ઈન્દ્રિયને ભિન્ન ભિન્ન વિષય હોય છે પણ એ દરેકનું ભાન આત્માના ઉપયોગ દ્વારા જણાય છે. જો ઈન્દ્રિયોને ભાન હોય તો શબમાં ઈન્દ્રિયો કાર્યકારી રહી શકે. ચેતનના સંચાર વગરના શબમાં ઈન્દ્રિયો કંઈ કરી શકતી નથી. શરીરમાંથી એવું શું નીકળી જાય છે કે તેની બધી જ ક્રિયા બંધ થઈ જાય છે. કોઈ કહેશે વાયુ, કોઈ કહેશે વીજળી, કોઈ કહે છે શક્તિ. અરે! કથંચિત્ એને જ અમે આત્મા કહીએ છીએ. જે તત્વ ગયું તે આત્મા છે. જેના દ્વારા તું શંકા કરે છે તે તું સ્વયં છે.

*અલ્પજ્ઞતાને કારણે આત્મા દેખાતો ન હોય પણ તે જ્ઞાનીના અનુભવમાં અને સર્વજ્ઞના જ્ઞાનમાં જણાયો છે તેથી તેનું અસ્તિત્વ સ્વીકાર્ય છે. જેમ કોઈ એક રણવિસ્તારમાં રહેતા માનવે કમળનું ફૂલ જોયું નથી પણ અન્ય વિસ્તારના માનવે તે જોયું છે, તેથી કોઈએ કમળના ફૂલનું અસ્તિત્વ ન જોયું હોય તો પણ સ્વીકાર્ય બને છે.'*

એકાગ્ર બનીને સાંભળી રહેલાં ગૌતમનો મનનો મોર નાચી ઉઠ્યો. તેમણે કૃતજ્ઞતાનો ભાવ દર્શાવતાં કહ્યું: 'ભગવાન આપનું કહેવું યથાર્થ છે. આપ સાચા જ્ઞાની, મહાજ્ઞાની, સર્વજ્ઞ છો. આપની કૃપાથી મારો સંદેહ દૂર થયો છે. હું આપની વાણીને અભિવંદું છું.'

ગૌતમ પોતે શાસ્ત્રજ્ઞ હતાં તેથી વસ્તુનું સ્વરૂપ સમજતાં વાર ન લાગી. સર્વજ્ઞ ભગવાનના યુક્તિ, અનુમાન અને આગમ પ્રમાણયુક્ત વચનોથી ઈન્દ્રિભૂતિ અતિશય સંતોષ પામ્યા અને તેમના સર્વ સંશયો નષ્ટ થતાં તેમને નિર્ણય થયો કે આત્મા છે; અને એટલે ગૌતમનું રોમ રોમ પુલકિત થઈ ગયું. પોતે સેવેલ જ્ઞાનના ગુમાન માટે એમનું અંતર કંઈક ભોંઠપ પણ અનુભવી રહ્યું. ભગવાને ક્ષમાભાવ ધારણ કરી પ્રસન્નતાપૂર્વક કહ્યું, 'ગૌતમ જે બન્યું એ માટે તમારે શોચ કરવાની જરૂર નથી. આ બધામાં હું શુભયોગનું અને ધર્મશાસનના ઉદ્યોતનું દર્શન કરું છું.' પછી પ્રભુએ ગૌતમને ધર્મપ્રવચન આપ્યું. જે સાંભળી ગૌતમનું હૃદય મહાવીરમય બની ગયું. તેના અંતરમાં અજવાળાં થયાં અને ગૌતમ પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે દિક્ષીત થયાં. પ્રભુનું શિષ્યત્વ સ્વીકારવાની સાથે જ તેમનું શાસ્ત્રજ્ઞપણું અને સર્વજ્ઞપણું નિરોહિત થઈ ગયું. પ્રભુના મુખે 'ઉપન્ને વા, વિગમે વા, ધુવ્વે વા' ત્રિપદી સાંભળતાં જ ૧૪ પૂર્વ સહિત ૧૨ અંગનું જ્ઞાન થઈ ગયું. 'ગણધર નામ કર્મ'નો ઉદય થયો. દીક્ષા લીધી ત્યારથી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાથી, નિર્મળ અને ઉચ્ચ કોટિનું ચારિત્ર પાળવાથી ગૌતમસ્વામી અનેક લબ્ધિના ધારક બન્યા હતાં. તેમના હાથે દીક્ષીત થયેલાં તેમના ૫૦,૦૦૦ શિષ્યોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેમનો ગૃહસ્થ પર્યાય ૫૦ વર્ષ રહ્યો. તેમનો કેવલી પર્યાય ૧૨ વર્ષ, તેમનો છદ્મસ્થ પર્યાય ૩૦ વર્ષ અને કુલ ચારિત્ર પર્યાય ૪૨ વર્ષ અને તેમનું કુલ આયુષ્ય ૯૨ વર્ષનું હતું.

ગૌતમ સ્વામી વ્યક્તિ નહીં વિભૂતિ હતાં, સાધક નહીં મહાસાધક હતા. આવા આ ગૌતમસ્વામીના નામની રટણા આપણાં પણ મોહ અને અંતરાયોનું છેદન કરશે અને આપણામાં પણ લબ્ધિ પ્રગાટવશે, મોક્ષ અપાવશે.

* * *

૧૭/૧૮, પ્રભુ પ્રેરણા, વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઈસ્ટ),મુંબઈ-૪૦૦૦૭૭.
મોબાઇલ નં. : ૯૩૨૪૯૨૬૬૬૮
Email : chhayapravarkoticha@yahoo.in

# બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ ગૌતમ

☐ ડૉ. રતનબેન ખીમજી છાડવા

[ ડૉ. રતનબેન ખીમજી છાવડા જૈન વિદ્યા તથા સંસ્કૃતમાં M.A. છે. ૨૦૦૯માં Ph.D.ની ઉપાધિ મળેલી છે. ૨૦૦૩થી જૈન સાહિત્ય પર વિવિધ સામયિકોમાં લેખો લખે છે. ]

*શ્રી અગ્નિભૂતિ ગણધરની જીવન-ચરિત્રની ઝલક :*
*જન્મસમય : ઈ. સ. થી ૬૦૩ વર્ષ પૂર્વે*
*જન્મ સ્થળ : મગધદેશમાં આવેલ ગોબ્બર ગ્રામ*
*ગોત્ર અને જાતિ : ગૌતમ ગોત્રીય-બ્રાહ્મણ*
*જન્મ નક્ષત્ર : કૃતિકા*
*પિતાનું નામ : વસુભૂતિ ગૌતમ. માતાનું નામ : પૃથ્વી*
*ભાઈઓના નામ : મોટાભાઈ-ઈન્દ્રભૂતિ, નાનાભાઈ-વાયુભૂતિ*
*શિક્ષા : સંપૂર્ણ ચૌદ વિદ્યાઓનું અધ્યયન. ચાર વેદ (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ) ચાર ઉપાંગ (મીમાંસા, ન્યાય, ધર્મશાસ્ત્ર અને પુરાણ) છ વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ)*
*ઉપરોક્ત ચૌદ વિદ્યાઓમાં પારંગત હતા.*
*શંકા : પુરુષાદ્વૈત (કર્મ છે કે નહિ ?)*
*દીક્ષાગ્રહણ : ૪૭ મા વર્ષે, છદ્મસ્થ અવસ્થા-૧૨ વર્ષ, કેવળી પર્યાય-૨૬ વર્ષ*
*નિર્વાણ : ૭૪ વર્ષે રાજગૃહીમાં ૧ માસની સંલેષણા કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા.*

અઢી હજાર વર્ષ પહેલાંનો ચોથા આરાનો પવિત્ર દિવસ એટલે વૈશાખ માસની એકાદશી. અપાપાનગરીમાં મહસેન ઉદ્યાનના સમવસરણમાં ભગવાન મહાવીર દેશના આપી રહ્યા છે. આ બાજુ અગ્નિભૂતિને સમાચાર મળ્યા કે મોટાભાઈ ઈન્દ્રભૂતિએ ભગવાન પાસે દીક્ષા લીધી. ત્યારે આ અશક્ય અને અસંભવ બીના સાંભળી અગ્નિભૂતિને થયું કે ચોક્કસ એ કહેવાતા સર્વજ્ઞએ મારા ભાઈને ઠગ્યો હશે. હવે હું ત્યાં જઈને એ સર્વજ્ઞનો પરાભવ કરીને, વાદમાં હરાવી મારા મોટાભાઈને પાછા લઈ આવું. આમ વિચારી અગ્નિભૂતિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવાન પાસે આવ્યા. ભગવાને અગ્નિભૂતિને પણ નામપૂર્વક બોલાવી એમની શંકા બતાવી કે તમને 'પુરુષ એવ ઇદં....જે કાંઈ હતું...છે, થશે તે બધું પુરુષ થકી જ છે. એવા માત્ર પુરુષાર્થને જ આગળ કરતાં વેદવચનથી શંકા થઈ છે કે જગતમાં કર્મ જેવું તત્ત્વ છે કે નહિ.

**આ સંસારને જોતાં એમાં અનેક પ્રકારની વિચિત્રતા આપણને નજરે પડે છે. જડ-ચેતન બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર દ્રવ્યો હોવા છતાં આ સંસારમાં સાથે રહે છે. જડ દ્રવ્યને ઘર બનાવીને ચેતન આત્માઓ રહ્યાં છે. આ સંસાર ઉપર દૃષ્ટિપાત કરીને જોવાથી મુખ્યપણે ત્રણ જાતના ભેદ નજરે પડે છે.**

ભગવાન મહાવીરે અગ્નિભૂતિની આ શંકાનું સમાધાન વેદપદોના આધારે ખૂબ સરળતાથી સમજાવતાં કહ્યું કે, આ પદ પુરુષની મહત્તા બતાવતું પુરૂષાર્થની પ્રધાનતા દર્શાવવા સ્તુતિ રૂપે બોલાયેલું છે. વેદ પદો મુખ્ય રૂપે ત્રણ પ્રકારના છે. (૧) વિધિદર્શક વેદ પદો– જેમ 'स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्' અર્થાત્ જેને સ્વર્ગ મેળવવાની ઈચ્છા હોય છે તે અગ્નિહોત્ર યજ્ઞ કરે છે, (૨) અનુવાદક દર્શક વેદ પદો–'द्वादशमासा संवत्सर:' અર્થાત્ બાર મહિનાનું એક વર્ષ થાય છે, (૩) સ્તુતિ દર્શક વેદ પદો- 'जले विष्णुः स्थले विष्णुः विष्णु पर्वतमस्तके। सर्व भूतमयो विष्णुस्तस्माद् विष्णुमयं जगत्।।' અર્થાત્ જળમાં વિષ્ણુ છે, ભૂમિમાં વિષ્ણુ છે, પર્વતના શિખર પર વિષ્ણુ છે. સર્વ ભૂતમય વિષ્ણુ છે. એટલે સમગ્ર વિશ્વ વિષ્ણુમય છે. આ વેદપદોમાં વિષ્ણુનો મહિમા બતાવી વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે. એનો અર્થ એવો નથી કે વિષ્ણુ સિવાયની કોઈ વસ્તુ આ જગતમાં છે જ નહિ ? તેવી જ રીતે ઉપરના પદમાં પણ આત્માની સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ એનાથી કર્મની સત્તા નથી એવો કોઈ નિર્દેશ થતો નથી. લોકો ભાગ્ય પર બધી વાતો છોડી દઈ ધર્મ પુરુષાર્થમાં પાછા ન પડે એ માટે પુરુષાર્થની પ્રધાનતા દર્શાવવા ઉપરોક્ત વચન છે. બાકી તો કર્મને માન્યા વિના ચાલે એમ નથી.

જ્યારે શ્રી અગ્નિભૂતિ ગૌતમે કર્મ શું છે ? તેની સત્તા કેવી રીતે ? કર્મ કેવા હોય ? વગેરે કર્મના વિષયનું વાસ્તવિક યથાર્થ જ્ઞાન જાણવાની જિજ્ઞાસા બતાવી ત્યારે ભગવાન મહાવીરે કર્મની

સિદ્ધિના અનેક ઉદાહરણો દ્વારા એ પ્રતિપાદન કર્યું. ચરાચર વિશ્વરૂપે આ સંસારને જોતાં એમાં અનેક પ્રકારની વિચિત્રતા આપણને નજરે પડે છે. જડ-ચેતન બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર દ્રવ્યો હોવા છતાં આ સંસારમાં સાથે રહે છે. જડ દ્રવ્યને ઘર બનાવીને ચેતન આત્માઓ રહ્યાં છે. આ સંસાર ઉપર દૃષ્ટિપાત કરીને જોવાથી મુખ્યપણે ત્રણ જાતના ભેદ નજરે પડે છે.

(૧) વિષમતા-આ સંસારમાં ક્યાંય સમાનતા દેખાતી નથી. અર્થાત્ એક જ મા-બાપના બે પુત્રોમાં રૂપથી કે બુદ્ધિથી દેખાતો તફાવત, (૨) વિવિધતા-એ જ પ્રમાણે વિવિધતા પણ ઘણી છે અર્થાત્ જગતમાં જન્મથી જ એક શેઠ છે તો બીજો નોકર. એક સુખી છે તો બીજો દુઃખી છે. એકને ખાવાનું મળતું નથી તો બીજો ખાઈ શકતો નથી, (૩) વિચિત્રતા-એક કામ કરીને અપજશ પામે છે ને બીજો વગર કામ કર્યે જશ મેળવે છે. એક ગમે તે ખાઈને પણ તંદુરસ્ત રહે, ને બીજો સાચવી સાચવીને ખાય તો પણ માંદો જ રહે...ઇત્યાદિ ઢગલાબંધ વાતો સંસારમાં જોવા મળે છે. આ બધાંનું કારણ શું છે? નિષ્કારણ તો કોઈ કાર્ય થતું નથી. તેનું કોઈ ને કોઈ કારણ અવશ્ય હોય છે. કોઈ આ વિચિત્રતાનું કારણ ઈશ્વરને માને છે. પરંતુ જો ઈશ્વરને માનવામાં આવે તો પાછી ઘણી વિટંબણા ઊભી થાય. વળી ઈશ્વરને તો પાછા દયાળુ માન્યો છે. તો આવા સુખ-દુઃખમય સંસારની રચના શા માટે કરે? માટે **આ વિચિત્રતાનું કારણ ઈશ્વરને નહિ પણ કર્મને જ માનવો પડે.**

> *આ કાર્મણ વર્ગણાનું પિંડ તે જ કાર્મણ શરીર જે આત્માની સાથે ઉત્કૃષ્ટ પણે ૭૦ ક્રોડાક્રોડી વર્ષ સાથે રહેનાર છે. અને તેના જ કારણે આત્માને ભવભ્રમણમાં સુખદુઃખ અનુભવવું પડે છે.જોવાથી મુખ્યપણે ત્રણ જાતના ભેદ નજરે પડે છે.*

કર્મવાદની ચર્ચામાં અગ્નિભૂતિએ પ્રશ્ન કર્યો કે હે ભગવંત! આત્મા તો ચેતન છે અને કર્મ જડ છે તો શું જડ કર્મો ચેતન આત્મા ઉપર ચોંટી શકે? અને ચોંટે તો શું રહી શકે? શું જડ ચેતનને અસર કરી શકે?

આ બધી જ શંકાનું સમાધાન કરતાં પ્રભુએ કહ્યું કે આ સંસારમાં મૂળભૂત બે જ દ્રવ્યો છે, ચેતન (આત્મા) અને જડ (અજીવ). કર્મ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓમાંથી બન્યા છે. જેમ માટીમાંથી ઘડો બને તેમ. માટે કર્મ જડ જ ગણાય. અજીવ તત્ત્વના પેટા ભેદ પુદ્‌ગલાસ્તિકાયમાં તેની ગણતરી થાય છે. આ બંને દ્રવ્યોનો સંસારમાં સંયોગ-વિયોગ થતો હોય છે. જેમ મુંબઈ સ્ટેશન તો જડ છે. ત્યાં જ સ્થિર છે. ખસતું નથી. પરંતુ આપણે ક્રિયા કરીને મુંબઈ ગયા છીએ અને છતાં કહીએ છીએ કે મુંબઈ આવ્યું. દેખીતી રીતે આ ભાષા વ્યવહાર અર્થથી અશુદ્ધ જ છે. પણ એનો પ્રયોગ વ્યવહારથી પ્રચલિત છે. એજ પ્રમાણે ક્રિયા કરનાર સક્રિય તત્ત્વ ચેતન (આત્મા) છે. આત્મા પોતે રાગદ્વેષાદિની ક્રિયા કરે છે. તેથી તેને કાર્મણ વર્ગણા ચોંટે છે. તે જ કર્મરૂપે પરિણામ પામે છે. અને તે કર્મ કહેવાય છે.

વળી જડ એવા કર્મની અસર પણ ચેતન આત્મા ઉપર થાય છે. જેમ કે પ્રત્યક્ષ જોઈએ છીએ કે આ માણસે દારૂ પીધો છે. તે આપણે જોઈને જ કહી દઈએ છીએ. દારૂ પીએ એટલે કેટલીક અસર થાય જેમકે બકવાસ કરે, ચાલવા-બોલવાનું ભાન ન રહે વગેરે વગેરે. અહીં જ દારૂ જડ છે અને પીનાર આત્મા ચેતન છે. જડ એવા દારૂની અસર પણ પીનાર આત્મા ઉપર પણ સ્પષ્ટ દેખાય છે. તે જ પ્રમાણે કર્મો જડ હોવા છતાં આત્મા ઉપર ચોંટીને પોતાનો ભાગ ભજવે છે. આત્માને સંસારના સ્ટેજ ઉપર ગાંડો કરે છે.

કર્મો અદૃષ્ટ કે દૃષ્ટ? વળી જો અદૃષ્ટ હોય તો કર્મની સત્તા કયા પ્રમાણથી માનવી? ભગવાન મહાવીર આની સ્પષ્ટતા કરતાં કહે છે કે, **કર્મો અદૃષ્ટ છે. તે અત્યંત સૂક્ષ્મ પરમાણુ સ્વરૂપે હોવાથી દૃષ્ટિગોચર નથી. તેમજ કોઈપણ ઈન્દ્રિથી ગમ્ય નથી.** પરંતુ જે જે અદૃશ્ય વસ્તુ નથી દેખાતી, ઈન્દ્રિય-પ્રત્યક્ષજન્ય નથી તેથી તે શું ન માનવી? એવો જો નિયમ હોય તો સ્વર્ગ, નરક, મોક્ષ, આત્મા, મન, કાળ વગેરે આ બધા હોવા છતાં નથી દેખાતાં. એટલે શું ન માનવાં? માટે એવો કોઈ નિયમ નથી. તેને માનવા માટે અનુમાન આદિ ઘણાં કારણો છે. વળી સર્વજ્ઞને તો પ્રત્યક્ષ હોય તે પરંપરાના સંબંધથી સ્વીકારી શકાય છે.

શ્રી અગ્નિભૂતિને છતાં શંકા થાય છે કે કર્મ જો રૂપી હોય તો પછી તે દેખાતા કેમ નથી? વળી તે મૂર્ત છે કે અમૂર્ત? જો મૂર્ત હોય તો અમૂર્ત એવા આત્મા સાથે જોડાઈ શકે? ત્યારે ભગવાન મહાવીર ખૂબ જ સરળતાથી સમજાવે છે કે કર્મ રૂપી છે. કારણ કે તે જડ પુદ્‌ગલદ્રવ્ય રૂપે છે. અને પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે. પરંતુ એવો પણ કોઈ નિયમ નથી કે જે જે રૂપી હોય તે દૃષ્ટ હોય. હવા પણ રૂપી જ છે છતાં દૃષ્ટ નથી. કર્મ જે કાર્મણ વર્ગણામાંથી બનેલા છે તે સૂક્ષ્મ હોવાને કારણે દેખાતા નથી. વળી કર્મ મૂર્ત છે. જેમ કે કાર્ય મૂર્તિમાન હોવાથી કારણ પણ મૂર્તિમાન હોય છે. મૂર્ત એટલે મૂર્તિમાન રૂપે હોવું. જેમ ઘડો મૂર્તિમાન હોવાથી તેના પરમાણુઓ પણ મૂર્તિવાન હોય છે. ઘટની જેમ શરીર પણ મૂર્ત છે. તો તે શરીર કાર્ય છે. અને કાર્ય જ્યારે મૂર્ત છે તો તેના

કારણ પણ મૂર્ત જ હોવા જોઈએ. અર્થાત્ શરીર રચનાના કારણ રૂપે જે કર્મ છે તે મૂર્ત છે. જેમ આકાશ અમૂર્ત છે અને ઘડો મૂર્ત છે. તો એ ઘડો જ્યાં પડ્યો છે ત્યાં આકાશ તો છે જ. માટે અમૂર્ત એવા આકાશનો મૂર્ત એવા ઘડાની સાથે સંબંધ થાય છે. તેવી જ રીતે શરીર મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. આત્મા જ્યારે શરીરમાં રહે છે ત્યારે અમૂર્ત એવો આત્માનો મૂર્ત એવા શરીર સાથે જોડાય છે.

શ્રી અગ્નિભૂતિ ભગવાનને પૂછે છે કે તો શું મૂર્ત અને અમૂર્તનો સંબંધ અનાદિકાળનો છે? આત્મા અને કર્મ આ બેમાંથી પહેલું કોણ? તેના સમાધાનમાં ભગવાન મહાવીરે સ્પષ્ટતા કરી કે જેમ પહેલેથી જ સોનું માટીની સાથે મિશ્રિત જ હતું. માટીથી છૂટું પાડીને જ સોનું જૂદું મેળવવામાં આવ્યું છે. એ જ પ્રમાણે આ સંસારમાં આત્મા અને કર્મનો સંબંધ અનાદિનો છે. જેનો પણ પરસ્પર કાર્યકારણભાવ સંબંધ હોય છે તેની પરંપરા હંમેશાં અનાદિની હોય છે. દા. ત. જેમ ઇંડું અને મરઘી, બીજ અને વૃક્ષનો કાર્યકારણભાવ, જન્ય-જનકભાવ સંબંધ પરસ્પર છે. ઈંડામાંથી મરઘી કે મરઘીમાંથી ઈંડું એનો નિર્ણય થઈ શકે નહિ. આમ ઈંડા-મરઘીના ન્યાયે અથવા બીજ-વૃક્ષના ન્યાયે બન્નેને સમકાલીન તથા સંયોગ સંબંધથી જ સંયુક્ત માનવા પડે.

જેનો પ્રત્યક્ષથી અનુભવ થાય, પ્રતીતિ થાય તે પ્રત્યક્ષ પ્રમાણ છે. અને આ પ્રત્યક્ષ પ્રમાણ વડે પણ કર્મની સિદ્ધિ થાય છે. નાના મોટા દરેક જીવને સુખ-દુ:ખનો અનુભવ થાય છે. સુખ-દુ:ખ કાર્ય છે. (પરિણામ-ફળ છે.) કાર્ય હોય તો તેનું કારણ પણ હોય. કારણ વિના કાર્ય સંભવે નહિ. **જો સુખ-દુ:ખનું કારણ ઈશ્વરને માનીએ તો આગળ કહ્યું તેમ કેટલાક દોષો ઊભા થાય.** તો શું કાળ કારણ છે? ના કાળ પણ જડ છે. અને કાળ તો સર્વત્ર એક સરખો હોય તો પછી એક સુખી અને બીજો દુ:ખી શા માટે? તો શું જ્યોતિષ ચક્રના સૂર્ય-ગ્રહ-નક્ષત્રાદિ કારણ છે? ના એવું પણ નથી કારણ કે એક રાશિવાળા પણ એક સુખી હોય અને બીજો દુ:ખી હોય છે. તો શું સ્વભાવના કારણે મોરના પીછાં કે ગુલાબ આદિ ફૂલોમાં વિવિધ વર્ણો છે? પરંતુ સ્વભાવ તો મૂર્ત વસ્તુનો ધર્મ છે. માટે મોરના પીંછાના વિવિધ વર્ણો છે? પરંતુ સ્વભાવ તો મૂર્ત વસ્તુનો ધર્મ છે. માટે મોરના પીંછાના વિવિધ રંગો આદિ તો તે જીવના કર્મના કારણે છે. એટલે સર્વ દોષ રહિત એવું પ્રબળ કારણ જો સિદ્ધ થયું હોય તો તે માત્ર કર્મ છે. **શુભ-અશુભ કર્મોને કારણે જીવો સુખી દુ:ખી છે.** એટલે કાર્યરૂપ દેખાતા સુખદુ:ખના કારણરૂપે શુભાશુભ કર્મને માનવા પડે. અને જ્યાં જ્યાં સુખ દુ:ખ હશે ત્યાં ત્યાં કર્મ અવશ્ય કારણરૂપ હશે. આ રીતે કર્મ સિદ્ધ થાય છે.

વળી સાક્ષાત્ કર્મની સત્તા પ્રતિપાદન કરનારા વેદ વાક્યો પણ છે. જેમ કે 'पुण्यः पुण्येन कर्मणा, पापः पापेन कर्मणा' એટલે પવિત્ર કાર્યથી પુણ્ય અને અપવિત્ર કાર્યથી પાપ થાય છે. આ પ્રમાણે આગમથી (વેદ) કર્મની સિદ્ધિ થાય છે. આમ અગ્નિભૂતિ ગૌતમને અત્યાર સુધી જેના પર શ્રદ્ધા હતી એ વેદના આધારે પણ સમાધાન આપ્યું.

જીવમાત્ર સંસારના વ્યવહારમાં ક્રિયા કરે છે. એક પણ જીવ એવો નથી કે જે સાવ નિષ્ક્રિય હોય. તે સંસારમાં સંભવ જ નથી. આ ક્રિયા કરવા માટે સંસારી જીવોને મુખ્ય ત્રણ સાધનો મળ્યા છે. ૧. મન, ૨. વચન અને ૩. કાયા (શરીર). ઈન્દ્રિય સાથે આ ત્રણે સાધનો વડે જીવ જે ક્રિયા કરે છે તેનો કર્તા માલિક કે સ્વામી તો આત્મા જ છે. માટે મન, વચન અને કાયા કરે છે એમ નથી. મન જેના વડે વિચાર કરાય છે, વચન વડે વ્યવહાર કરાય છે અને શરીર વડે અન્ય પ્રવૃત્તિ કરાય. માટે આ કારણ કહેવાય છે. એના દ્વારા કરાયેલી ક્રિયાનું ફળ તો જીવને જ ભોગવવું પડે છે. કારણ કે ભવાંતરમાં શરીર સાથે જતું નથી. આત્મા એકલો જ જાય છે. આત્મા તે તે ગતિ કે જાતિમાં જઈને પછી ત્યાં નવું શરીર ઉત્પન્ન કરે છે, બનાવે છે. અને પછી તેના દ્વારા શુભાશુભ ફળ પણ ભોગવે છે. જેમ કે એક જીવે આજે એક અશુભ કે શુભ-હિંસા કે જીવરક્ષા આદિની ક્રિયા કરી (અને જો કર્મ ન માનીએ તો) અને પછીના ભવોમાં માનો કે તેણે તે કરેલી હિંસાનું કે જીવરક્ષા આદિનું ફળ મળવું જોઈએ. પણ થયેલી ક્રિયામાંથી કર્મ જેવું જો કાંઈ પણ બંધાઈને આત્મા સાથે રહ્યું જ નહીં હોય તો ફળ કેવી રીતે મળશે? ફળ આપનાર ઈશ્વર આદિ તો છે જ નહિ. અને વળી કરાતી ક્રિયા વખતે જીવે ગ્રહણ કરેલી કાર્મણ વર્ગણા તો ક્રિયાનું ફળ આપ્યા વિના તો એમ ને એમ ક્યાંથી ખરી જાય? આ કાર્મણ વર્ગણાનું પિંડ તે જ કાર્મણ શરીર જે આત્માની સાથે ઉત્કૃષ્ટ પણે ૭૦ ક્રોડાક્રોડી વર્ષ સાથે રહેનાર છે. અને તેના જ કારણે આત્માને ભવભ્રમણમાં સુખદુ:ખ અનુભવવું પડે છે.

બીજા ગણધર વિપ્રવર્ય શ્રી અગ્નિભૂતિ ગૌતમે સર્વજ્ઞ શ્રી વીરપ્રભુની સાથે કર્મ વિષયક પોતાની શંકાને ટાળવાના હેતુથી વચ્ચે આવતા સ્વભાવવાદ, પરિણામવાદ, ઈશ્વરકર્તૃત્વવાદ, નિયતિવાદ આદિ વાદોની પણ ચર્ચા કરી. તે સર્વ વાદોનો સમાધાનકારક પ્રભુએ ઉત્તર આપતાં કહ્યું કે એક બીજને ફલિત થઈને અંકુર ફૂટવા માટે જેમ હવા, પાણી, માટી, પ્રકાશ આદિ વિવિધ કારણોની સામુદાયિક આવશ્યકતા છે. તેમ આત્માના

સુખદુઃખ આદિ ભાવોમાં પણ મુખ્ય તો કર્મ જ છે. પરંતુ તેની સાથે સાથે કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃતકર્મ અને પુરુષાર્થ આદિ પાંચ સમવાયી કારણો માનવામાં આવ્યા છે. આ સર્વ નિમિત્ત કારણોમાં પણ પ્રધાન ગૌણભાવ તો રહે છે. બીજા તો સહયોગી નિમિત્ત છે. આમ સર્વ સંસારી જીવોના સુખદુઃખ આદિની સ્થિતિ તેમ જ સંસારની વિષમતા, વિચિત્રતા આદિના કારણોમાં કર્મ સત્તા પ્રબળ કારણ છે. અન્ય કારણો એના સહકારી કારણો છે.

આમ શ્રી અગ્નિભૂતિ ગૌતમે પરમાત્મા શ્રી વીરપ્રભુની સાથે કર્મ વિષય ઉપર ઘણી વિસ્તૃત ચર્ચા કરી અને વેદના પદોનો અર્થ પણ ખરા અર્થોમાં (વાસ્તવિકરૂપે) સમજ્યા. પ્રત્યક્ષ, અનુમાન, આગમોદિ પ્રમાણોથી કર્મસત્તા છે, એવું એ તર્ક દલીલોથી સારી રીતે જાણી શક્યા અને પોતાની શંકાનું સમાધાન થતાં પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુના ચરણોમાં સંયમ સ્વીકાર કર્યો. શ્રી અગ્નિભૂતિ ગૌતમે કર્મનો સંશય તો છેદ્યો સાથે સાથે બધા કર્મોને પણ છેદ્યા અને સદાને માટે અકર્મી બની સિદ્ધબુદ્ધ થઈ મુક્તિને વર્યા. ✶✶✶

ડૉ. રતનબેન છાડવા, ૧-૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨.મોબાઈલ : ૯૧૨૧૨૮૬૮૭૯

## 'એ ભવમાં જે જે વ્યક્તિઓ પ્રત્યે ક્રૂરતા દાખવી છે તે બધાને યાદ કરી તેમની માફી માગ ! કદાચ દુઃખાવામાં રાહત મળશે !'

ડૉ. બ્રયાન વાઝ સાયકિયાટ્રિસ્ટ છે. હાલમાં અમેરિકામાં ફ્લોરિડા સ્ટેટના મીયામી શહેરમાં પ્રેકટિસ કરે છે. જન્મે ક્રિશ્ચિયન છે. ક્રિશ્ચિયન પરંપરા પુનર્જન્મમાં માનતી નથી. છતાં એમણે વિચાર્યું કે ઘણાં લોકોની એવી સમસ્યા છે કે જેનું આ જીવનમાં તર્કબદ્ધ કારણ મળતું નથી. કદાચ જો પુનર્જન્મ જેવું હોય તો ભૂતકાળના જન્મોમાં કદાચ એનું કારણ મળી જાય અને એમણે રીગ્રેશનની ટેકનિક ડેવલપ કરી. જેના દ્વારા ડૉ. વાઝ પેશન્ટને હિપ્નોટાઈઝ કરી ટ્રાન્સમાં લઈ જાય, એને પોતાના પૂર્વજન્મો દેખાડવા માંડે અને પેશન્ટ એ અંગે જે દેખાય એ કહેવા માંડે. આવા ઘણાં બધા પેશન્ટોના અનુભવો એમણે પોતાના પુસ્તક Many Bodiesમાં લખ્યાં છે. એ પુસ્તકમાંથી એક કિસ્સાનો ઉલ્લેખ કરીશ જેના દ્વારા સાબિત થાય છે કે આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ છે જે અંગે ગણધરોને સંશય હતો.

એક સ્ત્રી ડૉક્ટરના ક્લિનિકમાં આવી. એને ડાબા પગના ઘૂંટણમાં સખત દુઃખાવો થતો હતો. એ સ્ત્રીએ બધા ટેસ્ટ કરાવ્યા હતા જે નોર્મલ હતા. Orthopedic Surgeonના અભિપ્રાય પ્રમાણે બધું નોર્મલ હતું. પરંતુ દુઃખાવો અસહ્ય હતો ને બધા ઉપચાર નિષ્ફળ ગયા હતા. દુઃખાવાનું કારણ મળતું ન હતું. ડૉ. વાઝ Regression ટેકનિક દ્વારા એ સ્ત્રીને પૂર્વજન્મમાં લઈ ગયા.

સ્ત્રીએ જોયું કે પૂર્વજન્મમાં એ અમેરિકામાં Midwestના એક ગામમાં સ્ત્રી તરીકે જન્મી હતી. એ જ્યારે ૩૦ વર્ષની હતી ત્યારે એક ઘોડાએ એને ડાબા પગના ઘૂંટણમાં ટક્કર મારી જેને કારણે એના ડાબા પગના ઘૂંટણમાં ઈજા પહોંચી હતી. પછીથી ઈન્ફેક્શન થવાને કારણે ડાબા પગનો ઘૂંટણ નકામો બની ગયો હતો. એ જન્મમાં પણ એ સ્ત્રીને ડાબા પગના ઘૂંટણમાં દુઃખાવો થતો હતો. ડૉ. વાઝને કારણ મળ્યું નહીં કે શા માટે ઘોડાએ એ સ્ત્રીના ડાબા પગના ઘૂંટણમાં ટક્કર મારી અને ઈજા થઈ?

તેઓ તેને Regression દ્વારા વધુ ઊંડાણમાં લઈ ગયા. એ સ્ત્રીને પોતાનો બીજો એક ભવ દેખાયો. એ ભવમાં એ જાપાનમાં પુરુષ સૈનિક હતી. લડાઈમાં એક તીર એને ડાબા પગના ઘૂંટણમાં લાગ્યું હતું જેને કારણે ડાબા પગના ઘૂંટણમાં સખત દર્દ થતું હતું. ડૉ. વાઝને ઘૂંટણના દર્દની શૃંખલા સમજાઈ ગઈ પણ એનું મૂળ કારણ હજી સમજાણું ન હતું કે કયા ભવમાં કરેલા કર્મને કારણે આ ડાબા પગના ઘૂંટણનો દુઃખાવો સતત પીછો પકડી રહ્યો છે.

ડૉ. વાઝ Regression દ્વારા એ સ્ત્રીને વધુ ઊંડાણમાં લઈ ગયા. એ સ્ત્રીને બીજો એક પોતાનો ભવ દેખાયો. એ ભવમાં એ પુરુષ હતી. નોર્થ આફ્રિકામાં એક જેલનો જેલર હતી. કેદીઓ ભાગી ન જાય એટલે જેલર જેલમાં ખૂંખાર કેદીઓના ઘૂંટણ પથ્થરથી કે લાકડીથી ભાંગી નાંખતો હતો. ક્યારેક ચાકુ અને તલવારનો પણ ઉપયોગ કરતો હતો. ઘણાં કેદીઓ ચેપ લાગવાને કારણે મરી પણ જતા હતા. જેલરને આવું કામ કરવા માટે સારું ઈનામ મળતું હતું.

સ્ત્રીને અને ડૉ. વાઝને ડાબા પગના ઘૂંટણના દુઃખાવાનું કારણ મળી ગયું. ડૉ. વાઝે એને સમજાવ્યું કે તેં જે ભવમાં કર્મ કર્યાં છે એનું ફળ તું ભોગવી રહી છે. તને દુઃખાવામાં રાહત મળે એ માટે તારે કર્મશૃંખલા તોડવી જ પડશે. તને ઘૂંટણના દુઃખાવામાં રાહત મળે એનો અને આ કર્મશૃંખલા તૂટે એનો એક ઉપાય છે. તું ખરા દિલથી તેં કરેલા કર્મો માટે માફી માંગ. તેં એ ભવમાં જે જે વ્યક્તિઓ પ્રત્યે ક્રૂરતા દાખવી છે એ બધાને યાદ કરી એમની માફી માંગ. કદાચ તને દુઃખાવામાં રાહત મળશે.

જૈન પરંપરાની જ વાત લાગે છે ને! ખમાવવાની જ વાત છે ને!

# ત્રીજા ગણધર શ્રી વાયુભૂતિ ગૌતમ

☐ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

*[ વિદ્વાન લેખકે અમેરિકામાં એમ.બી.એ. અને ગણિતશાસ્ત્રની માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી, જૈન ધર્મના અભ્યાસ અને પ્રચાર માટે ભારત અમદાવાદમાં સ્થાયી થયા છે. જૈનદર્શનમાં પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. લેખક પ્રભાવક વક્તા અને જૈનદર્શન ઉપરના પુસ્તકોના કર્તા છે. ]*

ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ એ બંનેને દીક્ષિત થયેલા સાંભળી ત્રીજા વાયુભૂતિ ઉપાધ્યાયે મનમાં એમ વિચાર્યું કે હું જાઉં, વંદન કરી પર્યુપાસના કરું, એમ વિચારી તે ભગવાન ભણી જવા નીકળે છે.

વળી તેને એ પણ વિચાર આવ્યો કે ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ હમણાં જ જેના શિષ્ય થયા છે તે ત્રણ લોકોથી વંદિત એવા મહાભાગ ભગવાન તો ચાલીને સામે જવા જ યોગ્ય છે.

તેથી તેમની સન્મુખ જઈ, તેમની વંદના, ઉપાસના આદિ દ્વારા હું નિષ્પાપ થાઉં અને તેમને મારો સંશય કહી હું નિઃસંશય થાઉં, આ પ્રમાણે વિચારતો તે વાયુભૂતિ ભગવાનની સમીપ જઈ પહોંચ્યો.

તેને આવેલો જોઈને ભગવાને પોતે સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી તેને વાયુભૂતિ ગૌતમ! એ પ્રકારે નામ અને ગોત્રથી આવકાર આપ્યો.

મારા બે ભાઈ મહાવિદ્વાન, ગજરાજ જેવા, કોઈના ગાંજ્યા ન જાય, ક્યાંય હાર ન ખાય, કોઈને પણ એમને એમ નમે નહીં, તે મારા ભાઈઓ જ્યાં હારી ગયા, દીક્ષિત બન્યા, પરમાત્માના શિષ્ય બન્યા, તો જરૂર આ સાચા સર્વજ્ઞ જ છે. સર્વદર્શી જ છે. જૈનોના ભગવાન શ્રી મહાવીર સ્વામી નામના ચોવીસમા તીર્થંકરપ્રભુ જ છે.

**ભગવાન:** જે જીવ છે તે જ શરીર છે (અર્થાત્ ભિન્ન એવો જીવ નથી) આવો સંશય તમને છે. જે આ જીવ નામની વસ્તુ જગતમાં લોકો કહે છે તે શરીર જ છે અર્થાત્ જે શરીર છે તે જ જીવ છે. પરંતુ શરીરથી ભિન્ન એવો જીવ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. આવો સંશય તમારા હૃદયમાં વર્તે છે. લોકમાં જે જીવદ્રવ્ય નામનો એક પદાર્થ વસ્તુ તરીકે પ્રસિદ્ધ છે તે શરીર જ છે આવો સંશય તમને પરસ્પર વિરૂદ્ધ એવા વેદોનાં પદોને સાંભળવાના કારણે થયેલો છે. તે વેદપદોનો સાચો અર્થ તમે જાણતા નથી તેથી સંશય કરો છો. તે વેદપદોનો સાચો ધર્મ આ પ્રમાણે છે. તે તમે સાવધાન થઈને સાંભળો.

ઈન્દ્રભૂતિને જીવ છે કે જીવ નથી આવા પ્રકારનો સંશય હતો અને આ વાયુભૂતિને જીવ છે કે જીવ નથી આવો સંશય નથી, જીવ છે જ એમ નિર્ણય છે. પરંતુ શરીરથી ભિન્ન એવો જીવ નથી. અર્થાત્ જે શરીર છે તે જ જીવ છે. આવો સંશય છે. આ પ્રમાણે બન્નેના સંશયનો ભેદ જાણવો.

**ભગવાન :** જેમ મદ્યના અંગોમાં એક-એક અંગમાં મદશક્તિ ન દેખાવા છતાં તે મદશક્તિ સમુદાયમાં દેખાય છે તેમ એક-એક ભૂતમાં ન જોવાયેલી એવી પણ ચેતનાશક્તિ પૃથ્વી આદિ ભૂતોના સમુદાયમાં ઉત્પન્ન થયેલી છે આવી તમારા મનમાં શંકા છે. જેમ મદિરાના એક-એક અંગમાં મદશક્તિ ન દેખાતી હોવા છતાં પણ સમુદાયમાં ઉત્પન્ન થઈને કાલાન્તરે તે નાશ પામે છે તેમ ભૂતોના સમુદાયમાં ચેતના પણ ઉત્પન્ન થઈને નાશ પામનારી જાણવી.

**વાયુભૂતિ :** આ ચેતનાશક્તિ પૃથ્વી આદિ એક-એક ભૂતમાં હોતી નથી, તો પણ સમુદાયમાં આવે છે. જેમ કે મદિરા જેમાંથી બનાવાય છે તેને મદિરાના અંગો એટલે કે મદ્યાંગ કહેવાય છે. ધાવડી (નામનું એક વૃક્ષ-વનસ્પતિવિશેષ છે)ના પુષ્પો, જૂનો ગોળ અને પાણી વગેરે કેટલાક આવા પદાર્થોને સાથે ઉકાળવાથી તેમાં મદિરાની મદશક્તિ ઉત્પન્ન થતી પ્રત્યક્ષ નજરે દેખાય છે. એટલે કે ધાવડીના પુષ્પો, જૂનો ગોળ અને પાણી છૂટાં છૂટાં હોય ત્યારે તેમાં મદશક્તિ નથી. પરંતુ સાથે મેળવીને ઉકાળવામાં આવે છે, એકરસ કરવામાં આવે છે ત્યારે તે સમુદાયમાં મદશક્તિ પ્રગટપણે સાક્ષાત્ દેખાય છે. તેમ પૃથ્વી-જળ-તેજ અને વાયુ એકલા-એકલા હોય ત્યારે તેમાં ચેતનાશક્તિ હોતી નથી. પરંતુ તે ચારેનો સમુદાય સાથે મળે છે ત્યારે તેમાં ચેતનાશક્તિ પ્રગટ થાય છે. આ રીતે આ ચેતના એ ભૂતસમુદાયનો ધર્મ એટલે કે જ્યાં જ્યાં મદ્યના અંગોનો સમુદાય હોય છે ત્યાં ત્યાં જ મદશક્તિ દેખાય છે. તેવી રીતે જ્યાં જ્યાં ભૂતોનો સમુદાય હોય છે ત્યાં ત્યાં જ ચેતનાશક્તિ દેખાય છે. માટે ચેતના એ ભૂતસમુદાયનો જ ધર્મ છે.

આ પ્રમાણે ચેતનાશક્તિ પણ ભૂતસમુદાય માત્રમાં જ દેખાય છે. એક-એક ભૂતમાં જણાતી નથી. એથી તે ચેતનાશક્તિ એક-

એક ભૂતનો ધર્મ નથી. પણ ભૂતસમુદાય માત્રનો જ ધર્મ છે. ધર્મ અને ધર્મીનો તાદાત્મ્ય હોવાથી અભેદ જ છે કારણ કે જો અભેદ જ છે એમ ન માનીએ અને ભેદ છે એમ માનીએ તો ઘટ અને પટ ભિન્ન હોવાથી તે બન્નેની વચ્ચે જેમ ધર્મ-ધર્મીભાવ નથી તેમ અહીં ચેતનાશક્તિ અને ભૂતસમુદાયમાં પણ ધર્મ-ધર્મીભાવનો અભાવ જ થવાનો પ્રસંગ આવે. માટે આ બન્નેનો અભેદ જ માનવો જોઈએ. તેથી નક્કી થાય છે કે જે આ ચારભૂતોના સમુદાયાત્મક બનેલું શરીર છે તે ધર્મી છે અને તેમાં પ્રગટ થયેલી ચેતનાશક્તિ (જીવ) એ ધર્મ છે. આ બન્નેનો અભેદ હોવાથી જે શરીર છે તે જ જીવ છે. શરીરથી જુદો જીવ નથી. આ રીતે શરીર એ જ જીવ છે. આમ આ એકબાજુની વાત થઈ.

બીજી બાજુ વેદપાઠોનાં જ બીજાં કેટલાંક વાક્યોમાં શરીરથી ભિન્ન જીવદ્રવ્ય છે, આવું આવું સાંભળવા મળે છે. તે વેદપાઠ આ પ્રમાણે છે, 'ન હિવૈ સશરીરસ્ય પ્રિયાપ્રિયયોરપહતિરસ્તિ, અશરીરં વા વસન્તં પ્રિયાપ્રિયે ન સ્પૃશતઃ'. = શરીરવાળા જીવને રાગ અને દ્વેષનો નાશ હોતો નથી. અર્થાત્ શરીરવાળા જીવને રાગ અને દ્વેષ હોય છે. પરંતુ અશરીરીપણે વસતા જીવને એટલે કે આ જીવ જ્યારે શરીર ત્યજીને મુક્તિમાં જઈને અશરીરીપણે વસે છે ત્યારે તેને રાગ અને દ્વેષ સ્પર્શતા પણ નથી. આ વેદવાક્ય શરીરથી જીવ જુદો છે એમ સૂચવે છે. તેથી હે વાયુભૂતિ! તમને સંશય થયો છે.

તમને ચાર ભૂતોના બનેલા શરીરમાં જે ચેતના દેખાય છે, તે ચાર ભૂતોના સમુદાયમાત્રથી ઉત્પન્ન થયેલી છે એમ તમને થાય છે. પણ વાસ્તવિક સ્થિતિ તેમ નથી. (પરંતુ ચાર ભૂતસમુદાયમાંથી અતિરિક્ત એવા જીવદ્રવ્યથી ઉત્પન્ન થયેલી તે ચેતના છે.) કારણ કે જે ચાર ભૂતોનો સમુદાય તમે માનો છો તે ચારે ભૂતોમાંના કોઈપણ એક – એક ભૂતમાં તે ચેતના જણાતી નથી. **જે ધર્મ એક – એક અંગમાં હોતો નથી તે ધર્મ તેના સમુદાયમાં પણ ક્યારેય આવતો નથી.** રેતીના સમુદાયમાં તેલની જેમ, અર્થાત્ જેમ રેતીના એક-એક કણમાં તેલનું બિંદુ પણ નથી તેથી તે રેતીના કણોનો ગમે તેટલો સમુદાય કરવામાં આવે તો પણ તે રેતીના કણના સમુદાયમાંથી તેલ પ્રગટ થતું જ નથી.

વાયુભૂતિ પરમાત્માને પૂછે છે કે તમારો આ હેતુ અનૈકાન્તિક હેત્વાભાસ છે. તમે એમ કહો છો કે પ્રત્યેક અવસ્થામાં જે ન હોય તે સમુદાયમાં પણ ન હોય. પરંતુ તમારી આ વાત ખોટી છે કારણ કે મદિરાના એક એક અંગ જેમકે ધાવડીનાં પુષ્પ, જૂનો ગોળ, અને પાણી વગેરે છે. તેમાં એક-એકમાં મદશક્તિ દેખાતી નથી તો પણ તે અંગોનો જ્યારે સમુદાય થાય છે ત્યારે તે સમુદાયમાં અવશ્ય મદશક્તિ ઉત્પન્ન થતી પ્રત્યક્ષ દેખાય છે. તેથી એક-એક અંગમાં ન હોય તે સમુદાયમાં પણ ન જ હોય આવી તમારી કહેલી વાત વ્યભિચાર વાળી બને છે. અર્થાત્ એક એક અંગમાં ન હોય છતાં પણ સમુદાયમાં હોય છે.

**હે વાયુભૂતિ!** ધાવડીનાં પુષ્પાદિ જે મદ્યનાં અંગો છે તેમાંના એક એક અંગમાં મદશક્તિ સર્વથા નથી એમ નહીં, પરંતુ પ્રત્યેક અવયવમાં કંઈક કંઈક અંશ જેટલા પ્રમાણવાળી મદશક્તિની માત્રા છે અર્થાત્ તે માત્રા જેટલી મદશક્તિ ત્યાં પણ અવશ્ય છે જ. જો પ્રત્યેક અવયવમાં સર્વથા મદશક્તિ ન જ હોય તો તે જ અવયવો ભેગા કરવાથી મદશક્તિ કેમ પ્રગટ થાય? ગમે તે પદાર્થોનો સમુદાય કરીએ તો પણ મદશક્તિ પ્રગટ થવી જોઇએ. ધાવડીનાં જ પુષ્પો લેવાય છે. ગોળ જ લેવાય છે તેનો અર્થ જ એ છે કે તે તે પદાર્થમાં આંશિક મદશક્તિ છે જ, કે જે સમુદાય મળવાથી સંપૂર્ણ બને છે. માટે મદ્યાંગમાં પણ પ્રત્યેક મદશક્તિ આંશિકપણે છે જ, તો જ સમુદાયમાં તે મદશક્તિ થાય છે. જ્યારે આ ચાર ભૂતોમાં તો આંશિક ચેતના પણ નથી કે જેથી સમુદાયમાં તે ચેતના પૂર્ણપણે પ્રગટ થાય. તેથી અમારો આ હેતુ પ્રત્યેકાવસ્થાયામનુપલમ્ભાત્ અનૈકાન્તિક હેત્વાભાસ નથી પણ સંપૂર્ણપણે શુદ્ધ હેતુ છે.

ધાવડીનાં પુષ્પોમાં ભ્રમિ (ચિત્તને ભ્રમિત કરવાની શક્તિ) છે, ગોળમાં ધ્રાણી (અતૃપ્તિ=અસંતોષ ઉત્પન્ન કરવાની શક્તિ) અને ઉદકમાં વિતૃષ્ણાતા (વિશેષ વિશેષ પાન કરવાની તાલાવેલીની શક્તિ) છે. તેથી સમુદાયમાં મદશક્તિ ઉત્પન્ન થાય છે. તેવી રીતે વ્યસ્ત એવાં પૃથ્વી-જળ-તેજ અને વાયુમાં કંઈક આંશિક માત્રાએ પણ જો ચેતનાશક્તિ હોત તો તે ચારે ભૂતોના સમુદાયમાં પણ અવશ્ય સંપૂર્ણ એવી સ્પષ્ટ ચેતના હોત. પરંતુ ન ચૈતદસ્તિ. આ પ્રત્યેક અંગોમાં આંશિક પણ ચૈતન્ય નથી. તેથી ચાર ભૂતોના સમુદાય માત્રથી ઉત્પન્ન થયેલું આ ચૈતન્ય નથી. પરંતુ ચાર ભૂતોના બનેલા શરીરમાં રહેલું અને ચાર ભૂતોના બનેલા શરીરથી ભિન્ન એવું સ્વતંત્રપણે રહેલું આત્મા નામનું જે દ્રવ્ય છે તે દ્રવ્યનો જ ધર્મ આ ચેતના છે.

જે ભૂતસમુદાયમાં તમને ચેતના દેખાય છે, તે ભૂતસમુદાયની અંદર રહેલા આત્માની ચેતના દેખાય છે; પણ ભૂતોની નહીં. કારણ કે ચેતના એ આત્માનો ધર્મ છે. ભૂતોનો ધર્મ નથી. જ્યારે ભૂતોના સમુદાયાત્મક એવા તે શરીરમાંથી

આત્મા મૃત્યુ પામે છે અને ચાલ્યો જાય છે ત્યારે આત્માના અભાવમાં ભૂતનો સમુદાય હોવા છતાં પણ તે ચેતનાની અસિદ્ધિ છે. તે ચેતના અલ્પમાત્રાએ પણ ત્યાં હોતી નથી અને જણાતી પણ નથી. તેથી ચેતના એ ભૂતોનો ધર્મ નથી. કારણ કે એ ચેતના ભૂતોમાં જણાતી નથી પણ ભૂતથી અતિરિક્ત આત્મામાં જ જણાય છે.

વાયુભૂતિ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુને પૂછે છે કે **હે પ્રભુ!** ચારે ભૂતોના સમુદાયાત્મક બનેલા એવા શરીરમાં પ્રત્યક્ષ (સાક્ષાત્) ચેતના દેખાય છે. સાક્ષાત્ ભૂતસમુદાયમાં ચેતના દેખાતી હોવા છતાં આ ચેતના તે ભૂતસમુદાયની નથી. આમ કહેવું તે પ્રત્યક્ષથી વિરૂદ્ધ છે. જેમ ઘટ, પટ વગેરે પદાર્થોમાં સાક્ષાત્ દેખાતા રૂપાદિ ચારે ગુણોને આ ગુણો ઘટતા નથી. આ ગુણો પટના નથી આમ કહેવું તે જેમ સાક્ષાત્ વિરૂદ્ધ છે તેમ ભૂતસમુદાયમાં ચેતના દેખાતી હોવા છતાં આ ચેતના ભૂતસમુદાયની નથી આમ કહેવું તે પણ અતિશય વિરૂદ્ધ છે.

પૃથ્વી (એટલે કે માટી), પાણી-ખાતર અને પવન વગેરે નિમિત્તભૂત પદાર્થોના સમુદાયમાત્રથી ઉત્પન્ન થતી વનસ્પતિ પ્રત્યક્ષ-સાક્ષાત્ દેખાય છે. તો પણ તે વનસ્પતિની ઉત્પત્તિ પૃથ્વી-પાણી-ખાતર અને પવન વગેરે નિમિત્તકારણ માત્રથી જ થતી નથી, તે વનસ્પતિ નિમિત્તભૂત એવા બાહ્ય પૃથ્વી આદિ ચાર પદાર્થો વિના મૂળભૂત ઉત્પાદકતત્વ બીજ નામનો જુદો જ પદાર્થ છે. ભલે તે બીજ દૃષ્ટિગોચર થતું ન હોય તો પણ વનસ્પતિ અને અંકુરા આદિની ઉત્પત્તિનું મૂળભૂત કારણ તત્વ સ્વરૂપે બીજ છે. આ વાત બીજસાધક અનુમાનથી સિદ્ધ થાય છે.

જો ભૂમિમાં બીજ વાવવામાં આવ્યું ન હોય તો પૃથ્વી આદિ સામગ્રી હોવા છતાંપણ વનસ્પતિની ઉત્પત્તિ થતી નથી. આ અનુમાન વડે પૃથ્વી આદિ બાહ્ય નિમિત્તો વડે જ વનસ્પતિ ઉત્પન્ન કરાય છે આવો પ્રત્યક્ષ જણાતો અનુભવ બાધિત થાય છે. તે જ રીતે ભૂતગત- ચેતનામાં પણ આ વાત સમાન છે. જે તમે એમ કહો છો કે ભૂતોના સમુદાયમાં માત્ર ચેતના જ દેખાય છે માટે ચેતના એ ભૂતોનો ધર્મ છે. આ તમારો પ્રત્યક્ષ દેખાતો અનુભવ પણ આત્મ તત્વસાધક અનુમાન વડે બાધિત થાય છે. માટે તમારો આ અનુભવ ખોટો છે  તે આ પ્રમાણે–

જેમ ભૂમિમાં બીજ વાવવામાં ન આવ્યું હોય તો પૃથ્વી-પાણી વગેરે હોવા છતાં વિવક્ષિત વનસ્પતિ ઉત્પન્ન થતી નથી. તે જ રીતે ચારે ભૂતોના બનેલા શરીરમાં જો આત્મતત્ત્વ ન હોય તો એટલે કે મૃત શરીરમાં ચેતના જણાતી નથી. માટે ચેતના આત્માની સાથે અન્વય વ્યતિરેક સંબંધવાળી છે. પરંતુ ભૂતોની સાથે અન્વય વ્યતિરેક સંબંધવાળી નથી, માટે ચેતના એ આત્માનો ધર્મ છે પરંતુ ભૂતોનો ધર્મ નથી. જો તમે અમારી સમજાવેલી વાત નહીં સ્વીકારો અને ચેતના એ પ્રત્યેક ભૂતોનો જ ધર્મ છે–આમ માનશો તો તમને જ પ્રત્યક્ષ વિરોધ દોષ આવશે. આ પ્રમાણે–

નૈયાયિક-વૈશેષિક આદિ દર્શનકારોના મત પ્રમાણે પાંચે ઈન્દ્રિયો જુદા જુદા એક એક ભૂતની બનેલી છે. (જૈનદર્શન પ્રમાણે તો પાંચે ઈન્દ્રિયો ઔદારિક વર્ગણાના પુદ્‌ગલોની બનેલી છે. અને તે પાંચે ઈન્દ્રિયોમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ગુણો છે જ. આ વાત જૈનદર્શનને અનુસારે જાણવી.) નૈયાયિક-વૈશેષિક આદિ દર્શનકારોનું માનવું છે કે સ્પર્શનેન્દ્રિય વાયુની બનેલી છે. રસનેન્દ્રિય જલની બનેલી છે. ઘ્રાણેન્દ્રિય પૃથ્વીની બનેલી છે. ચક્ષુરિન્દ્રિય તેજની બનેલી છે અને શ્રોત્રેન્દ્રિય આકાશની બનેલી છે. તેથી જ તે તે ઈન્દ્રિયો પોતપોતાના દ્રવ્યના અસાધારણ એક એક ગુણો જાણનારી છે. આ પ્રમાણે તે દર્શનકારોની માન્યતા છે.

ચેતના એ ભૂતોની બનેલી આ પાંચે ઈન્દ્રિયોથી ભિન્ન સ્વરૂપવાળા એવા કોઈક તત્વનો (આત્મતત્વનો) ધર્મ છે. પણ ભૂતોનો ધર્મ ચેતના નથી. કારણ કે ભૂતોની બનેલી ઈન્દ્રિયો દ્વારા જાણેલો વિષય ઈન્દ્રિયો ચાલી જાય તો પણ અથવા ઈન્દ્રિયોનો વ્યવહાર ન હોય તો પણ પાછલા કાલમાં અનુસ્મરણમાં આવે છે માટે ભૂતોની બનેલી ઈન્દ્રિયો પોતે તે તે વિષયને જાણનારી નથી. પરંતુ ઈન્દ્રિયો દ્વારા અંદર રહેલો કોઈક તે ઈન્દ્રિયોનો માલિક જાણનારો છે. જેમ જુદી જુદી પાંચ બારીઓથી જોયેલા જુદા જુદા વિષયો તે તે બારીઓ બંધ થયા પછી પણ જોનારા એવા દેવદત્તને સ્મરણમાં આવે જ છે અને સ્મરણમાં રહે જ છે. **માટે બારીઓ જોનારી નથી, પણ બારીઓ દ્વારા બારીઓથી ભિન્ન એવો દેવદત્ત જોનારો છે.** તેમ અહીં પણ સમજવું.

**વાયુભૂતિ :** ભૂતોની બનેલી ઈન્દ્રિયો જાણે છે એમ માનીએ પણ તે ઈન્દ્રિયો દ્વારા ઈન્દ્રિયોથી ભિન્ન એવો આત્મા જાણે છે એમ ન માનીએ તો શું દોષ?

જો ઈન્દ્રિયોજ જાણનારી હોય, તો ઈન્દ્રિયો દ્વારા વિષય જાણ્યા પછી ઈન્દ્રિયો ચાલી જાય અથવા ઈન્દ્રિયોનો વ્યવહાર ન હોય તો પણ તે જાણેલા વિષયનું જે અનુસ્મરણ થાય છે તે ઘટે નહીં. કારણ કે જે ઈન્દ્રિય જાણનારી હતી તે તો ચાલી જ ગઈ. હવે તેનું સ્મરણ કોને થાય? આંખે જોયેલું રુપ આંખ બંધ કર્યા પછી કોને સ્મરણમાં આવે? અને સ્મરણ તો થાય છે. માટે આંખ જોનારી નથી. પરંતુ આંખ દ્વારા દેવદત્ત જોનારો છે તથા

ઈન્દ્રિયોનો વ્યવહાર ચાલુ હોય, છતાં પણ ક્યારેક વિષય જણાતો નથી. જેમ કે આંખ ખુલ્લી હોય, વિષય સામે જ હોય છતાં જીવનો ઉપયોગ બીજે હોય તો વિષય જણાતો નથી. ત્યાં જો ઈન્દ્રિય જ જાણનારી છે આમ માનીએ તો વિષય જણાવો જોઈએ. પણ જણાતો નથી. માટે ઈન્દ્રિય પોતે જાણનારી નથી. પરંતુ ઈન્દ્રિયો દ્વારા આત્મા જ જાણનારો છે. તેથી ભૂતાત્મક જે શરીર કે ઈન્દ્રિયો છે તે આત્મા નથી. પરંતુ સ્વતંત્ર અને તેનાથી ભિન્ન એવો આત્મા છે.

જેમ એક એક વિષયના વિજ્ઞાનવાળા પાંચ પુરુષો કરતાં પાંચે વિષયના વિજ્ઞાનવાળો છઠ્ઠો પુરુષ ભિન્ન છે. તેવી રીતે પાંચે ઈન્દ્રિયો માત્ર એક એક વિષયની જ ઉપલબ્ધિવાળી છે જ્યારે અંદર રહેલો આત્મા પાંચે વિષયોનું જ્ઞાન ધરાવે છે. જાણેલા પાંચે વિષયોનું અનુસ્મરણ પણ કરે છે તેથી પાંચ ઈન્દ્રિયો કરતાં આત્મા એ ભિન્ન દ્રવ્ય છે.

હવે બાલ્યાવસ્થાનું આ વિજ્ઞાન, જે અન્ય વિજ્ઞાનાન્તરપૂર્વક છે તે અન્ય વિજ્ઞાનાન્તર પૂર્વભવીય વિજ્ઞાન છે અને તે પૂર્વભવીય વિજ્ઞાન તથા વિજ્ઞાનવાળો પદાર્થ વર્તમાન ભવના શરીરથી અન્ય જ છે. કારણ કે તે પૂર્વભવીય વિજ્ઞાને પૂર્વભવના શરીરનો ત્યાગ કર્યો હોવા છતાં આ ભવસંબંધી વિજ્ઞાનનું કારણ બને છે, માટે શરીરથી ભિન્ન છે. અહીં પૂર્વભવીય એવું વિજ્ઞાન આ આત્માનો ગુણ હોવાથી ગુણી એવા આત્મા વિના અસંભવિત છે. આ રીતે પૂર્વભવના શરીરનો ત્યાગ થવા છતાં તેમાં રહેલું વિજ્ઞાન અને વિજ્ઞાનવાળો આત્મા આ ભવમાં આવીને નવા ભવસંબંધી સુંદર એવી શરીરરચના કરે છે અને તેવા પ્રકારની શરીરરચનાનું વિજ્ઞાન તેમાં વર્તે છે. તેથી તે પૂર્વભવના શરીરનો ત્યાગ કરીને વિજ્ઞાનપૂર્વક આવનારો જે પદાર્થ તે જ પદાર્થ શરીરથી ભિન્ન એવો આત્મા છે.

જેમકે વર્તમાનકાલીન આહારનો અભિલાષ પૂર્વકાલમાં વારંવાર ગ્રહણ કરેલા આહારના અભિલાષપૂર્વક છે તેવી જ રીતે પ્રથમ ક્ષણે બાળકને થતો જે સ્તનપાનાભિલાષ છે તે પૂર્વભવીય વારંવાર ગ્રહણ કરાયેલા આહારના અભિલાષપૂર્વકનો છે અને તે અભિલાષવાળો પદાર્થ શરીરથી અન્ય છે અર્થાત્ આત્મા છે.

ગતભવના શરીરનો તો ત્યાં જ અગ્નિસંસ્કાર થયેલો હોવાથી તેનો તો ત્યાં નાશ જ થયો છે અને ગર્ભમાં નવા શરીરની રચના કરવામાં કોઈક ઉપાદાનકારણભૂત તત્વ હોવું જોઈએ. જો ઉપાદાન કારણભૂત તત્વ વિના જ શરીરરચના થતી હોય તો મોક્ષે જતા જીવો પણ મોક્ષે ન જતાં નવા ભવમાં જઈને શરીરરચના કરનારા બનવા જોઈએ, પણ આમ બનતું નથી. તેથી નવા ભવમાં બનતા નવા બાહ્યશરીરની રચનામાં કારણભૂત, ગયા ભવથી સાથે લઈને અહીં આવેલું સૂક્ષ્મ અને અદૃશ્ય એવું શરીર હોવું જોઈએ. આવા પ્રકારનું ઉપાદાનકારણભૂત જે સૂક્ષ્મ અને અદૃશ્ય શરીર છે તે જ તૈજસ-કાર્મણશરીર છે. આવા પ્રકારના બે શરીરોના બંધન ચાલુ હોવાથી ગયા ભવથી મૃત્યુ પામીને છૂટેલો જીવ મોક્ષમાં જતો નથી પણ તૈજસ-કાર્મણશરીર પ્રમાણે ભવાંતરમાં જાય છે.

આવા પ્રકારનું સૂક્ષ્મ અને અદૃશ્ય તૈજસ-કાર્મણ શરીર જેનું છે તે સ્થૂલશરીરથી ભિન્ન અને ભવાન્તરમાં ગમન કરનારો એવો શરીરધારી આત્મા છે; પરંતુ જે શરીર છે તે જ આત્મા નથી.

આનંદ અને સુખનો અનુભવ એ એક પ્રકારના ગુણો છે. આ ગુણો શરીરના નથી. કારણ કે મૃત શરીરમાં ઈષ્ટ વિષયો પ્રાપ્ત થવા છતાં આનંદ અને સુખની લાગણીઓ થતી નથી. તેથી આ આનંદ અને સુખગુણ જેના છે તે ગુણોનો ગુણી એવો જીવ છે. ગુણી વિના કેવલ એકલા ગુણો રહેતા નથી. તેથી આનંદ અને સુખગુણના આશ્રયભૂત (આધારભૂત) જે ગુણી દ્રવ્ય છે તે જ આત્મા છે. આત્મા જ આનંદ અને સુખમય છે.

જેમ ભોજન ભોગ્ય હોવાથી તેનો કોઈક પુરુષ ભોક્તા છે. તેવી જ રીતે દેહાદિ ભોગ્ય હોવાથી તેનો પણ કોઈક (જીવ નામનો પદાર્થ) ભોક્તા છે. તથા જેમ ઘર એ વ્યવસ્થિત તેના અવયવોના સમૂહસ્વરૂપ છે તેથી તેનો કોઈક બાંધનાર માલિક છે. તેમ શરીર પણ વ્યવસ્થિતપણે અવયવોના સંઘાતાત્મક છે. તેથી તે શરીરનો પણ કોઈક રચયિતા છે. શરીરાદિ ભાવોનો જે કર્તા છે તે જ જીવ છે. આમ જીવદ્રવ્યની સિદ્ધિ થાય છે.

કર્મરહિત અને અશરીરી કેવળ એકલો જે આત્મા છે તે જ અમૂર્ત-અરુપી-ચક્ષુ-અગોચર-વર્ણાદિથી રહિત વગેરે ભાવોવાળો છે. જ્યારે આ ચર્ચા કર્મવાળા જીવની, શરીરધારી જીવની ચાલે છે અને તે જીવ શરીર અને કર્મની સાથે જોડાયેલો હોવાથી કથંચિદ્ મૂર્ત પણ છે, રુપી પણ છે, ચક્ષુર્ગોચર પણ છે અને વર્ણાદિ ભાવોવાળો પણ છે તથા ઔદાયિક-ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોને આશ્રયી પરિણામી હોવાથી અનિત્ય પણ છે. તેથી સંસારી જીવમાં ઉપરોક્ત ઉદાહરણોથી મૂર્તત્વાદિ સિદ્ધ થાય તો પણ તેમાં કોઈ દોષ આવતો નથી.

જાતિસ્મરણ જ્ઞાન કોઈ કોઈ જીવોને થાય છે. તેનું ઉદાહરણ લઈને પૂર્વભવમાં અનુભવેલા વિષયનું અનુસ્મરણ આ વર્તમાન ભવમાં થાય છે. તેનો આશ્રય લઈને અવિનષ્ટ સ્મરણપણું જણાવ્યું. તેવા પ્રકારનું જ્ઞાન પૂર્વાપર ભવમાં વર્તતું હોવાથી

તેવા જ્ઞાનવાળો આત્મા પણ અવિસ્થત છે.

કોઈપણ એક જ્ઞાન એક વિષયને જ જાણનારું હોય અને ક્ષણમાત્ર સ્થાયી હોય તે જ્ઞાન સર્વકાલના સર્વ પદાર્થોની ક્ષણિકતાને કેવી રીતે જાણે ? તેથી પ્રમાતા એવા આત્મામાં થતું આ જ્ઞાન અક્ષણિક (ચિરકાલસ્થાયી) માનવું જોઈએ અને જ્ઞાન એ ગુણ હોવાથી તેને અનુરુપ ગુણી એવા આત્મદ્રવ્ય વિના આ જ્ઞાન થઈ શકે નહીં. તેથી તે જ્ઞાનગુણવાળો જ્ઞાની એવો આત્મા પણ ચિરકાલસ્થાયી = નિત્ય માનવો પડશે, તથા શરીરમાં જ રહેલો છે અને શરીરથી જુદો છે એમ સ્વીકારવું જોઈએ.

અમે જૈનોએ આત્મદ્રવ્ય આવા પ્રકારનું માન્યું છે. સ્થિતિ, સંભૂતિ અને ચ્યૂતિ ધર્મયુક્ત એવો વિજ્ઞાનમય આ આત્મા છે. સ્થિતિ એટલે ધ્રુવતા, સંભૂતિ એટલે ઉત્પત્તિ અને ચ્યૂતિ એટલે વિનાશ. આ ત્રણ ધર્મવાળું જે વિજ્ઞાન છે તેવા વિજ્ઞાનમય આત્મદ્રવ્ય છે. દ્રવ્યરૂપે સદા હોવાથી કથંચિદ્ ધ્રુવ છે. ઉત્તર પર્યાયસ્વરુપે ઉત્પત્તિ પામતું હોવાથી કથંચિદ્ ઉત્પાદવાળું છે અને પૂર્વ પર્યાયસ્વરૂપે વિનાશ પામતું હોવાથી કથંચિદ્ વ્યયધર્મવાળું પણ તે વિજ્ઞાન છે. આ રીતે ત્રિપદીમય જે વિજ્ઞાન છે તે સ્વરૂપવાળો આ આત્મા છે. આમ માનવામાં અન્વય પણ છે જેથી સ્મરણાદિના વ્યવહારો સારી રીતે સંભવે છે અને ઉત્પાદ-વ્યય પણ છે. જેથી વિજ્ઞાન ભિન્ન ભિન્ન વિષયવાળું પણ બને છે. તેથી ઉત્પાદ-વ્યય–ધ્રુવ આ ત્રણ ધર્મોથી યુક્ત, શરીરથી ભિન્ન અને શરીરની અંદર જ રહેલો એવો અમારો માનેલો આ આત્મા છે. આવું અમારું કહેવું છે. આ વાત સમસ્ત વ્યવહારોની સિદ્ધિ માટે નિર્દોષ છે. આમ તમે સ્વીકારો. ત્રિપદીમય વિજ્ઞાન અને ત્રિપદીમય આત્મા સ્વીકારવામાં કોઈ દોષ આવતો નથી.

જો આત્મા દેહથી ભિન્ન છે તો તે આત્મા શરીરમાં પ્રવેશ કરતો કે નીકળતો દેખાતો કેમ નથી? હે ગૌતમગોત્રીય વાયભૂતિ! તે અનુપલબ્ધિ બે પ્રકારની હોય છે. એક ખરશ્રૃંગની જેમ અસત્ વસ્તુની અને બીજી દૂરાદિભાવથી સત્ વસ્તુની પણ અનુપલબ્ધિ હોય છે. કર્મથી વ્યાપ્ત એવો જીવ સૂક્ષ્મ અને અમૂર્ત હોવાથી પ્રવેશ અને નિર્ગમન કરતો હોવા છતાં દૃષ્ટિગોચર થતો નથી.

આ સંસારમાં જે વસ્તુ વિદ્યમાન હોય છતાં ચક્ષુથી ન દેખાય, તેના એકવીસ કારણો છે. તેમાંથી શરીરમાં પ્રવેશ કરતો અને નીકળતો આત્મા સત્ છે અને તે પણ તેજસ-કાર્મણ શરીર સાથે છે. અર્થાત્ સૂક્ષ્મ શરીરોથી અશરીરી છે. છતાં જે નથી દેખાતો તેનું કારણ એ છે તે આત્મા અમૂર્ત છે. માટે એકવીસમા કારણથી દેખાતો નથી. અને તેની સાથેનું તેજસ-કાર્મણ જે શરીર છે તે અતિશય સૂક્ષ્મ છે. માટે અતિસૂક્ષ્મ નામના ત્રીજા કારણથી દેખાતું નથી. આ રીતે આત્મા અમૂર્ત હોવાથી અને તેજસ-કાર્મણ શરીર અતિશય સૂક્ષ્મ હોવાથી – હોવા છતાં પણ તે જણાતા નથી. પરંતુ તે આત્મા અને તેજસ કાર્મણ શરીર ખરશ્રૃંગ અને આકાશપુષ્પાદિની જેમ અસત્ છે માટે નથી દેખાતાં એમ નથી. સત્ છે પણ અમૂર્ત અને સૂક્ષ્મ હોવાથી દેખાતાં નથી.

વેદમાં કહેલાં કેટલાક પદોથી પણ શરીરથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ થાય છે. તે જણાવતાં પરમાત્મા શ્રી મહાવીરપ્રભુ કહે છે કે જો આ જીવદ્રવ્ય દેહથી ભિન્ન ન જ હોય અને દેહ એ જ જીવ હોય તો સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્રાદિ યજ્ઞ કરવા જોઈએ. આવું જે વેદશાસ્ત્રમાં વિધાન છે તે ઘટશે નહીં. કારણ કે દેહ એ જ જો જીવ હોય તો દેહનો તો અહીં જ અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. એટલે દેહ તો બળીને રાખ થઈ જાય છે અને દેહથી ભિન્ન જીવ જો ન હોય તો અગ્નિહોત્રાદિ યજ્ઞ કરવા દ્વારા સ્વર્ગમાં જશે કોણ? સ્વર્ગના ફળ ભોગવશે કોણ? સ્વર્ગમાં જનાર કોઈ રહ્યું જ નહીં. તેથી વેદપદોનું વિધાન વ્યર્થ થશે.

તથા આ લોકમાં દાન-પરોપકાર, લોકસેવા આદિ વ્યાવહારિક એવાં ધર્મનાં જે જે કાર્યો કરવા-કરાવવામાં આવે છે તેના ફળને ભોગવનારો કોઈ જ નહીં હોવાથી તે અનુષ્ઠાનો પણ નિષ્ફળ જશે. દાનાદિ ધર્મક્રિયાનું ફળ કોને પ્રાપ્ત થશે ? દાનાદિ કરો કે હિંસાદિ પાપકાર્યો કરો, તેનું કંઈ ફળ રહેશે નહીં અને જો આમ જ હોય તો આ જગતમાં પાપ-પુણ્યની વ્યવસ્થા જ રહેશે નહીં. દાનાદિ કરો કે હિંસાદિ કરો પાછળ કંઈ ફળ છે જ નહીં. આમ માનવાથી આ સંસારમાં ઘણી જ અવ્યવસ્થા થાય. માટે પણ હે વાયુભૂતિ! તમારે સમજવું જોઈએ કે શરીરથી ભિન્ન એવો આત્મા છે.

**નિત્ય જ્ઞાનમય અને વિશુદ્ધ એવો આત્મા સત્ય વડે, તપ વડે અને બ્રહ્મચર્ય વડે પ્રાપ્ત કરવા લાયક છે. સંયમી છે આત્મા જેનો એવા ધીર સંયમી પુરુષો જે આત્માને જોઈ શકે છે. આ પાઠ ભૂતોથી ભિન્ન આત્મા છે. આમ સ્પષ્ટ સિદ્ધ કરે છે.**

પરમાત્મા શ્રી મહાવીરપ્રભુની તર્કયુક્ત અમૃતવાણી સાંભળીને વાયુભૂતિનો સંશય છેદાયો. તથા ભગવાનની વાણી સાંભળીને શ્રમણ એવા વાયુભૂતિ દીક્ષિત થયા.

* * *

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. નં. ૦૯૯૯૮૩૩૬૯૯૨.

# ચોથા ગણધર વ્યક્તજી

□ બીના ગાંધી

*બીના ગાંધી સીડનહેમ કૉલેજમાંથી B.Com. અને અમેરિકામાં મીસૂરીથી કૉમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક થયેલા છે. તે ઉપરાંત યોગ શિક્ષણ અને સંસ્કૃતિનો તથા પ્રાકૃતિક ચિકિત્સા અને વ્યક્તિગત ચિત્ત સમાધિનો ઉચ્ચ અભ્યાસ કરેલો છે. ગત પાંચ વર્ષથી મુંબઈ સમાચારમાં 'યુથ ફોરમ' કૉલમમાં નિત્ય લખે છે. હાલમાં 'જન્મભૂમિ'માં 'યોગ અને સ્વવિકાસ' પર લેખમાળા શરુ કરેલી છે. 'જૈન પ્રકાશ'માં 'યોગશાસ્ત્ર' પર નિયમિત લેખો લખે છે. કેથીડ્રેલ શાળા (ફોર્ટ)માં યોગ શિક્ષિકા તરીકે સેવા આપી રહ્યા છે.*

આજથી આશરે ૨૬૦૦ વર્ષ પૂર્વે આર્યાવર્ત ભારતભૂમિના મગધ દેશની સમીપમાં કોલ્લાગસન્નિવેશ ગામ વિદ્યાનું ધામ ગણાતું હતું. મોટાં મોટાં વિદ્વાનો આ ગામમાં વસતા હતા. બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. ભારદ્વાજ ગોત્રના એક વિદ્વાન બ્રાહ્મણ ધનમિત્રના ધર્મપત્ની વારૂણીદેવીની કુક્ષીએ એક બાળકનો જન્મ થયો. માતાએ ગર્ભમાંથી જ વિદ્યાના ઉત્તમ સંસ્કાર મળે તેની કાળજી રાખી હતી. બાળકનો જન્મ શ્રવણ નક્ષત્રમાં થયો. વ્યક્તકુમાર એનું નામ રાખવામાં આવ્યું. એમનું પૂરું નામ–શ્રી વ્યક્ત ધનમિત્ર ભારદ્વાજ હતું. સોળે કળાએ ખીલતાં ચંદ્રમાની જેમ બાળક મોટો થયો. વિદ્વાનો પાસે ભણાવી વિદ્વાન બનાવ્યો. વ્યક્ત એક વિદ્વાન અધ્યાપક તરીકે પ્રસિદ્ધ થયાં. વેદ-વેદાંતના પારગામી અને કર્મકાંડી પંડિત તરીકેની તેમની પ્રસિદ્ધિ થઈ. અધ્યાપનના વ્યવસાયમાં તેમના ૫૦૦ શિષ્યો તૈયાર થયા હતા. દ્વિજ સમાજમાં એમની યશકીર્તિ ઘણી સારી પ્રસરી હતી.

વેદ-વેદાંતોનું અધ્યયન કરતાં આ પંડિત શ્રી વ્યક્તને એવું લાગ્યું કે 'બ્રહ્મચર્ય જગત્ મિથ્યા', 'સ્વપ્નોપમ્ વૈન્જગત્' અર્થાત્ જગત તો મિથ્યા છે. સ્વપ્નનાં જેવો આ સંસાર છે. ઈન્દ્રજાળ જેવું બધું રૂપ છે. તો પછી પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ જે પંચભૂતથી આ સંસાર બન્યો છે, શું આ વાત ખોટી છે? પરસ્પર વિરોધી આ વાતોમાંથી વ્યક્ત પંડિતના મનમાં એવી શંકા ઘર કરી ગઈ કે પંચભૂત છે કે નહિ? અને એમણે એમના મનમાં એવો નિર્ધાર કરી લીધો કે સ્વપ્ન જેવા આ સંસારમાં, ઈન્દ્રજાળ જેવા માયાવી સંસારમાં પંચભૂત જેવું કંઈ છે જ નહિ.

યોગાનુયોગ શ્રી વ્યક્ત પંડિત પણ પોતાનાં ૫૦૦ શિષ્ય પરિવાર સાથે અપાપા પુરીમાં સોમિલ બ્રાહ્મણે યોજેલાં યજ્ઞમાં પધાર્યા હતાં. યજ્ઞાવસરે પોતાની આગળના પંડિતોને (ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, ગૌતમ) સમવસરણે ગયેલાં જાણીને તેઓ પણ ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને જાણ્યું કે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ તેમજ વાયુભૂતિએ દીક્ષા લીધી છે, ત્યારે તેમનું પણ અભિમાન ગળી ગયું અને વિચારવા લાગ્યા કે 'હવે હું પણ તે ભગવંતની પાસે જાઉં, તેમને વંદણા તથા સેવના કરીને મારો સંશય દૂર કરું.' આ પ્રમાણે વિચાર કરીને તે સમવસરણમાં આવ્યા, એટલે ભગવંતે તેમનાં નામ અને ગોત્રપૂર્વક બોલાવીને કહ્યું, 'વ્યક્ત ભારદ્વાજ, તમને એવો સંશય છે કે પૃથ્વી-અપ-તેજ-વાયુ અને આકાશ આ પાંચ ભૂતો છે કે નથી? આવા પ્રકારનો સંશય તમને પરસ્પર વિરૂદ્ધ વેદપદો સાંભળવાથી થયો છે તે વેદપદો આ પ્રમાણે છે.

'स्वप्नोपम् वै सकलमित्येष ब्रह्मविधिरज्जसा विज्ञेय:' એટલે આ સર્વ જગત સ્વપ્ન સમાન છે, માત્ર આ બ્રહ્મવિધિ-પરમાર્થ પ્રકાર તે જ જાણવા યોગ્ય છે. આ પદ ભૂતનો અપલાપ કરે છે અને ઘાવા પૃથિવી પૃથિવી દેવતા આપો દેવતા–આ પદ ભૂતોની સત્તા પ્રતિપાદન કરે છે. આ રીતે પરસ્પર વિપરીત અર્થ પ્રતિપાદન કરનારા વેદવાક્યો સાંભળીને તમને સંશય થયો છે પરંતુ આ પદોનો ખરો અર્થ તો હું કહું છું તે પ્રમાણે છે, તે લક્ષપૂર્વક સાંભળો.

એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે, એ સિવાયનું જગત મિથ્યા છે. જેમ સ્વપ્નમાં દેખાતી વસ્તુ સવારે ઉઠ્યા પછી નથી દેખાતી, તે જ પ્રમાણે આ સંસાર પણ માયિક છે. સ્વપ્ના જેવો મિથ્યા છે. સંસારને સ્વપ્ના જેવી ઉપમા આપવામાં આવી છે. બ્રહ્મને જ એકમાત્ર સત્યની, વાસ્તવિકતાની ઉપમા આપવામાં આવી છે એટલે બ્રહ્મ સિવાયના સંસારને સ્વપ્નવત્ મિથ્યા કહ્યો છે. એ જ પ્રમાણે હે વ્યક્ત ! સ્વપ્નોમ વગેરે વેદના વાક્યો જે સંસારને સ્વપ્નાની ઉપમા આપે

> ***'વ્યક્ત ભારદ્વાજ, તમને એવો સંશય છે કે પૃથ્વી-અપ-તેજ-વાયુ અને આકાશ આ પાંચ ભૂતો છે કે નથી? આવા પ્રકારનો સંશય તમને પરસ્પર વિરૂદ્ધ વેદપદો સાંભળવાથી થયો છે.'***

છે તે વાંચતા અને તેનો અર્થ કરતાં તમને એમ લાગ્યું કે આ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ વગેરે પણ સ્વપ્ન જેવા છે. સ્વપ્નમાં જેમ વસ્તુનો ભાસ થાય છે, તે જ પ્રમાણે આ સંસારમાં પણ પૃથ્વી આદિ પદાર્થોનો આભાસ માત્ર જ થાય છે. વાસ્તવમાં કંઈ જ એવું હોતું નથી. માટે તમને એમ લાગ્યું કે સર્વ જગત શૂન્યમય છે. શૂન્ય અર્થાત્ કંઈ જ નથી. હવે સર્વજ્ઞ શ્રી મહાવીર સ્વામી વ્યક્તને પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે, વેદપદમાં સંસારનાં સર્વ પદાર્થોને સ્વપ્ના જેવાં છે કહી ઉપમા આપેલ છે. આ ઉપમાથી **સંસારના પદાર્થોની ક્ષણિકતા-નાશવંતતા સમજવાની છે નહીં કે પદાર્થોનો અભાવ.** સંસારી એવા ભવ્ય જીવોને મોક્ષનું લક્ષ કેન્દ્રિત કરવા માટે અને સંસારના દાવાનળમાંથી છોડાવવા માટે, વૈરાગ્યભાવ કેળવવાનો ઉપદેશ એમાં આપ્યો છે, જેથી સંસારનો રાગ ઓછો થાય. **સંસારના પદાર્થો પ્રત્યેનો મોહ-મમત્વ-રાગ-સ્નેહ ઓછો થાય તે માટે આ સંસારનાં પદાર્થોને સ્વપ્ન જેવાં કે ક્ષણિક કહ્યાં છે. સંસારમાં મૂળભૂત બે જ દ્રવ્યો છે, જડ અને ચેતન.** અત્યારે ચેતન એવો આત્મા જડના સંબંધમાં છે. જડ એટલે વિનાશી, અશાશ્વત, પરિવર્તનશીલ, ક્ષણિક, નાશવંત કે અનિત્ય. આત્માને જો આ નાશવંત ક્ષણિક પદાર્થોનો મોહ-રાગ વધતો જશે તો આ જીવ (ચેતન) આ પદાર્થોની પાછળ જ પોતાનો કાળ વિતાવશે. કર્મ બંધાતા જશે. આત્મા ભારે થતો જશે અને સંસારના ૮૪નાં ચક્કરમાં પરિભ્રમણ કરતો જ જશે. તો ઘાંચીના બળદની જેમ ગોળ-ગોળ ફરતાં આ જીવનાં સંસારનો ક્યારેય અંત જ નહીં આવે, માટે આત્માને સંસારના પદાર્થના રાગ તરફથી ખેંચીને મોક્ષ તરફ વાળવા માટે, સાચો મુમુક્ષુ બનાવવા માટે વૈરાગ્યનો ઉપદેશ આપવો જરૂરી છે. જેનાં પર રાગ છે, તેની જ ઉપર વૈરાગ્યભાવ કેળવવા માટે તે પદાર્થોની ક્ષણિકતા–નાશવંતતા સમજાવવી જરૂરી છે. સંસારના જીવો આ પદાર્થના મોહમાં ફસાયેલાં છે. તેની આસક્તિના કારણે આત્માનું સાચું સ્વરૂપ પણ ભૂલીને, મોક્ષનું લક્ષ છોડીને આ ક્ષણિક એવા પદાર્થોના ભોગવટામાં જ સુખ માની બેઠા છે તે હકીકતમાં ખોટું છે, અજ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે. આ સાચું તત્ત્વજ્ઞાન નથી. પદાર્થોના ત્યાગમાં આનંદ છે. એના બદલામાં જીવ પદાર્થોના રાગમાં, મોહમાં, ભોગવટામાં આનંદ માની બેઠો છે, આ મિથ્યાજ્ઞાન છે. આ જીવાત્માને વાસ્તવિકતાનું સાચું જ્ઞાન કરાવવાના હેતુથી સંસારને વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. જેમ સ્વપ્ન ક્ષણિક છે, ક્ષણજીવી છે, થોડીવાર આવ્યું અને મજા પડી પરંતુ સ્વપ્ન પૂરું થતાં જે ખેદ થાય છે તેવું જ આ સંસારનું છે. સંસાર ઊભો થતાં, શરૂ થતાં, સંસાર મંડાતા શરૂઆતમાં મજા પડે છે, સારું લાગે છે પરંતુ પછીથી ખેદ-શોક-દુઃખ બધું ઊભું થતું જાય છે, એમાં કોઈ આનંદ નથી રહેતો. માટે સંસારને એક સ્વપ્નની ઉપમા આપવામાં આવી છે. ઉપમા વસ્તુના અભાવને સાબિત નથી કરતી માટે હે વ્યક્ત! વેદમાં સંસારને સ્વપ્નની ઉપમા આપવામાં આવી એમાંથી તમે પૃથ્વી પાણી-અગ્નિ-વાયુ-આકાશાદિ ભૂત પદાર્થો છે જ નહીં, એનો અભાવ સિદ્ધ થાય છે એવો અર્થ કેવી રીતે કર્યો! એક આત્માર્થી જીવ, આધ્યાત્મિક જીવ સંસારથી ઉદ્વેગ પામે, વૈરાગ્ય પામે અને મોક્ષાનુલક્ષી જીવન જીવે અને આત્મકલ્યાણ સાધી મોક્ષ પામે માટે સંસારને સ્વપ્નની ઉપમા આપી છે. વેદવાક્યો પૃથ્વી આદિ ભૂતોની સત્તાનો નિષેધ નથી કરતાં. પંચભૂતમય તો જગત છે. આ સંસારમાં તેની તો પ્રાધાન્યતા છે. માટે હે વ્યક્ત! તમે જે વેદપદોનો અર્થ કરો છો, તે યોગ્ય નથી તેના વાસ્તવિક આશયને સમજવાથી શંકા ટળી જશે.

> ***સંસારના પદાર્થો પ્રત્યેનો મોહ-મમત્વ-રાગ-સ્નેહ ઓછો થાય તે માટે આ સંસારનાં પદાર્થોને સ્વપ્ન જેવાં કે ક્ષણિક કહ્યાં છે. સંસારમાં મૂળભૂત બે જ દ્રવ્યો છે, જડ અને ચેતન.***

શ્રી મહાવીર પ્રભુએ વ્યક્તજીને કહ્યું કે, વ્યક્ત! આ પ્રમાણે સ્વપ્નના અનેક નિમિત્તો છે અને સ્વપ્નથી વસ્તુની સત્તા સિધ્ધ થાય છે. તો પછી વેદમાં સંસારને 'સ્વપ્ન જેવો' કહ્યો અર્થાત્ અભાવાત્મક છે કે શૂન્ય છે તેથી પૃથ્વી આદિ ભૂતો કંઈ જ નથી. આ અર્થ યોગ્ય નથી. જો આ પ્રમાણે બધું જ શૂન્ય માનશો તો ઘણાં દોષો આવશે અર્થાત્ આ પુત્ર, પત્ની, શરીર, ઘર, આ કાર્ય, આ કારણ છે, આ ઠંડી-ગરમીનો અનુભવ થવો–આમાં કોનો સ્વીકાર કરવો? જો બધું જ શૂન્ય માનશો તો આ સ્વ-પર-ઉભયનો વ્યવહાર કેવી રીતે થશે? જો આ જ્ઞાન છે તો સમ્યક્ કે મિથ્યાજ્ઞાન વગેરે સેંકડો પ્રશ્નો ઊભા થશે અને તેનો કોઈ ઉત્તર નહીં જડે તેમાં ઘણાં દોષોની સંભાવના રહેશે. માટે સર્વશૂન્ય માનવું એ પ્રશ્ન હિતકારી નથી. આનાથી તો બધો વ્યવહાર અટકી પડશે. જેમ કે પાણી પીને તૃષા શાંત કરવી છે એ વ્યવહારને શું કહેશો? સત્ય કે સ્વપ્ન? કારણ તમારી માન્યતા પ્રમાણે તો પાણી જ નથી આમ બધું અસત્ય ઠરશે. એજ પ્રમાણે સર્વ શૂન્યતા માનવાથી મૂળ દ્રવ્ય અને તેના ગુણોનો લોપ થશે. દા. ત. પાણીની દ્રવ્યતા, પૃથ્વીની કઠોરતા, અગ્નિની ઉષ્ણાતા, વાયુની

ચપળતા, આકાશની આધારતા વગેરે ગુણોનું શું શશે? પાણી પીવાથી તૃષ્ણા નિવારણનો અનુભવ, વાયુના સ્પર્શનો અનુભવ, પૃથ્વીનાં ઘટાદિ પદાર્થોનો અનુભવ તથા અગ્નિથી દાઝવા વગેરેનો અનુભવ, શું આ બધો જ વ્યવહાર મિથ્યા છે? જો એને મિથ્યા ગણશો તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દનો અનુભવ કોને થાય છે? કોના વડે થાય છે? જો ઈંદ્રિયો વડે થાય છે તો તેને મિથ્યા તેવી રીતે ગણવી? તો પછી આ શૂન્ય છે એવી ભાષા બોલવી એ પણ મિથ્યા સિદ્ધ થશે. આ પ્રમાણે સર્વ મિથ્યા-શૂન્ય માનવાથી સર્વ વ્યવહાર વિપરીત થશે, જેમ કે સત્યને અસત્ય, અસત્યને સત્ય કહી શકાશે. મનુષ્યને પશુ અને પશુને મનુષ્ય કહી શકાશે જે યોગ્ય નહીં ગણાય. એ જ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયની દૃષ્ટિએ થતાં વ્યવહારમાં, આભૂષણની બદલાતાં પર્યાયોમાં પણ સુવર્ણ દ્રવ્યને તો સર્વ સ્વીકારે જ છે. એ જ પ્રમાણે પદાર્થોમાં કાર્ય-કારણ ભાવનો સંબંધ અને વ્યવહાર પણ સર્વ શૂન્યતાને કારણે નહીં રહે જે યોગ્ય નથી. દા. ત. અગ્નિથી ધુમાડો નીકળે છે, અને માટીમાંથી ઘડો બને છે વગેરે કારણમાંથી કાર્યની ઉત્પત્તિનો વ્યવહાર જ ખોટો ઠરશે. પિતા-પુત્રની વચ્ચે જે જન્ય-જનકભાવનો સંબંધ છે તે પણ લોપ થઈ જશે. પરંતુ એમ થતું નથી. આ પિતા છે, અને તેમનાથી ઉત્પન્ન થયેલો આ પુત્ર છે. આ વ્યવહાર તો રહેવાનો છે, તેનો નિષેધ યોગ્ય નહીં ગણાય; માટે સર્વ શૂન્યવાદ પક્ષ સેંકડો દોષગ્રસ્ત ગણાશે. વળી સર્વ કાર્ય કારણજન્ય છે તો તે યોગ્ય સામગ્રી હોવી જોઈએ. યોગ્યતાના અભાવે તો વંધ્યાને પણ પુત્ર થશે, રેતીમાંથી તેલ નીકળશે. પરંતુ શૂન્ય માનનારને પણ આવો અનુભવ કોઈ કાળે થતો નથી. તલના સમૂહને પીલવાથી જ તેલ નીકળે એટલે સામગ્રી વિશેષ તથા યોગ્યતા વિશેષ આ સંસારના વ્યવહારમાં સ્પષ્ટ છે એટલે જગત શૂન્ય છે એમ સિદ્ધ નથી થતું. તેવી જ રીતે કોઈ પદાર્થના આગળના ભાગને જોવાથી પાછળના ભાગનું અનુમાન ઘટી શકે છે પણ પાછળનો ભાગ ન દેખાવાથી આગળનો ભાગ પણ નથી એમ કહીને આગળના ભાગને શૂન્ય માનવો એ સર્વથા અસંબદ્ધ છે. વસ્તુતઃ આગળનો ભાગ જણાય છે. માટે પાછળનો ભાગ પણ છે એ અનુમાન જ યોગ્ય છે. એ પ્રમાણે અનેક યુક્તિઓથી શૂન્યતા દૂર કરીને હવે પૃથ્વી આદિ ભૂતોની સિદ્ધિ માટે ભગવાન મહાવીર કહે છે કે, 'હે વ્યક્ત! તારે તારા સ્વસ્વરૂપની જેમ, પ્રત્યક્ષ એવાં પૃથ્વી-જલ અને અગ્નિમાં સંશય કરવા યોગ્ય નથી. વાયુ અને આકાશ અપ્રત્યક્ષ છે પણ એમાં પણ સંશય કરવો યોગ્ય નથી કેમકે અનુમાનથી એની સિદ્ધિ થાય છે.

**વાયુ :** તે દેખાતો નથી. પણ સ્પર્શ દ્વારા જણાય છે. શિખર ઉપરની ધજા ફરકે છે અથવા ઝાડનાં પાંદડાં હલે છે, આપણાં કપડાં પણ હલે છે તે કાર્ય વાયુનું છે એ સ્પષ્ટ જણાઈ આવે છે. નિયમિત રૂપે શ્વાસ લઈએ છીએ, છોડીએ છીએ તે વખતે નાકને સ્પર્શ થાય છે તે છે વાયુ. તેમજ ક્યારેક પેટમાં ગેસ થઈ ગયો હોય ત્યારે પણ વાયુની સિદ્ધિ અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે. વાયુનો નિષેધ કોઈ ન કરી શકે.

**જળ :** રોજ આપણે પાણી પીને તૃષા શાંત કરીએ છીએ. તળાવ, સરોવર, સમુદ્ર, નદી, ઝરણાં, કૂવા વગેરે પાણીના સ્થાનો છે. ભૂમિનું પાણી, વરસાદનું પાણી, ઝાકળ, બરફ, વગેરે તેનાં ભેદો છે. આ રીતે જળસિદ્ધિ બતાવી.

**અગ્નિ :** અગ્નિ આપણાં શરીરમાં છે, એનો સ્પષ્ટ પુરાવો છે કે આપણું શરીર ગરમ રહે છે અને આપણાં શરીરનું તાપમાન નિશ્ચિત પ્રમાણમાં રહે છે. મડદામાં બિલકુલ નથી હોતું. ક્યારેક આકાશમાં વીજળી ચમકે છે, ઘરમાં ચૂલામાં અગ્નિ દેખાય છે. બે ચકમક ઘસતાં અગ્નિ દેખાય છે. અંગારા, દીપકની જ્યોત, સળગતાં લાકડાં, આકાશમાંથી વરસતાં અગ્નિના કણ, વીજળી વગેરે અગ્નિકાયનાં ભેદો છે.

***અને જો અહિંસા ન પાળી શકે તો શુદ્ધ ચારિત્ર કેવી રીતે ગણાશે? અને જો શુદ્ધ ચારિત્ર ન હોય તો સાધુ કેમ કહેવાય?***

**પૃથ્વી :** પૃથ્વી તો આપણાં પગ નીચે છે. જ્યાં જ્યાં પગ મૂકીએ છીએ, ત્યાં પૃથ્વી છે. વૃક્ષ પૃથ્વી પર ઉગે છે. ડુંગર, ખાડા, ટેકરા તે સર્વ પૃથ્વી જ છે. આપણે શરીરને આહાર આપીએ છીએ, અનાજ, ફળ, શાકભાજી તે પૃથ્વી પર નિર્માણ થાય છે; એટલે પૃથ્વી તત્ત્વ આપણે ધારણ કરીએ છીએ. એ સિવાય પત્થર, હીરો, સોનું, માટી સર્વ પૃથ્વી તત્વ જ છે. મીઠું પણ પૃથ્વી તત્વ જ છે.

**આકાશ :** જેમ પાણીનો આધાર ઘડો છે. તેમ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ સર્વ ભૂતોને રહેવાનું આધાર સ્થાન હોય તો તે એકમાત્ર આકાશ છે. આકાશ એટલે અવકાશ એટલે જગ્યા, રહેવાનું સ્થાન. આકાશ એ છે જે આપણને જગ્યા આપે છે. પૃથ્વી-જળ-અગ્નિ-વાયુ એ બધાં મૂર્ત (રૂપી) છે. જે મૂર્ત હોય, તેનો આધાર હોય છે. આ પ્રમાણે આકાશ સિદ્ધ થાય છે, હવે સંદેહને કોઈ સ્થાન નથી.

હે વ્યક્ત! આ પ્રકારે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ એવા પાંચ

ભૂતોની સત્તા સ્વીકારવી જોઈએ. વળી જ્યાં સુધી શસ્ત્રાથી ઉપઘાત ન થયો હોય ત્યાં સુધી પૃથ્વી-અપ (જળ) તેજ અને વાયુ એ ચાર ભૂતો સચેતન છે, સજીવ છે. કારણ કે તેમાં જીવનાં લક્ષણો દેખાય છે. પણ આકાશ એ અમૂર્ત છે અને તે જીવનો આધાર માત્ર બને છે તેથી તે સજીવ નથી.

**પંચભૂતો પ્રત્યે હિંસા-અહિંસાદિ :**

વ્યક્તજી અહીં પ્રશ્ન પૂછે છે કે પ્રભુ, જો આપનાં કહ્યા પ્રમાણે અનંત જીવો માનીએ અને તે સૂક્ષ્મરૂપે ૧૪ રાજલોકમાં વ્યાપ્ત હોય તો સાધુઓ આ જીવો પ્રત્યે અહિંસા કેવી રીત પાળી શકશે? અને જો અહિંસા ન પાળી શકે તો શુદ્ધ ચારિત્ર કેવી રીતે ગણાશે? અને જો શુદ્ધ ચારિત્ર ન હોય તો સાધુ કેમ કહેવાય? વગેરે એક પછી એક તેનો નિષેધ થતો જશે અને કદાચ પાછા શૂન્યવાદમાં પહોંચી જઈશું!! પ્રભુ આ શંકાનો ઉત્તર આપતાં કહે છે, અહીં નિશ્ચયનયની અપેક્ષાએ **જે અશુભ પરિણામ તે જ હિંસા કહેવાય છે. એટલે કે કોઈ વ્યક્તિ હિંસા ન કરે પણ મનમાં દુષ્ટ અધ્યવસાય (ભાવો) હોય તે હિંસક છે અને શુદ્ધ ભાવ, શુદ્ધ અધ્યવસાયથી વૈદ્યની જેમ બીજાને પીડા પહોંચે છતાં પણ અહિંસક છે. કારણ ત્યાં પરિણામ શુભ છે. એટલે એમ સમજવાનું કે હિંસા કર્યા છતાં અહિંસક અને હિંસા નહીં કરવા છતાં હિંસક છે. કારણ કે પાંચ સમિતી અને ત્રણ ગુપ્તિવાળાં જ્ઞાની પુરુષથી કદાચ હિંસા થઈ જાય તો પણ તે અહિંસક છે** અને આથી વિપરીત પરિણામવાળો હોય તો હિંસક જ છે, માટે જીવઘાત કરવાના હેતુરૂપ અશુભ પરિણામ તે હિંસા કહેવાય છે અને શુદ્ધ પરિણામવાળાને જીવઘાત થવા છતાં પણ તે હિંસાનું નિમિત્ત નથી થતું. આમ, બધો આધાર આત્માના અધ્યવસાય ઉપર જ છે. સારાંશ એ છે કે અશુભ પરિણામ એ જ હિંસા છે. બાહ્ય જીવનો ઘાત થયો હોય કે ન થયો હોય છતાં અશુભ પરિણામવાળો જીવ હિંસક કહેવાય છે.

જેમ વિતરાગી પુરુષને ઈન્દ્રિયોના વિષય-રૂપ વગેરે પ્રીતિજનક નથી બનતા, કારણ કે તેમના ભાવો શુદ્ધ છે; તેમ સંયમીનો જીવ પણ હિંસા નથી. કારણ કે તેનું મન શુદ્ધ છે. માટે હે વ્યક્ત! લોક જીવસંકુલ છે તેથી સંયમીને પણ હિંસાદોષ લાગશે અને અહિંસાનો અભાવ થઈ જશે, એ કહેવું બરાબર નથી.

આ પ્રકારે એ વસ્તુ સિદ્ધ થઈ કે સંસારમાં પાંચ ભૂત છે. તેમાંનાં પ્રથમ ચાર પૃથ્વી-જળ-તેજ-વાયુ એ સજીવ પણ છે અને પાંચમું આકાશ તત્ત્વ એ અચેતન જ છે.

વેદમાં સંસારનાં બધાં પદાર્થોને સ્વપ્ન જેવા કહ્યા છે તેનો અર્થ એ નથી કે તેનો સર્વથા અભાવ છે પણ ભવ્ય જીવો એ પદાર્થોમાં અનુરક્ત થઈ મૂઢ ન બની જાય, આસક્ત ન બની જાય, માટે સ્વપ્ન જેવા અટલે કે અસાર બતાવ્યા છે તથા સંસારનાં પરિગ્રહથી મુક્ત થઈને નિર્મોહી બની મનુષ્ય વીતરાગ અને સર્વજ્ઞ બને અને અંતે મોક્ષલાભ કરે. આ પ્રકારે ઉક્ત વેદવચનનું તાત્પર્ય સર્વશૂન્યતામાં નથી પણ પદાર્થોમાં આસક્તિયોગ્ય કશું જ નથી એ બતાવવાનું છે.

આ પ્રકારે જરા-મરણથી મુક્ત એવા જિનેશ્વર ભગવાન મહાવીરે વ્યક્તજીનો સંશય દૂર કર્યો ત્યારે વ્યક્ત સ્વામીએ પોતાના પાંચસો શિષ્યો સહિત દીક્ષા અંગીકાર કરી. સાચા સાધુ-અણગાર બન્યા. સદાને માટે સંસારનો ત્યાગ કરી વીરના શાસનમાં ચોથા ગણધર પદે બિરાજમાન થયા. ચોથા ગણધર વ્યક્ત સ્વામી રાજગૃહી તીર્થે ૮૦ વર્ષની ઉંમરે પધાર્યા. (૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમ પછી ૩૦ વર્ષનો દીક્ષાકાળ) અને પોતાનું આયુષ્ય સમાપ્ત થતું જાણી અંતિમ ૧ માસની સંલેષણા કરીને સમાધિપૂર્વક અણસણ કરીને પ્રભુની હયાતિમાં જ નિર્વાણપદ એવા મોક્ષને પામ્યા. તેમની પછી કોઈ શિષ્ય પરંપરા ચાલી નથી.

આપણે પણ તેમના પગલે ચાલીને શંકાઓ ટાળી સારું તત્ત્વજ્ઞાન મેળવી, કર્મક્ષય કરી મોક્ષપદ પામીએ એ જ શુભ અભિલાષા.

✱ ✱ ✱

૨-બી/૭૪, રુસ્તમજી રીજન્સી, આઈ ડિયલ ફાર્મા,
દહીસર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.
ફોન : ૦૨૨-૨૮૯૧૮૮૯૯, ૯૯૨૦૪૯૯૯૨૭.

**સંવાદની ધારા કે નિરુપણની ધારા દ્વારા ઉપદેશનું વહેણ**

*ખાસ કરીને ભારતમાં ધર્મના પ્રવર્તક હોય, પરમતત્ત્વને અનુભવનાર ઋષિ હોય કે પછી સંતો હોય, એમણે એમનો ઉપદેશ સંવાદની ધારા કે નિરુપણની ધારા દ્વારા વહેતો કર્યો છે.*

*ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ : ભગવદ્ ગીતા*
*ભગવાન બુદ્ધ અને આનંદ વચ્ચેનો સંવાદ : ત્રિપિટક*
*ભગવાન મહાવીર અને ગૌતમ (દીક્ષા લીધા પછી) વચ્ચેનો સંવાદ : આગમસૂત્રો*
*યાજ્ઞવલ્કય અને મૈત્રેયી વચ્ચેનો સંવાદ : બૃહદારણ્યક ઉપનિષદ*
*અષ્ટાવક્ર મુનિ અને જનકરાજા વચ્ચેનો સંવાદ : મહાગીતા (અષ્ટાવક્ર ગીતા)*
*યમરાજા અને નચીકેતા વચ્ચેનો સંવાદ : કઠ ઉપનિષદ*
*શિવ અને પાર્વતી વચ્ચેનો સંવાદ : વિજ્ઞાનભૈરવ તંત્ર*
*વશિષ્ટ અને રામ વચ્ચેનો સંવાદ : યોગવસિષ્ઠ*

# પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી

☐ ડૉ. રશ્મિબેન ભેદા

*[ શ્રાવિકા ગૃહિણી ડૉ. રશ્મિ ભેદા જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' એ વિષય પર શોધ પ્રબંધ લખી લેખિકાએ મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. પદવી પણ પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધ પુસ્તક આકારે પ્રગટ થયો છે જેની ટૂંક સમયમાં જ બે આવૃત્તિ થઈ એટલો જૈન જગતમાં એ આવકારાયેલો છે. ]*

સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીના ૧૧ ગણધરોમાં પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી હતા. ગણધર-ગણ–સાધુઓનો સમુદાય. 'ધર' પ્રત્યય સ્વામી અર્થમાં વપરાયેલો છે. અધ્યયન, અધ્યાપન કરાવવાના હેતુથી અમુક સાધુઓના સમુદાયને ધારણ કરનારા સ્વામી તે ગણધર, અથવા દ્વાદશાંગીને રચનારા તીર્થંકર પરમાત્માના આદ્ય શિષ્યો તે ગણધર. તીર્થંકર પરમાત્મા સમવસરણમાં અર્થથી દેશના આપે છે, ત્યારે તેમના (પ્રધાન શિષ્યો) ગણધર ભગવંતો તે દેશનાને સંક્ષિપ્ત રૂપે સૂત્રબદ્ધ બનાવીને ગુંથે છે. જે આગમ કહેવાય છે. મહાવીર પ્રભુની કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી સમવસરણમાં ઈંદ્રભૂતિ આદિ ૧૧ દિગ્ગજ, વેદવેદાંગ, ન્યાય, શ્રુતિ, પુરાણ આદિમાં વિદ્વાન એવા બ્રાહ્મણ પંડિતો સાથે આત્માદિ વિષય પર ચર્ચા થઈ. સર્વજ્ઞ શ્રી વીર પ્રભુએ આ અગિયાર પંડિતોની શંકાનું સમાધાન કરીને તેમને ગણધરપદે સ્થાપ્યા. ત્રિપદીનું જ્ઞાન આપ્યું. એમણે દ્વાદશાંગીની રચના કરી. આ અગિયાર પંડિતોમાંના જ એક પંડિત સુધર્માસ્વામી જે મહાવીર સ્વામીના પંચમ ગણધર બન્યા. આ ૧૧ પંડિતોના વેદ વિષયક શંકાઓનું મહાવીર સ્વામી દ્વારા કરાયેલું સમાધાન એ જ 'ગણધરવાદ' તરીકે પ્રસિદ્ધ છે. આચાર્ય શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ દ્વારા રચિત ગ્રંથ 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' તેમાં ગણધરવાદ પ્રકરણ રચાયેલું છે. આચાર્યે વીર નિર્વાણ પછી ૧૧૦૦ વર્ષે 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ગ્રંથ રચ્યો. આ મહાગ્રંથ જૈનાગમોને સમજવાની ચાવીરૂપ છે. મહત્ત્વના બધા વિષયોની ચર્ચા આ ગ્રંથમાં કરેલી છે. આ ગ્રંથમાં આચાર્ય ભદ્રબાહુ રચિત આવશ્યક નિર્યુક્તિની ગણધરો અંગેની ૪૨ ગાથાઓનો આધાર લઈને ૪૩૫ ગાથાઓમાં ગણધરવાદ આ પ્રકરણ રચેલું છે.

> ***આ ૧૧ પંડિતોના વેદ વિષયક શંકાઓનું મહાવીર સ્વામી દ્વારા કરાયેલું સમાધાન એ જ 'ગણધરવાદ' તરીકે પ્રસિદ્ધ છે.***

**તીર્થંકર મહાવીર સ્વામીના આ અગિઆર ગણધરોમાં ૯ ગણધરો ભગવાન મહાવીરની હયાતી દરમિયાનમાં જ રાજગૃહીમાં નિર્વાણ પામ્યા. મહાવીર સ્વામીના નિર્વાણ પછી માત્ર બે જ ગણધરો ઇન્દ્રભૂતિ ગૌતમ અને સુધર્માસ્વામી હયાત હતા. ગણધરોમાંથી સૌથી વધુ આયુષ્ય ધરાવતા સુધર્માસ્વામીને સમસ્ત મુનિગણોની ધૂરા સોંપાઈ હતી. માટે વર્તમાન સમસ્ત સાધુ-સાધ્વીરૂપ શ્રમણસંઘની પરંપરાના આદ્યગુરુ શ્રી સુધર્માસ્વામી છે.**

શ્રી સુધર્માસ્વામીનો જન્મ મગધદેશના કોલ્લાગસન્નિવેશ ગામમાં અગ્નિવેશ્યાયન ગોત્રવાળા બ્રાહ્મણ શ્રી ધમ્મિલની ભાર્યા ભદ્દિલા બ્રાહ્મણીની કુક્ષીથી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયો હતો. આગળ જતાં વિદ્યાધ્યયન કરી તેઓ મહાન વિદ્વાન બન્યા. કર્મકાંડી, શાસ્ત્રના જ્ઞાતા અને ચૌદ વેદ વિદ્યાના પારંગત પંડિત શ્રેષ્ઠ તરીકે એમની કીર્તિ ચારે બાજુ પ્રસરી હતી. ૫૦૦ બ્રાહ્મણો એમના શિષ્ય હતા. આટલી વિદ્વત્તા હોવા છતાં એમના મનમાં એક શંકા હતી કે જીવ જીવ જેવો આ ભવે હોય તેવો જ પરભવે થાય છે કે નહિ. મૃત્યુ પછી જન્મ ભલે બદલાય પરંતુ ગતિ બદલાતી નથી. માણસ મરીને માણસ જ થાય. ઘોડો મરીને ઘોડો જ થાય. દેવ મરીને દેવ અને નારકી મરીને પાછો નારકી થાય તેમ તેઓ જન્માંતર સાદૃશ્યમાં માનતા હતા.

યોગાનુયોગ સોમિલ બ્રાહ્મણના યજ્ઞ સમારંભમાં ભાગ લેવા તેઓ પોતાના ૬૦૦ શિષ્યો સાથે અપાપાપુરીમાં પધાર્યા. જ્યારે એમણે જોયું કે ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે ચાર ધુરંધર પંડિતોની શંકાનું સમાધાન સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુએ વેદવાક્યોના વાસ્તવિક અર્થો સમજાવીને કર્યું ત્યારે એ પણ સમવસરણમાં જવા તૈયાર થયા. સર્વજ્ઞ શ્રી મહાવીર ભગવંતે અત્યંત કરુણાથી તેમને નામ અને ગોત્રથી બોલાવ્યા અને કહ્યું કે, **'તને એવો સંશય છે કે આ ભવમાં જેવો મનુષ્યાદિ જન્મે છે, તેવો જ જન્મ પરભવમાં થતો હશે કે કેમ?'** તને આવો સંશય થવામાં પરસ્પર વિરૂદ્ધ અર્થ પ્રતિપાદન કરનારા વેદના પદો કારણભૂત છે તે પદો આ પ્રમાણે છે-

पुरुषो वै पुरुषत्व मश्नुते, प्रशवः पशुत्वं

અર્થ : પુરુષ મરીને પુરુષ થાય છે અને પશુઓ મરીને પશુ થાય છે. તથા 'शृणालो वै एषः जायते यः सुपुरीषो दह्यते।'

અર્થ : જેને વિષ્ટા સહિત બાળવામાં આવે છે તે શિયાળ થાય છે.

આમાંનું પહેલું વાક્ય ભવાંતરમાં જનારો જીવ પુનઃ તેવો જ ભવ પામે છે, એમ પ્રતિપાદન કરે છે અને બીજું વાક્ય પહેલાં જન્મથી વિલક્ષણ જન્મ મળવાનું કહે છે. આ રીતે પરસ્પર વિરૂદ્ધ અર્થ પ્રતિપાદન કરનારા વેદવાક્યો સાંભળીને તને એવો સંશય થયો છે. પરંતુ તારો સંશય અયોગ્ય છે. કારણ તે પદોનો અર્થ તું સમજે તેવો નથી. તું એમ માને છે કે જેનું કારણ હોય તેવું કાર્ય હોય છે. કેમકે જેવું બીજ હોય તેવું અંકુર થાય છે. તેવી જ રીતે પૂર્વજન્મ આગળના ભવનું કારણ છે. તેથી જેવો આ જન્મ છે તેવી જ ગતિ પરભવમાં પણ હોવી જોઈએ. અર્થાત્ મનુષ્ય હોય તે ફરી મનુષ્ય હોય તે ફરી મનુષ્યપણાને પામે અને પશુઓ પશુપણાને પામે પણ તે યોગ્ય નથી. 'पुरुषो वै पुरुषत्वमश्नुते' આ વાક્યથી એમ સમજવાનું છે કે જો કોઈ પુરુષ આ જન્મમાં સ્વભાવથી જ ભદ્ર પરિણામી અર્થાત્ સરળ સ્વભાવી હોય, નમ્ર વિનીત હોય, ઈર્ષ્યા, દ્વેષભાવ રહિત હોય તે આત્મા (પુરુષ) મનુષ્યનામ, મનુષ્યગોત્ર, મનુષ્યગતિ કર્મ ઉપાર્જન કરીને મૃત્યુ પામીને ફરીથી મનુષ્ય (પુરુષ) થઈ શકે છે. પરંતુ બધા જ મનુષ્યો એક સરખા સ્વભાવવાળા નથી હોતા. વ્યવહારમાં આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે કોઈ અભિમાની, કોઈ કપટી કે કોઈ વધુ કષાય વૃત્તિવાળા છે. અનેક ભિન્ન ભિન્ન સ્વભાવવાળા હોય છે. તો તે બધા મનુષ્ય મરીને મનુષ્ય જ થાય છે એમ નથી. એ જ પ્રમાણે पशवः पशुत्वः' એટલે કે પશુ પક્ષી પણ માયા, છળ, ઈર્ષ્યા, દ્વેષ આદિ દોષના કારણે પશુ નામ તથા તિર્યંચ ગતિ કર્મ ઉપાર્જન કરી મરીને ફરી પશુ પણ થાય છે. પરંતુ સર્વ પશુઓ માટે પરભવમાં પશુ જ થશે એવો નિયમ નથી. સર્વ પશુઓ પણ સમાન વૃત્તિવાળા, સમાન કૃતિવાળા હોતા નથી. તિર્યંચ દેહધારી એ આત્માઓ પણ શુભ ભાવથી ધર્મ પામી પોતાના કર્મની નિર્જરા કરી શુભ ગતિ ઉપાર્જન કરી પરભવમાં દેવ, મનુષ્ય થઈ શકે છે. એટલે કે આ જન્મથી વિલક્ષણ જન્મ પણ પરભવમાં થઈ શકે છે. જેવું કારણ હોય તેવું જ કાર્ય હોય એવો નિયમ નથી. કાર્ય અને કારણની વચ્ચે સમાનતા પણ હોઈ શકે ને અસમાનતા પણ હોઈ શકે છે. કારણ કે શૃંગથી શર નામની વનસ્પતિ થાય છે અને તેને જ જો સરસવનો લેપ કરવામાં આવે તો તેનાથી જુદા પ્રકારનું ઘાસ થાય છે. ગાય અને બકરીના વાળથી દુર્વા-ધ્રો થાય છે. વિષ્ટામાંથી કીડા પેદા થાય છે. છાણમાંથી વીંછી થાય છે, વળી જૂદા જૂદા દ્રવ્યોના સંમિશ્રણથી સર્પ, સિંહ, મત્સ્ય આદિ પ્રાણીઓ અને રત્નો, મણિ વગેરે પણ ઉત્પન્ન થઈ શકે છે. આમ કારણથી વિલક્ષણ કાર્ય પણ થાય છે. એટલે વસ્તુ સદૃશ પણ થાય છે અને વિદૃશ પણ થાય છે. દરેક કાર્યની પાછળ કારણ તો છે. વૃક્ષનું કારણ બીજ છે, ધુમાડાનું કારણ અગ્નિ છે અને કારણને અનુરૂપ જ કાર્ય થાય છે. માટીના કારણે ઘડો માટીનો જ થવાનો. સોનાનો નહીં, બીજને અનુરૂપ એવા કાર્યની ઉત્પત્તિ થશે. તે જ પ્રમાણે ભવથી ભવાન્તરમાં જીવોની ગતિ, જાતિ આદિની વિચિત્રતાના કારણ રૂપે પણ કર્મને માન. વૃક્ષનું કારણ જેમ બીજ છે તેમ સંસારનું કારણ અથવા જીવોની ગતિ-જાતિ આદિનું વિચિત્રતાનું કારણ પણ કર્મને જ માનવું પડે. કારણ કે કર્મ એ સંસાર રૂપી અંકુરનું બીજ છે. આ સંસાર અનેક વિચિત્રતાઓનો ભરેલો છે. કારણ કે તેના મૂળભૂત બીજરૂપ કર્મમાં જ ઘણી વિચિત્રતાઓ છે. કર્મબંધનના હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગની વિચિત્રતા છે માટે કર્મ વિચિત્ર છે. માટે તેનું કાર્ય જે આ સંસાર છે તે પણ વિભિન્ન છે.

**જીવ જેવો આ ભવે હોય તેવો જ પરભવે થાય છે કે નહિ ?**

આ વિચિત્રતાના કારણે જીવોને મનુષ્ય, નરક આદિ ગતિની વિચિત્રતા કર્મના ફળરૂપે મળે છે, માટે ભવના અંકુરનું બીજ કર્મને જ માનવું પડે. જીવની ગતિ કર્મને જ આધીન છે. જીવ જેવા કર્મ કરે છે તેને તેવા ફળ મળે છે. આવતા ભવના જન્મ માટે, એની ગતિ માટે એના પૂર્વ જન્મોના કર્મો જ તેનું યોગ્ય કારણ છે. જીવ માત્ર સ્વ કર્માનુસાર બાંધેલ, ઉપાર્જન કરેલા તે તે ગતિ, જાતિ-આયુષ્ય કર્મના અનુસારે મૃત્યુ પછી જ જન્માંતરમાં આ જન્મની સાદૃશ્ય-સમાન અથવા વિસદૃશ પણ થાય છે. વળી સર્વથા સદૃશપણું માનવાથી વેદના પદો પણ અપ્રમાણ થશે. વેદ પદોમાં જન્માંતર વૈસાદૃશ્ય બતાવતાં સ્પષ્ટ કહ્યું છે કે, 'વિષ્ટાસહિત જેને બળાય છે તે મરીને શિયાળ થાય છે' તથા 'અગ્નિહોત્ર યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે છે, સ્વર્ગ મેળવવાની ઈચ્છાથી અગ્નિહોત્ર યજ્ઞ કરવો.' અર્થાત્ મનુષ્ય મરીને દેવ થશે. એટલે સ્વર્ગીય ફળ જે વેદમાં કહ્યું છે તે સર્વથા સદૃશપણું માનવાથી અસંબદ્ધ થશે.

આ પ્રમાણે સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુએ અનેક તર્ક યુક્તિઓથી પંડિત સુધર્માની શંકાનું સમાધાન કર્યું. અભિમાન વૃત્તિના ત્યાગવાળા એવા દ્વિજોત્તમ પંડિત સુધર્મા પણ વેદ પદોનો સાચો અર્થ જાણી પોતાને સંતોષકારક સમાધાન થવાથી પોતાના ૫૦૦ શિષ્યો

સાથે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અને ભગવાન મહાવીરના શાસનમાં પાંચમા ગણધર બન્યા. વીરપ્રભુ પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરી. દ્વાદશાંગિની રચના કરી. ૧૪ પૂર્વના જ્ઞાતા થયા. તેઓશ્રી ચોથા આરામાં જન્મેલા અને વ્રજ ઋષભનારાચ નામનું સર્વશ્રેષ્ઠ સંઘયણ અને સર્વોત્તમ સમચતુરસ્ત્ર સંસ્થાનવાળું શરીર તેમણે પ્રાપ્ત કર્યું હતું. તેમનું કુલ આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું. નિરૂપક્રમ આયુષ્યવાળા તેઓશ્રીએ ૫૦ વર્ષ સંસારમાં વીતાવ્યા અને ૫૦ વર્ષ ચારિત્ર પાળ્યું. આ ૫૦ વર્ષના ચારિત્રમાં ૮ વર્ષનો કેવળી પર્યાય હતો. ૪૨ વર્ષના દીર્ઘકાળ સુધી તેઓ છદ્મસ્થ રહ્યા. ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૨ મા વર્ષે કેવલજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યું. આઠ વર્ષ સુધી કેવળજ્ઞાની તરીકે વિચરી ૧૦૦ વર્ષની અંતિમ ઉંમરે તેઓ રાજગૃહી પધાર્યા અને છેલ્લે ૧ માસના સંલેષણા સાથે પાદોપગમન કરી દેહ છોડી નિર્વાણ ને અર્થાત્ સિદ્ધત્વને પામ્યા. અગિયાર ગણધરોમાં ઉંમરમાં સૌથી મોટા હોવાના કારણ બીજા બધા જ ગણધરો પોતાનો શિષ્ય પરિવાર એમને સોંપતા ગયા. પરંતુ સુધર્મા સ્વામીની પરંપરા ઘણી લાંબી ચાલી. વર્તમાન દ્વાદશાંગી પણ સુધર્માસ્વામીની જ છે. તેમના શિષ્ય જંબુસ્વામી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. જંબુસ્વામીના શિષ્ય પ્રભસ્વામી, તેમના શિષ્ય શયંભવસ્વામી...આદિ શિષ્યના શિષ્ય પરંપરા ચાલી અને વર્તમાનકાળના સમસ્ત સાધુ સમાજની પદપરંપરાના આદ્ય ગુરુ સુધર્માસ્વામી છે. આજે પણ આપણે સુધર્માસ્વામીની પાટ તરીકે ઓળખીએ છીએ. ✶✶✶


સંદર્ભ ગ્રંથોઃ

(૧) શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત વિશેષાવશ્યક ભાષ્ય.ભાષાંતરકર્તા સ્વ. શાહ ચુનીલાલ હકમચંદ

(૨) શ્રી જિનભદ્રગણીકૃત ગણધરવાદ.લેખક : પં. દલસુખભાઈ માલવણિયા

(૩) ગણધરવાદ : પૂ. આ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી

(૪) સચિત્ર ગણધરવાદ : પૂ. શ્રી અરુણ વિજયજી

(૫) શ્રી ગણધરવાદ : પૂ. પંન્યાસ શ્રી ચિદાનંદ મુનિજી



૨૩, કાંતિ, વૈકુંઠલાલ મહોતા રોડ, સનફ્લાવર હોસ્પિટલ સામે JVPD, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૫૬.

મોબાઈલ : ૯૮૬૭૧૮૬૪૪૦.


## આ સૂચવે છે – આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ છે, પરલોક છે.

*શ્રી મોટાના નામથી પણ ઘણાં પરિચિત હશે. આત્મજ્ઞાની સંત હતા. એમણે એમનાં માતુશ્રીને વચન આપ્યું હતું કે તમારા અંત સમયે, તમે દેહ છોડશો ત્યારે હું હાજર રહીશ. સંજોગવશાત્ મોટાને હિમાલય જવું પડ્યું અને એમનાં માતુશ્રી સખત બિમાર પડ્યાં. શ્રી મોટાના મોટાભાઈને થયું, હવે માતા બચશે નહીં અને મોટા તો હિમાલયમાં હતા.*

*એ વખતમાં આજના સમય જેવી વાહનવ્યવહારની કે ટેલિફોનની સગવડ ન હતી. મોટાભાઈએ શ્રી મોટાને તાર કર્યો અને જણાવ્યું કે 'માતા બચી શકે એમ નથી અને ચુનીલાલ આવ્યો, ચુનીલાલ આવ્યો એમ પૂછે છે.' શ્રી મોટાનું પૂર્વાશ્રમનું નામ ચુનીલાલ હતું. મોટાને તાર મળ્યો. એઓ ગુજરાત પહોંચી શકે એમ ન હતા. મોટા તરજ ધ્યાનમાં બેસી ગયા.*

*થોડાક દિવસો પછી મોટા ગુજરાત પહોંચ્યા અને ભાઈને મળવા ગયા. ભાઈએ કહ્યું, માતાએ દેહ છોડ્યો એની થોડી વાર પહેલાં બોલ્યાંઃ 'ચુનિયો આવ્યો ખરો. મને મળી ગયો.' એમના ચહેરા પર હર્ષ હતો અને શાંતિથી એમણે દેહ છોડ્યો.*

*હકીકતમાં શું બન્યું હતું ? મોટાએ પોતાના સૂક્ષ્મશરીરને દેહથી અલગ કર્યું અને ક્ષણમાં માતાજીની પાસે પહોંચી ગયા. માતાજીને દર્શન આપ્યાં અને એમના માતાજીને સંતોષ થયો. શ્રી મોટાને એમના માતા માટે બહુ જ લાગણી હતી.*

*થોડાંક વર્ષો પછી એમને થયું કે મારી માતાએ બીજો જન્મ ક્યાં લીધો છે એ તો હું જોઉં. ધ્યાનમાં લીન થઈ ગયા. એમને ખ્યાલ આવી ગયો કે અલ્હાબાદમાં ફલાણા ઘરમાં અઠવાડિયા પહેલાં જ માતાએ જન્મ લીધો છે. શ્રી મોટા અલ્હાબાદ પહોંચી ગયા અને એ સરનામા પર ગયા. સંન્યાસીને જોઈને ઘરના લોકો આગતાસ્વાગતા કરવા માંડ્યા.*

*મોટાએ પૂછ્યું, 'તમારે ત્યાં બાળકીએ જન્મ લીધો છે ?' એમણે કહ્યું, 'હા, અઠવાડિયા પહેલાં જ જન્મ લીધો છે.' મોટાએ એ નવજાત બાળકીને જોવાની ઈચ્છા પ્રદર્શિત કરી. યજમાન બાળકીને લઈ આવ્યા. મોટાએ એ બાળકીને ખોળામાં લીધી. બે મિનિટ રમાડી. સંતોષપૂર્વક બાળકીના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપી બાળકી પાછી આપી દીધી.*

*આ શું સૂચવે છે ? આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ છે, પરલોક છે.*

# છઠ્ઠા ગણધર શ્રી મંડિક

☐ ડૉ. અભય દોશી

*[ વિદ્વાન લેખક મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સહયોગી અધ્યાપક, પીએચ.ડી.ની ઉપાધિ માટે માર્ગદર્શક, જૈન ધર્મ વિષયક પુસ્તકોના કર્તા, અને શોધ-નિબંધ 'ચોવીશી-સ્વરૂપ અને સાહિત્ય'ના લેખક, તેમજ પ્રભાવક વક્તા છે. ]*

પાવાપુરી નગરીની બહાર પરમાત્મા મહાવીરસ્વામી દેશના આપી રહ્યા હતા. આ જ સમયે પાવાપુરીના મધ્યભાગમાં બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા. આ યજ્ઞ માટે યજમાને ૧૧ વિદ્વાન બ્રાહ્મણ પંડિતોને શિષ્યપરિવાર સાથે આમંત્ર્યા હતા. બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ, વિદ્યાના ભંડાર, ઈન્દ્રભૂતિ આ યજ્ઞમાં સર્વથી અગ્રગણ્ય બ્રાહ્મણ હતા. અચાનક આકાશમાં દેવવિમાનોનો અવાજ સંભળાયો. ઈન્દ્રભૂતિ માનતા હતા, દેવવિમાનો મારા યજ્ઞમાં આવી રહ્યા છે. પરંતુ, તેમના અહંને ઠેસ પહોંચી. દેવવિમાનો નગરબહાર જવા લાગ્યા. નગરબહાર આવેલા વાદી પર વિજય કરવા અહંથી ભરેલા ઈન્દ્રભૂતિએ નગરબહાર મહસેનવન તરફ પ્રસ્થાન કર્યું. તેઓ ક્રોધથી ધમધમતા પ્રભુ સાથે વાદ કરવા ગયા હતા, પણ પ્રભુના દૂરથી જ દર્શન થતાં ક્રોધ શમી ગયો અને પરમાત્માના શિષ્ય બની ગયા.

આ ઘટનાની અન્ય બ્રાહ્મણ પંડિતોને ખબર પડી, એટલે એક પછી એક બ્રાહ્મણ પંડિતો ગૌતમ ઈન્દ્રભૂતિના પંથે ચાલવા લાગ્યા. આ વિદ્વાન, વિદ્યાવંત બ્રાહ્મણોના હૃદયમાં એક-એક શંકા પડી હતી, તે શંકાનું સમાધાન મેળવી પ્રભુના પાસે દીક્ષિત થયાના સમાચાર સાંભળી મંડિક (મંડિત) ગણધરે પણ પ્રભુ પાસે જવાનુંનક્કી કર્યું.

આ મંડિક (મંડિત) ગણધર કોણ હતા, તે આપણે સંક્ષેપમાં જાણીએ.

મંડિક (મંડિત) ગણધર મગધદેશના મોરિય સન્નિવેશના રહેવાસી હતા. તેમનો જન્મ વાશિષ્ઠ ગોત્રના ધનદેવ બ્રાહ્મણની વિજયાદેવી નામની પત્નીની કુક્ષીથી થયો હતો. તેઓએ વેદ અને ૧૪ વિદ્યાઓનો અભ્યાસ કર્યો હતો. તેમના ૩૫૦ શિષ્યો હતા. તેઓ શિષ્યને અધ્યાપન કરાવતા હતા. તેઓ ૫૩ વર્ષના થયા, ત્યારે પાવાપુરી સમીપે પ્રભુ મહાવીરને મળ્યા હતા. વયદૃષ્ટિએ ૭મા મૌર્યપુત્ર પછી બીજા ક્રમે આ અગિયાર પંડિતોમાં આવતા હતા.

***'સિદ્ધક્ષેત્ર અનંત સિદ્ધોના સમાવેશની દૃષ્ટિએ નાનું છે, તેની અંદર અનંત સિદ્ધોનો સમાવેશ કેવી રીતે થઈ શકે ? આ જો તારો પ્રશ્ન હોય તો કહું છું કે સિદ્ધો અમૂર્ત હોવાથી અનંત હોવા છતાં પણ સિદ્ધશીલામાં સમાય છે. અથવા, એક નાના ઓરડામાં પણ અનેક દીવાઓનો પ્રકાશ સમાય છે. જો અનેક દીવાઓનો પ્રકાશ, નાના ઓરડામાં સમાય, તો અમૂર્ત એવા સિદ્ધો સિદ્ધશીલામાં કેમ ન સમાય ?'***

આવા તેજસ્વી, વિદ્યાવાન મંડિક બ્રાહ્મણ પ્રભુ પાસે ગયા, એટલે પ્રભુએ કહ્યું; 'હે મંડિક વાશિષ્ઠ ! તારા મનમાં એવો સંશય છે કે બંધ અને મોક્ષ છે કે નહિ ? બે વિરૂદ્ધ અર્થવાળી વેદના પદોની શ્રુતિઓ સાંભળવાથી તને આ અયોગ્ય સંશય થયો છે. તે શ્રુતિઓ આ પ્રમાણે છેઃ-

'स एव विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते
मोचयति वा न वा एष बाह्यमभ्यन्तरं वा भेद।'

આ શ્રુતિઓનો અર્થ તું એવો સમજે છે કે, સત્વ–રજો–તમો ગુણ રહિત, વિભુ સર્વગત એવો આ આત્મા પુણ્ય-પાપ વડે બંધાતો નથી, એ જ રીતે કર્મથી મુક્ત થતો નથી. જો બંધ જ નથી, તો બંધથી મોક્ષ પણ સ્વાભાવિકરૂપે ન જ હોય. વળી અન્ય સ્થળે કહેવાયું છે;

न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरित अशरीरं वा
वसन्त प्रिया–ऽप्रिये न स्पृशतः। (छांदोग्योपनिषद्)

શરીરવાળા કોઈને પ્રિય-અપ્રિયનો અભાવ નથી, તો અશરીરીને પ્રિય-અપ્રિય કદી સ્પર્શતા નથી. એટલે, દેહધારીને કર્મ હોવાથી પ્રિય (સુખકારી) અને અપ્રિય (દુઃખકારી)નો અભાવ નથી. અશરીરીને કર્મરહિતપણાથી બંનેનો અભાવ હોય છે. આમ, એક વેદપદ કર્મબંધન છે, એમ જણાવે છે, ત્યારે અન્ય એક વેદપદ કર્મબંધનનો અભાવ જણાવે છે, આથી હે મંડિક ! તું વિચારમાં પડ્યો છે કે કયા વેદપદને સાચું માનવું ?

હવે આપણે મંડિક બ્રાહ્મણના સંશયને રજૂ કરતી વિશેષાવશ્યકભાષ્યની મૂળ ગાથાઓ જોઈએ;

तं भन्नसि जइ बंधो जोगो जीवस्स कम्मुणा समयं
पुव्वं पच्छा जीवो कम्मं व समं ते हिज्जा ।। १८०५।।

न हि पुव्वमहेऊओ खरसिंगं वाऽयसंभवोजुतो
निक्कारणजायस्स य निक्कारणउ च्चिय विणासो ।। १८०६ ।।
अहणाऽणाइं च्चिय सो निक्कारणओ न कम्मजोगो से
अह निक्कारणओ सो, मुक्कय मुक्कसवि होहिहि सो भुज्जो ।।१८०६।।
होज्ज व स निच्च मुक्को बंधाभावम्मि को व से मोक्खो ?
न हि मुक्कव्वएसो बंधाभावे मओ नभसो ।। १८०८।।

આ ચાર ગાથાઓમાં દાર્શનિક ભૂમિકાપૂર્વક મંડિત (મંડિક) બ્રાહ્મણનો મત રજૂ કરાયો છે. મંડિક પૂછે છે; જીવને કર્મ સાથે સંબંધ હોય તો આદિ છે કે અનાદિ? જો સંબંધનો પ્રારંભ થતો હોય તો જીવ પહેલાં ઉત્પન્ન થાય કે પછી? કર્મ પહેલાં ઉત્પન્ન થાય કે બન્ને સાથે ઉત્પન્ન થાય? જો પહેલાં જીવ ઉત્પન્ન થાય તો જીવને કર્મ ક્યા કારણથી બંધાય? (કારણ વગર તો જીવને કર્મ બંધાય નહિ.) જો કર્મ કારણ વગર ઉત્પન્ન થાય તો કારણ વિના તેનો નાશ પણ થવો જોઈએ. કારણ સિવાય પણ કર્મનો બંધ થાય તો મુક્ત જીવને પણ પુનઃ કર્મબંધ થશે, મુક્ત થયેલ જીવને પણ ફરી બંધ થતો હોવાથી તેઓ પણ મોક્ષે ગયેલા નહિ કહેવાય.

મંડિકની આ હૃદયગંત શંકા અને અન્ય તે સંબંધિત શંકાઓનું સમાધાન પરમાત્મા વેદપદોના સમ્યક્ અર્થઘટનને આધારે કરે છે.

ભગવાન કહે છે; 'હે મંડિક! બીજ અને અંકુરની જેમ શરીર અને કર્મનો પરસ્પર હેતુ-હેતુમદ્-ભાવ હોવાથી, તેઓ અનાદિકાળથી એક-બીજા સાથે સંકળાયેલા છે.'

આ વાતને ઉદાહરણથી સમજાવતાં કહે છે; આપણને મળેલું શરીર પૂર્વભવના કર્મનું પરિણામ છે અને આવતા ભવના કર્મનું સાધન છે. જેમ દંડ વગેરે સાધનની સાથેનો કુંભાર જેમ કુંભનો કર્તા છે, એ જ રીતે કર્મરૂપી સાધનની સાથેનો જીવ કર્મનો કર્તા છે. વળી, શરીરથી ખેતી કરાય, તો જેમ ફળ પ્રાપ્ત થાય છે, એ જ રીતે આત્મા દ્વારા કરાતા દાનાદિક કર્મનું ફળ પણ ભોગવાય છે. આમ, કર્મનું ફળ પણ જોવા મળે છે, માટે તું કર્મબંધનો સ્વીકાર કર.'

મંડિક માને છે કે, જે સંયોગ અનાદિ હોય તે અનંત પણ હોય. આ વાતનો પ્રભુ યોગ્ય રીકે ખુલાસો કરતા કહે છે; સોનું અને પથ્થર જેમ મેરુપર્વતની તળેટીમાં અનાદિકાળથી એકરૂપ થઈને પડ્યા હોય, પણ ભટ્ટીમાં તપાવવામાં આવે તો છૂટાં થાય, એમ જીવ અને કર્મનો સંબંધ સમજવો. જીવની સાથે **અનાદિકાળના સંયોગથી સંકળાયેલા કર્મને પણ જ્ઞાન-ધ્યાન-તપશ્ચર્યા આદિ દ્વારા નષ્ટ કરી જીવને મુક્ત કરી શકાય છે.**

પરમાત્માએ મંડિક ગણધરની વિવિધ શંકાઓનો ખૂબ વિસ્તારથી ખુલાસો આપ્યો. છેલ્લે, લોકાગ્રમાં રહેલી સિદ્ધશીલા–મોક્ષનું સ્વરૂપ સમજાવ્યું. પરમાત્મા કહે છે;

'સિદ્ધક્ષેત્ર અનંત સિદ્ધોના સમાવેશની દૃષ્ટિએ નાનું છે, તેની અંદર અનંત સિદ્ધોનો સમાવેશ કેવી રીતે થઈ શકે? આ જો તારો પ્રશ્ન હોય તો કહું છું કે સિદ્ધો અમૂર્ત હોવાથી અનંત હોવા છતાં પણ સિદ્ધશીલામાં સમાય છે. અથવા, એક નાના ઓરડામાં પણ અનેક દીવાઓનો પ્રકાશ સમાય છે. જો અનેક દીવાઓનો પ્રકાશ, નાના ઓરડામાં સમાય, તો અમૂર્ત એવા સિદ્ધો સિદ્ધશીલામાં કેમ ન સમાય?'

પરમાત્માએ મંડિક ગણધરના પ્રશ્નોના ઉત્તર આપ્યા. શ્રદ્ધાવંત બનેલા મંડિક ગણધરે પ્રભુ પાસે વૈશાખ શુક્લ એકાદશીના દિને ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી. તેઓ ૧૪ વર્ષ છદ્મસ્થ પર્યાયમાં રહ્યા અને ત્યાર બાદ ૧૬ વર્ષ કેવલીપણે વિચરી આ ધરાતલને પાવન કર્યું. તેઓ ૮૩ વર્ષની વયે રાજગૃહીના વૈભારગિરિ પર્વત પર અનશન કરી મોક્ષે ગયા. તેઓ પ્રભુ મહાવીર પહેલાં મોક્ષે ગયા હતા. (તેમની દીક્ષા પછી ૩૦ મા વર્ષે મોક્ષે ગયા, અને પ્રભુ પણ કેવળજ્ઞાન પછી (એટલે ગણધરોની દીક્ષા પછી) ૩૦મા વર્ષે મોક્ષે ગયા, એટલે તેઓ, તેમના બંધુ મૌર્યપુત્ર ગણધર અને ચોથા વ્યક્ત ગણધર ત્રણે પ્રભુ નિર્વાણના વર્ષે પ્રભુ પહેલાં મોક્ષે ગયા.)

મંડિક ગણધરના પ્રશ્નોત્તરમાં અનાદિકાળ, મોક્ષનું સ્વરૂપ આદિ સંબંધે ઘણી વિગતો છે. જેને વધુ જાણવાની જિજ્ઞાસા છે, તેઓ 'વિશેષાવશ્યકભાષ્ય'ને આધારે જાણી શકશે.

ઉપાધ્યાય યશોવિજયજીએ 'સમકિત સડસઠ બોલની સજ્ઝાય'માં સમકિતના છ સ્થાનકોની ચર્ચા કરતાં આ મતની ચર્ચા ત્રીજા અને પાંચમા સ્થાનકમાં કરી છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં આ બે સ્થાનકોની વિસ્તૃત ચર્ચા કરી છે.

*હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તે કર્મ?*
*જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.*

(જો ચેતનની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? પ્રેરણા કરાવી ગ્રહણ કરાવવાનો સ્વભાવ જડનો છે જ નહિ. જો પ્રેરક સ્વભાવ જડનો હોય તો માટલું કે વસ્ત્રો પણ ક્રોધ વગેરે ભાવમાં પરિણમવા જોઈએ. પણ

***આમ, એક વેદપદ કર્મબંધન છે, એમ જણાવે છે, ત્યારે અન્ય એક વેદપદ કર્મબંધનનો અભાવ જણાવે છે, આથી હે મંડિક! તું વિચારમાં પડ્યો છે કે ક્યા વેદપદને સાચું માનવું?***

જડ પદાર્થ માટે આવો અનુભવ થતો નથી. ચેતન એટલે જીવ કર્મ ગ્રહણ કરે છે, માટે જીવને કર્મનો કર્તા કહ્યો છે.)

**'હે મંડિક ! બીજ અને અંકુરની જેમ શરીર અને કર્મનો પરસ્પર હેતુ-હેતુમદ્-ભાવ હોવાથી, તેઓ અનાદિ-કાળથી એક-બીજા સાથે સંકળાયેલા છે.'**

આ કર્મબંધનથી મોક્ષ છે, એ દર્શાવતાં પાંચમા સ્થાનકમાં કહે છે:

*વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;*
*તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.*

કર્મસહિત અનંતકાળ વીત્યો, તે તે શુભ-અશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો, પણ તેનાથી ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય, એટલે કે શુદ્ધ સ્વભાવમાં સ્થિર થતાં, કર્મનો ક્ષય થાય.

આ મોક્ષના સ્વરૂપને વર્ણવતાં કહે છે;

*દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;*
*સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ.*

દેહાદિક સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધ સ્વરૂપ સ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે પોતાની સ્વભાવ રમણતારૂપ અનંતસુખનો ભોગવનાર થાય.

શ્રી મંડિત ગણધરના આ વાદમાં આત્માનું કર્મકર્તૃત્વ તેમજ મોક્ષ જેવા સમ્યક્ત્વના શુદ્ધ સ્વરૂપને સમજવામાં સહાયક બને એવી મહત્ત્વપૂર્ણ ચર્ચા સમાઈ છે. આ ચર્ચાનું ચિંતન કરતા આપણે પણ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી મોક્ષપુરુષાર્થ માટે પ્રયત્નશીલ બનીએ એવી શુભેચ્છા. ✷✷✷

A/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (પ.) મુંબઈ-૪૦૦૦૫૪.
ફોન : ૨૬૧૦૦૨૩૫, મોબાઈલ : ૯૮૯૨૬ ૭૮૨૭૮.
abhaydoshi9@gmail.com.

**સંદર્ભ ગ્રંથો :**

ગણધરવાદ : અનુવાદક સંપાદક-દલસુખભાઈ માલવણિયા
શેઠ ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.
શ્રી વિશેષાવશ્યકભાષ્ય-ભાષાંતર, ભાગ-૨.
ભાષાંતર-સ્વ. શાહ ચુનીલાલ હુકમચંદ, સં.પ.પૂ.પંન્યાસશ્રી વજ્રસેન વિજયજી મ.સા., ભદ્રંકર પ્રકાશન.
શ્રીમદ્ રાજચંદ્ર (શ્રીમદ્ રાજચંદ્ર-સમગ્ર સાહિત્ય),
પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, અગિયારમી આવૃત્તિ.

## 'ઠાકુર કો માઈ લોગ ભૂખા રહે વહ બિલકુલ પસંદ નહીં હૈ !'

*વિમલાતાઈ નામથી તો ઘણાં પરિચિત હશે. એમના જીવનનો એક પ્રસંગ છે. આબુસ્થિત શિવકુટીમાં સાધનાકાળ દરમિયાન એમણે ઘણાં સંતોના સૂક્ષ્મસ્તર પર દર્શન થતાં હતાં, એવા મહાન સંતો કે જેમણે દાયકાઓ પહેલાં દેહ છોડી દીધો હતો. એક વખત વિમલાતાઈને રાત્રે ધ્યાનાવસ્થામાં સૂક્ષ્મસ્તર પર રામકૃષ્ણ પરમહંસના દર્શન થયાં. વિમલાતાઈ તો અતિબૌદ્ધિક અને જલદી કોઈ વાતને સ્વીકારે નહીં. એમને વિચાર આવ્યો કે આ મારો ભ્રમ પણ હોઈ શકે છે. એમણે મનોમન નક્કી કર્યું કે રામકૃષ્ણ પરમહંસના મને સૂક્ષ્મ સ્તરે દર્શન થયાં છે એ જો હકીકત હોય અને મારો ભ્રમ ન હોય તો જ્યાં સુધી રામકૃષ્ણ પરમહંસ મને પ્રતીતિ નહીં કરાવે ત્યાં સુધી હું કાંઈ પણ નહીં ખાઉં અને કાંઈ પણ નહીં પીઉં.*

*બીજે દિવસ સવારના ૧૦ વાગ્યા સુધી વિમલાતાઈ ખાધા-પીધા વિના શિવકુટીરમાં બેઠાં હતાં. ત્યાં ઓચિંતા એક સંન્યાસી આવી પહોંચ્યા. ગોરો વાન, ચહેરા પર તેજ, ભગવાં વસ્ત્રો, હાથમાં પાનનો એક પડિયો હતો જેમાં તાજાં સંદેશ (કલકત્તાની મિઠાઈ) હતાં. એ પડિયો વિમલાતાઈના હાથમાં આપ્યો અને બોલ્યા, **'ઠાકુર કો** (એટલે કે રામકૃષ્ણ પરમહંસ કો) **માઈ લોગ ભૂખા રહે વહ બિલકુલ પસંદ નહીં હૈ !'** એમ કહી હસતા હસતા અદૃશ્ય થઈ ગયા. વિમલાતાઈની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા માંડ્યા કે ઠાકુરે પ્રતીતિ કરાવી આપી. કારણ કે આખા આબુમાં આવા સંદેશ મળે જ નહીં. જે પડિયામાં સંદેશ આપી ગયા, એ પ્રકારનો પડિયો કલકત્તામાં જ મળે. વિમલાતાઈએ સંદેશ ખાધાં.*

*સાંજના વિમલાતાઈ વૉક લેવા નખી લેક પર ગયા ત્યારે એમને આબુ રામકૃષ્ણ મિશનના મુખ્ય સંન્યાસી નખી લેક પર મળી ગયા. ઉંમરમાં વૃદ્ધ હતા. એમણે વિમલાતાઈને હસીને કહ્યું, 'વિમલા, ક્યા બાત હૈ, આજકલ તો તું ને ઠાકુર કી પરીક્ષા લેની શરૂ કરી દી, ક્યા ?'*

*વિમલાતાઈ અવાક્ થઈ ગયાં. આ શું સૂચવે છે? આત્મા છે, કર્મ છે, પરલોક છે.* ✷✷✷

# સાતમા ગણધર શ્રી મૌર્યપુત્ર

❑ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી, પીએચ.ડી. વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રાધ્યાપિકા અને પ્રભાવક વક્તા છે.*

જૈન દર્શન અતિ સૂક્ષ્મ અને ગહન છે. સર્વજ્ઞ શ્રમણ ભગવાન મહાવીરે ગણધરવાદના માધ્યમથી અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અનેક પ્રશ્નોનું સમાધાન કર્યું છે. જૈન ધર્મના અંતિમ તીર્થંકર સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પોતાના પ્રમુખ શિષ્યોને એમની તત્ત્વોની શંકાઓનું નિવારણ કરીને પ્રતિબુદ્ધ કરેલા તથા એમને ચારિત્ર દીક્ષા આપીને તત્ત્વદર્શન કરાવી ગણધર બનાવેલા, તે **ગણધર શિષ્યોની શંકા અને ભગવંતે આપેલ તેના સમાધાનનું શાસ્ત્ર રચાયું તે ગણધરવાદ.**

શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજે વિસ્તારથી આ ગણધરવાદનું આલેખન કર્યું છે. અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના અગિયાર ગણધર થઈ ગયા. જેનો ઉલ્લેખ સમવાયાંગ સૂત્રમાં છે. ગણધરવાદમાં ૧૧ ગણધરના જીવ, કર્મ વગેરે અંગેના સંશયોનું મહાવીર ભગવાને તર્ક-યુક્તિ-પ્રમાણથી કરેલ નિવારણનું આલેખન છે. પરસ્પર વિરુદ્ધ અર્થ પ્રતિપાદન કરનારા વેદપદો સાંભળવાથી પોતાના મતની પુષ્ટિ માટે શાસ્ત્રાર્થ કરવા ઈન્દ્રભૂતિ આદિ ૧૧ ગણધર ભગવંત પાસે આવ્યા હતા જે પોતાના સંશયનું સંતોષજનક નિવારણ થયા બાદ તેમના શિષ્ય બની ગયા.

> ***શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં શ્રી જિનભપ્રગણી ક્ષમાશ્રમણ મહારાજે વિસ્તારથી આ ગણધરવાદનું આલેખન કર્યું છે. અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના અગિયાર ગણધર થઈ ગયા. જેનો ઉલ્લેખ સમવાયાંગ સૂત્રમાં છે.***

સાતમા ગણધર મૌર્યપુત્ર નામના પંડિતને સર્વદર્શી ભગવંત નામ અને ગોત્રથી બોલાવી તેનો સંશય કહે છે જ્યારે તેઓ પણ ભગવંત પાસે આવે છે. તેમનો સંશય હતો-'દેવો છે કે નહીં?' અર્થાત્ દેવલોક છે કે નહીં? દેવ હોવા ન હોવા સંબંધી શંકા-સર્વજ્ઞ શ્રી મહાવીર ભગવંત પદોનો ખરો અર્થ સમજાવીને મૌર્યપુત્રનો સંશય અયોગ્ય છે તે પૂરવાર કરે છે. 'દેવ છે' એની સાબિતીની દલીલો સંક્ષેપમાં નીચે મુજબ છે. ભગવંત મહાવીર કહે છે-

'હે મૌર્ય! તું એમ માને છે કે નારકીઓ અત્યંત દુઃખી અને પરાધિન હોવાથી અહીં આવી શકતા નથી એટલા માટે પ્રત્યક્ષ થવાનો ઉપાય ન હોવાથી તેઓનું વર્ણન સાંભળીને જ શ્રદ્ધા કરવા લાયક છે. આ કારણથી તેઓ 'શાસ્ત્રાનુસારે વિદ્યમાન છે' એમ માનવું જોઈએ. પરંતુ દેવો તો સ્વચ્છંદાચારી અને દિવ્યપ્રભાવયુક્ત હોવા છતાં પણ કદાપિ પ્રત્યક્ષ જણાતા નથી અને શ્રુતિ-સ્મૃતિ આદિ ગ્રંથોમાં 'તેઓ છે' એમ સંભળાય છે આથી તને તેઓના વિષયમાં સંશય છે, પણ મૌર્ય! એવો સંશય ન કર.' એમ કહી એના સમર્થનમાં કહે છે. 'જો અહીં-અર્થાત્ સમવસરણમાં જ મનુષ્યાદિથી ભિન્ન જાતિવાળા અને દિવ્ય આભરણાદિયુક્ત વૈમાનિક આદિ ચારે નિકાયના દેવો મને અહીં વંદન કરવા આવેલા છે, તેઓને તું પ્રત્યક્ષ જો. (૧૮૬૯).

मा कुरु संसयमेए सुदूरमणुयाइभिन्नजाईण।
पेच्छसु पच्चक्खं चउव्विहे देव संघाए।।

આમ, સમવસરણમાં દેવ પ્રત્યક્ષ દેખાય છે એ દેવજ્ઞતાનું પ્રમાણ છે.

વળી ભગવંત એમ પણ કહે છે-'અહીં સમવસરણમાં દેવોને જોયા પહેલાં પણ તે દેવોનો સંશય યોગ્ય નથી. કારણ કે ચંદ્ર-સૂર્ય વગેરે આ જ્યોતિષી દેવો સર્વને પ્રત્યક્ષ જણાય જ છે એટલે સર્વ દેવો-ચારે પ્રકારના-સંબંધી તેમની વિદ્યમાનતામાં સંશય કરવો અયોગ્ય છે. અને લોકને દેવકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ પ્રત્યક્ષ જણાય છે. કેટલાક દેવો કોઈને વૈભવ આદિ આપીને અનુગ્રહ કરે છે. જ્યારે કેટલાક ઉપઘાત કરે છે. આથી એ નિશ્ચય થાય છે કે દેવો વિદ્યમાન છે. અમુક પ્રકારના વૈમાનિક દેવો વિલક્ષણ પ્રકારના હોવાથી પ્રત્યક્ષ જણાતા નથી, પણ નિવાસસ્થાનોથી તેઓ વિદ્યમાન છે એમ સિદ્ધ થાય છે. અર્થાત્ ચંદ્રાદિના વિમાનો પણ માત્ર નિવાસસ્થાન નથી પણ તે વિમાનરૂપ નિવાસ્થાનમાં તે ચંદ્રાદિ દેવો નિવાસ કરનારા હોય છે જ. ચંદ્રાદિ વિમાનો વિષે પણ શંકા કરવી યોગ્ય નથી. તે વિદ્યાધરોના વિમાનોની જેમ નિઃસંશય વિમાનો જ છે. તે રત્નમય અને આકાશગામી છે.

વળી ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવનારા નારકીઓ છે, તેમ ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ ભોગવનારા દેવો છે. એમ અંગીકાર કરવું

જોઈએ. ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ ભોગવનાર અત્યંત સુખી હોય છે અને દેવોને જ અત્યંત સુખી કહેવાય.

તે દેવો દિવ્ય પ્રેમવાળા છે. જિનકલ્યાણકાદિ જે જે શુભ હેતુથી દેવો મનુષ્યલોકમાં આવે છે તે કારણોથી દેવોની સિદ્ધિ સાબિત થાય છે. યથા – શ્રી જિનેશ્વર દેવોના ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક સમયે સ્વકર્તવ્ય હોવાથી કેટલાક દેવો અહીં મનુષ્યલોકમાં આવે છે.

કેટલાક દેવો ભક્તિથી અને કેટલાક દેવો પોતાના સંશયનો છેદ કરવા માટે અહીં આવે છે. કેટલાક દેવો બીજા અન્ય કારણો જેવા કે પૂર્વના અનુરાગથી, પૂર્વકૃત સંકેતથી, તપના પ્રભાવથી, કેટલાક પૂર્વના વૈરથી મનુષ્યને પીડા કરવા અથવા મૈત્રી ભાવનાથી અનુગ્રહ કરવા, તેમ જ કેટલાક કામાનુરાગથી અહીં આવે છે.

કેટલાક દેવો જાતિસ્મરણજ્ઞાનવાળા પુરુષના કથનથી અને કેટલાક મનુષ્યોને પ્રત્યક્ષ જણાયાથી તથા કેટલાક વિદ્યામંત્રની ઉપાસના વડે કાર્યની સિદ્ધિ થવાથી તેમજ ઉત્કૃષ્ટ પુણ્ય સંચયના ફળના સદ્ભાવથી આ મનુષ્યલોકમાં આવે છે.

દેવ મંદિરાદિમાં ચમત્કાર, માણસને વિશિષ્ટ સ્વપ્ન, વિશિષ્ટ દર્શન આદિ પણ દેવની વિદ્યમાનતા સિદ્ધ કરે છે. દેવ સત્તા ન હોય તો ઉચ્ચ તપ, દાનાદિ ક્રિયાઓ નિષ્ફળ જાય.

તેથી 'દેવ' નામ સાર્થક છે. દેવ પદ એ વ્યુત્પત્તિમત્ શુદ્ધપદ છે. સર્વ આગમ શાસ્ત્રોના પ્રમાણથી 'દેવો છે' એમ સિદ્ધ થાય છે. એ સ્વતંત્ર પર્યાય છે.

જો સ્વર્ગવાસી દેવો જ ન હોય તો સ્વર્ગ મેળવવાનું વિધાન પણ ન હોય. વેદવાક્યો પણ દેવોની વિદ્યમાનતા પ્રતિપાદન કરે છે–દેવોનો અભાવ નહીં. આમ દેવોના અસ્તિત્વનું પ્રતિપાદન થયું.

આ પ્રમાણે ઉપરોક્ત યુક્તિઓથી 'દેવો છે' એમ સિદ્ધ થાય છે. સાતમા ગણધર પંડિત મૌર્યપુત્રનો સંશય 'દેવો છે કે નહીં' તે સર્વજ્ઞ ભગવંત મહાવીરે દૂર કર્યો. મૌર્યપુત્ર સંશયના છેદથી શંકારહિત બને છે. અને આ સમજૂતિથી શંકારહિત બનેલ મૌર્ય પુત્રે ૩૫૦ના પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી.

**આમ ગણધરવાદ દ્વારા ૧૧ ગણધરોના સંશય દૂર થતા તત્ત્વમાં શ્રદ્ધા થાય છે. હકીકતમાં, ગણધરવાદમાં સમસ્યાઓના સમાધાનથી, સર્વજ્ઞ ભગવાન મહાવીરના અર્થઘટનથી સૂક્ષ્મ તાત્ત્વિક વિચારણા જોવા મળે છે. જેનું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ છે.**

સાતમા ગણધર મૌર્યપુત્રની શંકાના સમાધાનથી ભગવાન મહાવીરે ગણધરવાદના માધ્યમથી દેવલોકનું અસ્તિત્વ, મહત્તા, વિશેષતાનું પ્રતિપાદન કર્યું છે. તે ઉપર વિચારણા કરતાં અન્ય સિદ્ધાંતો પણ દૃષ્ટિગોચર થાય છે.

જૈન દર્શનમાં વિશ્વનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે–વિશ્વ ત્રણ વિભાગમાં વિભક્ત છે. અધઃ, મધ્ય અને ઉર્ધ્વ. ઉર્ધ્વલોકમાં દેવ રહે છે. જૈન પરંપરા પ્રમાણે દેવોના ચાર ભેદ છે-ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. (ઉત્તરાધ્યાન-૬ ૨૦૩, ૨૦૪).

આ ગણધરવાદમાં માત્ર સમસ્યાઓનું સમાધાન નહીં પણ તત્ત્વની સૂક્ષ્મ વિચારણા જોવા મળે છે.

***આ ગણધરવાદમાં માત્ર સમસ્યાઓનું સમાધાન નહીં પણ તત્ત્વની સૂક્ષ્મ વિચારણા જોવા મળે છે***

દાન, પુણ્ય, પાપ–તેનું ફળ અર્થાત્ કર્મ સિદ્ધાંત વગેરેમાં શ્રદ્ધા કરવાથી મિથ્યાત્વ દૂર થાય છે, સમ્યક્દર્શન નિર્મળ થાય છે.

તેથી ગણધરવાદની મહત્તા સમજવી જરૂરી છે. આત્માના વિકાસપથમાં આ વિચારણા તત્ત્વદર્શન કરાવી મોક્ષમાર્ગે લઈ જવામાં સહાય કરી શકે. ભૌતિકવાદના આ યુગમાં ગણધરવાદનું શ્રવણ-ચિંતન અનેક રીતે ઉપયોગી છે. અને છેલ્લે 'સકળજગત હિતકારિણી' અને 'ભવાબ્ધિ તારિણી' એવી જિનેશ્વરની વાણી જેણે જાણી છે તેનું જીવન સફળ છે. ભગવાન શ્રી મહાવીર અનંતજ્ઞાની હતા, **સર્વજ્ઞના વચન પર શંકા કે અશ્રદ્ધા ન કરતાં તેના પર શ્રદ્ધા કરવાથી આત્મવિશુદ્ધિ અને કષાયમુક્તિ થાય છે એ જ ગણધરવાદની મહત્તા છે.**

આજે ભગવાન મહાવીરનું ધર્મશાસન પ્રવર્તી રહ્યું છે ત્યારે તેમનો ઉપદેશ સાધકને જ્ઞાન-દર્શન-ચારિત્રના સમન્વય દ્વારા જીવનવિકાસની અપૂર્વ ભૂમિકા પૂરી પાડે છે.

'જૈનં જયતિ શાસનમ્'

* * *

મોબાઈલ : ૯૩૨૩૦૭૯૯૨૨.

**આચાર્ય જનભદ્રગણિક્ષમા શ્રમણ રચિત**
**'વિશેષઆવશ્યકભાષ્ય'**

*દાર્શનિક જગતના અખાડામાં સર્વપ્રથમ જૈન દર્શનનો જો કોઈ ગ્રંથ મૂકી શકાય તો એ છે આચાર્ય જિનભદ્રગણિક્ષમાશ્રમણ રચિત **'વિશેષઆવશ્યકભાષ્ય'**. એમાં એમણે જૈનદર્શનના પ્રમાણ અને પ્રમેય સંબંધી નાની-મોટી મહત્ત્વની બધી બાબતોમાં તર્કવાદનો પ્રયોગ કરીને દાર્શનિક જગતના અખાડામાં જૈનદર્શનને **સર્વતંત્રસ્વતંત્રરૂપે** જ નહીં પણ **સર્વતંત્રસમન્વયરૂપે** ઉપસ્થિત કર્યું, પ્રસ્થાપિત કર્યું.*

# આઠમા ગણધર – શ્રી અકંપિત

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

*[ વિદુષી લેખિકા, જૈન ગ્રંથોના અભ્યાસી, જૈન ધર્મના માનદ શિક્ષિકા અને પ્રભાવક વક્તા છે. કવિ ઋષભદાસકૃત 'જીવ વિચાર રાસ' ઉપર શોધ નિબંધ લખી, પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. ]*

વિશ્વના સમસ્ત ધર્મ પ્રણેતાઓમાં ભગવાન મહાવીરનું સ્થાન અનેક દૃષ્ટિએ વિશિષ્ટ છે. કલ્યાણકારી, કરૂણાસાગર ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી આજથી ૨૫૬૯ વર્ષ પૂર્વે એમના કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી વૈશાખ સુદ-૧ના દિવસે સમવસરણમાં દેશના માટે ઉપસ્થિત હતા ત્યારે ભરતક્ષેત્રના પ્રકાંડ પંડિતો, ચૌદ વિદ્યાના જાણકાર, ઉચ્ચ કોટિના ક્રિયાકાંડી, વેદ-ઉપનિષદ આદિ સર્વ શાસ્ત્રોમાં પારંગત, જ્ઞાનવંત, પોતાને સર્વજ્ઞ માનનાર, જાજ્વલ્યમાન, રૂપવંત, ધનવંત એવા સર્વશ્રેષ્ઠ ૧૧ બ્રાહ્મણ આચાર્યોને ભગવાનના સર્વજ્ઞપણાની જાણ થઈ ત્યારે ક્રમશઃ ભગવાનના સર્વજ્ઞપણાને પડકારવા વાદ માટે ઉપસ્થિત થયા, પણ સર્વજ્ઞ પ્રભુએ એ દરેકને એમના નામ-ગોત્રથી બોલાવી એમની શંકાઓનું સમાધાન કર્યું જેથી તેઓ પોતાના શિષ્યો સહિત પ્રભુને સમર્પિત થયા અને પ્રથમ પંક્તિના (ગણધર) શિષ્યો તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. એમનો વાદ ગણધરવાદ તરીકે પ્રખ્યાત છે.

પૂર્વે સાત ગણધરની શંકાનું આલેખન વિદ્વાનોએ કર્યું છે. અહીં હું આઠમા ગણધરની શંકાનું સમાધાન કેવી રીતે થયું તે પ્રસ્તુત કરું છું.

સાત બ્રાહ્મણ આચાર્યો ભગવાનને સમર્પિત થયા છે એ જાણીને આઠમા મિથિલા નગરના, દેવના નંદન, જયંતીના જાયા અકંપિત નામના આચાર્ય પોતાના ૩૦૦ શિષ્યો સાથે સમવસરણમાં પધાર્યા ત્યારે પ્રભુએ એમને આવકાર આપતાં સંબોધન કર્યું કે હે ગૌતમ ગોત્રિય અકંપિતજી, આપને સંશય છે કે, 'નારકી હશે કે નહિ ?' 'नारको वै एष जायते य: शूद्रान्नमश्नाति' અર્થાત્ જે (બ્રાહ્મણ) શુદ્રનું અન્ન ખાય છે, તે નારકી થાય છે. આ પદો નારકીની વિદ્યમાનતાનું પ્રતિપાદન કરે છે તથા नहि वै प्रैत्य नारका: सन्ति એટલે પરભવમાં જઈને કોઈ નારકી થતું નથી. આ પદો નારકીનો અભાવ સૂચવે છે. આ પરસ્પર વિરૂદ્ધ વેદવિધાનને કારણે આપને આ સંશય થયો છે. પરંતુ તે વેદવિધાનનો સાચો અર્થ અને રહસ્ય ખબર ન હોવાને કારણે આ સંશય થયો છે જેનું નિરાકરણ આ પ્રમાણે છે.

**પાંચ બારીવાળા ઘરમાં રહીને વસ્તુ જોનાર વ્યક્તિ કરતાં ખુલ્લા મેદાનમાં રહીને વસ્તુ જોનાર વ્યક્તિ વધુ સારી રીતે જોઈ શકે છે. તેમ ઈન્દ્રિયજન્ય જ્ઞાનવાળા જીવ કરતાં અતીન્દ્રિય કેવળજ્ઞાન યુક્ત-શુદ્ધ સ્વરૂપવાળો જીવ વધારે સારું જુએ છે.**

પ્રભુના મુખેથી પોતાનું નામ, ગોત્ર અને શંકા સાંભળીને અકંપિતને પ્રભુના સર્વજ્ઞપણા માટે કોઈ શંકા ન રહી. આશ્ચર્યચકિત થઈને તે પ્રભુ પાસેથી પોતાના સંશયનું નિરાકરણ એકાગ્રચિત્તે સાંભળવા લાગ્યા.

સર્વજ્ઞ એવા ભગવાન મહાવીરે પ્રમાણોપેત જવાબ આપવાની શરૂઆત કરી. કોઈપણ પ્રશ્નનો જવાબ તર્કયુક્ત ન્યાયયુક્ત હોવો જોઈએ. જે પ્રમાણ દ્વારા જ આપી શકાય છે. પ્રમાણ એ ન્યાયનો મુખ્ય વિષય છે. જેમાં વિવિધ પાસાઓ દ્વારા સત્યને સિદ્ધ કરવામાં આવે છે. પ્રમાણ યથાર્થ જ્ઞાનનું સાધન છે, સત્ય જાણવાનું સાધન છે. જેનાથી સત્યની અનુભૂતિ થાય છે. પ્રમાણ અનેક પ્રકારના છે. અહીં ભગવાને પ્રાયઃ દરેકની શંકાનું સમાધાન પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ (આગમ) પ્રમાણથી કર્યું છે. જૈન દર્શનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ પ્રસિદ્ધ છે. પરંતુ ઈન્દ્રભૂતિ આદિ આચાર્યો મુખ્યતઃ ત્રણ પ્રમાણોને માનવાવાળા હોવા જોઈએ જે ભગવાનને જ્ઞાત હશે માટે ત્રણ પ્રમાણથી એમની શંકાનું સમાધાન કર્યું છે. જેમની જે માન્યતા હોય એ માન્યતાથી સિદ્ધ કરવામાં આવે ત્યારે એ વાત શીરાની જેમ ગળા નીચે ઉતરી જાય–માન્ય થઈ જાય. આજ પદ્ધતિ ભગવાને અહીં અપનાવી છે જે એમની સર્વજ્ઞતાને સિદ્ધ કરે છે.

ભગવાન સૌ પ્રથમ પ્રત્યક્ષ પ્રમાણથી સાબિત કરતાં કહે છે કે પ્રત્યક્ષ બે પ્રકારના છે. સ્વ પ્રત્યક્ષ અને પર પ્રત્યક્ષ. જે પોતાને પ્રત્યક્ષ હોય એ સિવાયના પ્રત્યક્ષ પણ જગતમાં છે. જેમ કે સિંહ, વાઘ આદિનું દર્શન સર્વને પ્રત્યક્ષ ન હોય તેથી તેનું અસ્તિત્વ નથી એમ ન મનાય. એમ તો દેશ-કાલ-ગામ-નગર સમુદ્રાદિક પદાર્થો પણ તને પ્રત્યક્ષ થતા નથી પણ બીજાઓને પ્રત્યક્ષ હોય તો માનીએ છીએ. એમ નારકી માટે તને એમ સંશય થયો છે કે જેમ ચંદ્રાદિ દેવો-મનુષ્ય-તિર્યંચાદિ પ્રત્યક્ષ છે એમ એનાથી ભિન્ન

જાતિવાળા નારકીઓ તો પ્રત્યક્ષથી જણાતા નથી તો એને કેમ મનાય? પરંતુ અન્ય જીવાદિ પદાર્થની જેમ નારકીઓ મને પ્રત્યક્ષ છે. મારા જેવા સર્વ કેવળીઓને પ્રત્યક્ષ છે માટે પર પ્રત્યક્ષ માનીને એનો તું સ્વીકાર કર. મારું પ્રત્યક્ષ અતીન્દ્રિય છે માટે તને માનવામાં ખચકાટ થતો હોય તો તે અયોગ્ય છે. તું માત્ર ઈન્દ્રિય પ્રત્યક્ષને જ પ્રત્યક્ષ માને છે? તો તે યોગ્ય નથી. કારણ કે ઈન્દ્રિય પ્રત્યક્ષ તો ઉપચાર માત્રથી જ પ્રત્યક્ષ કહેવાય છે. કુંભની જેમ ઈન્દ્રિયો મૂર્તિમાન હોવાથી પોતે વસ્તુને જાણી શકતી નથી પણ તે ઉપલબ્ધિના દ્વારો છે. વસ્તુને ઉપલબ્ધ કરનાર–જાણનાર તો જીવ છે કારણ કે ઈન્દ્રિયોનો વ્યાપાર (સંન્નિકર્ષ) ન થાય તો પણ તે દ્વારા જાણેલ વસ્તુનું સ્મરણ થાય છે. અને ઈન્દ્રિયોનો વ્યાપાર થવા છતાં પણ કોઈ વખત અનુપયોગ હોય તો વસ્તુનો બોધ થતો નથી. એથી પાંચ બારીએથી જાણનાર તેથી ભિન્ન વ્યક્તિની જેમ ઈન્દ્રિયથી ભિન્ન કોઈ જ્ઞાતા છે. ખુલ્લા આકાશમાં જોનારની જેમ સર્વ આવરણ રહિત જે જીવ છે તે અતીન્દ્રિય હોવાથી સેન્દ્રિય જીવ કરતાં વધારે જાણે છે માટે અતીન્દ્રિય પ્રત્યક્ષ શ્રેષ્ઠ છે. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનથી અતીન્દ્રિય પ્રત્યક્ષ કરતાં વધારે જોઈ શકાય છે એવી તારી માન્યતા ભૂલભરેલી છે. પાંચ બારીવાળા ઘરમાં રહીને વસ્તુ જોનાર વ્યક્તિ કરતાં ખુલ્લા મેદાનમાં રહીને વસ્તુ જોનાર વ્યક્તિ વધુ સારી રીતે જોઈ શકે છે. તેમ ઈન્દ્રિયજન્ય જ્ઞાનવાળા જીવ કરતાં અતીન્દ્રિય કેવળજ્ઞાન યુક્ત-શુદ્ધ સ્વરૂપવાળો જીવ વધારે સારું જુએ છે. તેથી કેવળજ્ઞાનાદિ અતીન્દ્રિય જ્ઞાનથી નારકીનું પ્રત્યક્ષ અન્યને થઈ શકે છે. એ પરપ્રત્યક્ષથી નારકીના જીવો સિદ્ધ છે. મને નારકીના જીવો પ્રત્યક્ષ દેખાય છે. નારકીના જીવો પ્રત્યક્ષ દેખાય છે માટે નારકીના જીવો છે એ વાત સિદ્ધ થાય છે જેનો તું સ્વીકાર કર.

અનુમાન પ્રમાણથી પણ નારકી વિદ્યમાન છે. જેમ જઘન્ય મધ્યમ પાપનું ફળ ભોગવનાર તિર્યંચ અને મનુષ્યો છે તેમ ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવનાર પણ કોઈક છે અને તે નારકીઓ છે. કદાચ તને એમ થાય કે જે અત્યંત દુઃખી તિર્યંચ-મનુષ્યો છે તે જ ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવનાર હોવાથી તેમને જ નારકી કહેવામાં શું વાંધો છે? તારી આ માન્યતા બરાબર નથી. કારણ કે જે એવા ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવનારા હોય તે સર્વ પ્રકારે દુઃખી જ હોવા જોઈએ એવું સર્વ પ્રકારનું દુઃખ તે તિર્યંચ વગેરેને નથી હોતું. કારણ કે પ્રકાશ-વૃક્ષની છાયા-શીતળ પવન-નદી-દ્રહ વગેરે સુખના સાધનો તેઓને હોય છે પણ ભોંકાવું, રૂંધાવું, બળવું, કંટકમાં ચાલવું, શીલાઓ પર પછડાવું વગેરે નરક પ્રસિદ્ધ ભયાનક દુઃખો તેઓને નથી હોતાં. તેવા દુઃખો તો નારકીઓને જ હોય છે. તિર્યંચોમાં ગરમી, ભય, ક્ષુધા, તૃષા વગેરે બહુ દુઃખ અને અલ્પ સુખ હોય છે. મનુષ્યોને શરીર અને મન સંબંધી અનેક પ્રકારના સુખ-દુઃખ હોય છે અને દેવોને તો કેવળ સુખ જ હોય છે. દુઃખ તો તેઓને બહુ અલ્પ હોય છે. આ પ્રમાણે હોવાથી હે ભદ્ર નારકીઓ છે એમ માનવું યોગ્ય જ છે.

શબ્દ પ્રમાણથી પણ નારકી સિદ્ધ છે. તમને ઈષ્ટ એવા જૈમિનીય આદિ સર્વજ્ઞના વચનની જેમ હું પણ સર્વજ્ઞ હોવાથી મારું વચન સત્ય છે. તેમજ ભય, રાગ, દ્વેષ અને મોહના અભાવે જ્ઞાયક મધ્યસ્થ પુરુષના વચનની જેમ મારું વચન સર્વ દોષ રહિત હોવાથી સત્ય છે. કદાચ તને થશે તમે સર્વજ્ઞ છો એની શી પ્રતીતિ છે? એના જવાબમાં એ જ કહેવાનું કે પ્રત્યક્ષપણે તારા સર્વ સંશયનો છેદ કરું છું. બીજો પણ જે કોઈ સંશય હોય તે પૂછી શકે છે. માટે મારું વચન શબ્દ પ્રમાણ છે. એનાથી પણ નારકી સિદ્ધ છે.

તને જે શંકા થઈ તે 'नहि वै प्रेत्य नारका: सन्ति' પદનો અર્થ યોગ્ય રીતે ન કર્યો માટે થઈ છે. તેનો અર્થ આ પ્રમાણે છે. પરલોકમાં કોઈપણ નારકીઓ મેરૂ આદિની જેમ શાશ્વતા નથી. પણ જે આ લોકમાં ઉત્કૃષ્ટ પાપ કરે છે તે અહીંથી મરીને નારકી થાય છે. (માટે કોઈએ પણ એવું પાપ ન કરવું કે જેથી પરભવમાં નારકી થવું પડે.) આ પ્રમાણેનો અર્થ ધારણ કરવાથી તારી શંકાનું નિર્મૂલન થઈ જશે.

પ્રભુનો તર્ક સહિત પ્રમાણ સહિત જવાબ સાંભળીને તે અકંપિત આચાર્યની શંકા દૂર થઈ અને પોતાના ૩૦૦ શિષ્યો સાથે પોતાની ૪૮ વર્ષની ઉંમરે ભગવાનને સમર્પિત થઈ ગયા. ત્યાર પછી નવ વર્ષે તેમને કેવળજ્ઞાન થયું અને ગણધરોમાં સૌથી વધારે કેવળી પર્યાય ૨૧ વર્ષનો પાળીને ૭૮ વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા.

ગણધર અકંપિત મહાપંડિત હતા છતાં પણ પરસ્પર વેદ વિધાનને કારણે એમને સંશય થયો અને નારકી પ્રત્યક્ષ ન હોવાને કારણે તર્ક દ્વારા એમની માન્યતાને પુષ્ટિ પણ મળી. પરંતુ ભગવાન મહાવીરને દુનિયાનું સ્વરૂપ સર્વજ્ઞ હોવાને કારણે હાથમાં રહેલા આંબળાની જેમ સ્પષ્ટ દેખાય છે. જેમાં અધોલોકમાં નારકીના સ્થાન છે એ પ્રત્યક્ષથી જાણે છે માટે એમણે પ્રમાણ સહિત જવાબ આપીને એના સંશયને છેદી નાખ્યો.

અહીં આપણને પણ તર્ક થાય કે શું નરક હશે ખરૂં? નરક ન માનીએ તો શું વાંધો આવે? ત્યારે અંદરથી તર્કસંગત જવાબ મળે છે કે જેમ અહીં કોઈ ચોરી, લૂંટ, ખૂન, બળાત્કાર વગેરે અપરાધ કરે તો એને સજા થાય છે, જો સજાની વ્યવસ્થા ન હોય

તો કેટલા બધા અપરાધો થઈ જાય ? એમ આપણે જે પાપ કરીએ છીએ એ ભોગવવાની વ્યવસ્થા ન હોય તો પાપનો ભાર કેટલો વધી જાય અને અંધાધૂંધી ફેલાઈ જાય માટે નરક જેવું સ્થાન હોવું જોઈએ. એ સ્થાન એટલે અહીં જેમ આર્થર રોડ જેલ, તિહાર જેલ, યરવડા જેલ આદિ છે એમ સાત પ્રકારની નરકરૂપી જેલ ભગવાને બતાવી છે જેના નામ ગોત્ર નીચે મુજબ છે.

| નામ | ગોત્ર |
|---|---|
| ૧. ધમા | રત્નપ્રભા–જેમાં રત્નના કુંડ છે. |
| ૨. વંશા | શર્કરાપ્રભા–જેમાં ભાલા અને બરછીથી પણ તીક્ષ્ણ કાંકરાનું બાહુલ્ય છે. |
| ૩. શિલા | વાલુપ્રભા–જેમાં ભાંડભૂજાની રેતી કરતાં પણ વધારે ઉષ્ણરેતી છે. |
| ૪. અંજણા | પંકપ્રભા–લોહી માંસના કાદવ જેવા પુદ્‌ગલો જેમાં છે. |
| ૫. રિટ્ઠા | ધૂમપ્રભા–ધૂમાડાવાળું વાતાવરણ-રાઈ-મરચાંના ધૂમાડાથી પણ તીખો ધૂમાડો છે. |
| ૬. મઘા | તમસ્‌પ્રભા–જ્યાં અંધકાર છે. |
| ૭. માઘવઈ | તમસ્તમપ્રભા–જ્યાં અંધકાર મહિ અંધકાર અર્થાત્‌ ગાઢ અંધકાર છે. |

આ સાત સ્થાનમાં કેવા પાપ કરવાવાળા જઈ શકે એનું વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર-૭મું અધ્યયન ગાથા ૫-૬-૭ हिंसा बाले...एलए એ ત્રણે શ્લોકમાં વર્ણવ્યું છે. જેનો ભાવાર્થ નીચે મુજબ છે.

હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, વિષયાસક્તિ, મહાન આરંભ, મહાન પરિગ્રહ, માંસમદિરાનું સેવન, શોષણ વગેરે. એ સિવાય બીજા હેતુ પણ હોઈ શકે. અધ્યવસાયોની ક્લિષ્ટતા અને એનાથી સંચાલિત કોઈપણ પ્રવૃત્તિ નરકનું કારણ બની શકે છે. આ કારણોનો સમાવેશ નરકાયુના બંધના ચાર કારણોમાં થઈ જાય છે. આ ચાર કારણો આ પ્રમાણે છે.

**(૧) મહા આરંભ (૨) મહા પરિગ્રહ (૩) કુણિમ આહાર (મદ્ય માંસનું સેવન) (૪) પંચેન્દ્રિય જીવોનો વધ.** આ રીતનું પાપ કર્યા પછી એ પાપની તીવ્રતા–મંદતા પ્રમાણે સજા ભોગવવાની આવે. જેમ કે અહીં કોઈનું ખૂન થયું એ ખૂન અજાણતા થયું છે કે જાણી જોઈને, પોતાના સ્વબચાવમાં થયું છે કે ક્ષણિક, ક્રોધાદિકના આવેશમાં થયું છે કે પછી યોજનાબદ્ધ થયું છે એ પ્રમાણે એની પાછળના કારણો પ્રમાણે વરસ-બે વરસ યાવત્‌ આજીવન કેદ થાય છે એમ અહીં નરકમાં પણ કેવા આસક્તિ ભાવથી પાપ કરીને આવ્યો છે એ પ્રમાણે એના નરકનું સ્થાન અને સ્થિતિ નક્કી થાય છે. સાતે નરકની જઘન્ય–ઓછામાં ઓછી અને ઉત્કૃષ્ટ–વધારેમાં વધારે સ્થિતિ કેટલી છે તે નીચે બતાવ્યું છે. તેમજ અહીં એ કેદીઓને કેવી સજા કરવામાં આવે છે જેમકે હંટરથી મારવું, કોરડા મારવા, વિવિધ પ્રકારનો ત્રાસ ગુજારવો, સખત મહેનત કરાવવી એમ ત્યાં પણ ત્રણ પ્રકારની વેદના હોય છે.

(૧) **પરમાધામીકૃત વેદના**-જેનું વર્ણન સૂયગડાંગ સૂત્રના પાંચમા અધ્યયન નરક વિભક્તિમાં જોવા મળે છે. જેમાં નારકીને મારે, બાળે, તળે, એનું જ માંસ તળીને ખવડાવે, ધગધગતા થાંભલા સાથે ભેટાવે, ગરમ સીસું પીવડાવે, ભાલા-બરછી વગેરેથી અંગ છૂટા પાડે વગેરે.

(૨) **પરસ્પર-અન્યોન્યકૃત વેદના**-અંદરોઅંદર એકબીજાને વાઢકાપ કરીને દુઃખ પહોંચાડે, વિવિધ શસ્ત્રો (ગદા, મુશલ, તીર આદિ)ની વિકુર્વણા કરી પરસ્પર મારે, વિવિધ જંતુઓના આકાર કરી એકબીજાના શરીરમાં ઘુસીને હેરાન કરે.

(૩) **ક્ષેત્ર વેદના**-નારકીનું ક્ષેત્ર જ એવું છે જેને કારણે ત્યાં ૧૦ પ્રકારની વેદના સતત ચાલુ હોય. અનંત ક્ષુધા, અનંત તૃષા, અનંત શીત, અનંત તાપ, અનંત મહાજ્વર, અનંત ખુજલી, અનંત રોગ, અનંત અનાશ્રય, અનંત શોક અને અનંત ભય. આ ૧૦ પ્રકારની વેદનાને સાતે નરકના જીવો પ્રતિક્ષણ અનુભવે છે. આંખનું મટકું મારીએ એટલી વાર પણ આરામ ન હોય.

સાતે નરકની સ્થિતિ અને વેદના

| નર્ક | જઘન્ય | ઉત્કૃષ્ટ | |
|---|---|---|---|
| ૧. | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ | ત્રણે પ્રકારની વેદના |
| ૨. | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ | ત્રણે પ્રકારની વેદના |
| ૩. | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ | ત્રણે પ્રકારની વેદના |
| ૪. | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | બે પ્રકારની પરસ્પર અને ક્ષેત્ર વેદના |
| ૫ | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ | બે પ્રકારની પરસ્પર અને ક્ષેત્ર વેદના |
| ૬. | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ | માત્ર ક્ષેત્ર વેદના |
| ૭. | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ | માત્ર ક્ષેત્ર વેદના |

સાગરોપમ=સાગરની ઉપમા દ્વારા જે કાળને જાણી શકાય તે. અસંખ્યાતા વર્ષે ૧ પલ્યોપમ થાય એવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમ=૧ સાગરોપમ.

આમ આટલા વર્ષ સુધી સજા ભોગવ્યા પછી નરકમાંથી છૂટાય છે. આમ સંક્ષિપ્ત વર્ણન જાણીને આપણે પણ આપણું જીવન કેવું બનાવવું એ નક્કી કરીને સંયમપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરીએ.

✷✷✷

૪૨૩, જેઠવા નિવાસ, ૪૪૮, ડૉ. બી. આર. આંબેડકર રોડ, માટુંગા, કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯. મોબાઈલ : ૯૮૬૯૭૮૭૬૯૨.

# નવમા ગણધર – શ્રી અચલભ્રાતાજી

❑ ભારતી બી. શાહ

[ *શ્રાવિકા લેખિકા જૈન ધર્મના અભ્યાસી, પ્રભાવક વક્તા, 'મંગલયાત્રા' અને 'આત્મધારા'ના માનદ તંત્રી તેમજ જૈન સોશ્યલ ગ્રુપો દ્વારા યોજાતી સામાજિક ને ધાર્મિક સેવાક્ષેત્રે સક્રિય છે. તેમજ આ સંસ્થા મું. જૈન યુવક સંઘ તેમજ અન્ય સંસ્થાના સક્રિય કાર્યકર છે.* ]

બંગદેશની કોસલાનગરીના જાણીતા પ્રસિદ્ધ વિપ્રશ્રેષ્ઠ હારીત ગોત્રના વસુદેવ બ્રાહ્મણના પુત્ર અચલભ્રાતા પ્રભુ મહાવીર સ્વામીના નવમા ગણધર હતા.

જ્યારે પ્રભુના આઠમા ગણધર શ્રી અકંપિત પંડિત આદિ પોતાના શિષ્ય પરિવાર સાથે સર્વજ્ઞ મહાવીર પાસે જઈને પોતાની શંકાનું સમાધાન મેળવી લે છે ત્યારે પોતાના ૩૦૦ શિષ્યો સાથે સંયમ અંગીકાર કરીને પ્રભુના શિષ્યો બને છે અને સમવસરણમાં નવમા પંડિત પ્રવર અચલભ્રાતા પણ પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે જવાનો વિચાર કરે છે અને સમવસરણમાં પ્રભુ મહાવીર પાસે આવી ઊભા રહે છે.

સર્વજ્ઞ સર્વદર્શી સમતાના સાગર કરૂણાના ભંડાર એવા ભગવંતે તેમને નામ અને ગોત્રપૂર્વક સંબોધન કરી બોલાવતાં કહ્યું : 'હે હરિત ગોત્રીય અચલભ્રાતા પધારો...ખુશીથી પધારો...' આવો મીઠો-મધુરો આવકાર મળતાં પંડિત અચલભ્રાતા સ્તબ્ધ બની ગયા.

પ્રભુએ અચલભ્રાતાના મનોભાવ અને શંકાને પ્રગટ કરતાં કહ્યું: હે સોમ્ય! તારા મનમાં એવી શંકા છે કે પુણ્ય-પાપ જેવું કંઈ છે કે નહીં? અદૃષ્ટ દેખાતા એવા પુણ્ય-પાપ હોઈ શકે ખરા? આ પ્રમાણે તારા મનમાં પુણ્ય-પાપ વિશે શંકા છે. હે અચલભ્રાતા! તને આ સંશય થવામાં કારણભૂત પરસ્પર વિરુધ્ધાર્થ વેદનાં પદો છે. તે વેદનાં પદોનો અર્થ બરાબર ન સમજાતાં આ શંકા થઈ છે અને જે વેદ વાક્યો પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા તારી સામે આવ્યા તેનો આશય તું ન સમજી શક્યો એટલે તને સંશય ઊભો થયો. તેં વેદવાક્યથી એમ નક્કી કરી લીધું છે કે આત્મા સિવાય પુણ્ય પાપાદિ જેવું કંઈ જ આ જગતમાં નથી.

***પુણ્ય અને પાપ બંને કર્મજન્ય હોવાથી જીવ કર્મ સાથે જોડાય છે વ્યવહારથી, વિચારથી અને શરીરથી. આ ચારગતિના ચક્કરમાં પુણ્ય અને પાપ બાંધતો જ રહે છે. જેમ એક નર્તકી મંચ ઉપર આવીને નાચીને બધાં દર્શકોને ખુશ કરી જાય છે તે જ રીતે કાલ અવધિના નિયમ પ્રમાણે ઉદયમાં આવતાં પુણ્ય કર્મો અને પાપ કર્મો જીવોને સુખ અને દુઃખ આપીને ચાલ્યા જાય છે. નવ પ્રકારે પુણ્ય બંધાય છે અને ૧૮ પ્રકારે પાપ બંધાય છે.***

બીજી બાજુ વેદના એવા પણ વાક્યો આવ્યા, જેવા કે **પુણ્યઃ પુણ્યેન કર્મણા, પાપઃ પાપેન કર્મણા** અર્થાત્ પુણ્ય એટલે શુભ કર્મ વડે પ્રાણી પુણ્યશાળી થાય છે અને પાપ એટલે અશુભ કર્મ વડે જીવ પાપી બને છે. આ વેદ વાક્યોથી તો પુણ્ય-પાપની સત્તા જણાય છે. આમ બે અલગ વેદ વાક્યોના અર્થે તું દ્વિધામાં પડી ગયો. મનમાં શંકા જાગી, હવે શું કરવું? પુણ્ય-પાપ માનવું કે ન માનવું. એજ પુણ્ય-પાપનું અસ્તિત્વ ન માનવામાં આવે તો દાનનું ફળ પુણ્ય અને હિંસાનું ફળ પાપ જે મનાય છે તે સર્વ નિષ્ફળ અસંગત સિદ્ધ થઈ જશે અને જો પુણ્ય-પાપનો નિષેધ થશે તો દાન-હિંસાદિ પ્રવૃત્તિઓ તો એકધારી-એકસરખી ચાલુ જ છે અને બીજું પણ આ સંસારમાં સ્પષ્ટ દેખાય છે કે દરેક પ્રાણી સુખ-દુઃખ અનુભવે છે, કોઈ માણસ સુખી છે તો કોઈ માણસ દુઃખી છે તો પછી તેનું કારણ શું? માટે આ સંસારમાં જો સુખ-દુઃખ છે તો તેનું કારણ પણ પુણ્ય-પાપ છે એ સ્પષ્ટ થાય છે માટે પુણ્ય પાપનો નિષેધ કરવાનો નથી. પુણ્ય–પાપ અવશ્ય છે.

હે અચલભ્રાતા! તારી સમક્ષ પુણ્ય–પાપ વિશેના જુદા જુદા મતો ઉપસ્થિત છે તેમાંથી પણ તું નિર્ણય નથી કરી શકતો કે ખરો પક્ષ કયો હશે? પુણ્ય-પાપ વિશેના તારી સામે ઉપસ્થિત મતો આ પ્રમાણે છે.

૧.પુણ્ય હશે?
૨.પાપ હશે? અથવા
૩.ઉભય મિશ્ર હશે!
૪.બંને ભિન્ન હશે!
૫.શું આ જીવનો પ્રપંચ માત્ર સ્વભાવથી જ ચાલતો હશે. તો

આ માટે હું તને વિશેષ પ્રકારે સમજાવું છું જેનાથી તને

બરાબર સ્પષ્ટતા થશે.

૧. માત્ર પુણ્ય જ છે અને પાપ નથી.

૨. માત્ર પાપ જ છે પુણ્ય નથી.

૩. પુણ્ય અને પાપ શું મેચકમણિની જેમ બંને મિશ્ર છે અર્થાત્ મેચકમણિમાં વિવિધ રંગો હોવા છતાં તે એક સાધારણ વસ્તુ છે તેમ સુખ અને દુઃખરૂપ ફળ આપનાર કોઈ એક જ સાધારણ રૂપ છે.

૪. સુખનું ફળ આપનાર પુણ્ય અને દુઃખનું ફળ આપનાર પાપ શું બંને જુદા જુદા સ્વતંત્ર છે.

૫. શુભાશુભ કર્મરૂપ પુણ્ય-પાપ જેવી કોઈ વસ્તુ જ નથી અને આ સંસારનો ભવપ્રપંચ માત્ર સ્વભાવથી જ ચાલે છે.

એકલા પુણ્યને જ માનવાથી સુખ-દુઃખ ઘટી શકે છે તો પછી પાપને માનવાની કોઈ જરૂર જ નથી રહેતી પણ જ્યારે માત્ર એકલા દુઃખનો જ અનુભવ પાપ છે ત્યારે પુણ્ય ઓછું થયું ને પાપનો ઉદય વધારે થયો તેમ માનવામાં આવે છે.

હે અચલભ્રાતા! જો પુણ્યની વૃદ્ધિના આધારે મસ્ત મોટું સુખી શરીર માનવામાં આવે અને પુણ્યના ઘટવાથી નાનું દુઃખી શરીર એમ જો માનવામાં આવે તો શું આ બરાબર છે? વધારે પુણ્યથી વધારે મોટું શરીર આમ જો માનીએ તો ચક્રવર્તી કરતાં પણ હાથીનું શરીર મોટું છે. એટલે શું ચક્રવર્તી કરતાં હાથીનું વધારે પુણ્ય માનવું અને ચક્રવર્તીનું ઓછું પુણ્ય માનવું? આમ માનવું પણ યોગ્ય નથી. દુઃખની પાછળ સ્વતંત્ર પાપને જ કારણભૂત માનવું જોઈએ અને સુખની પાછળ સ્વતંત્ર પુણ્યને જ કારણ માનવું જોઈએ.

હે અચલભ્રાતા! થોડું પણ હોય તો સોનું સોનું જ કહેવાય અને વધારે પણ હોય તો સોનું સોનું જ કહેવાય. એ જ પ્રમાણે વધારે પુણ્યથી વધારે સુખ અને ઓછા પુણ્યથી ઓછું સુખ મળશે આમ સ્વતંત્રપણે પુણ્ય-પાપની સિદ્ધિ થાય છે.

પાપ-પુણ્ય એક જ સિક્કાની બે બાજુની જેમ છે. આપણને મન, વચન અને કાયાના ત્રણ સાધનો મળ્યા છે. આ સાધનો દ્વારા ખરાબ કે સારાં, શુભ કે અશુભ કાર્યો કરીએ છીએ તે મુજબ પુણ્ય-પાપ નક્કી થાય છે. **જગતનો શાશ્વત નિયમ છે કે જ્યારે દુઃખ ઉદયમાં આવે છે તે પાપોદયના કારણે જ આવે છે. અને જ્યારે સુખ મળે છે તે પુણ્યોદયના કારણે જ મળે છે. આ સર્વ શાસ્ત્રોમાં કંડારાયેલું સત્ય વચન છે માટે કોઈએ પણ પાપ ન કરતા પુણ્ય-ધર્મ કરવા જોઈએ. પાપ કરવાથી સુખ કોઈ પણ કાળે મળતું નથી.**

અચલભ્રાતા પ્રભુ મહાવીરને પુછે છે : એક પક્ષ એવો પણ છે કે જે પુણ્ય-પાપ જેવી કોઈ વસ્તુ માનવા જ તૈયાર નથી. કર્મ ને પણ માનવા તૈયાર નથી. તેઓ એમ જ માને છે કે આખો સંસાર સ્વભાવથી ચાલે છે અને સ્વભાવથી જ આ સંસારની વિચિત્રતા સિદ્ધ થાય છે. જીવોનો સુખ-દુઃખ પણ કોઈ હેતુ નથી માત્ર સ્વભાવથી જ સુખી-દુઃખી થાય છે. આમ કેમ?

પ્રભુ મહાવીર કહે છેઃ હે અચલભ્રાતા! આ વાત પણ બિલકુલ યોગ્ય નથી. જો પુણ્ય, પાપ, કર્મ વગેરે કાંઈ જ નથી અને સુખ-દુઃખની પાછળ જો કોઈ કારણ જ નથી એમ માનીશ તો સંસારમાં કાં તો બધા સુખી જ હોવા જોઈએ અને કાં તો બધા દુઃખી જ હોવા જોઈએ. પરંતુ હે અચલભ્રાતા! આ ક્યારેય શક્ય નથી. પ્રત્યક્ષ વિરૂદ્ધ છે. જીવ અને કર્મના સંયોગનો જે પુણ્ય અને પાપરૂપ પરિણામ વિશેષ છે, તે કાર્ય કારણના બે અનુમાન છે–કારણાનુમાન અને કાર્યાનુમાન.

> ***હે અચલભ્રાતા! થોડું પણ હોય તો સોનું સોનું જ કહેવાય અને વધારે પણ હોય તો સોનું સોનું જ કહેવાય. એ જ પ્રમાણે વધારે પુણ્યથી વધારે સુખ અને ઓછા પુણ્યથી ઓછું સુખ મળશે આમ સ્વતંત્રપણે પુણ્ય-પાપની સિદ્ધિ થાય છે.***

દાન આપવું તે ક્રિયા છે પણ તે પુણ્યનું કારણ બને છે જ્યારે હિંસા કરવી તે પણ ક્રિયા તો છે જ પરંતુ પાપનું કારણ બને છે. આ પ્રમાણે પુણ્ય-પાપને કારણાનુમાનથી સ્વીકારવા જોઈએ.

કાર્ય હોય તો તેની પાછળ કારણ અવશ્ય હોવું જોઈએ. જેમ કે શરીર એક કાર્ય છે. માતા-પિતા તો એક કારણ છે. એક માત્ર નિમિત્ત છે પણ તેમના સંયોગે કોઈ જીવ અપંગ, આંધળો, મૂંગો અને બહેરો બને તો એ જીવના પાપ કર્મના પ્રમાણે જ તેને શરીર મળે. આ રીતે કાર્યાનુમાન અને કારણાનુમાનથી બંને રીતે અદૃષ્ય પુણ્ય-પાપની સિદ્ધિ થાય છે.

પ્રશ્ન : હે ભગવંત! સુખ અને દુઃખમાં કારણને અદૃષ્ટ પુણ્ય–પાપરૂપે જ શા માટે માનવા? જો તે કારણને દૃષ્ટ માની લઈએ તો પુણ્ય-પાપની સત્તાનો કોઈ પ્રશ્ન જ ના રહે. જેમ પગમાં કાંટો વાગ્યો અને માણસ દુઃખી થયો. અત્તર-સુખડ વગેરે લગાડવાથી સુખ અનુભવાય છે વગેરે ઘણાં કારણો દૃષ્ટ છે તો પછી અદૃષ્ટ એવા પુણ્ય-પાપને શા માટે માનવા પડે?

જવાબ : હે અચલભ્રાતા, ના! એ પણ માની ન શકાય કારણ કે એકસરખા દૃષ્ટ કારણો હોવા છતાં પણ વિચિત્રતા દેખાય છે. દા. ત. અત્તર સુખડ લગાડેલા માણસને શું રડતો નથી જોયો? શું સુખી-સાધન સંપન્ન માણસને રોગગ્રસ્ત નથી જોયો? જો

## 'અનુત્તરયોગી મહાવીર' ભગવાન મહાવીરની ચેતનાની ફળશ્રુતિ

*હિન્દી ભાષાના જાણીતા લેખક શ્રી વિરેન્દ્રકુમાર જૈને એમના પુસ્તક 'અનુત્તરયોગી મહાવીર' જે ચાર ભાગમાં વહેંચાયેલું છે અને હિન્દી ભાષામાં લખાયેલું છે, એમાં ગણધરો અને ભગવાન મહાવીરનો સંવાદ રજૂ કર્યો છે. એ સંવાદનો ભાષાવૈભવ, વિચારવૈભવ, અનેકાંત દૃષ્ટિકોણ અને સમન્વયાત્મકતા માણવા જેવા છે.*

*આ પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી વિરેન્દ્રકુમાર જૈને લખ્યું છે કે,*

*'ભગવાન મહાવીરની ચેતનાએ છ વર્ષ સુધી મારી ચેતનાનો કબ્જો લઈ લીધો હતો અને ભગવાન મહાવીરની ચેતનાએ જ આત્મકથાના રૂપમાં આ પુસ્તક મારી પાસે લખાવ્યું છે. છ વર્ષ સુધી હું કાંઈ પણ કામ-ધંધો કરી શક્યો ન હતો. ક્યારેક રાત્રે ૧૨ વાગ્યે પણ ભગવાન મહાવીરની ચેતના મને ઉઠાડતી અને મારી પાસે લખાવતી.'*

એના ઉત્તરમાં હા, પાડતા હો તો સુખનો આધાર દૃષ્ટ કારણો ઉપર એક સરખો જ છે માટે અદૃષ્ટ પુણ્ય-પાપને જ કારણ માનીશું તો જ સમાધાન થશે.

બીજું હે અચલભ્રાતા! નારકીના જીવો ૧ મિનિટનું સુખ પણ પામતાં નથી. માત્ર તીર્થંકરોના પાંચ કલ્યાણક પ્રસંગોએ બેઘડી માત્ર નારકીના જીવો સુખ પામે છે તો પણ પુણ્ય તીર્થંકરનું છે માટે પુણ્ય-પાપ બંનેને સંકીર્ણ મિશ્ર માનીએ તો એકની વૃદ્ધિ થવાથી બીજાની પણ વૃદ્ધિ માનવી જોઈએ; પણ એમ બનતું નથી.

પુણ્ય-પાપ શું છે? પુણ્ય અને પાપ બંને કર્મજન્ય હોવાથી જીવ કર્મ સાથે જોડાય છે વ્યવહારથી, વિચારથી અને શરીરથી. આ ચારગતિના ચક્કરમાં એ પુણ્ય અને પાપ બાંધતો જ રહે છે. જેમ એક નર્તકી મંચ ઉપર આવીને નાચીને બધાં દર્શકોને ખુશ કરી જાય છે તે જ રીતે કાલ અવધિના નિયમ પ્રમાણે ઉદયમાં આવતાં પુણ્ય કર્મો અને પાપ કર્મો જીવોને સુખ અને દુઃખ આપીને ચાલ્યા જાય છે. નવ પ્રકારે પુણ્ય બંધાય છે અને ૧૮ પ્રકારે પાપ બંધાય છે.

એક પણ આત્મા માટે પાપો કરવા, પાપોનું સેવન કરવું અથવા બીજા પાસે પાપ કરાવવા એ હિતકર્તા નથી.

હે અચલભ્રાતા! જીવો પાપના રસ્તા છોડી, પાપ ન કરવાની પ્રતિજ્ઞા (પચ્ચક્ખાણ) કરશે તેટલા અંશે ધર્મી બનશે અને શુભકર્મો બંધાશે.

પુણ્ય અને પાપનું લક્ષણ શું? **આત્માનં પુનાતીતી પુણ્યમ્.** આત્માને જે પવિત્ર કરે તે પુણ્ય, અને જે આત્માને મલિન કરે છે તે પાપ.

અંતમાં છેલ્લો પ્રશ્ન અચલભ્રાતા પૂછે છેઃ હે ભગવંત! પાપ કર્મ ન બંધાય તે માટે શું કરવું? કેવી રીતે ચાલવું? કેવી રીતે ઊભા રહેવું? કેવી રીતે બેસવું? કેવી રીતે સૂવું? કેવી રીતે ભોજન કરવું? કેવી રીતે બોલવું? જેથી પાપકર્મ ન બંધાય. કારણ કે ડગલે ને પગલે સર્વ ક્રિયાઓ દ્વારા કર્મ બંધાય છે તો શું કરવું?

ભગવાને ઉત્તર આપતાં કહ્યુંઃ **હે શિષ્ય! જયણાપૂર્વક ચાલ, જયણાપૂર્વક ઊભો રહે, જયણાપૂર્વક બેસ, જયણાપૂર્વક સુવાનું અને બોલવાનું, જેથી પાપકર્મ ન બંધાય અર્થાત્ સર્વક્રિયામાં જયણા રાખ, ચેતના રાખ, જીવરક્ષાનો ઉપયોગ રાખ એજ મહત્વનું છે. જેના દ્વારા પાપ બંધાશે નહિ.**

આમ પુણ્ય અને પાપના વિષયની શ્રી વીરપ્રભુ સાથે ચર્ચા કરીને નવમા દ્વિજોત્તમ વિદ્વાન પંડિત શ્રી અચલભ્રાતના મનની શંકાનું સમાધાન થયું. પુણ્ય-પાપનું સાચું સ્વરૂપ સમજી ગયા. અને સર્વ સમર્પિત ભાવથી બ્રાહ્મણત્વનો ત્યાગ કરીને આર્હત પ્રવ્રજ્યા સ્વીકારી સ્વપક્ષનો ત્યાગ કરી સત્યપ્રત્યક્ષ સ્વીકાર્યો અને શ્રી અચલભ્રાતા સ્વામી બન્યા. ભગવાન પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. એ સમયે તેઓ ૪૯ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરી ચૂક્યા હતા. ૨૬ વર્ષ સુધી ચરિત્રધર્મ પાળ્યું અને તેમાં પણ ૧૨ વર્ષ સુધી વૃદ્ધાવસ્થામાં રહી ઉંમરના ૫૮મા વર્ષે ક્ષપક શ્રેણી માંડી ચાર ઘનઘાતી કર્મો ખપાવી સાચા વીતરાગ અને સર્વજ્ઞ સર્વદર્શી કેવળજ્ઞાની બન્યા. ૧ માસના નિર્જળ ઉપવાસ કર્યા અને ૭૨ વર્ષની અંતિમ ઉંમરે ભગવાનની હયાતિમાં જ રાજગૃહી નગરીમાં મોક્ષ પામ્યા.

આ પ્રમાણે પુણ્ય-પાપના તત્વનું રહસ્ય સમજી આપણે પણ સર્વત્ર પાપ તત્વોનો ત્યાગ કરી પરમપદ પામીએ એ જ શુભકામના.

✶ ✶ ✶

A-ગૌતમધન, દાદાભાઈ રોડ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬. મોબાઈલ : ૦૯૩૨૪૧૧૫૫૭૫

# દસમા ગણધર – શ્રી મેતાર્ય પંડિત

☐ ડૉ. કલા શાહ

*[ વિદુષી શ્રાવિકા ડૉ. કલાબેન જૈનતત્ત્વના અભ્યાસી, ચિંતક અને લગભગ દશેક ગ્રંથોના કર્તા છે. મુંબઈની મહર્ષિ દયાનંદ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપિકા તરીકે એઓશ્રીએ દીર્ઘ સેવા આપી છે. મુંબઈ યુનિવર્સિટીના માન્ય પીએચ.ડી. માર્ગદર્શક છે અને અત્યાર સુધી લગભગ ૨૦ અભ્યાસીઓએ એમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ]*

દશમા ગણધરનું નામ હતું મેતાર્ય પંડિત. પરલોક છે કે નહીં એવા સંશયથી હતા વ્યથિત.

'ગણ' એટલે 'સમાન વાચના ગ્રહણ કરતા શિષ્યોનો સમૂહ' આવા ગણને ધારણ કરનારાને મહાત્મા ગણધર કહેવામાં આવે છે. ગણધર નામકર્મના ઉદયથી તેઓ આ પદને પામે છે. પ્રત્યેક તીર્થંકરોના મુખ્ય શિષ્યો ગણધરો હોય છે. આ ભરત ક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં ૧૪૪૮ ગણધરો થયાની વાત પ્રસિદ્ધ છે. તેમાં અંતિમ તીર્થપતિ ભગવાન મહાવીરના અગિયાર ગણધરો હતા. પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી હતા. આવશ્યક સૂત્ર, વિવિધ તીર્થકલ્પ વગેરે ગ્રંથોને આધારે અગિયાર ગણધરોનો પરિચય અને લબ્ધિઓનું રસમય વર્ણન પ્રાપ્ત થાય છે. અગિયાર ગણધરોના નામ નીચે પ્રમાણે છે.

**આત્મા નિષ્ક્રિય નથી કારણ કે તે દેવદત્તની જેમ ભોક્તા છે. માટે તું પણ ઈન્દ્રભૂતિની જેમ આત્માને અનંત અસર્વગત માની લે. આ રીતે આત્મા એક નથી પણ અનંત છે. સર્વવ્યાપી નથી પણ શરીર માત્ર વ્યાપી છે. નિષ્ક્રિય નથી પણ સક્રિય છે.**

(૧) શ્રી ગુરુ ગૌતમ (૨) શ્રી અગ્નિભૂતિ (૩) શ્રી વાયુભૂતિ (૪) શ્રી વ્યક્ત (૫) શ્રી સુધર્મા સ્વામી (૬) શ્રી મંડિત પુત્ર (૭) શ્રી મૌર્યપુત્ર (૮) શ્રી અકંપિત (૯) શ્રી અચલભ્રાતા (૧૦) શ્રી મેતાર્ય (૧૧) બાલસંયમી પ્રભાસ ગણધર.

**મેતાર્ય ગણધર : જીવનની સંક્ષિપ્ત રૂપરેખા**

દશમા શ્રી મેતાર્ય ગણધર–વચ્છદેશાન્તર્ગત તુંગિક નામના ગામના હતા. તેઓ કૌડિન્ય ગોત્રના, પિતાશ્રી દત્તબ્રાહ્મણ અને વરુણદેવીના પુત્ર હતા. તેમની જન્મ રાશિ મેષ હતી, જન્મ-નક્ષત્ર અશ્વિની હતું. તેઓ સમર્થ પંડિત હતા.

તેઓ ૩૦૦ શિષ્યોના અધ્યાપક-ગુરુ હતા. **તેમને 'પરલોક છે કે નહિ?' તે વિશે સંશય હતો.** પ્રભુ મહાવીરે તેમના સંશયને દૂર કર્યો. તેમણે ૩૭ વર્ષની વયે દીક્ષા લીધી અને ગણધર પદ પામ્યા.

તેઓ દસ વર્ષ છદ્મસ્થપણામાં રહ્યા. સુડતાલીસમા વર્ષની શરૂઆતમાં કેવળી થયા. તેઓ સોળ વર્ષ કેવળીપણે વિચર્યા અને બાસઠ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ પરમપદને પામ્યા.

**પરલોક ચર્ચા**

દશમા ગણધર મેતાર્ય પંડિત 'પરલોક છે કે નહીં?' એવા સંશયથી વ્યથિત હતા. મેતાર્યે વિચાર્યું કે હું પણ ભગવાનની પાસે જાઉં, વંદના કરું અને સેવા કરું. જાતિ-જરા-મરણથી મુક્ત એવા ભગવાને સર્વજ્ઞદર્શી હોવાથી તેમણે 'મેતાર્ય કૌડિન્ય' એમ નામ ગોત્રથી આમંત્રણ આપ્યું.

પ્રભુએ મેતાર્યને કહ્યું,

किं मन्ने परलोगो, अत्थि नत्थित्ति संसओ तुज्झ ।
वेयपयाण य अत्थं, न याणसि तेसिमो अत्थो ।। (૧૯૫૧)

હે મેતાર્યજી ! 'તમે મનમાં એમ માનો છો કે શું પરભવ છે કે નથી? આવો સંશય તમને છે પણ વેદપદોના અર્થને તમે જાણતા નથી.

मन्नसि जइ चेयण्णं, मज्जंगमउ व्व भूयधम्मोत्ति।
तो नत्थि परलोगो, तन्नासे जेण तन्नासो।। (૧૯૫૨)

તમે માનો છો કે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ હોય તો પરલોક નથી જ. કારણ કે ભૂતોના નાશની સાથે જ ચૈતન્યનો નાશ થઈ જાય છે. જો ચૈતન્ય એ પૃથ્વી-જલ-વાયુ-તેજ અને આકાશ એ પાંચ ભૂતોનો ધર્મ હોય તો ભૂતોના નાશની સાથે તે ચૈતન્યનો પણ નાશ થાય છે એટલે પરલોક નથી. દા. ત. મદિરાના અંગોનો નાશ થયે તેની ધર્મભૂત એવી મદિરા શક્તિનો નાશ થાય છે. અને ચૈતન્ય એ ભૂતોથી ભિન્ન છે તેથી પરલોક નથી.

अह वि तदत्थंरया, न य निच्चत्तणमओ वि तदवत्थं ।
अनलस्स वाऽरणीओ, भिन्नस्स विनासधम्मस्स ।।(૧૯૫૩)

આમ ચૈતન્ય એ ભૂત ધર્મ નથી પણ ભૂતોમાંથી ઉત્પન્ન થનારો ભિન્ન પદાર્થ છે તેથી ઉત્પત્તિ ધર્મવાળું છે માટે વિનાશ ધર્મવાળું છે. આ રીતે પાંચ ભૂતોથી ભિન્ન માનેલું એવું ચૈતન્ય અનિત્ય

છે. નાશ પામનારું છે.

શ્રી મેતાર્યજી તમે માનો છો કે ભૂતોમાં રહેલો એક જ આત્મા છે તે સર્વ ભૂતોમાં રહેલો છે. જલમાં પ્રતિબિંબ રૂપે દેખાતા ચંદ્રની જેમ એક હોવા છતાં તે બહુરૂપે દેખાય છે. એ જ રીતે જીવ સર્વવ્યાપી છે અને ગમનાગમન વિનાનો છે. એક હોવા છતાં બહુરૂપે દેખાય છે. તેથી પરલોક નથી.

अह एगो सव्वगओ, निक्किरिओ तहवि नत्थि परलोओ ।
संसरणाभावाओ वोमस्स व सव्वपिंडेसु ।।(१९५४)

સર્વ શરીરોમાં એક જ આત્મા છે, તે નિષ્ક્રિય છે અને સર્વવ્યાપી છે. સંચરણ ક્રિયા નથી. જેમ આકાશ સર્વવ્યાપી છે અને નિષ્ક્રિય છે તેથી તેમાં ગમનાગમન ક્રિયા થતી નથી. અને સર્વવ્યાપી આત્મા એક છે એમ માનીએ તો પણ પરલોકગમન સિદ્ધિ થતી નથી.

પરલોકની શંકા આગળ વધે છે.

इहलोगाओ व परो सुराइलोगो न सो वि पच्चक्खो ।
एवं पि न परलोगो, सव्वइ य सुईसु तो संका ।। १९५५

આ લોકથી પર એવો લોક તે પરલોક. દેવ-નરક વગેરે જે ભવ તે પરલોક. પણ તે પ્રત્યક્ષ દેખાતો નથી તેથી પરલોક સિદ્ધ થતો નથી પણ શ્રુતિશાસ્ત્રોમાં પરલોકની વાતો છે. તેથી પરલોકની શંકા તમને થઈ છે.

> ***'આત્મા શરીરમાં જ વ્યાપ્ત છે તે સર્વવ્યાપક નથી કારણ કે તેના ગુણો શરીરમાં જ ઉપલબ્ધ થાય છે. જેમ સ્પર્શનો અનુભવ આખા શરીરમાં જ થતો હોવાથી અને અન્યત્ર ન હોવાથી સ્પર્શેન્દ્રિય માત્ર શરીર વ્યાપી છે તે પ્રમાણે આત્માને પણ શરીરવ્યાપ્ત જ માનવો જોઈએ.'***

મેતાર્ય પ્રભુજીને પોતાની આ બધી શંકાઓનું નિવારણ કરવાનું કહે છે ત્યારે પ્રભુજી એક પછી એક શંકાઓનું સમાધાન કરતા જાય છે. ચૈતન્ય એ ભૂતોનો ધર્મ છે. તેનું પ્રતિવિધાન નીચે પ્રમાણે છે

भूइंदियाइरित्तस्स चेयणा सो य दव्वओ निच्चो ।
जाइस्सरणाईहिं पडिवज्जसु वाउभूइव्व ।। १९५६

ભૂત-ઈન્દ્રિય વગેરેથી ભિન્ન એવા આત્માનો ચૈતન્ય ધર્મ છે. અને તે આત્મા જાતિસ્મરણ આદિ હેતુઓ વડે દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય સિદ્ધ થાય છે એટલે વાયુભૂતિની જેમ તારે પણ આત્માને માનવો જોઈએ.

અનેક આત્માને બદલે એક જ સર્વગત અને નિષ્ક્રિય આત્મા શા માટે ન માનવો એવા મેતાર્યના પ્રશ્નમાં કહે છે-

'न य एगो सव्वगओ, निक्किरिओ लक्खणाइभेयाओ।
कुंभादउव्व बहवो, पडिवज्ज तमिंदभूइव्व ।। १९५७

આ આત્મા એક સર્વવ્યાપી અને નિષ્ક્રિય નથી કારણ કે ઘટાદિની જેમ તેમાં લક્ષણભેદ છે તેથી અનેક ઘટાદિની જેમ આત્માને પણ અનેક માનવા જોઈએ. તેથી ઈન્દ્રભૂતિની જેમ તું પણ આત્માને અનેક માની લે.

આત્માના લક્ષણભેદ વિશે મેતાર્યને પ્રભુ સમજાવે છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે અને રાગદ્વેષ-કષાય અને વિષયાદિ ભેદોને કારણે અનંત અધ્યવસાય હોવાથી તે ઉપયોગ અનન્ત પ્રકારના દેખાય છે તે રીતે આત્મા પણ અનન્ત હોવા જોઈએ.

આત્મા અનંત છતાં સર્વવ્યાપી કેમ ન હોય એ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે, 'આત્મા શરીરમાં જ વ્યાપ્ત છે તે સર્વવ્યાપક નથી કારણ કે તેના ગુણો શરીરમાં જ ઉપલબ્ધ થાય છે. જેમ સ્પર્શનો અનુભવ આખા શરીરમાં જ થતો હોવાથી અને અન્યત્ર ન હોવાથી સ્પર્શેન્દ્રિય માત્ર શરીર વ્યાપી છે તે પ્રમાણે આત્માને પણ શરીરવ્યાપ્ત જ માનવો જોઈએ.'

આત્મા નિષ્ક્રિય શા માટે નથી માનતા એ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે–આત્મા નિષ્ક્રિય નથી કારણ કે તે દેવદત્તની જેમ ભોક્તા છે. માટે તું પણ ઈન્દ્રભૂતિની જેમ આત્માને અનંત અસર્વગત માની લે. આ રીતે આત્મા એક નથી પણ અનંત છે. સર્વવ્યાપી નથી પણ શરીર માત્ર વ્યાપી છે. નિષ્ક્રિય નથી પણ સક્રિય છે.

આત્મા અનેક છે એવું પ્રમાણથી સિદ્ધ થતું હોવાથી માની શકાય પણ તેનો દેવ-નારકરૂપ પરલોક દેખાતો નથી તો શા માટે માનવો ? એ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે.

इहलोगाओ य परो सोम्म ! सुरा नारगा य परलोओ ।
पडिवज्ज मोरिआकंपिउ व्व विहियप्पमाणाओ ।। १९५८

આ લોકથી ભિન્ન એવો દેવ-નરકાદિ પરલોક પણ તારે સ્વીકારવો જ જોઈએ. કારણ કે મૌર્ય અને અકંપિત સાથેની ચર્ચામાં દેવલોક અને નારકલોકને પ્રમાણથી સિદ્ધ કર્યા જ છે. તેથી તારે પણ તેમની જેમ દેવ-નારકનું અસ્તિત્વ માનવું જોઈએ. માત્ર શ્રુતિ સ્મૃતિના આધારે જ નહિ પણ મારા આ સમવસરણમાં મનુષ્ય ભિન્ન એવા ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષક અને વૈમાનિક એ ચારે પ્રકારના દેવો ઉપસ્થિત છે. સૂર્ય, ચન્દ્ર અને જ્યોતિષક દેવો તો પ્રત્યક્ષ જ છે. અને શાસ્ત્રોમાં દેવોનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે. નારકો વિશેની શંકા માટે પ્રભુ કહે છે–બીજા જીવાદિ પદાર્થોની જેમ હું નારકોને પણ સાક્ષાત્ કેવળજ્ઞાન વડે જોઉં છું. ઈન્દ્રિય પ્રત્યક્ષ ન હોવા છતાં ઈન્દ્રિયાતીત જ્ઞાન વસ્તુતઃ પ્રત્યક્ષ છે માટે નારકરૂપ પરલોક સ્વીકારવો જોઈએ.

મેતાર્ય પ્રશ્ન કરે છે કે જીવ વિજ્ઞાનમય છે અને તે વિજ્ઞાન અનિત્ય છે તેથી પરલોક નથી.

પ્રભુ આ શંકાનો ઉત્તર આપતાં કહે છે–મેતાર્ય તમારો આ અભિપ્રાય યોગ્ય નથી. કારણ કે વિજ્ઞાન અનિત્ય જરૂર છે પરંતુ એકાન્તે અનિત્ય નથી. કથંચિદ્ અનિત્ય અને કથંચિદ્ નિત્ય છે. વિજ્ઞાન અવિનાશી છે, નિત્ય છે.

સમસ્ત વસ્તુઓ ઉત્પાદ્ વ્યય અને ધ્રૌવ્યત્વથી યુક્ત છે એટલે કે સર્વ વસ્તુઓ ત્રિપદી વાળી છે. દ્રવ્ય દૃષ્ટિએ નિત્ય છે અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય છે તેથી ઉત્પત્તિમત્વથી જેમ વિનાશીપણું સિદ્ધ થાય છે એ જ રીતે વસ્તુની ધ્રુવતા પણ સિદ્ધ થાય છે. તેથી કહી શકાય કે विज्ञानं नित्यम्, उत्पत्तिमत्वात् घटवत्। આ રીતે વિજ્ઞાન નિત્ય સિદ્ધ થવાથી અભિન્ન એવો આત્મા પણ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય અવશ્ય છે જ, તેથી પરલોક છે.

વિજ્ઞાન એ સર્વથા વિનાશી હોઈ શકે નહિ, કારણ કે તે વસ્તુ છે. જે વસ્તુ હોય તે ઘડાની જેમ એકાન્ત વિનાશી હોય નહિ, કારણ કે વસ્તુ પર્યાયની અપેક્ષાએ વિનાશી છતાં દ્રવ્યની અપેક્ષાએ અવિનાશી છે.

મેતાર્ય દલીલ કરે છે કે આપનું દૃષ્ટાંત ઘડો તો ઉત્પત્તિવાળો હોવાથી તે વિનાશી જ છે, તો આપ અવિનાશી કેમ કહો છો?

પ્રભુ આ દલીલનો ઉત્તર આપતાં કહે છે કે એ સમજવું જરૂરી છે કે 'ઘડો એ શું છે?' ઘડો એટલે રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ગુણો, સંખ્યા, આકૃતિ, માટી રૂપ દ્રવ્ય અને જલહરણાદિ રૂપ શક્તિ–આ બધું મળીને ઘડો કહેવાય છે અને તે રૂપાદિ સ્વયં ઉત્પાદ-વિનાશ-ધ્રૌવ્યાત્મક હોવાથી ઘડાને અવિનાશી પણ કહી શકાય છે. એ જ રીતે વિજ્ઞાનને પણ અવિનાશી સિદ્ધ કરી શકાય છે.

रुव-इस-गंध-फासा, संखा-संठाण-दव्व-सत्तीओ।
कुम्भोत्ति जओ ताओ पसूइ-विच्छिति-धुवधम्मा ।। १९६३

આ વાતને પ્રભુ વિસ્તારથી સમજાવતાં કહે છે-

इह पिण्डो पिण्डागार-सत्ति-पज्जायविलयसमकालं ।
उपज्जइ-कुंभागार-सत्ति-पज्जायरूवेण।। १९६४
रूवाइ दव्वयाए न जाइ व य वेइ तेण सो निच्चो ।
एवं उप्पाय-व्यय-धुवस्सहावं मयं सव्वं ।। १९६५

માટીના પિંડનો ગોળ આકાર અને તેની શક્તિ એ ઉભયરૂપ પર્યાય જે વખતે નષ્ટ થતો હોય તે જ વખતે તે માટીનો પિંડ ઘટાકાર અને ઘટ શક્તિએ ઉભયરૂપ પર્યાય સ્વરૂપે ઉત્પન્ન થાય છે. આ પ્રકારે ઉત્પાદ અને વિનાશ અનુભવસિદ્ધ છે. તેથી તે અનિત્ય છે. પણ પિંડમાં રહેલા રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને માટીરૂપી દ્રવ્યનો તો તે વખતે પણ ઉત્પાદ કે વિનાશ કશું જ નથી. તે તો સદા અવસ્થિત છે. તેથી તેમની અપેક્ષાએ ઘડો નિત્ય પણ છે.

સાર એ છે કે માટી દ્રવ્યનો એક વિશેષ આકાર અને તેની જે શક્તિ હતી તે જ અનવસ્થિત છે. એટલે કે માટી દ્રવ્ય કે પિંડ રૂપે હતી તે હવે ઘટાકાર રૂપ બની ગઈ. પિંડમાં જે જલહરણાદિ શક્તિ ન હતી તે હવે ઘટાકારમાં આવી. આ રીતે પૂર્વાવસ્થાનો વ્યય અને અપૂર્વ અવસ્થાની ઉત્પત્તિ ઘડામાં હોવાથી તે વિનાશી કહેવાય છે. પણ રૂપ-રસાદિ અને માટી તો તેની જ છે. તેથી તેને અવિનાશી પણ કહેવો જોઈએ.

એ જ પ્રકારે સંસારની સમસ્ત વસ્તુઓ ઉત્પાદ-વિનાશ-ધ્રુવસ્વભાવવાળી સમજવી. આમ સમસ્ત વસ્તુઓ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. એટલે 'ઉત્પત્તિ હોવાથી' એ વસ્તુને જેમ વિનાશી સિદ્ધ કરી શકાય છે તેમ અવિનાશી પણ સિદ્ધ કરી શકાય છે. એથી વિજ્ઞાન પણ ઉત્પત્તિવાળું હોવાથી અવિનાશી પણ છે અને વિજ્ઞાનથી અભિન્ન એવો આત્મા પણ અવિનાશી સિદ્ધ થાય છે. એથી પરલોક છે એમ મેતાર્ય તમે સ્વીકારો.

વિજ્ઞાનમાં ઉત્પાદાદિ ત્રણને કેવી રીતે ઘટાવ્યા એ વાતને પ્રભુ સ્પષ્ટ કરે છે.

घडचेयणया नासो, पडचेयणया समुब्भवो समयं ।
संताणेणावत्था, तहेह-परलोअ-जीवाणं ।। १९६६
मणुएहलोगनासो सुराइपरलोगसंभवो समयं।
जीवतयाऽवत्थाणं, नेहभवो नेय परलोओ ।। १९६७

ઘટ વિષયક જ્ઞાન તે ઘટવિજ્ઞાન કે ઘટ ચેતના કહેવાય છે અને પટવિષયક જ્ઞાન તે પટવિજ્ઞાન કે પટચેતના કહેવાય છે. આ પ્રમાણે તે તે ચેતનાને સમજવી. આપણે અનુભવીએ છીએ કે ઘટચેતનાનો જે સમયે નાશ થાય છે તે જ સમયે પટ ચેતના ઉત્પન્ન થાય છે. પણ જીવરૂપ સામાન્ય ચેતના તો બન્ને અવસ્થામાં વિદ્યમાન જ છે. આ પ્રકારે આ લોકના પ્રત્યક્ષ ચેતન-જીવોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ છે. તે જ પ્રકારે પરલોકગત જીવ વિશે પણ કહી શકાય છે કે કોઈ જીવ જ્યારે આ લોકમાંથી મનુષ્યરૂપે મરીને દેવ થાય છે ત્યારે તે જીવનો મનુષ્યરૂપ ઈહલોક નષ્ટ થયો અને દેવરૂપ પરલોક ઉત્પન્ન થયો. પણ જીવ સામાન્ય તો અવસ્થિત જ છે. તે જીવ શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ ઈહલોક કે પરલોક નથી કહેવાતો પણ તેને જીવમાત્ર કહેવાય છે તે તો અવિનાશી જ છે. આ પ્રકારે એ જીવ ઉત્પાદ્, વિનાશ અને ધ્રુવ સ્વભાવવાળો હોવાથી પરલોકનો અભાવ સિદ્ધ થતો નથી.

સર્વે વસ્તુઓમાં ઉત્પાદ-વિનાશ-ધ્રુવતા એમ ત્રિસ્વભાવત

કેમ ઘટે એ પ્રશ્નનો ઉત્તર પ્રભુ આપે છે-

असओ नत्थि पसूई, होज्ज व जइ, होउ खरविसाणस्स ।
न य सव्वहा विणासो, सव्वुच्छेयप्पसंगाओ।। ૧૯૬૮
तोऽवत्थियस्स केणवि विलओ धम्मेण भवणमन्नेण ।
सव्वुच्छेओ न मओ संववहारोवरोहाओ ।। ૧૯૬૯

જો ઘટાદિ સર્વથા અસત્ હોય, દ્રવ્યરૂપે વિદ્યમાન ન હોય, તો તેની ઉત્પત્તિ સંભવે જ નહિ. સર્વથા અસત્‌ની પણ ઉત્પત્તિ હોય તો ખરવિષાણ પણ ઉત્પન્ન થવું જોઈએ. ખરવિષાણ કદી ઉત્પન્ન થતું નથી અને ઘટાદિ પદાર્થો કદાચિત્ ઉત્પન્ન થાય છે, માટે સર્વથા અસત્ નહિ પણ કથંચિત્ સત્‌ની ઉત્પત્તિ થાય છે એમ માનવું જોઈએ. એ જ પ્રમાણે જે સત્ છે તેનો સર્વથા વિનાશ પણ થતો નથી. જો સત્‌નો સર્વથા વિનાશ થતો જ હોય તો ક્રમશઃ બધી વસ્તુઓનો નાશ થઈ જવાથી સર્વનાશનો પ્રસંગ આવશે.

એટલે અવસ્થિત – વિદ્યમાનનો જ કોઈ એક રૂપે વિનાશ અને અન્ય રૂપે ઉત્પાદ માનવો જોઈએ. જેમ કે સત્ એવા જીવનો મનુષ્ય રૂપે વિનાશ અને દેવરૂપે ઉત્પાદ થાય છે, તે જ પ્રમાણે સમસ્ત દ્રવ્યોમાં ઉત્પાદન અને વિનાશ છે. પણ વસ્તુનો સર્વથા વિનાશ-ઉચ્છેદ તો માની શકાતો નથી. કારણ કે તેમ માનવામાં સમસ્ત લોકવ્યવહારનો ઉચ્છેદ થઈ જાય.

મેતાર્યનો છેલ્લો પ્રશ્ન એ હતો કે આ પ્રકારે યુક્તિથી પરલોક સિદ્ધ થાય છે તો પછી વેદવાક્યને સંગત કેવી રીતે કરવું? એ સમજાવતાં પ્રભુ કહે છે.

असइ व परम्मि लोए, जमग्गिहोत्ताइ सग्गकामस्स ।
तदसंबद्धं सव्वं, दाणाइफलं च लोअम्मि ।। ૧૯૭૦

વેદનું તાત્પર્ય પરલોકનો અભાવ સિદ્ધ કરવાનું હોઈ શકે જ નહિ, કારણ કે જો પરલોક જેવું કાંઈ હોય જ નહિ તો સ્વર્ગની ઈચ્છાવાળાએ 'અગ્નિહોત્રાદિ યજ્ઞ' કરવો જોઈએ એવું વિધાન જે વેદમાં આવે છે તે અસંગત થઈ જાય અને લોકમાં દાનાદિનું ફળ સ્વર્ગ મનાય છે તે પણ અસંગત થઈ જાય, એટલે પરલોકનો અભાવ વેદને અભિપ્રેત નથી.

પ્રભુની વાણી સાંભળી દશમા મેતાર્ય પંડિતના મનનો સંશય દૂર થયો. ભગવાનની વાણીથી પ્રતિબોધ પામ્યા.

छिन्नम्मि संसयम्मि जिणेण जरमरणविप्पमुक्केणं ।
सा समणो पव्वइओ, तिहिओ सह खण्डियसएहिं।। ૧૯૭૧

આ રીતે જ્યારે જરા-મરણથી રહિત એવા ભગવાને મેતાર્યની શંકાનું નિવારણ કર્યું ત્યારે મેતાર્ય પંડિતે પોતાના ત્રણસો શિષ્યો સાથે પરમાત્મા પાસે પ્રવજ્યા ગ્રહણ કરી.

આમ મેતાર્ય પંડિતના સંશયો અને પ્રભુએ કરેલ નિવારણ જોતાં એ વાત સ્પષ્ટ થાય છે કે સંવાદશૈલી દ્વારા ગણધરવાદમાં જૈન ધર્મની સર્વસમન્વયની ભાવના અને અનેકાન્તદૃષ્ટિ જોવા મળે છે. પ્રતિપક્ષી ઉપર વિજય મેળવવાની ભાવનાને બદલે પ્રતિપક્ષીને સાચી સમજ આપવાની મુખ્ય ભાવના કામ કરે છે. ભગવાન વેદ વાક્યને મિથ્યા નથી કહેતા પણ વેદવાક્યનો સમ્યક્ અર્થ, યથાર્થ અર્થ બતાવે છે. આ રીતે ગણધરો પણ પોતાની વેદભક્તિને કારણે ભગવાનની વાત માની લે એવી વ્યવહારકુશળતાનું દર્શન થાય છે.

✶ ✶ ✶

બી/૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. મોબાઈલ નં. 9223190753.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૧૦૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૬૦૦૦ | અશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા |
| ૧૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૫૦૦ | સુંદરજી એમ. પોપટ, પુના |
| ૨૩૫૦૦ | |

### પ્રબુદ્ધ જીવન નિધી ફંડ

| | |
|---|---|
| ૧૧૦૦૦ | શ્રી કલ્યાણજી નર્સરી |
| ૧૧૦૦૦ | |

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| | |
|---|---|
| ૪૦૦૦૦ | સ્વ. સંપતબેન દી. શાહ- માતુશ્રી સ્વ. દીપચંદ કેશરીમલ શાહ પિતાશ્રીની ૧૯મી પુણ્યતિથિ પર હસ્તે-શ્રીમતી કલ્પા હસમુખ ડી. શાહ |
| ૪૦૦૦૦ | |

### પુસ્તક વેચાણ

| | |
|---|---|
| ૧૦૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૧૦૦૦૦ | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧૦૦૦૦ | શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા |
| ૨૦૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૩૦૦૦૦ | |

# અગિયારમા ગણધર – પ્રભાસ

❑ વર્ષા શાહ

[ વિદુષી લેખિકા કે. જે. સોમૈયા સેંટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ-મુંબઈમાં રીસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કોર્સના પ્રાધ્યાપિકા છે. ]

'નમોત્થુણં-શક્રસ્તવ' સૂત્રમાં તીર્થંકર ભગવંતના વિશેષણોમાં એક વિશેષણ છે. **'જિણાણં-જાવયાણં' જેનો અર્થ થાય છે ભગવાને પોતે જીત મેળવી છે અને બીજાને જીત મેળવવામાં મદદ કરે છે.** સામાન્ય રીતે જે જીતે છે તે બીજાને હરાવીને જીતે પરંતુ ભગવાને પોતે બીજાને હરાવ્યા વિના જીત મેળવી છે.

ભગવાન મહાવીરને જીતવા આવેલા સોળ વર્ષના કૌડીન્ય ગોત્રીય પ્રભાસ પોતે જીતાઈ ગયા. તેમણે ભગવાનનું શરણ સ્વીકાર્યું, ત્રણસો શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષા લીધી અને ૧૧મા ગણધર થવાનું માન પામ્યા.

તેઓ ઉંમરમાં સૌથી નાના હતા. ચોવીસ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ચાલીસ વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા હતા.

માણસને પ્રશ્ન ઉઠે તે એની જિજ્ઞાસાની ચિંતનશીલતાની જાગૃતિની નિશાની છે. ચારિત્ર્યશીલ વિદ્વાન વ્યક્તિને પ્રશ્નો થાય અને તેનાથી વધુ સમર્થ અને અધિકારી વ્યક્તિ દ્વારા એનું નિરાકરણ થાય તો એ પ્રશ્નોત્તરીમાંથી માનવજાતના કલ્યાણ માટેનું સાહિત્ય જન્મે છે. દા. ત. કેશી-ગૌતમ સંવાદ, રાજા પરદેસી અને કેસીમુનિનો સંવાદ, નમી રાજર્ષિ અને દેવનો સંવાદ, આદ્રકુમાર અને ગૌશાલકનો સંવાદ, ભગવાન સમક્ષ જયંતીબાઈ શ્રાવિકાની પ્રશ્નોત્તરી. આમ ભગવતી, ઉત્તરાધ્યયન, રાયપસેણીય, સૂત્રકૃતાંગ આદિ આગમોમાં સવાલ-જવાબ સચવાયા છે.

**'જિણાણં-જાવયાણં' જેનો અર્થ થાય છે ભગવાને પોતે જીત મેળવી છે અને બીજાને જીત મેળવવામાં મદદ કરે છે.**

૧૧મા ગણધર પ્રભાસ અત્યંત બુદ્ધિશાળી વાક્પટુ અને પ્રકાંડ પંડિત હતા. પરંતુ વેદોમાં પરસ્પર વિરોધી વિધાનો હોવાને કારણે સ્પષ્ટતા ન થવાથી કેવળદર્શી ભગવંત પાસે સંદેહ નિવારણ માટે આવ્યા. દા. ત. –

'द्वै ब्राह्मणी, परमपरं च'।

આ પદથી નિર્વાણનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

આ પદ અનુસાર બે બ્રહ્મનો ઉલ્લેખ છે.

પરબ્રહ્મ એટલે શુદ્ધાત્મા–મુક્તામા.

ભગવાન પ્રભાસને કહે છે - 'હે સૌમ્ય! વિરોધાભાસી વેદ-વાક્યોના કારણે તને મોક્ષના અસ્તિત્વ વિષે સંશય ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે.'

પ્રભાસનો સંશય અને ભગવંત પાસે તેનું નિરાકરણ.

**જીવની જેમ મોક્ષ પણ અવિનાશી છે.**

**પ્રભાસ :** (૧) કર્મનો નાશ થવાથી જીવનો પણ નાશ થાય?

(૨) પર્યાય રૂપ સંસારનો નાશ થવાથી જીવ પણ નાશ પામે તો મોક્ષ કોનો?

**ભગવંત:**

(૧) ચાર ગતિરૂપ સંસાર કર્મજન્ય છે. કારણના અભાવે કાર્યનો અભાવ થાય છે એટલે કર્મનો નાશ થવાથી સંસારનો નાશ થઈ શકે છે. પરંતુ જીવત્વ કર્મજન્ય નથી તેથી કર્મનો નાશ થવાથી જીવનો નાશ ન થાય. જેમ સૂર્યનો પ્રકાશ વાદળથી ઢંકાઈ જાય છે, વાદળાં હટી જવાથી પ્રકાશિત થાય છે, તેમ કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્માને તિરોભૂત કરે છે અને કર્મના પડળ હટી જવાથી જીવ પોતાના નિજ સ્વરૂપમાં સ્થિત થાય છે. કર્મ પુદ્ગલનું આત્મપ્રદેશથી સર્વથા ખરી જવું એ જ જીવનો મોક્ષ છે.

(૨) નારકાદિરુપ જે જીવનો પર્યાય છે, તે પર્યાય માત્રનો જ નાશ થવાથી પર્યાયવાન જીવદ્રવ્યનો સર્વથા નાશ નથી થતો, પણ કથંચિત્ થાય છે. શરીરધારી આત્મા સંસરણ કરે છે. એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરવાથી આત્મ સ્વરૂપમાં પરિવર્તન નથી આવતું. જો શરીર સાથે આત્માનો વિનાશ માનવામાં આવે તો તેનું ચૈતન્ય સ્વરૂપ ટકી શકતું નથી. દા. ત. જેમ સુવર્ણમાં મુદ્રારૂપ પર્યાયનો નાશ થયે કુંડળરૂપ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે, પણ સુવર્ણનો સર્વથા નાશ નથી થતો; તેમ નારકાદિરૂપ સંસારના પર્યાયો નાશ પામવાથી જીવનો સંસારીપણારૂપે નાશ થાય છે, પણ તે સંસારીપણાનો પર્યાય નાશ પામતાં બીજા મુક્તિરૂપ પર્યાયનો ઉત્પાદ થાય છે.

**આત્મા આકાશની જેમ અમૂર્ત અને નિત્ય છે, અને આત્મા નિત્ય હોવાથી મોક્ષ પણ નિત્ય છે. આત્માનો વિનાશ માનવામાં આવે તો તેનું ચૈતન્ય સ્વરૂપ ટકી શકતું નથી.**

**મુક્તાત્માના નિત્યાનિત્યપણાનું કથન :**

**પ્રભાસ :**

(૧) આકાશના દૃષ્ટાંત જેમ જીવની નિત્યતા સિદ્ધ થઈ છે તેમ જીવદ્રવ્ય પણ અમૂર્ત હોવાથી સર્વવ્યાપક-વિભુ સિદ્ધ થઈ શકે?

(૨) આકાશની જેમ મુક્તાત્મા અજીવ છે?

(૩) આકાશની જેમ મુક્તાત્મા અજ્ઞાની છે?

**ભગવંત:**

(૧) આત્મ-પ્રદેશ શરીર અનુસાર સંકુચન-વિસ્તૃત પામે છે. જ્ઞાન, સુખ-દુઃખ વગેરે અનુભૂતિઓ શરીરના માધ્યમ થકી વેદવામાં આવે છે. એટલા માટે આત્મા શરીર વ્યાપક છે; વળી જીવ આકાશ સમાન અબાધિત અને મુક્ત નથી કારણ જીવ દાન આદિ પુણ્યના કાર્ય અને ખેતી (વ્યવસાય) આદિ પાપના કાર્યથી બાધિત છે. જો આકાશની જેમ જીવ સ્વતંત્ર હોત તો એને દયા-દાન આદિ અનુષ્ઠાન કરવાનું શું પ્રયોજન! સુવર્ણ અને માટીની જેમ જીવ-કર્મનો અનાદિ સંયોગ હોવા છતાં સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાથી બન્નેનો વિયોગ થાય છે.

(૨) આકાશના દૃષ્ટાંતથી જીવનું વિભુપણું, અજ્ઞાન, અજીવપણું સિદ્ધ કરવામાં આવે તો તે અયોગ્ય છે. મુક્તાવસ્થામાં જીવનું અજીવપણું નથી થતું. આ પ્રમાણે જેમ મુક્ત જીવ અદ્રવ્ય અને મૂર્ત નથી થતો, તેમ તે પોતાના જીવસ્વભાવથી અજીવપણે પરિવર્તિત નથી થતો, અન્યથા જો તે સ્વભાવનો ત્યાગ કરે તો આકાશ અને પરમાણુ આદિ પણ પોતાના સ્વભાવનો ત્યાગ કરીને વિપરીત થઈ જાય.

(૩) જ્ઞાનેન્દ્રિય (ઈન્દ્રિય અને મન) વિના જ્ઞાન પ્રાપ્તિ સંભવ જ નથી એ માન્યતા ખોટી છે. ઈન્દ્રિયો ઘટની જેમ મૂર્તાદિ સ્વભાવવાળી હોવાથી તે જાણી શકાતી નથી. તે માત્ર જાણવાનાં દ્વારો છે, જાણનાર તો આત્મા છે. પ્રત્યક્ષ અનુભવથી પોતાના અને પરના તથાવિધ પ્રવૃત્તિ-નિવૃત્તિ આદિ લક્ષણોથી જીવ જ્ઞાનસ્વરૂપ છે. જેમ સમસ્ત મેઘાદિ આવરણનો અપશમ થવાથી સૂર્ય સંપૂર્ણ પ્રકાશમય થાય છે તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપ મુક્તાત્મા, ઈન્દ્રિયોના અભાવે સર્વ આવરણ દૂર થવાથી સંપૂર્ણ જ્ઞાનરૂપ, સંપૂર્ણ પ્રકાશવાન થાય છે.

પરમાણુ જેમ મૂર્તભાવ વિના નથી હોતા, તેમ જીવ પણ જ્ઞાન વિના નથી હોતો; કેમકે જ્ઞાન એ જીવનો સ્વભાવ છે તેથી 'મુક્તજીવ જ્ઞાનરહિત છે.' એ કથન સર્વથા વિરૂદ્ધ છે, કારણ કે સ્વરૂપ વિના સ્વરૂપવાન કદિ પણ હોઈ શકે નહિ.

પ્રભાસ : જેમ જ્ઞાન આત્માનો નિજ ગુણ છે તેમ રાગ-દ્વેષ પણ આત્મા સાથે અનાદિ સંબંધ ધરાવે છે, તો પછી રાગ-દ્વેષ કેમ નિત્ય નથી?

ભગવંત : જેમ પ્રકાશ સૂર્ય-ચંદ્રનો નિજ ગુણ છે તેમ જ્ઞાન આત્માનો નિજ ગુણ છે. રાગ-દ્વેષ કર્મજનિત પૌદગલિક છે જે આત્મા સાથે નૈમેત્તિક સંયોગજનક સંબંધ ધરાવે છે. જેમ સ્ફટિક, રંગ વગરના પારદર્શક ગુણવાળા હોવા છતાં રંગવાળી વસ્તુના સંયોગથી વસ્તુના અનુરૂપ રંગ ધારણ કરે છે અને એ જ રંગવાળી વસ્તુને (સંયોગ) દૂર કરવામાં આવે તો ફરી સ્ફટિક મૂળ સ્વરૂપમાં આવી જાય છે તેમ સંવેગ અને નિર્વેગ ભાવથી જો રાગ-દ્વેષ જનિત કષાયોને મંદ-મંદતર-મંદતમ કરી શકાય તો પછી રાગ-દ્વેષનો ક્ષય કેમ ન કરી શકાય!

પ્રભાસ : ક્ષય પામેલા રાગ-દ્વેષ ફરીથી ઉત્પન્ન થાય?

ભગવંત : વસ્તુમાં બે પ્રકારના વિકારો જણાય છે.

નિવર્તત્ય વિકાર અને અનિવર્તત્ય વિકાર. નિર્વતત્ય વિકાર એટલે કે જેમ સોનું અગ્નિના સંયોગથી પ્રવાહી બને છે અને અગ્નિના વિયોગથી સોનું ફરી ઘનત્વ ધારણ કરે છે તેમ આત્મા અને કર્મના સંયોગથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.

> ***નિર્વતત્ય વિકાર એટલે કે જેમ સોનું અગ્નિના સંયોગથી પ્રવાહી બને છે અને અગ્નિના વિયોગથી સોનું ફરી ઘનત્વ ધારણ કરે છે તેમ આત્મા અને કર્મના સંયોગથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.***

અનિવર્તત્ય વિકાર એટલે અગ્નિના સંપર્કથી ભસ્મિભૂત થયેલી રાખ ફરી લાકડાનું રૂપ ધારણ નથી કરતી તેમ મોક્ષાવસ્થામાં મિથ્યાત્વ આદિ અભાવના કારણે રાગ-દ્વેષનો અભાવ હોય છે.

**મુક્તાવસ્થામાં પરમસુખના સદ્‌ભાવની સિદ્ધિ અને ઉપસંહાર**

પ્રભાસ : 'अशरीरम् वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः' આ વેદ પદ અનુસાર મુક્તાત્માને સુખનો અભાવ સિદ્ધ થાય છે.

ભગવંત : 'अशरीर' એટલે મુક્તાત્મા અને 'वसन्तं' એટલે વિહરમાન અરિહંતો.

અરિહંત તથા સિદ્ધને સુખ-દુઃખ (પ્રિયાપ્રિય) સ્પર્શતા નથી. પ્રિયાપ્રિય એટલે સંસારિક સુખ-દુઃખ છે. સંસારિક સુખ-દુઃખનો આધાર શરીર છે. દેહ અને ઈન્દ્રિયો છે ત્યાં સુધી દુઃખ જ છે.ખરૂં સુખ દેહ અને ઈન્દ્રિયના અભાવે થાય છે.

જેમ અનંત જ્ઞાનમય આત્મા છે, મતિજ્ઞાનાવરણાદિ તે જ્ઞાનના ઉપઘાતક છે અને ઈન્દ્રિયો સૂર્યના પ્રકાશને ઢાંકનાર મેઘના સમૂહમાં પડેલાં છિદ્રની જેમ જ્ઞાનમાં ઉપકારી છે અને સર્વ આવરણનો ક્ષય થવાથી આત્માની અત્યંત જ્ઞાનશુદ્ધિ થાય છે; તેવી જ રીતે આત્મા અનંત સુખમય છે, પાપ તેનું ઉપઘાત છે અને પુન્ય અનુત્તર વિમાન પર્યંત (ઉત્કૃષ્ટ) સુખરૂપ ફળ દ્વારા અનુગ્રહ કરે છે, તે સર્વ પુન્ય-પાપનો ક્ષય થવાથી આત્માને સંપૂર્ણ નિરૂપમ, અવ્યાબાધ અનંત સુખ પ્રાપ્ત થાય છે.

વળી 'वा वसन्तं' એટલે એવા વ્યક્તિ જેમણે અહંકાર તથા કામને જીતી લીધા છે, મન, વચન, કાયાના વિકાર રહિત આત્મરમણ કરનાર, એવી વ્યક્તિને અહીં જ મોક્ષ છે. એટલે તારા આ વાક્યથી મોક્ષનો અભાવ નહીં પણ મોક્ષનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

**બૌદ્ધ દર્શન સાથે સમન્વય**

બૌદ્ધ દર્શન નિર્વાણની પ્રક્રિયાને માને છે પણ મોક્ષ પછીની સ્થિતિને અનાત્મક અથવા ઓલવાયેલા દીપકની જેમ અભાવાત્મક માને છે.

ભગવાન પ્રભાસને સમજાવે છે કે ઓલવાઈ જવાથી દીપક સર્વથા વિનાશ નથી પામતો, પણ તેનું પરિણામાન્તર થવાથી અંધકારરૂપે વિકાર પ્રત્યક્ષ જણાય છે.

આ રીતે જેમ પરિણામાંતર પામેલો દીપક 'નિર્વાણ' પામ્યો કહેવાય છે તેમ જીવ પણ કર્મ રહિત અમૂર્ત, સ્વભાવરૂપ અવ્યાબાધ પરિણામાંતર પામે છે.

ભગવાનના અર્થઘટન અનુસાર દુ:ખાદિ ક્ષય થવાથી જીવની શુદ્ધ શાશ્વત વિદ્યમાન અવસ્થા તે જ મોક્ષ કહેવાય છે.


આ પ્રમાણે ભગવંતે વેદોક્ત શ્રુતિથી અને યુક્તિઓ વડે મોક્ષનું અસ્તિત્વ સિદ્ધ કરીને પ્રભાસના સંશયનો છેદ કર્યો છે. ✷ ✷ ✷


બી/૩/૧૬, પેરેઇરા સદન, એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૬૯. મો. : ૯૭૫૭૧૨૪૨૮૨



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં

**ડી.વી.ડી.**






**।। ઋષભ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**

પ્રાચીન કાળના વાતાવરણ સાથે રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। ગૌતમ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**

**।। મહાવીર કથા ।।**

**બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-**

ભગવાન મહાવીરના જીવનનાં જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીતસભર **'મહાવીરકથા'**

'નેમ-રાજુલ કથા'ની ડી.વી.ડી પ્રકાશિત થઈ ગઈ છે. ત્રણ ડી.વી.ડી.નો સેટ રૂા. ૨૦૦/

**ઘરે બેઠા દિવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દશ્ય લાભ**

**ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ.**

**સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# गणधरों की शंकाओं के वैदिक वाक्य

**१. इन्द्रभूति**

एतावानेव लोकोयं, यावानिन्द्रिय गोचर:।
भद्रे! वृकपदं पश्य, यद् वदन्ति विपश्चित:।।
विज्ञानघन एतेभ्यो भूतेभ्य: समुत्थाय तान्येवानु विनश्यति।
न च प्रेत्यसंज्ञाऽस्ति।

बृहदारण्यक उपनिषद २/४/१२

न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति ।
अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशत:।

–छान्दोग्य उपनिषद ८/१२/१

अग्निहोत्रं जुहुयात् स्वर्गकाम:।

–मैत्रायणी उपनिषद ३/६/३६

अस्ति पुरुषोऽकर्ता निर्गुणो भोक्ता विद्रूप:।

–सांख्यदर्शन

देह एवाऽयमनुप्रयुज्यमानो दृष्ट: यथैष जीव: एनं न हिनस्ति।
एक एव हि भूतात्मा, भूते भूते प्रतिष्ठित:।
एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ।।

ब्रह्म बिन्दु उपनिषद ११

यथा विशुद्धमाकाशं, तिमिरोपप्लुतो जन:।
संकीर्णमिव मात्राभिर्भिन्ना भिरभिमन्यते।।
तथेद ममलं ब्रह्म, निर्विकल्पमविद्यया।
कलुषत्वमिवापन्नं, भेद रूपं प्रकाशते।।

बृहदारण्यक भाष्य वार्तिक ३-४-४३,४४

उर्ध्वमूलमध: शाखमश्वत्यं प्राहूरव्ययम्।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ।।

–योग शिखोपनिषद् ६/१४

पुरुष एवेदं ग्निं सर्व यद् यच्च भाव्यम् ।
उतामृत त्वस्येशानो यदन्ने नाति रोहति।।

–ऋग्वेद १०/९/२ आदि चारों वेदों में

यदेजति यन्नैजति यद् दूरे यदु अन्तिके।
यदन्तरस्य सर्वस्व यत् सर्वस्यास्य बाह्यत:।।

ईशवास्य-५

अस्तमिते आदित्ये याज्ञवल्क्य: । चन्द्रमस्यस्तमिते शान्तेऽग्नौ शान्तायां वाचि किं ज्योतिरेवायं पुरुष: ? आत्मज्योतिरेवायं समाहिति हो वाच।

बृहदारण्यक ४/३/६

**(समाध्यानार्थ भगवान महावीर द्वारा प्रस्तुत)**

**२. अग्निभूति**

**भगवान महावीर द्वारा प्रयुक्त–**

स सर्वविद् यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे ह्येष व्योम्नि आत्मा सुप्रतिष्ठितस्तमक्षरं वेदयते यस्तु सर्वज्ञ: सर्ववित् सर्वमेवाविवेशेति।
एकया पूर्णया हूत्या सर्वान् कामानवाप्नोति।

तैत्तिरीय ब्राह्मण ३/८/१०/५

एष व: प्रथमो यज्ञो योऽग्निष्टोम: योऽनेनाष्ट्विाऽन्येन यजते सगर्तभ्यपतत्।

तैत्तिरीय महाब्राह्मण १६/१/१२

द्वादश: मास: संवत्सर:। तैत्तिरीय ब्राह्मण १/१/४
अग्निरूष्ण:। -वही
अग्निर्हिमस्य भेषजम्। -वही

**३. वायुभूति**

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

आगमश्चोपपत्तिश्च, सम्पूर्ण दृष्टि कारणम्।
अतीन्द्रियाणामर्थानां, सद्भाव प्रतिपत्तये ।।
सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ज्योतिर्मयो विशुद्धो यं पश्यन्ति धीरा यतय: संयतात्मान:।

मुण्डकोपनिषद ३/१५

**४. व्यक्त**

स्वप्नोपमं वै सकलमित्येष ब्रह्मविधि रज्जसा विज्ञेय:।

–तैत्तिरीय ब्राह्मण १/१/३

द्यावा पृथिवी
पृथिवी देवता
आपो देवता –एतरेय ब्राह्मण २/१६

काम स्वप्न भयोन्मादैर विद्योपप्लवात्तथा।
पश्यन्त्यसन्तमप्यर्थ जन: केशोण्डुकादिवत्।।

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

मूर्तैरणुप्रदेश: कारणमन्त्यं भवेत् तथा नित्य:।
एक रस-वर्ण-गंधो द्विस्पर्श: कार्य लिङ्गिश्च।।

**५. सुधर्मा**

पुरुषो: मृत: सन् पुरुषत्वमेवाश्रुते पशव: पशुत्वम्।
श्रृगालो वै एष जायते य: स पुरीषो दह्यते।

**६. मंडिक**

स एष विगुणो विभर्न बध्यते संसरति वा, न
मुच्यति मोचयति वा, न वा एष ब्रह्ममभ्यन्तरं वा वेद।
न हि वै सशरीरस्य प्रियप्रिययोरपहतिरस्ति,
अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशत:।

–छान्दोग्य ८/१२/१

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

लाउ य एरंडफले अग्गी धूमो य इसु धणुविमुक्को।
गइ पुव्व पओगेण एवं सिद्धाण वि गइ उ ।।

–आवश्यक निर्युक्ति ९५७

नित्यं सत्त्वमसत्त्वं वा हेतोरन्यानपेक्षणात्।
नऽा युक्तमिक्युक्तं वा यद्वि कार्य विधीयते।।
तुल्याधिकरणेऽन्यस्मिँल्लोकेऽप्यर्थ गतिस्तथा।

–परिभाषेन्दुशेखर ७४

नञ इव युक्त मन्य सदृशाधिकरणे तथा ह्यर्थ गति:।

**७. मौर्यपुत्र**

स एष यज्ञायुधी यजमानोऽज्जसा स्वर्गलोकं गच्छति।
अपाम सोमममृता अभूम अग्न्य ज्योतिर विदाम्।
देवान् कि नूनमस्मान् कणवदराति: किमु धूर्तिरमृतमर्त्यस्य।

–ऋग्वेद ६/४/११

को जानाति मायोपमान् गीर्वाणानिन्द्र-यम-वरुण-कुबेरादीन्।

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

यम-सोम-सूर्य-सुरगुरु-स्वाराज्यानी जयति।

**८. अकंपित**

नारको वै एष जायते य: शूद्रान्न मश्नाति.
न ह वै प्रेत्य नारका:।

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

सततमनुबद्धमुक्तं दुखं नरकेषु तीव्र परिणामम्।
तिर्यक्ष्रूष्ण-भय-क्षुत्-तृषादि दुखं सुखं चाल्पम्।
सुख दु:खे मनुजानां मना शरीराश्रये बहु विकल्पे।
सुखमेव तु देवानामल्पं दुखं तु मनसि भवम् ।

–आचारांग टीका पृष्ठ २५

**९. अचलभ्राता**

पुरुष एवेदं ग्नि सर्वम्। –श्वेता ३/१५

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

समासु तुल्यं विषमासु तुल्यं, सतीष्व सच्चाप्य सतीशु सच्च।
फलं क्रियास्वित्यथ यन्निमित्तं, तद् देहिनां सोऽस्ति न कोऽपि धर्म:।।

**१०. मेतार्य**

विद्वानघन एवैतेभ्यो भूतेभ्य........।

बृहदारण्यक २/४/१२

एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितं:।
एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत्।।

बह्मबिन्दु उपनिषद-११

**११. प्रभास**

जरामर्यं वैतत् सर्वं यदग्नि होत्रम् ।
शतपथ ब्राह्मण १२/४/१/१ से उद्धृत सैषा गुहा दुखगाहा।
द्वे ब्रह्मणी परमपरं च, तत्र परं सत्यं ज्ञानमनन्त ब्रह्म।
दीपो यथा निवृत्तिमभ्युपेतो,
नैवावनिं गच्छति नान्तरिक्षम् ।।
दिशं न काञ्चिद् , विदिशं न काञ्चिद्।
स्नेहक्षयात् केवलमेति शान्तिम्।।
जीवस्तथा निर्वृत्ति मभ्युपेतो
नैवावनिं गच्छति नान्तरिक्षम्।।
दिशं न काञ्चिद् , विदिशं न काञ्चिद्।
क्लेशक्षयात् केवलमेति शान्तिन्।।

-सोन्दरनन्द १६/२८/२९

केवल संविद् दर्शन रुपा:,
सर्वार्ति-दु:ख परिमुक्ता:।
मोदन्ते मुक्तिगता जीवा:
क्षीणान्तरराररिगणा ।।

**भगवान महावीर द्वारा समाधानार्थ प्रयुक्त–**

स्थित: शीतांशुवज्जीव:, प्रकृत्या शुद्धया।
चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवत्।।

–योगदृष्टि समुच्चय १८१

स व्याबाधाभावात्, सर्वज्ञत्वाच्च भवति परम सुखी।
व्याबाधा भावोऽत्र, स्वच्छस्य ज्ञस्य परम सुखम् ।

–तत्त्वार्थ भाष्य टीका पृष्ठ ३१८

# ગ્યારહ સ્થાપનાએં

❑ આચાર્ય શ્રી તુલસી ગણિ

*[ શ્રી જૈન તેરાપંથ સંઘના નવમાચાર્ય શ્રી તુલસીજી એક મહાન ક્રાંતિકારી જૈનાચાર્ય હતા. એમની પ્રેરણાથી વિશ્વની એક માત્ર જૈન યુનિવર્સિટી-જૈન વિશ્વભારતી વિશ્વ વિદ્યાલયની સ્થાપના લાડનૂમાં થઈ હતી. રૂઢ સામાજિક કુરૂઢિઓના પરિવર્તન અને નશામુક્તિ માટે એમણે અલખ જગાવેલો. નૈતિક ક્રાંતિ માટે અને જૈન ધર્મને જનધર્મ બનાવવા એમણે 'અણુવ્રત' આંદોલન શરૂ કરેલું. જૈન આગમોના સંપાદનું ભગીરથ કાર્ય એમણે પોતાના ઉત્તરાધિકારી આચાર્ય મહાપ્રજ્ઞજી સાથે કર્યું હતું. એમણે હિંદી, પ્રાકૃત અને સંસ્કૃતમાં શતાધિક પુસ્તકોનું સર્જન કર્યું હતું. સાધુ અને શ્રાવક વચ્ચેની કડી સમાન 'સમણ શ્રેણી'ની સ્થાપના કરી હતી. આજે શતાધિક સમણીજીઓ દેશમાં અને ખાસ કરીને વિદેશમાં જૈન ધર્મના પ્રાચર-પ્રસારનું અદ્‌ભૂત કામ કરી રહી છે. આવા સ્વપ્નદૃષ્ટાની જન્મ શતાબ્દિ આ વર્ષે ઉજવાય રહી છે ત્યારે એમના પુસ્તક 'ભગવાન મહાવીર'માંથી આ લેખ વિશેષાંકમાં લેવા પ્રાસંગિત ગણાશે. – સંપાદક ]*

વૈશાખ શુક્લા એકાદશી કે દિન મધ્યમ પાવાપુરી કે મહાસેન ઉદ્યાન મેં ભગવાન ને દૂસરા પ્રવચન કિયા. ઉસમેં ભગવાન્ ને આત્મા કે અસ્તિત્વ કા પ્રતિપાદન કિયા. ઉસ સમય વહાં વિશાલ યજ્ઞ કા આયોજન હો રહા થા. સોમિલ બ્રાહ્મણ ને ઉસે આયોજિત કયા થા. ઉસમેં ભાગ લેને કે લિએ અનેક વિદ્વાન આએ. ઉનમેં ઇન્દ્રભૂતિ ગૌતમ મુખ્ય વિદ્વાન થે. ઉન્હોંને ભગવાન્ કી ગાથા સુની. વે ભગવાન કો પરાજિત કરને મહાસેન ઉદ્યાન મેં પહુંચે।

ભગવાન્ ને ઉન્હેં દેખકર કહા-'ઇન્દ્રભૂતિ! તુમ્હેં આત્મા કે અસ્તિત્વ મેં સંદેહ હૈ. ક્યોં, યહ સચ હૈ ન?' ભગવાન્ કી બાત સુન ઇન્દ્રભૂતિ સ્તબ્ધ રહ ગએ. ઉનકે મન મેં છિપે હુએ સન્દેહ કા ઉદ્‌ઘાટન કર ભગવાન્ ને ઉન્હેં આકર્ષિત કર લિયા.

ઇન્દ્રભૂતિ ગૌતમ બોલે-'ભંતે! ક્યા આત્મા હૈ? આપ કિસ આધાર પર અસ્તિત્વ બતલા રહે હૈ?'

ભગવાન્ ને કહા-'ગૌતમ! મૈંને આત્મા કા પ્રત્યક્ષ કિયા હૈ. મૈં પ્રત્યક્ષ જ્ઞાન કે આધાર પર હી આત્મા કા અસ્તિત્વ બતલા રહા હૂં.'

'ભંતે! મૈં તર્કશાસ્ત્ર કા અધ્યેતા હૂં. ક્યા આપ તર્ક કે આધાર પર આત્મા કા અસ્તિત્વ કા પ્રતિપાદન નહીં કરતે?'

'ગૌતમ! આત્મા અમૂર્ત હોને કે કારણ ઇન્દ્રિય ગમ્ય નહીં હૈ. તર્ક દ્વારા ઇન્દ્રિયગમ્ય વિષયોં કો હી સિદ્ધ કિયા જા સકતા હૈ.'

તર્ક પ્રત્યક્ષ કે સામને નત હો ગયા. ઇન્દ્રભૂતિ અપને પાંચ સૌ શિષ્યો કે સાથ ભગવાન્ કી શરણ મેં આ ગએ.

અગ્નિભૂતિ ને ઇન્દ્રભૂતિ કી દીક્ષા કા સંવાદ સુના. વે આશ્ચર્ય-ચકિત રહ ગએ. ઉનકે મન મેં કુતૂહલ પૈદા હુઆ. વે અપને શિષ્ય-પરિવાર કે સાથ ભગવાન્ કે પાસ આએ. 'અગ્નિભૂતિ! તુમ્હેં કર્મ કે વિષય મેં સંદેહ હૈ?' યહ કહકર ભગવાન્ ને ઉન્હેં ચિન્તન કી ગહરાઈ મેં ઉતાર દિયા. મેરે સર્વથા અજ્ઞાત પ્રશ્ન કો ઇન્હોંને કૈસે જાન લિયા? ક્યા યે પ્રત્યક્ષજ્ઞાની હૈ? યે પ્રશ્ન ઉનકે મન મેં ઉભરે. લોહ ચુંબક જૈસે લોહે કો ખીંચતા હૈ વૈસે હી ભગવાન્ ને ઇન્દ્રભૂતિ કો અપની ઓર ખીંચ લિયા. ઉસ સમય ભગવાન્ ને કર્મ કી વ્યાખ્યા કી. જીવ અપને પુરુષાર્થ સે સૂક્ષ્મ પરમાણુઓં કો ખીંચતા હૈ. વે પરમાણુ ક્રિયા કી પ્રતિક્રિયા કે રૂપ મેં જીવ કે સાથ રહ જાતે હૈં. ઈસ પ્રકાર વર્તમાન કા પુરુષાર્થ ઔર અતીત કા પુરુષાર્થ કર્મ બન જાતા હૈ. ભગવાન્ કી પ્રત્યક્ષાનુભૂતિ મેં અગ્નિભૂતિ કા મન એકરસ હો ગયા. વે અપને પરિવાર કે સાથ ભગવાન કે શિષ્ય બન ગએ. ઇસ પ્રકાર વાયુભૂતિ આદિ વિદ્વાન એક-એક કર આતે ગએ ઔર અપને-અપને શિષ્ય-પરિવાર કે સાથ ભગવાન કે શિષ્ય બનતે ગએ.

વાયુભૂતિ કે આને પર ભગવાન ને જીવ ઔર શરીર કી ભિન્નતા કા પ્રતિપાદન કિયા.

ભગવાન્ ને કહા-'સ્થૂલ દૃષ્ટિ સે સૂક્ષ્મ કા નિર્ણય નહીં કિયા જા સકતા. શરીર સ્થૂલ હૈ, મૂર્ત્ત હૈ. જીવ સૂક્ષ્મ હૈ, અમૂર્ત્ત હૈ. યદિ દોનોં એક હો તો ઇન્હેં દો માનને કા કોઈ પ્રયોજન નહીં રહતા. ઇન્દ્રિયોં કી સહાયતા કે બિના મૈં દેખ રહા હૂં કિ જીવ શરીર સે ભિન્ન હૈ. યદિ જીવ શરીર સે ભિન્ન નહીં હોતા તો ઇન્દ્રિયોં કી સહાયતા લિએ બિના મૈં જ્ઞાન નહીં કર પાતા.'

વ્યક્ત કે આગમન પર ભગવાન્ ને પાંચ ભૂતોં કે અસ્તિત્વ

કા પ્રતિપાદન કિયા.

સુધર્મા કે ઉપસ્થિત હોને પર ભગવાન્ ને જન્મ-વૈચિત્ર્ય કા નિરૂપણ કિયા.

'સુધર્મા! તુમ જાનતે હો કિ જીવ વર્તમાન જન્મ મેં જૈસા હોતા હૈ વૈસા હી અગલે જન્મ મેં હો જાતા હૈ. મનુષ્ય મરને કે બાદ મનુષ્ય હોતા હૈ, પશુ મરને કે બાદ પશુ. કિન્તુ યહ મત સહી નહીં હૈ. મનુષ્ય યા પશુ હોને કા હેતુ મનુષ્ય યા પશુ કા જન્મ નહીં હૈ, કિન્તુ કર્મ હૈ. માયા, પ્રવંચના ઔર અસત્ય વચન કા પ્રયોગ કરને વાલા મનુષ્ય પશુ બનતા હૈ. મનુષ્ય મૃત્યુ કે બાદ ફિર મનુષ્ય બન સકતા હૈ, જો પ્રકૃતિ સે ભદ્ર, વિનમ્ર, દયાલુ ઔર ઈષ્યારહિત હોતા હૈ.'

મંડિત કે સામને ભગવાન્ ને બન્ધ ઔર મોક્ષ કી વ્યાખ્યા કી. ઉન્હોંને કહા-'મંડિત! જીવ કે કર્મ કા બંધ હોતા હૈ. વહ સાદિ હૈ યા અનાદિ-યહ પ્રશ્ન તુમ્હેં આન્દોલિત કર રહા હૈ. તુમ્હારા તર્ક હૈ કિ યદિ વહ સાદિ હૈ તો વિકલ્પત્રયી કે વ્યૂહ કો તાડા નહીં જા સકતા.'

પહલા વિકલ્પ-'ક્યા પહલે જીવ ઉત્પન્ન હોતા હૈ ઔર પીછે કર્મ?'

દૂસરા વિકલ્પ-'ક્યા પહલે કર્મ ઉત્પન્ન હોતા હૈ ઔર પીછે જીવ?'

તીસરા વિકલ્પ-'ક્યા જીવ ઔર કર્મ દોનોં એક સાથ ઉત્પન્ન હોતે હૈં?'

'યદિ બન્ધ અનાદિ હૈ તો ઉસસે મુક્તિ નહીં પાઈ જા સકતી, જીવ કા મોક્ષ નહીં હો સકતા. આર્ય મંડિત! તુમ એકાંગી દૃષ્ટિ સે દેખતે હો ઇસ લિએ યે ઉલઝનેં તુમ્હેં આંદોલિત કર રહી હૈ. તુમ અનેકાન્ત દૃષ્ટિ સે દેખો. કોઈ ઉલઝન નહીં હૈ. જીવ ઔર કર્મ કા સંબંધ આદિ ભી હૈ ઔર અનાદિ ભી હૈ. ઐસા કોઈ સમય નહીં જબ જીવ કો કર્મ કા બન્ધન નહીં થા. કિન્તુ પુરાને કર્મ ફલ દેકર ચલે જાતે હૈં ઔર નએ-નએ કર્મ-પરમાણુઓં કા સંબંધ હોતા રહતા હૈ, અતઃ પ્રવાહ રૂપ સે કર્મ-સમ્બન્ધ અનાદિ હૈ ઔર વ્યક્તિશઃ વહ સાદિ હૈ.'

ભગવાન્ ને મૌર્ય ઔર અકંપિત કે સામને ક્રમશઃ દેવ ઔર નારક કે અસ્તિત્વ કી વ્યાખ્યા કી।

અચલભ્રાતા કે ઉપસ્થિત હોને પર ભગવાન ને પુણ્ય ઔર પાપ કા નિરૂપણ કિયા.

ભગવાન્ ને બતાયા-'પુણ્ય ઔર પાપ કાલ્પનિક નહીં હૈ. યે મનુષ્ય દ્વારા વિહિત વિધાન સે નિયન્ત્રિત નહીં હૈ. યે મનુષ્ય કી સહજ વૃત્તિયોં સે હોને વાલે તથ્ય હૈ. સત્ પ્રવૃત્તિ સે પુણ્ય કે ઔર અસત્ પ્રવૃત્તિ સે પાપ કે પરમાણુ જીવ કે સાથ સમ્બન્ધ કરતે હૈં.

મેતાર્ય કો સંબુદ્ધ કરને કે લિએ ભગવાન્ ને પરલોક કી વ્યાખ્યા કી.

ભગવાન ને કહા-'જિસકા પૂર્વ ઔર પશ્ચાત્ નહીં હૈ, ઉસકા મધ્ય નહીં હો સકતા. મેતાર્ય! યદિ તુમ પૂર્વજન્મ મેં નહીં થે ઔર અગલે જન્મ મેં નહીં હોઓગે તો વર્તમાન જન્મ મેં કૈસે હો સકતે હો? જિસકા વર્તમાન મેં અસ્તિત્વ હૈ, ઉસકા અસ્તિત્વ અતીત મેં ભી હોગા ઔર ભવિષ્ય મેં ભી હોગા. અસ્તિત્વ ત્રૈકાલિક હોતા હૈ. વહ કભી લુપ્ત નહીં હોતા. ઇસ વિશ્વ મેં જિતને તત્ત્વ થે, ઉતને હી હૈં ઔર ઉતને હી હોંગે. ઉનમેં સે એક અણુ ભી ન કમ હોગા ઔર ન અધિક. ફિર તુમ્હારા અસ્તિત્વ કૈસે સમાપ્ત હો જાએગા? અસ્તિત્વ કે પ્રવાહ મેં પરલોક સ્વતઃ પ્રાપ્ત હૈ.'

પ્રભાસ કો નિમિત્ત બનાકર ભગવાન્ ને નિર્વાણ કી ચર્ચા કી. ભગવાન્ ને કહા-'પ્રભાસ! નિવાણ કા અર્થ સમાપ્ત હોના નહીં હૈ. દીપ કા નિર્વાણ હોતા હૈ તબ વહ મિટ નહીં જાતા, કિન્તુ બદલ જાતા હૈ. તૈજસ પરમાણુ તમસ કે રૂપ મેં બદલ જાતે હૈં. જીવન કે નિર્વાણ કા અર્થ ઉસકે ભવ-પર્યાય કા બદલ જાના હૈ. જો જીવ દેહ ઔર કર્મ કે કારણ વિભિન્ન ભવોં મેં વિભિન્ન રૂપ ધારણ કરતા. વહ અપને મૌલિક સ્વભાવ મેં સ્થિત હો જાતા હૈ. અનાત્મા કા આત્મા સે પૃથક્ હો જાના ઔર આત્મા કા અપને રૂપ મેં સ્થિત હો જાના હી નિર્વાણ હૈ.'

ભગવાન્ ને જીવ આદિ તત્ત્વોં કી અનેકાન્ત દૃષ્ટિ સે સ્થાપના કી. એકાંગી દૃષ્ટિકોણ કે કારણ યે તત્ત્વ વિવાદાસ્પદ બને હુએ થે. ઉનકે ખંડન-મંડન કી પરમ્પરા ચલ રહી થી.

ઇન્દ્રભૂતિ ગૌતમ જૈસે વિદ્વાન્ ઉસ ખંડન-મંડન કે માયાજાલ મેં ઉલઝ રહે થે. ભગવાન્ ને ખંડન-મંડન કે જાલ સે પરે લે જાકર ઉન્હેં **સમન્વય** કા દૃષ્ટિકોણ દિયા. ઉન્હોંને ઉસ દૃષ્ટિકોણ સે દેખા ઔર વે યથાર્થ-દૃષ્ટા બન ગએ.

* * *

**જિનેશ્વરોની આજ્ઞા : જીવનમાં નિર્દંભ બનો, સરળ બનો**

*ઉપાધ્યાય યશોવિજયજીએ અનેકાંતવાદને જિનાજ્ઞા ગણી છે. એઓ લખે છેઃ*

*જિનૈઃ નાનુમતં કિંચિત નિષિધ્ધં વા ન સર્વથા*

*કાર્યે ભાવ્યં અદંભન ઇતિ આજ્ઞા પારમેશ્વરી - અધ્યાત્મસાર*

*જિનેશ્વરોએ એકાંતે કોઈપણ બાબતનો નિષેધ નથી કર્યો કે કોઈ પણ બાબતની અનુમતી નથી આપી. જિનેશ્વરોની આજ્ઞા તો એટલી છે કે તમે જીવનમાં નિર્દંભ બનો, સરળ બનો. (મન, વચન અને વાણીમાં સરળતા હોય.)*

## ગણધરવાદના વાંચન-શ્રવણ સમયે જાણવા જેવો પ્રશ્ન

# મનની મૂંઝવણના જ્ઞાતા સર્વજ્ઞ કઈ રીતે?

❑ પૂજ્ય આચાર્ય વિજય પૂર્ણચંદ્રસુરીશ્વરજી

ગણધરવાદનું શ્રવણ, મહાપર્વ પર્યુષણનું એક મહત્વનું અંગ છે. શ્રી ઈન્દ્રભૂતિ આદિ અગિઆર વેદપાઠી બ્રાહ્મણોના દિલપરિવર્તનની એમાં તાત્ત્વિક ચર્ચા છે.

ઈન્દ્રભૂતિજી યજ્ઞ કરી રહ્યા હતા. દેવોના આગમનથી આકાશ ભરાઈ ગયું હતું. એથી એમણે માન્યું કે, દેવો યજ્ઞના મહિમાથી મોહાઈને આવ્યા છે, પણ બન્યું બીજું જ કંઈ! દેવો યજ્ઞમંડપની સામે જોયા વિના જ આગળ વધી ગયા! ઈન્દ્રભૂતિને સખત આઘાત લાગ્યો! એ બહાર આવ્યા, જોયું તો માનવ મહેરામણ જુદી જ દિશાએ જતો હતો. એમને થયું: આ શું! યજ્ઞ અહીં ચાલી રહ્યો છે અને દોડધામ બીજે કેમ! એમણે આનું કારણ પૂછ્યું ત્યારે જનસમૂહનો જવાબ મળ્યો:

'ઈન્દ્રભૂતિજી ! શું આપને ખબર નથી કે, સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવ ઉદ્યાનમાં પધાર્યા છે! દેવ એમના દાસ બન્યા છે. રાજા-પ્રજા સહુ એમના દર્શને ઊમટ્યા છે!'

એક મ્યાનમાં બે તલવાર! ગુફા એક અને સિંહ બે! ઈન્દ્રભૂતિજીને સર્વજ્ઞતાનો ગર્વ હતો. એઓ તો ઊપડ્યા, ભગવાન મહાવીરને મહાત કરવા! પણ જ્યાં સમવસરણ જોયું, પોતાને મધુરી વાણીથી આવકારતા પ્રભુના બોલ જ્યાં સંભળાયા અને જ્યાં ચોમેર વ્યાપેલી દોડધામ જોઈ, ત્યાં જ એમનો ગર્વ ગળી ગયો. તોય સર્વજ્ઞતામાં તો એમને શંકા રહી જ! એમણે વિચાર્યું: આ તો માયાજાળ પણ હોઈ શકે, સામાનું નામ તો મંત્રસિદ્ધ માણસ પણ જાણી શકે, આટલા માત્રથી ભગવાનશ્રી મહાવીરદેવને સર્વજ્ઞ ન મનાય! પરંતુ 'પ્રકાશયસિ ગુપ્તં ચેત્' મારાં મનમાં રહેલી ગુપ્ત શંકાને આ મહાવીર જો કહી આપે, તો હું એમને સર્વજ્ઞ માનું!

**મનની મથામણોને કહી દેતા યોગીઓ ને સંન્યાસીઓ તો આજેય અસ્તિત્વ ધરાવે છે, તો શું એઓને સર્વજ્ઞ માની શકાય?**

પ્રભુએ ઈન્દ્રભૂતિજીની શંકાનું સમાધાન વેદના પદોથી જ કરી આપ્યું ને એઓ પ્રભુના પહેલા ગણધર બન્યા!

આ કથા-વસ્તુ તો પ્રસિદ્ધ છે, પણ આમાંથી એક એ પ્રશ્ન ખડો થાય છે કે, પોતાના મનની શંકાને, પ્રભુ કહી આપે, એટલા માત્રથી જ એમને 'સર્વજ્ઞ' તરીકે સ્વીકારવાની ઈન્દ્રભૂતિજીએ માનસિક તૈયારી કેમ દાખવી? શું સર્વજ્ઞતાની સિદ્ધિ માટે આટલી જ શરત જરૂરી છે? મનની મથામણોને કહી દેતા યોગીઓ ને સંન્યાસીઓ તો આજેય અસ્તિત્વ ધરાવે છે, તો શું એઓને સર્વજ્ઞ માની શકાય?

આ પ્રશ્ન દાદ માંગી લે એવો છે, પણ હજી જરા ઊંડા ઊતરીશું, તો જણાશે કે, ઈન્દ્રભૂતિજી જેવા વિદ્વાન આમ ભૂલે નહિ! એમની શરતના ઊંડાણમાં ઊતરીશું, તો જણાશે કે, એકલી મનની વાતોના જ્ઞાતાને સર્વજ્ઞ માનવાની એમની તૈયારી નહતી, પણ વેદોની સંપૂર્ણ જાણકારી પણ આ કસોટીમાં અપેક્ષિત હતી. એમને વિશ્વાસ હતો કે, વેદો તો ઉચ્ચ વર્ણના બ્રાહ્મણોની જ અંગત જ્ઞાન-મૂડી! એને મહાવીર ક્યાંથી જાણી શક્યા હોય! છતાં જો એઓ પોતાનું સમાધાન કરી આપે, તો માનવું જ રહ્યું કે, એઓ સર્વજ્ઞ છે, કારણ વેદના જ્ઞાન વિના પોતાનું સમાધાન થાય એમ નહોતું. પોતાની માનસિક શંકાનું સમાધાન વેદોનું અધ્યયન માંગી લે, એવુંજ હતું.

આ વાત જરા વધુ વિગતથી વિચારીએ : ઈન્દ્રભૂતિજીને વેદ વિષયક શંકા હતી અને વેદ તો ત્યારે ગુપ્ત હતા. સાર્વજનિક ન હતા. ઉચ્ચવર્ણના બ્રાહ્મણો જ એનું દર્શન કરી શકે, એવું કડક નિયમન હતું. ભગવાન શ્રી મહાવીરદેવ તો ક્ષત્રિય હતા, એટલે એમના માટે વેદના અધ્યયનની કલ્પનાને પણ સ્થાન નહોતું. ઈન્દ્રભૂતિજીને પોતાના ધર્મગ્રંથની ગુપ્તતા માટે આટલો બધો વિશ્વાસ હતો. એથી જ એમણે એ જાતની માનસિક તૈયારીનું ખતપત્ર લખી આપ્યું કે, મારી શંકાનું સમાધાન થાય, તો તમે સર્વજ્ઞ, તો તમે મારા સ્વામી ને હું તમારો શિષ્ય!

-ને ભગવાને વેદના પદો દ્વારા જ ઈન્દ્રભૂતિના મનમાં શલ્યની જેમ સતત ખૂંચ્યા જ કરતી શંકાની શૂળને જ્યારે ખેંચી કાઢી, ત્યારે તેઓએ ભગવાનની સર્વજ્ઞતાને વિશ્વના ચોક વચ્ચે સ્વીકારી લીધી.

આ ઘટના-આ વિચારણામાંથી એ હકીકત પર પ્રકાશ પડે છે કે, બ્રાહ્મણોને માટે અત્યાદરણીય સ્થાન-માન ધરાવતા ધર્મશાસ્ત્રો-વેદો ત્યારે કેટલા બધા ગુપ્ત અને સુરક્ષિત હતા,

તથા એની ગુપ્તતા માટેનું નિયમન કેટલું બધું કડક હતું.

જૈન શાસન અને એમાંય જૈનાચાર્યોની અંગત મૂડી ગણાતા આપણા આગમ શાસ્ત્રોને યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા વિના જ્યારે જગતના ચોકમાં ખુલ્લંખુલ્લા મૂકી દેવાનો પ્રચાર આજે જોરશોરથી ચાલી રહ્યો છે, ત્યારે આ વાત વિચારવા જેવી છે. આગમો માટે બીજો એક શબ્દપ્રયોગ ગ્રંથોમાં જોવા મળે છે : ગણિ-પિટક. આનો સ્પષ્ટ અર્થ એવો થાય કે, આચાર્યો માટે જાનના જોખમેય સાચવવા જેવી પેટી! આગમગ્રંથો તો જિનશાસનની અણમૂલી મૂડી છે. બધા જ જૈન સાધુઓ પણ જો આગમનો અભ્યાસ કરવાના અધિકારી નથી, જેમનામાં યોગ્યતા વિકસી હોય અને અમુક પ્રકારના તપ, જપ જેમણે કર્યા હોય, એવા સાધુઓને જ આગમના અધ્યયનના અધિકારી ગણાવાયા છે, તો પછી જગતના ચોક વચ્ચે મિડીયાના માધ્યમે એને ખુલ્લા કેમ મૂકી દેવાય?

આપણા આગમો જનહિત માટે છે, એનો અર્થ એવો તો ન જ થાય કે, આગમોને જગતના ચોકમાં ખુલ્લાં મૂકી દેવા! દવાઓ આરોગ્ય માટે હોય છે, પણ એથી કંઈ કોઈ જાતના નિયંત્રણો વિના એને બજારમાં ખુલ્લી મૂકી ન દેવાય, જો આ રીતે એને ખુલ્લી મૂકી દેવાય અને ડૉક્ટરની સલાહ સૂચના વિના દર્દીઓ જો એનો ઉપયોગ કરવા માંડે તો તારક દવાઓ મારક નીવડે કે નહિ? જો દવાઓ યોગ્યના હાથે ને યોગ્ય સૂચના મુજબ લેવાય, તો જ દવાથી આરોગ્ય પ્રાપ્ત થઈ શકે. એથી આપણા આગમસૂત્રો–બધાના ઉપકાર માટે રચાયા હોવા છતાં જો એને ગુરુ મુખે સાંભળવામાં આવે તો જ એ ઉપકારક અને જીવનદાતા બની શકે. આ બધી વાતનો સાર એટલો જ છે કે, યોગ્યના હાથમાં યોગ્ય રીતે આગમો પહોંચી શકે, એ માટેના પ્રયત્નો કરવામાં જરાય કચાશ ન રાખવી જોઈએ, સાથે એની પણ એટલી જ તકેદારી રાખવી જોઈએ કે, અયોગ્ય-અપાત્રનો હાથ આ જ્ઞાન–મૂડીની લૂંટ ન કરી શકે.

ગણધરવાદના શ્રવણ-વાંચન સમયે મનમાં એક એવો પ્રશ્ન જાગવો જોઈએ કે, મનની મૂંઝવણના જ્ઞાતાને સર્વજ્ઞ કઈ રીતે માની શકાય? અને એનું નિરાકરણ ઉપર મુજબનું જાણ્યા બાદ આગમ શાસ્ત્રો તરફનો આપણો અહોભાવ કંઈક ગણો વધી જવો જોઈએ.

✶✶✶

પ્રેષક : પ્રવચન શ્રુતતીર્થ
શંખેશ્વર-વિરમગામ હાઈવે, મુ. પો. શંખેશ્વરતીર્થ-૩૮૪૨૪૬
તા. સમી,. જિ. પાટણ, ઉ. ગુજરાત. સંપર્ક : ૦૯૦૧૬૭૪૮૮૮૬

## જીવદયા, સંપૂર્ણ શાકાહારી જીવન સાચા જૈન થવા તરફ પ્રયાણ

(અનુસંધાન પૃષ્ટ ૬૮થી ચાલુ)

વસ્તુઓનો ઉપયોગ થયો હોય તે વસ્તુ કેવી રીતે ખાઈ શકીએ?

(૪) આપણે કોઈપણ શોખને અટકાવવાની જરૂર નથી. જરૂરત છે ફક્ત રસ્તો બદલવાની. એક બ્રાન્ડના બદલે બીજી ૧૦૦% વેજિટેરિયન બ્રાન્ડ વાપરવાની.

(૫) આપણામાંથી જે લોકો શેરબજારમાં રોકાણ કરતાં હોય તેમણે ચામડાં બનાવતી કંપનીઓ, પગરખાં કંપનીઓ, દારૂ, સિગારેટ, હૉટેલ, પોલ્ટ્રી ફાર્મ કે દવા બનાવતી કંપનીઓમાં રોકાણ ન કરવું જોઈએ. બીજા હજારો કંપનીઓમાં રોકાણ કરીને પણ સારા પૈસા કમાઈ શકાય તેમ છે. આપણાં પૈસાથી કોઈપણ કંપની ખોટા ધંધા તો ન જ કરી શકે.

(૬) છેલ્લા થોડા સમયમાં કેન્સરનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. આપણાં ઘણાં સ્નેહીઓ આ રોગના શિકાર બન્યા છે. કેન્સરનું એક કારણ છે માંસાહારી ખોરાક. તો પછી આપણે કેમ તેના ભોગ બનીએ છીએ? આનું એક જ કારણ એ હોઈ શકે કે આપણાં વપરાશમાં આવતી પ્રાણીજન્ય વસ્તુઓ જે ઘણી બધી કંપનીઓ બનાવે છે. આ બાબતમાં પૂરતી કાળજી લેવાની જરૂર છે.

બસ. આટલી જ વસ્તુઓ કરવાની જરૂર છે. આમ કરવાથી જીવદયાનું ખૂબ જ મોટું કાર્ય શાંતિથી થાય તેમ છે. આ પછી આપણને કોઈ પૂછે તો આપણે ખૂબ જ ખાતરીથી અને સંતોષપૂર્વક જવાબ આપી શકીએ કે-

હા...અમે ૧૦૦% શાકાહારી છીએ. ભગવાન મહાવીરના સાચા અનુયાયીઓ છીએ ને અમે પણ કહીએ છીએ કે-

'જીવો અને જીવવા દો.' ✶✶✶

૪૦૩, સ્કાય-હાઈ ટાવર, ચોથે માળે, શંકર લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪. મો. ૯૮૨૧૧ ૨૭૪૭૫.

## ભગવાન મહાવીર અને ગણધરો વચ્ચે વાર્તાલાપ

*શ્વેતાંબર પરંપરા પ્રમાણે ભગવાન મહાવીર અને ગણધરો વચ્ચે વાર્તાલાપ અપાપાનગરીમાં મહાસેન વનમાં વૈશાખ સુદ અગિયારને દિવસે થયો હતો. દિગંબર પરંપરા પ્રમાણે આ વાર્તાલાપ રાજગૃહી નજીક આવેલ વિપુલાચલ પર્વત પર શ્રાવણ વદ એકમને (પ્રતિપદા) દિવસે થયો હતો.*

*(દિગંબર ગ્રંત ષટખંડાગમ ધવલપૃષ્ઠ ૬૩).*

# જીવને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોના નિમિત્તોથી ઉદ્‌ભવતું ભાવકર્મ

☐ સુમનભાઈ શાહ

છદ્મસ્થ અવસ્થામાં સ્થિત જીવને પૂર્વકૃત કર્મો સંજોગો રૂપે યથાસમયે પ્રાપ્ત થયા કરે છે, જેને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનું પરિણમન કહી શકાય. આવા પરિણમનોનું નિમિત્ત પામી જીવને રાગાદિ ભાવોથી નવીન કર્મો કે ભાવકર્મોનું સર્જન થયા કરે છે એવું જ્ઞાનીઓનું કથન છે. આવા રાગાદિ ભાવો જીવમાં થાય છે, નહિ કે જડ રૂપી પુદ્‌ગલદ્રવ્યમાં. આમ છતાંય જીવ અને પુદ્‌ગલદ્રવ્યો એક બીજાનું નિમિત્ત પામી વિભાવ પામી શકે છે. કારણ કે બન્નેમાં વૈભાવિક શક્તિ રહેલી છે. આ બાબતમાં અમુક ત્રિકાલિક સિદ્ધાંતો જ્ઞાનીઓએ પ્રકાશિત કરેલા છે, જે નીચેના આગમ વચનાનુસાર જોઈએ.

**ભાવેણ જેણ જીવો, પેચ્છાદિ જાણાદિ આગદ વિસયે;**
**રજ્જદિ તેવેણ પુણો, બજ્ઝદિ કમ્મ તિ ઉવદે સો.**

ગાથા ૬૫૬-સમણસુતં

**ગુજરાતીમાં ભાવાનુવાદ** –

જીવ પોતાના રાગ અથવા દ્વેષરૂપી જે ભાવથી સંપૃક્ત બની ઈંદ્રિયોના વિષયોના રૂપમાં આવેલા પદાર્થોને જોઈ-જાણે છે, તેનાથી ઉપરુક્ત બને છે અને આવા ઉપરાગને કારણે નવીન કર્મો બાંધે છે.

હવે ઉપરના જ્ઞાનવાક્યનો વિગતવાર ભાવાર્થ જોઈએ.

**૧. ઈન્દ્રિયોના વિષયોરૂપમાં આવેલા પદાર્થો :**

પંચેન્દ્રિયના બે વિભાગો છે, એક દ્રવ્યેન્દ્રિય અને બીજો વિભાગ ભાવેન્દ્રિય.

સાંસારિક જીવના શરીરની વિશિષ્ટ રચનાઓરૂપ આકૃતિઓ અને તેને કાર્યાન્વિત કરનારી પૌદ્‌ગલિક શક્તિઓને દ્રવ્યેન્દ્રિયો કહેવામાં આવે છે. આવી ઈંદ્રિયો અને તેના વિષયો નીચે મુજબ છે-

(૧) આંખ-રૂપ કે વર્ણ (૨) કાન-શબ્દ (૩) નાક-ગંધ (૪) જીભ-રસ (૫) ત્વચા-સ્પર્શ.

ઉપરની દરેક ઈન્દ્રિયને ભાવ ઈન્દ્રિય પણ હોય છે જેનું નિયામક 'મન' ગણાયું છે. અમુક અપેક્ષાએ આ ભાવેન્દ્રિયો આત્મિક પરિણામો છે, જે લબ્ધિ અને ઉપયોગરૂપ હોય છે. (મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ મુજબ)

ઈન્દ્રિયોના વિષયોરૂપમાં આવેલા પદાર્થો એ જીવને પૂર્વકૃત કર્મના સંચયમાંથી યથા સમયે સંજોગો પ્રાપ્ત થયા કરે છે તે છે. આવા સંજોગો કુદરતી નિયમાનુસાર આવ્યા કરે છે.

**૨. પદાર્થોને જોઈ-જાણવાદિની જીવથી થતી પ્રક્રિયા :**

સાંસારિક જીવને સ્થૂળ, સૂક્ષ્મ અને વાણીના સંજોગોની પ્રાપ્તિ કર્માનુસાર થયા કરે છે. સંજોગોની સાપેક્ષતામાં જીવથી મન, વચન, કાયાદિનો પ્રયોગ થાય છે, જેને 'ઉપયોગ' કહેવામાં આવે છે. આવા ઉપયોગમાં જીવની ચેતનાશક્તિ કાર્યાન્વિત થાય છે અને તેનાથી આત્મિક દર્શન અને જ્ઞાન ગુણનો પ્રયોગ થાય છે. એટલે જોવા-જાણવાદિનું કાર્ય જેટલા પ્રમાણમાં આ બન્ને ગુણો નિરાવરણ થયા હોય તેટલા પ્રમાણમાં જ આવું કાર્ય થાય છે. આવું કાર્ય અમુક અપેક્ષાએ અપૂર્ણ છે કારણ કે આ બન્ને ગુણોનું પૂરેપૂરું પ્રગટીકરણ થયું નથી. અથવા આ ગુણોના આવરણ સહિત વિભાગમાં અજ્ઞાનતા કર્મોથી રહેલી હોય છે. આમ દ્રવ્યકર્મોના આવરણથી જીવને રાગાદિ ભાવો થાય છે કારણ કે તે દૃશ્ય અને જ્ઞેય પદાર્થોના વિષયોમાં ઓતપ્રોત કે અનુરક્ત થાય છે. અથવા જીવને 'પર' પદાર્થો કે વિષયોમાં 'સ્વ'પણાનું આરોપણ થાય છે. આ ઉપરાંત જીવને મિથ્યાત્વ, કષાય, યોગ, અવિરતિ અને પ્રમાદ એ પાંચ પ્રકારના આશ્રવદ્વારો ખુલ્લા હોય છે કારણ કે સંજોગોનો સામનો કરતી વખતે તેને આત્મજાગૃતિ વર્તતી નથી.

ચૈતન્યમય જીવની ચેતનાશક્તિંમાં (જે આત્મ પરિણામરૂપ છે) કર્તૃત્વ અને ભોક્તૃત્વ મૂળભૂત નિમિત્તભૂત શક્તિ છે અને તેના નિમિત્તે દ્રવ્યકર્મો પ્રભાવિત થાય છે (વૈભાવિક શક્તિ બન્ને દ્રવ્યોમાં હોવાના કારણે) અને જે ભાવકર્મોના નિર્માણમાં કારણભૂત થાય છે. આમ અમુક અપેક્ષાએ કહી શકાય કે દ્રવ્યકર્મોનું નિમિત્ત પામી જીવને રાગાદિ ભાવોથી ભાવકર્મોનું નિર્માણ થાય છે અને જેમાં આત્મપરિણામરૂપ ચેતનાશક્તિમાં રહેલ કર્તૃત્વ પારિણામિક સ્વભાવ નિમિત્ત થાય છે. ✶ ✶ ✶

**સ્વાધ્યાય સંચયન : સુમનભાઈ શાહ**
૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સામા ચોક,
વડોદરા-૩૯૩૦૦૮.
ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯

# વ્યાખ્યાનકાર સાધુ ભગવંતોના ચરણમાં વિનંતી

☐ ડૉ. છાયા પી. શાહ

ભવ્યલોકના આત્મોત્થાન માટે જીનપ્રભુની વાણીને પોતાના વ્યાખ્યાનો દ્વારા લોક સુધી પહોંચાડનાર પરમ ઉપકારી વ્યાખ્યાતા એવા વ્યાખ્યાનપાન કરાવનાર ગુરુભગવંતોના ચરણમાં મારા મનની કેટલીક મૂંઝવણો આ લેખ દ્વારા રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. સર્વ ગુરુભગવંતોને વિનંતી છે કે મારા આ લેખને અવિવેક ન સમજતા, વિનંતી સમજી તેના પર વિચારણા કરશો.

મારા ૪૦ વર્ષના, જુદી જુદી જગ્યાએ સાધુ ભગવંતોના વ્યાખ્યાનો સાંભળવાના અનુભવ પરથી એવું તારણ મળ્યું છે કે ૨૫% ટકા વ્યાખ્યાનો પરિપક્વ હોય છે, વિષયને પૂરેપૂરો ન્યાય આપનારા હોય છે, જ્ઞાનવર્ધક હોય છે, પરંતુ ૭૫% વ્યાખ્યાનોનો નિચોડ નીચે પ્રમાણે હોય છે. પહેલાં ૫% વ્યાખ્યાનના વિષયનું નામ સામાન્ય ચર્ચા પછીના ૩૦% વર્તમાન સમયના સંજોગો-વિજ્ઞાનની શોધોએ વેરેલો વિનાશ, પશ્ચિમના દેશોના અનુરૂપ દૃષ્ટાંતો, પછીના ૩૦% શ્રોતાઓની નબળાઈ-ભૂલો-ધર્મ પ્રત્યેની ઉદાસીનતા, એની સામે ઐતિહાસિક દૃષ્ટાંતો-કહેવતો વગેરે પછીના ૩૦% શ્રી સંઘે અથવા વ્યાખ્યાનકારે પોતે શરૂ કરેલા કોઈ પ્રોજેક્ટ વિષે માહિતી વિગતવાર વાતો, છેલ્લા ૧૦% માં મૂળ વિષય પર આગળ એટલું વધાય કે કાલે શું વાંચીશું એની વાત થાય. બીજે દિવસે પણ આજ સ્થિતિ થાય. સાંભળવા આવનાર શ્રોતાને એક કલાકના વ્યાખ્યાનમાં ૧૦ મિનિટનો પદાર્થ મળે નહીં, પદાર્થોના રસમાં ડૂબી જવાનો આનંદ મળે નહીં, જ્ઞાન વૃદ્ધિ થવાનો અનુભવ થાય નહીં, વિદ્વદ્જનોને તો એવું મન થાય કે વ્યાખ્યાનમાં આવી ગુરુભગવંતોને વંદન કરી માંગલિક સાંભળી ઘરે જતા રહેવું ને ઘરે જઈ કોઈ ગંભીર ગ્રંથ વાંચવાથી વધુ લાભ થાય.

ચોમાસા દરમ્યાન જે ગ્રંથવાંચન શરૂ થાય તે સમગ્ર ચોમાસા દરમ્યાન અલ્પ પ્રકરણો જ પૂરા થાય. કેટલાંક સાધુ-સાધ્વી ભગવંતો પાસે આ વિષયમાં ચર્ચા કરતાં એવો જવાબ મને મળ્યો કે અમારી વાણી લોક ભોગ્ય હોવી જોઈએ. ઊંચી વાતો લોકોની સમજમાં આવે નહીં. પરમાત્મા મહાવીર પ્રભુ વાણીને લોકભોગ્ય બનાવવા અર્ધમાગધી ભાષા વાપરતા હતા પરંતુ તેમના દરેક શબ્દમાં પદાર્થ પીરસાતો હતો. લોકભોગ્યનો અર્થ છે સરળ રીતથી જ્ઞાનવર્ધક પદાર્થો પીરસવા. આ રીતે સંખ્યા ઓછી થઈ જવાનો સંજોગ ઊભો થાય, પરંતુ એવું આરંભમાં જ થાય છે. સાંભળવા આવનારો વર્તમાનનો મોટા ભાગનો શ્રોતા વર્ગ ઊંચુ વ્યવહારિક શિક્ષણ મેળવેલ હોય છે તેથી ધીમે ધીમે તે ઊંચી-અઘરી વાતોને પચાવવાનું શીખવા માંડે છે, સંખ્યા પણ વધવા માંડે છે. આમ થશે તો વ્યાખ્યાન શ્રવણનું પરિણામ પ્રાપ્ત થશે. બીજી બાજુ શ્રોતાવર્ગ સમગ્ર જીવન બાળમંદિરમાં ન રહેતા આગળ ધપશે-જ્ઞાની બનશે-ધર્મનું મહત્ત્વ સમજશે. એક વાતનું ઓછું એ આવે કે સમગ્ર વ્યાખ્યાન દરમ્યાન શ્રોતાજનોને સાતથી આઠ વાર ટકોરવામાં આવે જેમ કે 'લગ્ન અને દીક્ષા બે પ્રસંગો હોય ત્યારે તમે તો લગ્નમાં જ જવાનાને !' બહુ વરસાદ પડતો હોય ત્યારે તમને સાધુભગવંતે શું વાપર્યું હશે તે યાદ આવે ખરું ?' 'તમે બધા પૈસાના જ લાલચી છો ને ?' એક વ્યાખ્યાનમાં તો એવું પણ સાંભળ્યું, 'પેલા નાના ભીખારી ને તમે બધા મોટા ભિખારી.'. આ બધા વાક્યો સાંભળી શ્રોતાવર્ગ સતત અપરાધ ભાવ અનુભવે છે. દીનતા અનુભવે છે. પરમાત્મા મહાવીર પણ શ્રોતાજનોને 'હે દેવાનુપ્રિયો' એવા સંબોધનથી સંબોધતા હતા. શ્રોતાવર્ગ અજ્ઞાની છે જ. પરંતુ તેને સુધારવા માટે આ રીત બરોબર નથી ગુરુદેવો ? આ શ્રોતાઓની સામે વ્યાખ્યાનમાં શાસ્ત્રોમાં વર્ણવેલા શરીરના અશુચીપણાની સૂક્ષ્મ વાતો પીરસો, એનામાં એવી શક્તિ છે કે શ્રોતાનો શરીર પ્રત્યેનો મોહ આપો આપ છૂટી જશે. શાસ્ત્રોના હૃદયમાં રહેલી વાણી જ પીરસો' (બીજી વાતો ગૌણ કરીને) તો શ્રોતાવર્ગ પામી જશે, સુધરી જશે. આપને અમને ટકોર કરવાનો પૂરો અધિકાર છે પણ મીઠાશથી કરેલી ટકોર સુપરિણામ પ્રગટાવે છે.

અમારો એક સમૂહ છે જે સર્વેએ જૈનધર્મના વિષયો લઈ પીએચ.ડી. કર્યું છે. અમે એક વિષય પર સંશોધન કરવા આકરી મહેનત કરી છે. ધાર્મિક વિષય પર વ્યાખ્યાન આપવા જઈએ ત્યારે કેટલાય શાસ્ત્રો વાંચીએ છીએ. એ વિષય પર સમગ્ર માહિતી એકત્ર કરી બે મહિનાની મહેનત એક કલાકમાં ઠાલવીએ છીએ. અમારો એવો અભ્યાસ છે કે કોઈપણ ધાર્મિક વિષયને સમગ્ર રીતે ન્યાય આપી વક્તવ્ય આપી શકીએ છીએ, પરંતુ અમારી પાસે આપના જેવું ૬ કાયાના જીવોની સતત રક્ષા કરતું જીવન ક્યાં છે ? આપના જેવું આચરણ ક્યાં છે ? જૈન સાધુ આ કલિયુગનું કલ્પવૃક્ષ છે, પૃથ્વી પરની અજાયબી છે. આપ સર્વે મહાન છો, વળી સુધર્માસ્વામીજીની પાટે બેસીને બોલો છો. આપ જો સ્વસ્થ અને સમૃદ્ધ દેશના આપશો તો સોનામાં સુગંધ પણ ભળશે અને અમને તળાવે આવીને તરસ્યા જવાનો અહેસાસ નહીં થાય.

એક બાળક માતા પાસે દિલની વાત રજૂ કરે તેમ આપ ગુરુ ભગવંતો સમક્ષ દિલ ઠાલવ્યું છે. મારો ઉદ્દેશ જરા પણ ટીકાત્મક નથી છતાંય કોઈ અવિવેક થયો હોય તો મન-વચન-કાયાથી ક્ષમા માંગું છું.

✶ ✶ ✶

૯૪, લાવણ્ય સોસાયટી, પાલડી વાસણા,
અમદાવાદ-૭.
ટેલિફોન : ૦૭૯-૨૬૬૧૨૮૬૦.

# જીવદયા, સંપૂર્ણ શાકાહારી જીવન સાચા જૈન થવા તરફ પ્રયાણ

☐ અતુલ દોશી

આપણે દરેકે પોતાની જાતને એક સવાલ પૂછવો જોઈએ કે–'શું સાચે જ આપણે ૧૦૦% શાકાહારી છીએ?

થોડું વિચારવાથી ખ્યાલ આવશે કે આપણે પૂર્ણ રીતે શાકાહારી નથી. જાણતાં અજાણતાં આપણે ઘણીબધી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં પ્રાણીજન્ય (Animal by Products) વસ્તુઓનો વપરાશ થાય છે.

કસાઈઓ અને કતલખાનાઓને જે આવક પશુઓના માંસમાંથી થાય છે લગભગ તેટલી જ આવક તેમને પશુઓના ચામડાં, ચરબી, હાડકાં, વિગેરેમાંથી થાય છે. જે લોકો માંસાહાર કરે છે તે જો ૫૦% પાપના ભાગીદાર હોય તો બાકીના ૫૦% પાપ માટે આપણે જવાબદાર છીએ. કેવી રીતે?

થોડી નીચેની હકિકતો તરફ ધ્યાન આપીએ:

(૧) કરોડો પ્રાણીઓની હત્યા ફક્ત ચામડાં માટે થાય છે. પહેલાંના સમયમાં કુદરતી રીતે મૃત્યુ પામેલ પ્રાણીઓના ચામડાંમાંથી આપણાં ચપ્પલ કે શુઝ બનાવવામાં આવતાં હતાં. હવે વપરાશ વધ્યો છે. હવે લોકોને ધંધા માટે જીવતાં પ્રાણીની ચામડી લેવામાં કોઈ શરમ આવતી નથી. આપણે દરેકે ચામડાંની વસ્તુઓના બદલે કૃત્રિમ ચામડાં (Synthetic Leather) કે કેનવાસમાંથી બનતાં ચપ્પલ, શુઝ, પર્સ, બેલ્ટ કે જેકેટનો વપરાશ કરવો જોઈએ.

(૨) લાખો પ્રાણીઓની હત્યા આપણી રોજિંદી વપરાશની વસ્તુઓ (જે જીવન જરૂરિયાત નથી) માટે કરવામાં આવે છે. સૌંદર્ય પ્રસાધનો (Cosmetics), સાબુ, ટુથપેસ્ટ, સાબુ, બેકરી પ્રોડક્ટસ, ચોકલેટ, બિસ્કિટ વિગેરેમાં પ્રાણીઓની ચરબી, જીલેટિન કે પ્રાણીઓના હાડકાંઓનો વપરાશ કરવામાં આવે છે.

(૩) હજારો પ્રાણીઓની હત્યા દવાઓ અને સૌંદર્ય પ્રસાધનો બનાવતી કંપનીઓ દ્વારા તેમના પ્રોડક્ટની ચકાસણી (Testing) માટે થાય છે. પશુ અને પક્ષીઓને ખૂબ જ ક્રુર રીતે રાખવામાં આવે છે. વિવિધ જાતના પરીક્ષણો કરાય છે અને ઘણા બધા જીવો ખૂબ જ રીબાઈને અંતે મરણ પામે છે. કેમ આયુર્વેદની દવાની ચકાસણી કોઈ પશુ ઉપર કરવાની જરૂર નથી? શું આપણને સાચે તેવું લાગી રહ્યું છે? આ રીતે કરવાથી આપણાં રોગો ઘટ્યા છે? હકિકત તો એ છે કે રોગોનું પ્રમાણ વધ્યું છે અને નવા ઘાતક રોગોનો જન્મ થયો છે આપણાં મૃત્યુ માટે. બીજા કોઈપણ જીવને દુઃખ આપીને આપણને સુખ નહિ મળે. આ શાશ્વત સત્ય છે.

(૪) ૧૫૦૦ રેશમના કીડાને જીવતા ઉકાળીને મારવામાં આવે છે. ફક્ત ૧૦૦ ગ્રામ સિલ્ક માટે. વિચાર તો કરો કે એક સિલ્કની સાડી માટે કેટલાં રેશમના કીડાનો ભોગ લેવાયો છે.

(૫) આપણને ખ્યાલ પણ નથી આવતો કે કેટલાં પ્રાણીઓની હત્યા દેરાસરમાં વપરાતાં વરખ માટે કે મીઠાઈ માટે ઉપયોગમાં લેવાતાં વરખને બનાવવાની પ્રક્રિયામાં થાય છે. શું તમને લાગ છે કે વરખની આંગીથી પરમાત્મા પ્રસન્ન થશે? મીઠાઈ ખાતી વખતે વરખનો કોઈ સ્વાદ નથી આવતો.

(૬) કરોડો પશુઓનો જન્મ અકુદરતી પદ્ધતિઓ (Force Breeding)નો ઉપયોગ કરીને થાય છે. તેમને ખૂબ જ ગીચ જગ્યામાં અને ખરાબ રીતે ઉછેરવામાં આવે છે. રસાયણો (Toxic Chemical)ના ઈંજેકશનો આપીને તેમની ચરબી વધારવામાં આવે છે અને પછી તેની કતલ કરવામાં આવે છે. માંસ, ચામડાં, હાડકાં વિગેરે વસ્તુઓ માટે આ પદ્ધતિને Factort Farming કહે છે.

(૭) છેલ્લે, આપણા પ્લાસ્ટિકના વપરાશ પ્રત્યેનો લગાવ આખા કુદરતી વાતાવરણનો નાશ કરી શકે તેમ છે. ગાય અને બીજા પ્રાણીઓ પ્લાસ્ટિક ખાય છે અને ખૂબ જ પીડા ભોગવે છે. આપ સૌ થોડો સમય ફાળવીને Plasticcow.com વેબસાઈટ ઉપર વિડીયો જોશો ત્યારે પરિસ્થિતિની ગંભીરતા અને પ્રાણીઓની વેદના સમજાશે.

આ માંસાહાર અટકાવવા માટે શું થઈ શકે?

આપણે શું કરી શકીએ?

થોડી ખૂબ જ સરળ અને સાદી રીતો છે:

(૧) આ સાથે એક કોષ્ટક (Table) આપવામાં આવ્યું છે. તેમાં કઈ કઈ વસ્તુઓમાં કયા પ્રાણીજન્ય પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે તેની માહિતી છે. તેની સામે કઈ કંપનીઓ આવા પદાર્થો બનાવે છે અને કઈ કંપનીઓ આ જ વસ્તુ ૧૦૦% વેજીટેરિયન રીતે બનાવે છે. વેજીટેરિયન વસ્તુઓ ક્યાંથી મળે છે તેની પણ માહિતી છે.

ખાસ યાદ રાખજો કે આ લિસ્ટ સંપૂર્ણ નથી. તમારી માહિતી માટે થોડી કંપનીઓના નામ આપ્યા છે. કોઈપણ કંપનીની જાહેરાતનો હેતુ નથી. થોડી મહેનત કરશો તો બીજી ઘણી બધી કંપનીઓ જે ૧૦૦% વેજીટેરિયન વસ્તુઓ બનાવે છે તેની જાણ થશે.

સૌથી અગત્યની બાબત એ છે કે ઘણા બધા ભાઈઓ-બહેનો આ જ વસ્તુઓ ગૃહ ઉદ્યોગ તરીકે બનાવે છે. તે પણ સાચી અને શુદ્ધ રીતે. આપણી ફરજ છે કે આપણે તેમની પાસેથી આ વસ્તુઓની ખરીદી કરીએ અને તેમને સહકાર આપીએ. આપણને સારી વસ્તુ મળશે અને તેમને રોજગારી મળશે.

(૨) કોઈપણ સ્ટોર્સ કે શોપીંગ મોલમાં જઈએ ત્યારે 'વેજિટેરિયન' શબ્દ વારે વારે સંભળાવો જોઈએ. જરૂર છે જાગૃતિ લાવવાની.

(૩) કોઈપણ વસ્તુ ખરીદતાં કે વાપરતાં પહેલાં થોડું વિચારીએ.

એક પાંજરાપોળમાં લગભગ ૨૦૦૦ પશુઓ હોય છે. આપણે પાંજરાપોળ બંધાવી કે નિભાવી ન શકીએ પરંતુ યોગ્ય પદ્ધતિથી જીવીએ તો આપણાં દરેકના ઘરમાં જે એક મિની દેવનાર કતલખાનું છે તે જરૂરથી બંધ કરી શકાય.

આપણે કંદમૂળ પણ ખાતાં નથી તો જેમાં પ્રાણીજન્ય

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૬૪મું)**

## વેજીટેરિયન વસ્તુઓ વાપરવા માટેની માર્ગદર્શિકા

| વસ્તુઓ | શેમાંથી બનાવવામાં આવે છે | વેજીટેરિયન વસ્તુઓ | ક્યાંથી મળે છે |
|---|---|---|---|
| (૧) ચામડાંની વસ્તુઓ ચપ્પલ, શુઝ, બેલ્ટ, પર્સ, જેકેટ વિ. | પ્રાણીઓના ચામડાં | કેનવાસ, કપડાં અને કૃત્રિમ ચામડું (Synthetic Leather) | કોઈપણ શુ સ્ટોર્સમાં Non-Leather શુઝ-ચપ્પલ મળે છે. મુલુંડમાં સેન્સો સ્ટોર્સ છે જે ફક્ત કૃત્રિમ ચામડાંની વસ્તુઓ રાખે છે. |
| **(૨) રોજિંદી વપરાશની વસ્તુઓ:** | | | |
| ટુથપેસ્ટ-ટુથ પાવડર | જીલેટીન પ્રાણીજન્ય | અમર ટુથપેસ્ટ, વીકો, ગૃહ ઉદ્યોગ | કોઈપણ સ્ટોર્સ |
| નહાવાના સાબુ, | પ્રાણીઓની ચરબી | મેડીમીક્સ, લશ, રૂબીસ હર્બલ, પ્રીતી સોપ, જ્યોતિ | કોઈપણ સ્ટોર્સ<br>વર્ધમાન સંસ્કાર ધામ<br>બાબા રામદેવ પતંજલી સ્ટોર્સ |
| ડીટરજન્ટ પાવડર, | પ્રાણીઓની ચરબી | જ્યોતિ, ક્રયા, ગૃહ ઉદ્યોગ | કોઈપણ સ્ટોર્સ |
| સૌંદર્ય પ્રસાધનો–શેમ્પુ, ક્રીમ, લોશન, નેઈલપૉલીશ, લીપસ્ટીક | પ્રાણીજન્ય પદાર્થો: પશુ-પક્ષી પર ચકાસણી | લશ, કલર બ્રાન્ડ, વીરો, રૂબીસ હર્બલ | પેન્ટાલુન,બોડીશોપ,ફેબ ઈન્ડિયા, વિ. |
| **(૩) ખાવા-પીવાની વસ્તુઓ** | | | |
| બેકરી, પ્રોડક્ટ, બ્રેડ, કેક વિ. | મટન ટેલો | ગ્રીન સ્ટોવ વેગન બેકરી | { આ દરેક વસ્તુઓ બની શકે તો ગૃહ ઉદ્યોગોમાંથી મેળવવી અથવા ઘર બનાવટની વાપરવી. |
| ચોકલેટ | પ્રાણીની ચરબી | | |
| તૈયાર નાસ્તા | મટન ટેલો | | |
| આઈસ્ક્રીમ | પ્રાણીજન્ય વસ્તુ | નેચરલ આઈસ્ક્રીમ<br>દિપ્તી આઈસ્ક્રીમ | |
| **(૪) કપડાં** | | | |
| સીલ્ક-આર્ટ સીલ્ક-કાંજીવરમ્ | રેશમના કીડાને મારીને મેળવાય છે | કોટન સીલ્ક, પોલીસ્ટર | કોઈપણ સ્ટોર્સ |
| વુલન | ઘેટાને રીબાવીને મેળવાય છે. | કૃત્રિમ વુલન | કોઈપણસ્ટોર્સ |
| **(૫) કૃત્રિમ દાગીના (Jewellery)** | પ્રાણીઓના હાડકાં, કોરલ, હાથીદાંત, વિ. | બીજી કોઈપણવસ્તુ વાપરવી જોઈએ | — |
| (૬) દવા-એલોપથી, હોમિયોપેથિક | પ્રાણીજન્ય વસ્તુઓ | આયુર્વેદિક | — |
| (૭) મધ | મધમાખીઓને રીબાવવામાં આવે છે | વપરાશ ન કરવો જોઈએ. | |

# જયભિખ્ખુ જીવનધારા-૫૨

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*[ માનવતાના મૂલ્યોની જિકર કરનાર સાહિત્યસર્જક જયભિખ્ખુએ તંદુરસ્ત જીવનદૃષ્ટિ ઘડી શકાય એવું પ્રેરક સાહિત્ય આપ્યું. એમની અક્ષરયાત્રાની સાથોસાથ એમના જીવનની આનંદયાત્રા પણ ચાલતી હતી. એમના જીવનમાં બનેલા એક હૃદયસ્પર્શી પ્રસંગને જોઈએ આ બાવનમા પ્રકરણમાં.]*

## ચોધાર આંસુએ રડી પડ્યા !

૧૯૪૫ની એક વહેલી સવારે જયભિખ્ખુના અમદાવાદના માદલપુર વિસ્તારમાં આવેલા ગારની લીપણવાળા ઘરમાં રબારી કોમનો એક વિવેકી અને નમ્ર છોકરો પ્રવેશ્યો. એનું નામ હતું તુલસીદાસ. એની આંખોમાં સહજ શરમાળપણું હતું. વાતચીતમાં સૌજન્ય ટપકતું હતું. એ છોકરો પાટણ પાસેના દેત્રોજ ગામનો વતની હતો અને ત્યાંથી થોડા સમય પહેલાં અમદાવાદ નોકરી માટે આવ્યો હતો. જયભિખ્ખુ અવારનવાર જૈન સોસાયટીમાં રહેતા એમના સ્વજન ભગવાનદાસ પંડિતને ત્યાં જતા હતા. અહીં એમણે આ છોકરાને જોયો. એ છોકરો દેત્રોજથી આવ્યાને બે મહિના થયા તે પછી પોતાની માતા અને નાના ભાઈ જીવણલાલને પણ અમદાવાદ બોલાવી લીધાં હતાં.

એ જયભિખ્ખુને મળવા આવ્યો એ સમયે જયભિખ્ખુ શારદા મુદ્રણાલયમાં જતા હતા અને ત્યાં પુસ્તકનું કમ્પોઝ અને પ્રિન્ટિંગ ચાલતું હતું. વળી ત્યાં બપોર પછી લેખકોનો ડાયરો પણ જામતો હતો. જયભિખ્ખુને આ છોકરાનો સુશીલ સ્વભાવ પસંદ પડ્યો એટલે એને શારદા મુદ્રણાલયમાં નોકરીએ રાખી લીધો. તુલસીદાસે કંઈ ઝાઝો અભ્યાસ કર્યો નહોતો. એ જમાનામાં પ્રેસમાં હાથેથી ટાઈપ કમ્પોઝ થતાં. એ પછી પાના મુજબ એનો જાડી દોરીથી ફરમો બંધાતો. એ બાંધેલા ફરમાનું ગૅલી-પ્રૂફ કાઢવાનું હોય. એ ફરમા પર કાગળ મુકાય અને પછી રોલર ફેરવાયો એટલે ગૅલી-પ્રૂફ નીકળે અને એ પ્રૂફ પહેલાં પ્રૂફરીડરો વાંચે અને છેલ્લે લેખકને વાંચવા આપવાનું હોય.

તુલસીદાસને ગૅલી કાઢવાનું અને પ્રૂફ લાવવા-લઈ જવાનું કામ સોંપવામાં આવ્યું; પરંતુ ધીરે ધીરે તુલસીદાસ એમની સૌમ્ય પ્રકૃતિથી અને કર્મનિષ્ઠાથી જયભિખ્ખુના પ્રિય બની ગયા. કોઈ પણ કામ હોય તો જયભિખ્ખુ પહેલાં તુલસીદાસને યાદ કરે અને તુલસીદાસ તુરત હાજર! એકેય વખત એવું બન્યું નથી કે જયભિખ્ખુએ સોંપેલા કોઈ કામમાં એમણે આનાકાની કરી હોય. તુલસીદાસ પાસે દુનિયાદારીની ઊંડી સૂઝ. નિરીક્ષણ-શક્તિ પણ સારી. આથી જયભિખ્ખુ એમને ક્યાંય પણ મોકલે તો એમને એ વ્યક્તિની પ્રકૃતિનો અને એમના ઘરની સ્થિતિનો 'આંખે દેખ્યો અહેવાલ' જાણવા મળી જતો ! ક્યારેક જયભિખ્ખુ એમની મસ્તીમાં કે એકાએક કોઈ એક બાજુ ઢળી પડવાની પ્રકૃતિને કારણે માણસોને પારખવાની ભૂલ કરતા, ત્યારે તુલસીદાસ એમને સૌમ્ય વાણીથી જે તે વ્યક્તિની સાચી ઓળખ આપતા અને જયભિખ્ખુ પણ એમની વાત કાને ધરતા.

જયભિખ્ખુ એક કાગળમાં દિવસભરના કામની ક્રમિક સૂચિ બનાવતા. વહેલી સવારે તુલસીદાસ આવે એટલે એમને આ કાગળ આપે. કોઈને કોઈ પુસ્તક આપવાનું હોય, તો સમજાવે, પત્ર આપે, સાથે જરૂરી સૂચના પણ આપે. તુલસીદાસ એમના વિવેકી વર્તનથી જ્યાં જાય, ત્યાં સહુનો સ્નેહ સંપાદિત કરી લેતા. કોઈ પણ વ્યક્તિને ઘેર જાય એટલે તે વ્યક્તિ માનતી કે જયભિખ્ખુના સંદેશવાહક હનુમાન આવ્યા! એ પછી તુલસીદાસ પોતાની મીઠી વાણીમાં થોડી અલકમલકની વાત કરે, પણ વાત કરવાની સાથોસાથ એ ઘરની સમગ્ર પરિસ્થિતિનો તાગ પણ મેળવી લે. આને પરિણામે બનતું એવું કે તુલસીદાસ પાસે દરેક સર્જકની ખાસિયતથી માંડીને, એના ગમા-અણગમા અને આતિથ્યની સઘળી વિગતો જાણવા મળતી.

એ વહેલી સવારે ઘેર આવે એટલે પહેલાં મને નજીકમાં આવેલી માદલપુરની મ્યુનિસિપલ શાળા નં. ૪માં મૂકવા આવતા. આ સિલસિલો એક યા બીજા પ્રકારે એવો ચાલુ રહ્યો કે જ્યારે હું નવગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો, ત્યારે પણ રોજ વહેલી સવારે સ્કૂટર પર મને કૉલેજ સુધી મૂકી જતા. તુલસીદાસ સમયની બાબતમાં ભારે ચીવટવાળા. એમને જયભિખ્ખુએ કહ્યું હોય કે સવારે પાંચ વાગ્યે ઉઠાડજો એટલે બરાબર પાંચ વાગ્યે બારણે ટકોરા પડ્યા જ હોય. સવારે સાડા નવે આવવાનો એમનો

સમય. એમાં ક્યારેક ચૂક ન થાય. એ સમયે માદલપુરની નજીકમાં આવેલી ગુજરાત સોસાયટીમાં એ રહેતા હતા અને રોજ ચાલીને ગાંધી માર્ગ પર આવેલા શારદા મુદ્રણાલયમાં જતા હતા.

શારદા મુદ્રણાલયના માલિક શંભુભાઈ જગશીભાઈ શાહ અને ગોવિંદભાઈ જગશીભાઈ શાહ સાથે પણ એમને સંબંધ. અમને ઘેર એ દૂધ પહોંચાડવા જતા હતા. પંદર રૂપિયાના પગારે તુલસીદાસ શારદા મુદ્રણાલયમાં નોકરીના સંબંધે જોડાયા, પરંતુ એથીય વિશેષ તો સર્જક જયભિખ્ખુ સાથે હૃદયસંબંધે જોડાયા. પછી તો જયભિખ્ખુ અમદાવાદની બહાર ક્યાંય પણ જાય તો તુલસીદાસ એમની સેવામાં હાજર હોય! વહેલી સવારે દસ વાગે પ્રેસ શરૂ થતું અને રાત્રે આઠ વાગ્યે ચાવી લઈને તુલસીદાસ પાછા આવતા.

તુલસીદાસનો સ્વભાવ એવો કે સહુની સાથે હળીભળી જાય! લેખકોની વાતોનો તો એમની પાસે ભંડાર. ક્યારેક ગુણવંતરાય આચાર્યનું વર્ણન કરવા બેસે એટલે કહે, ગુણવંતરાય આચાર્ય શારદા મુદ્રણાલયમાં આવે અને એકસાથે ત્રીસચાલીસ પાનાં લખીને કમ્પોઝીટરને ધડાધડ આપતા જાય. બાજુમાં બીડીનો ઢગલો પડ્યો હોય અને સાથે તુલસીદાસને કહે, 'રસવંતી લઈ આવો.' 'રસવંતી' એટલે 'ચંદ્રવિલાસ'ના જલેબી-ફાફડા અને પછી આરામથી ચંદ્રવિલાસના જલેબી-ફાફડા આરોગતાં-આરોગતાં ગુણવંતરાય આચાર્ય કોઈ વિરલ કમ્પોઝીટર વાંચી શકે એવું લખાણ લખતા હોય!

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી તૈયાર ચા પીએ નહીં. એ આવે એટલે ટ્રેમાં ચા મંગાવતા અને તેઓ જાતે જ ચા તૈયાર કરતા. 'ધૂમકેતુ'ને ત્યાં તુલસીદાસને વારંવાર જવાનું બનતું, કારણ કે બીજા લેખકો માત્ર છેલ્લું પ્રૂફ જોવા મંગાવતા, જ્યારે 'ધૂમકેતુ' જાતે જ બધાં પ્રૂફ તપાસતા. આવી આવી અનેક લેખકોની કેટલીયે ખાસિયતો તેઓ જાણે અને એમની સાથેના પ્રસંગોનું રસભર્યું, ઠાવકાઈથી વર્ણન પણ કરે.

ધીરે ધીરે તુલસીદાસ સાથે જયભિખ્ખુને એટલો સ્નેહ બંધાયો કે પછી કંઈ પણ કામ હોય એટલે પહેલાં તુલસીદાસનું સ્મરણ થાય. રામને જેમ સતત હનુમાનનું સ્મરણ થતું હતું તેમ! એક વાર જયભિખ્ખુએ વિચાર્યું કે આજુબાજુ સાવ જંગલ કે ખેતરો હોય, એવી કોઈ નિર્જન જગાએ ઘર બાંધીને રહેવું. આ વિચારના અમલ માટે એમણે કુટુંબીજનોના વિરોધ વચ્ચે એ સમયે અમદાવાદના છેવાડાના ભેંકાર ગણાતા વિસ્તારમાં ચંદ્રનગર સોસાયટીમાં જમીન લીધી અને એના પર મકાન બનાવ્યું. જયભિખ્ખુ ચંદ્રનગરમાં વસવા માટે કૃતસંકલ્પ હતા, પણ કુટુંબીજનો અને પરિચિતોના મનમાં પારાવાર ચિંતા હતી. કોઈ કહેતું કે આવા નિર્જન વિસ્તારમાં કશીય સગવડ વિના કઈ રીતે રહી શકાય ? ત્યાં ન કોઈ બસ આવે છે કે એવું અન્ય કોઈ વાહન. ત્યાં ગટર પણ નહીં. વળી સાપનો ઉપદ્રવ પણ ઘણો અને મચ્છરોનો તો કોઈ પાર નહીં. નરકનો એકલવાયો ટાપુ હોય, તેવી હાલત ત્યારે એ વિસ્તારની!

જયભિખ્ખુ હોય ત્યાં તુલસીદાસ હોય જ. અને જયભિખ્ખુએ પોતાનું મકાન બની ગયું એટલે તરત જ પાછળના ભાગમાં તુલસીદાસના પરિવાર માટે નાની ઓરડી બનાવી આપી. એ સમયે ઓરડી બનાવવાનો ખર્ચ ૩૦ રૂપિયા થયો હતો. જયભિખ્ખુ ચંદ્રનગરના બંગલામાં વસવા આવે તેના છ મહિના પૂર્વે તુલસીદાસ એમના પરિવાર સાથે ઓરડીમાં રહેવા આવી ગયા. એમણે મુશ્કેલ પરિસ્થિતિનો પ્રથમ અનુભવ કર્યો, પણ સાથોસાથ જયભિખ્ખુ આવે તે પહેલાં મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયત્ન કર્યો. ચંદ્રનગરના બંગલાનું વાસ્તુ થયું અને જયભિખ્ખુ રહેવા આવ્યા ત્યારે તુલસીદાસ પાસેથી એમને આ વિસ્તારની પૂરેપૂરી ઓળખ મળી ગઈ હતી.

ઘરમાં એ સમયે ગરમ પાણી માટે બંબો વપરાતો હતો. તુલસીદાસ બાજુમાં આવેલા નારાયણનગરમાં જઈને પથ્થરિયા કોલસા લઈ આવે અને બંબામાં ભરે. પછી સવારે જયભિખ્ખુ ફરીને પાછા આવે એટલે એમને નાસ્તો આપવાનું કામ તુલસીદાસનું. જયભિખ્ખુના સાહસમાં પણ તુલસીદાસ મોખરે હોય. એમના ઘરની બાજુમાં રહેતા નાથાનિયલ પર હુમલો કરવા આવેલા બે હુમલાખોરોની પાછળ જ્યારે જયભિખ્ખુ દોડ્યા હતા ત્યારે એમની આગળ ખુલ્લા પગે નદીની રેતમાં છેક સુએઝ ફાર્મ સુધી તુલસીદાસ પણ દોડ્યા હતા.

એક વાર પુનિત મહારાજે 'જનકલ્યાણ' સામયિકના ઉપક્રમે લેખક-સંમેલન યોજ્યું ત્યારે જયભિખ્ખુએ લેખકોની સરભરાનું કામ તુલસીદાસને સોંપ્યું હતું. તુલસીદાસના મુખેથી જયભિખ્ખુની ઘણી વાતો સાંભળવા મળે. રાજકોટના પ્રકાશક રસિકલાલ ફૂલચંદને ખૂબ ટૂંકી મુદતે એકસાથે ચૌદ પુસ્તકો તૈયાર કરવાના હતા. આ કામ અશક્ય લાગતું હતું, ત્યારે જયભિખ્ખુ એમની મદદમાં આખો દિવસ જુદા જુદા પ્રેસમાં જતા અને એમને આ કામ પાર પાડી આપ્યું હતું. ચિત્રકાર 'અત્રિ' (શ્રી ત્રિગુણાતીત પંચોલી)', 'ચંદ્ર' ત્રિવેદી, રજની વ્યાસ અને સી. નરેનનો ચિત્રો પહેલી વાર પ્રગટ થયાં એની પાછળ જયભિખ્ખુનું પ્રેરણાબળ હતું. કોઈ પણ નવો ચિત્રકાર હોય એટલે જયભિખ્ખુ એને ચિત્ર દોરવા આપે અને પછી એ ચિત્રને પુસ્તકમાં

પ્રગટ કરે. નાનુભાઈ ઉસરે અને દલસુખ શાહ જેવા ચિત્રકારોની ચિત્રકલાના પ્રારંભકાળે જયભિખ્ખુએ એમને સલાહ-સુચન આપ્યાં હતાં અને વિશેષ પ્રગતિનો માર્ગ બતાવ્યો હતો.

જયભિખ્ખુએ એમના ઘરની બહાર એક ઝુંપડી બનાવી અને એને ચારે બાજુ વેલથી ઢાંકી દીધી. એ લતામંડપ તરીકે ઓળખાતી. એક વાર પુનિત મહારાજ આવ્યા, ત્યારે પુનિત મહારાજ સાથે 'પુનિત પદરેણુ'ના નામથી જાણીતા શ્રી ચંદુભાઈ ત્રિવેદી – સૌ લતામંડપમાં બેઠા હતા, ત્યારે જયભિખ્ખુએ એમનાં પત્ની જયાબહેનને ચા બનાવવાનું કહ્યું. પુનિત મહારાજે કહ્યું, 'મને ડાયાબિટીસ પરેશાન કરે છે માટે ઓછી ખાંડવાળી ચા બનાવજો.' ત્યારે જયભિખ્ખુએ કહ્યું કે 'હું બમણી ખાંડવાળી ચા પીને ડાયાબિટીસને પરેશાન કરું છું.' તુલસીદાસ કહે છે કે જયભિખ્ખુના આ જવાબથી પુનિત મહારાજ થોડા ચિંતામુક્ત લાગ્યા.

આવી તો જયભિખ્ખુની અનેક કથાઓ તુલસીદાસના મુખેથી સાંભળવા મળે. જયભિખ્ખુને હિસાબ લખવાનો કંટાળો. ત્યારે જયાબહેન જયભિખ્ખુ પાસે હિસાબ લખાવે અને ડાયરી તુલસીદાસ રાખે! જયભિખ્ખુના ગુસ્સાનો પણ સામનો કરવો પડે. જયભિખ્ખુની પ્રકૃતિ એવી કે રીઝે ત્યારે રીઝે અને ખીજે ત્યારે ખીજે. એ જ્યારે ગુસ્સો કરે ત્યારે સામે પક્ષે સહુએ મૌન જ ધારણ કરવું પડે.

એક વાર માદલપુરના ધોબી પાસેથી ટોપીઓ ઈસ્ત્રી થઈને આવી. બન્યું એવું કે એમાં બે-ત્રણ ટોપીની બરાબર ઈસ્ત્રી થઈ નહોતી. જયભિખ્ખુએ આ ટોપીઓ જોઈ અને સામે ફેંકી. તુલસીદાસે ઠાવકાઈથી કહ્યું, 'ભાઈ, આ ધોબીએ ઉતાવળમાં ભૂલ કરી લાગે છે' અને ચૂપચાપ એ ટોપીઓ લઈને ઈસ્ત્રી કરાવી અડધા કલાકમાં તો પાછા હાજર થઈ ગયા.

તુલસીદાસ ઘરની પાછળ રહે અને ક્યારેક એવું થતું કે એમના પરિવારની સ્ત્રીઓમાં કોઈ સામાજિક કારણસર સામસામી બોલાચાવી થાય, ત્યારે તુલસીદાસનું હૈયું ખૂબ દુભાતું હતું. એમનો સંસ્કારી આત્મા કકળી ઊઠતો. એમને મનમાં એમ થતું કે 'આવા લેખકની પાસે રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે અને એમને મારા ઘરનો આ કંકાસ સાંભળીને શું થતું હશે ?'

એક દિવસ તુલસીદાસનું હૈયું ભરાઈ આવ્યું. એણે વિચાર્યું કે 'જો હું આ ઘરમાંથી ચાલ્યો જાઉં, તો આ સઘળો કંકાસ અટકી જશે. એકબીજા સાથે બોલાચાલી કરતા સ્ત્રીવર્ગની સાન ઠેકાણે આવશે.'

ધૂંધવાયેલા મને એ આવેશ સાથે ઘેરથી નીકળી ગયા અને સીધા ડાકોર જઈને રણછોડજીના દર્શન કરીને વડોદરા ગયા. વડોદરાના ન્યાયમંદિર પાસેની ધર્મશાળામાં રાત રહ્યા. પંચોતેર પૈસામાં સૂવા માટેની પથારી મળતી હતી. એ પથારીમાં સૂતા અને વહેલી ગાડીમાં નીકળીને ચાણોદ-કરનાલીમાં ગયા અને પછી એમણે નર્મદામાં જળસમાધી લેવા માટે ડૂબકી લગાવી. પણ જેવી ત્રણેક ડૂબકી લગાવી કે તરત જ મનમાં વિહ્વળતા જાગી. 'અરે, ભાઈ (જયભિખ્ખુ)ને કહ્યા વગર આમ નીકળી ગયો. એમને કેટલી બધી ચિંતા થતી હશે. મારાથી ઉતાવળે મોટી ભૂલ થઈ ગઈ.' દરમિયાન નર્મદાના જળનો મસ્તક પર અભિષેક થતાં થોડી ચિત્તશાંતિનો અનુભવ પણ થયો.

બીજી બાજુ બન્યું એવું કે પોતાનો ભાઈ ચાલ્યો જતાં તુલસીદાસની નાની બહેન બબુને ઊંડો આઘાત લાગ્યો. આવા કંકાસનું કારણ પોતે પણ ખરી જ ને! આવા વિચારે એ ઘરની પાછળ આવેલા ખેતરમાં ગઈ અને ત્યાં રહેલા કૂવામાં ઝંપલાવ્યું. બધાંએ એની શોધ કરી, આખરે જાણ થઈ. દુઃખી બબુને સાસરામાં ત્રાસ હોવાથી ઘણા સમયથી માતા અને ભાઈઓ સાથે રહેતી હતી. બબુનો મૃતદેહ ચંદ્રનગર લાવવામાં આવ્યો. પોસ્ટમોર્ટમ માટે લઈ ગયા. જયભિખ્ખુ સતત એમના પરિવારજનો સાથે રહ્યા. આ સમયે સિવિલ હૉસ્પિટલમાં તુલસીદાસના અનેક સગાંઓ આવ્યાં હતાં. હૃદયમાં વ્યથાનું મંથન ચાલતું હતું, પણ જિંદગીને ખમીરથી જીવનાર જયભિખ્ખુના ચહેરા પરથી કોઈ એમની વેદનાને કળી શકતું નહોતું. એક તો અકાળ મૃત્યુ અને બીજું, આવી રીતે તુલસીદાસ એમને છોડીને ચાલ્યો જાય-એ એમના માન્યામાં આવતું નહોતું.

એવામાં કોઈએ આવીને જયભિખ્ખુને કહ્યું કે 'આ સામે માતાજીનું મંદિર છે. તમે બાધા રાખો તો તમારો તુલસી પાછો આવશે.'

એમણે કહ્યું, અરે! એ પાછે આવે તો હું સહુને લઈને અહીં આવીશ.'

કેટલીક ઘટનાઓનો તાગ મેળવવો મુશ્કેલ છે! તર્કથી એને ઉકેલી શકાતી નથી. શ્રદ્ધાથી માપવી પડે છે. બન્યું એવું કે જે સમયે જયભિખ્ખુએ આવો વિચાર પ્રગટ કર્યો, બરાબર એજ સમયે નર્મદામાં જળસમાધિ લેવા ગયેલા તુલસીદાસે એક વાર ડૂબકી મારી અને પાછા બહાર આવ્યા. ફરી બીજી વાર જલસમાધિ માટે ડૂબકી મારી અને બહાર આવ્યા અને ત્રીજી વાર ડૂબકી મારીને બહાર આવ્યા, ત્યારે એમને સર્વપ્રથમ જયભિખ્ખુનું સ્મરણ થયું. તરત જ પોતાની ગંભીર ભૂલ સમજાઈ. બાજુમાં જ સંન્યસ્ત આશ્રમ હતો, ત્યાં વેદમંત્રોનું પારાયણ ચાલતું હતું. તુલસીદાસ

ચાણોદ-કરનાલીના મહારાજ પાસે ગયા અને હૈયું ઠાલવ્યું. કેવી મોટી ભૂલ કરી? આવેશમાં આવીને ભાઈને પૂછ્યા વિના ઘર છોડીને નીકળી આવ્યો! એમને કેટલું દુખ થતું હશે?

બીજી બાજુ સહુએ ભારે હૈયે બબુના અંતિમ સંસ્કાર કર્યાં. તુલસીદાસની કોઈ ભાળ મળતી નહોતી. જયભિખ્ખુ અત્યંત વ્યથિત બની ગયા અને એમણે 'ગુજરાત સમાચાર'ના પ્રથમ પૃષ્ટ પર ટૂંકી પણ? માર્મિક જાહેરખબર પ્રગટ કરાવી. એમાં લખ્યું,

***'પ્રિય તુલસી,***

***તું જ્યાં હોય ત્યાંથી પાછો આવ. મારી આવી મોટી ઉંમરે તું ક્યાં ચાલ્યો ગયો? બધી વાતનું સમાધાન થઈ જશે.***

***-બાલાભાઈ'***

'ગુજરાત સમાચાર'ના પ્રથમ પૃષ્ઠ પર આ સમાચાર પ્રગટ થતાં જ પરિચિતો જયભિખ્ખુને મળવા માટે દોડી આવ્યા. જયભિખ્ખુ (બાલાભાઈ) અને તુલસીદાસનો રામ-હનુમાનનો સંબંધ સહુ જાણતા હતા. સહુએ જયભિખ્ખુને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. એ દિવસે રાત્રે બારેક વાગ્યાના સુમારે જયભિખ્ખુ પથારીમાં બેઠા હતા અને એમની આંખોમાંથી ચોધાર આંસુ ચાલ્યા જતા હતા! વાણી મૌન બની ગઈ હતી. ચહેરો ઝાંખો પડી ગયો. માથું વેદનાના ભારથી નમેલું લાગતું હતું.

જીવનમાં મેં પહેલી વાર (અને છેલ્લી વાર પણ) જયભિખ્ખુની આંખમાં આંસુ જોયાં. જેમણે જિંદગીભર અનેક સંઘર્ષોનો હસતે મુખે સામનો કર્યો હતો અને અનેક આઘાતોને સ્વસ્થતાથી સહન કર્યા હતા, એ લેખક પોતાના આ સેવકને કારણે ભાંગી પડ્યા હોય એમ લાગતું હતું.

રાત બેચેનીમાં પસાર થઈ. જયાબહેનને ચિંતા હતી કે આ કડકડતી ઠંડીમાં તુલસીનું શું થતું હશે? પછીના દિવસે વહેલી સવારે પાંચ વાગ્યે ઘરનાં બારણાં પર કોઈ ટકોરા મારતું સંભળાયું. ચાણોદ-કરનાલીના આશ્રમમાંથી તુલસીદાસ આખી રાત મુસાફરી કરીને 'ભાઈ' પાસે પાછા આવ્યા હતા. જ્યારે જયભિખ્ખુએ બારણું ખોલ્યું, ત્યારે 'તુલસીદાસ તેમના પગની આગળ ઢગલો થઈને પડ્યા. જયભિખ્ખુએ એમને ઊભા કર્યા, બાથમાં લીધા અને બાજુના રૂમમાં બેસાડ્યા. દૂધ અને નાસ્તો કરાવ્યા પછી તુલસીદાસ સ્વસ્થ થયા, ત્યારે એમને એમના બહેનના અકાળ અવસાનની વાત કરી. સાથોસાથ તુલસીદાસનાં કુટુંબીજનોને બીજા ખંડમાં બોલાવીને તાકીદ કરી કે જો હવે તમે શાંતિથી રહેવા માંગતા હો તો જ મારા તુલસીને હું પાછો બોલાવીશ.' ઘરના તમામ સભ્યો જયભિખ્ખુની વાત સાથે સંમત થયા.

ધીરે ધીરે સઘળી પરિસ્થિતિ શાંત થઈ. જયભિખ્ખુ ખાસ બસ કરીને તુલસીદાસના અને સોસાયટીના પરિવારજનોને લઈને બાધા પૂર્ણ કરવા માટે માતાજીનાં દર્શને ગયા.

એ પછી જયભિખ્ખુના અવસાન બાદ શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા યોજાયેલા એક વ્યાખ્યાનમાં જયભિખ્ખુની તસવીર સમક્ષ તુલસીદાસે દીપપ્રાકટ્ય કર્યું, ત્યારે લેખક-સેવકના સંબંધને જાણતા પરિચિતોનો કંઠ ભીંજાઈ ગયો હતો!

પરિવારની વૃદ્ધિ થતાં તુલસીદાસ બોપલ વસવા ગયા, પણ હજી પૂર્વ પરિચિતોને મળે, ત્યારે જયભિખ્ખુનાં સ્મરણોની વણજાર આજે ૮૫ વર્ષે ય એમના મુખેથી અસ્ખલિત વહેવા લાગે.

રામ પ્રત્યેની હનુમાનની ભક્તિ વિશે મેં એક કથા લખી છે. એનું શીર્ષક છેઃ 'સ્વામીથી સવાયો સેવક.' એ શીર્ષક રચતી વખતે સ્મરણમાં તુલસીદાસ હતા.

**(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

✱✱✱

## સૂફી સંત રૂમી અને અનેકાન્તવાદ

*સૂફી સંત રૂમીને એ વખતના ધર્માંધ મુલ્લાઓએ પ્રશ્ન કર્યો કે અત્યારે ધર્મ સંબંધી જુદી જુદી ૭૨ માન્યતાઓ પ્રચલિત છે. તમે કંઈ માન્યતાનો સ્વીકાર કરો છો અને શા માટે? ધર્માંધ મુલ્લાઓને રૂમી પ્રત્યે ખૂબ જ અણગમો હતો. તેઓ આ પ્રશ્ન દ્વારા રૂમીને સાણસામાં લેવા માગતા હતા.*

*રૂમીએ કહ્યું, 'હું બધી જ માન્યતાઓનો સ્વીકાર કરું છું, કારણ કે દરેક માન્યતામાં સત્યનો અંશ છે.'*

*મુલ્લાઓ મૂંઝાયા. ચિડાયા અને રૂમીને કહ્યું કે 'તમે દંભી છો. પાખંડી છો.'*

*રૂમીએ કહ્યું, 'તમારી વાતમાં સત્યનો અંશ છે, કારણ કે હજુ સુધી હું પૂર્ણ થયો નથી એટલે મારામાં દંભ અને પાખંડ તો હોવાના જ ને!'*

*આ અનેકાંતવાદ નથી તો શું છે?*

## ગણધરવાદનું મહત્ત્વ

*જિનભદ્રગણિક્ષમાશ્રમણે ગણધરવાદની રચના દ્વારા ભગવાન મહાવીરની અનેકાંતદષ્ટિ, સર્વજ્ઞતા, ગમે એવા સંશયોનું સમાધાન કરવાની ક્ષમતા, બીજાના મનને વાંચી લેવાની શક્તિ અને વાણીની મધુરતા ઉપસાવી છે. આ ગણધરવાદનું મહત્ત્વ છે.*

### પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે આર્થિક સહાય માટે સંસ્થાઓની મુલાકાત

# માલવી ઍજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-ગામ કુકેરી (ગુજરાત) શાંતા બા વિદ્યાલયની પસંદગી

❑ મથુરાદાસ ટાંક

સંઘની પેટા સમિતિના સભ્યો સર્વશ્રી નિતિનભાઈ સોનાવાલા, પ્રકાશભાઈ ઝવેરી, દિલીપભાઈ કાકાબળીયા, ભરતભાઈ મામડીયા અને મથુરાદાસ ટાંક સોમવાર તા. ૨૮મી મે ૨૦૧૩ના રોજ સવારના ૬-૦૦ કલાકે મોટર કરી ગુજરાત તરફ સંસ્થા જોવા ગયા હતા. ગુજરાતના ચીખલી અને નવસારીના આદિવાસી વિસ્તારમાં ચાર સંસ્થા જોવાનો પ્લાન હતો.

અમે સવારે ૧૦-૩૦ કલાકે હાઈવે ઉપર ચીખલી પહોંચ્યાં. ત્યાં શ્રી પરિમલ પરમાર અમારી સાથે જોડાયા અને ત્યાંથી સંસ્થા જોવાની શરૂઆત કરી. હંમેશ મુજબ આપણે ઊંડાણમાં અને આદિવાસી પ્રજા વધારે હોય તેવા અંતરિયાળવાળા વિસ્તારમાં જ સંસ્થા જોવા જઈએ છીએ.

૧. ચિખલીથી ૧૫ કી.મી.ના અંતરે ગાંધીઘર કછોલી, સ્ટેશન અમલસાડ, તા. ગણદેવી નામની સંસ્થાની મુલાકાત લીધી. આ સંસ્થા ૧૯૫૪માં સ્થપાઈ છે. તેના સ્થાપક સ્વ કીકુભાઈ નાયક હતા. જેઓ ૨૦૦૫માં ગુજરી ગયા. હાલમાં સંસ્થાનું સંચાલન બળવંતભાઈ નાયક સંભાળે છે. શરૂઆતમાં બહુ ઓછા બાળકો ભણવા આવતા પણ આજે આ સંસ્થામાં આશરે ૫૦૦ બાળકો શિક્ષણ લે છે. આ સંસ્થામાં આદિવાસી બાળકો ભણે છે. હાલમાં સ્કૂલમાં વેકેશન હોવાથી બાળકો પોતાના ગામ ગયા હતા. સ્કૂલના એક કાર્યકર દિપેશ ટેઈલરે અમને સ્કૂલના સંકુલના બધા વિભાગો બતાવી માહિતી આપી. સ્કૂલના સંકુલમાં બાળકો એક પ્રિન્ટિંગ પ્રેસ પણ ચલાવે છે. જેમાં સ્કૂલને લગતી પ્રિન્ટિંગ સામગ્રી છાપવામાં આવે છે. અહીં બહેરા-મૂંગાની શાળા પણ છે જેમાં આશરે ૧૭૫ બાળકો શિક્ષણ લે છે. સંસ્થા નિસર્ગોપચાર કેન્દ્ર ચલાવે છે. આ સંસ્થાને રાષ્ટ્રકક્ષાએ ઘણાં પારિતોષિક મળેલા છે.

**૨.** ત્યાંથી અમે ૩૦ કી.મી.ના અંતરે માલવી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ગામ કુકેરી, તા. ચીખલી, જિ. નવસારીની મુલાકાતે ગયા. તેના સંચાલક-પ્રિન્સીપાલ શ્રી પરિમલ પરમાર છે. M.Sc. ભણેલા તેઓ સોફ્ટવેર એન્જિનિયર છે. તેમણે આદિવાસી અને પછાત વિસ્તારમાં આવેલી આ સંસ્થા ૨૦૦૬માં સ્થાપી. તેઓ ખૂબ જ દીર્ઘદૃષ્ટિવાળા અને ખંતીલા છે. ૧૦ વર્ષ પછીનો વિચાર તેઓ નજર સામે રાખી કામ કરે છે. તેમના પત્ની પણ બીજા ગામડે શિક્ષિકા તરીકે સેવા આપે છે.

તેમની સ્કૂલમાં હાલમાં ૨૭૦ બાળકો છે. આ વર્ષે ૩૦૦ થવાની સંભાવના છે. ૨૭૦ માંથી ૧૨૦ બાળકો સાવ અનાથ છે. તેમના માબાપ કે વાલી નથી. તેમનું ભણાવવાનું, રહેવાનું, ખાવાનું બધું જ સ્કૂલ ઉપાડે છે. ગવર્નમેન્ટ ગ્રાંટ મળતી નથી. દાનવીરો પાસેથી રકમ આવે તેમાં સ્કૂલ ચાલે છે. વાત્સલ્યધામ (છાત્રાલય)નું બાંધકામ ચાલુ છે. તેમાં છોકરા-છોકરીઓ માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં ફંડની ખેંચને લીધે વધારાના બાળકોને સ્કૂલમાં દાખલ કરી શકાતા નથી. આ સંસ્થા બાબત આ વર્ષે વિચાર કરવા જેવો છે.

**૩.** ત્યાંથી ૫૫ કી. મી.ના અંતરે માનવ કલ્યાણ ટ્રસ્ટ ગામ, શિવારીમાળ, તા. સાપુતારા, જિ. ડાંગની મુલાકાતે ગયા. આ સંસ્થા અંધ બાળકો માટેની છે. તેના ડાયરેક્ટર સંચાલક શ્રી અરવિંદભાઈ શાહને અમે મળ્યાં. હાલમાં વેકેશન હોવાથી બાળકો પોતાના માબાપ પાસે ગયા છે. હાલમાં આશરે ૧૩૫ અંધ બાળકો આ સંકુલમાં ભણે છે અને રહે છે. બધાંને અહીં ભણવા-રહેવાનું વિના મૂલ્યે મળે છે. ગયા વર્ષે આ સંસ્થાને માન્ચેસ્ટર-લંડનના દાનવીર પાસેથી ૨.૫૦ કરોડનું દાન મળ્યું છે, જેમાંથી તેઓએ નવી સ્કૂલનું બાંધકામ શરૂ કર્યું છે. તેમને પણ રોજના ખર્ચ માટે ભંડોળની જરૂર છે. આ સંસ્થા પણ આદિવાસી વિસ્તારમાં છે અને આદિવાસી અંધ બાળકો જ અહીં ભણે છે. ગવર્નમેન્ટ ગ્રાંટ મળતી નથી.

**૪.** ત્યાંથી ૪૫ કી.મી.ના અંતરે અમે શ્રી સત્ય સાંઈ લક્ષ્મીમોહન વિદ્યાલય, પોસ્ટ મહુવા, તા. વાંસદા જિ. નવસારીની મુલાકાતે ગયા. આ પણ ખૂબ ઊંડાણવાળા વિસ્તારમાં આવેલી આદિવાસી પ્રજા માટે કામ કરતી સ્કૂલ છે. તેના મેનેજિંગ ટ્રસ્ટી-પ્રિન્સીપાલ ડૉ. કમલેશ એમ. ઠક્કર છે. તેઓ ડૉક્ટરેટનું ભણેલા

છે. ખૂબ જ મહેનતું, દીર્ઘદૃષ્ટિવાળા અને બાળકો માટે કંઈ કરી છૂટવાની ધગશવાળા છે.

પરદેશના કોઈ દાનવીરના આશ્વાસનથી એમણે સ્કૂલની બિલ્ડિંગનું કામ શરૂ કર્યું. આજસુધી એ દાનવીર પાસેથી એક પણ રૂપિયો આવ્યો નથી. જ્યારે તેમણે લાખો રૂપિયાનું કામ શરૂ કર્યું છે. માલ સામાનની ચૂકવણી માટે એમણે પોતાનું સર્વસ્વ વેચી નાખ્યું. છેલ્લે છેલ્લે તેમણે પોતાની પત્નીના દાગીના વેચીને માલવાળાને રૂપિયા ચૂકાવ્યા. હાલમાં અહીં ૨૨૦ બાળકો ભણે છે. આ વર્ષે વધારે બાળકોને દાખલ કરવાના છે જેનો નવા મકાનમાં સમાવેશ કરાશે. એમની પાસે કેવા બાળકો આવે છે તેનો એક દાખલો અમને આપ્યો. ગુજરાતી આદિવાસી સ્ત્રી UPના ભાઈને પરણી. તેમને બાળકો થયાં. તેમની અટક તિવારી. આવા બાળકો સ્કૂલમાં દાખલ થાય. ૪-૫ વર્ષ પછી ખબર પડી કે તિવારીભાઈ પોતાના ગામ ચાલ્યા ગયા છે અને પાછા નથી આવ્યા. બાઈ એકલી થઈ ગઈ અને બીજાને પરણી ગઈ. તેના બાળકો અનાથ માબાપ વગરના કહેવામાં આવે. સંઘે આ સંસ્થા બાબત પણ વિચાર કરવા જેવો છે.

ચાર સંસ્થાની મુલાકાત લેતાં સાંજ પડી ગઈ. અમે પછી ધરમપુર વિસ્તારમાં આવેલા શ્રી રાકેશભાઈના આશ્રમની મુલાકાતે ગયાં, પણ પૂ. રાકેશભાઈ આશ્રમમાં મળ્યાં નહીં. અમે આશ્રમમાં સ્થાપેલી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના દર્શન કરી ત્યાંથી રવાના થયા.

આખા દિવસની મુસાફરી પછી અમે રાતના મુંબઈ તરફ રવાના થયા નહીં કારણ કે રાતની મુસાફીર ખૂબ જોખમી હોય છે.

ત્યાંથી ૭૫ કિ.મી.ના અંતરે અમે શ્રી નિતિનભાઈ સોનાવાલાના આગ્રહથી તેમના શબરીધામ આશ્રમ કપરાડામાં રાતવાસો કરવાનો વિચાર કર્યો. રાતના એમના આશ્રમમાં જમ્યા અને ખૂબ જ સુંદર ગેસ્ટ હાઉમસાં રાત રહ્યાં. સવારના તાજામાજા થઈ ચા-નાસ્તાને ન્યાય આપી. અમે કપરાડાથી નીકળી પારડી પાસે આવેલા **આધાર ટ્રસ્ટ** નામની સંસ્થામાં ગયા. ભોજનની વ્યવસ્થા ત્યાં જ રાખવામાં આવી હતી. આધાર ટ્રસ્ટ એ આધુનિક પ્રકારનું વૃદ્ધાશ્રમ છે. આશ્રમ મોટા વિસ્તારમાં હરિયાળી વનરાજી વચ્ચે છે. અમને અહીં એક ભાઈ ૯૮ વર્ષના મળ્યાં. વાતચીત કરી. તેઓ ખૂબ જ આનંદમાં દેખાયા. આધાર ટ્રસ્ટના વખાણ કરતા હતા. અહીંના ટ્રસ્ટીઓ સાથે વાત કરી. અહીં રહેવાની, જમવાની સાર-સંભાળ લેવાની ઉત્તમ વ્યવસ્થા છે. અહીં બધા રહે છે પણ વૃદ્ધાશ્રમ જેવું લાગતું નથી એમ એમની વાતચીત ઉપરથી ખબર પડી. આશ્રમમાં દરેક ધર્મની ઈશ્વરની મૂર્તિ છે તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પણ રાખવામાં આવી છે.

ઉપરોક્ત ચારે સંસ્થાઓ સહ્યાદ્રી પર્વતમાળાના ઊંડાણના અંતરિયાળ જંગલ વિસ્તારમાં વસેલી આદિવાસી પ્રજાને ભણતર, જ્ઞાન પ્રાપ્ત કરવા Secondary શાળા તેમજ શિક્ષિત ન હોવાથી ભણતરથી વંચિત રહેલા છોકરા-છોકરીઓને તેમનું ભવિષ્ય ઊજળું સ્વેચ્છાએ પુરુષાર્થ કરતી અનેક સંસ્થાઓ NGO નિસ્વાર્થપણે ચાલે છે.

આપણે દર વર્ષે આવી જ એક સંસ્થા લઈએ છીએ.

ઉપરની ચાર સંસ્થા બાબત મુલાકાતે ગયેલા સભ્યોએ ચર્ચા કર્યા પછી બધાનો એક મત આવ્યો કે આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે આર્થિક સહાય કરવા માટે શ્રી પરિમલ પરમારની સંસ્થા **માલવી ઍજ્યુકેશન એન્ડ ચટેરિટેબલ ટ્રસ્ટ**, ગામ કુકેરી તા. ચીખલી, જિ. નવસારીને આર્થિક મદદ કરવી.

સંસ્થાની કાર્યવાહક સમિતિની એક સભા શુક્રવાર તા. ૨૭ જૂન ૨૦૧૩ના મળી તેમાં શ્રી નિતિનભાઈ સોનાવાલાએ દરેક સંસ્થા બાબત માહિતી આપી હતી. મિટીંગમાં માલવી ઍજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી. આ વર્ષે આ સંસ્થાને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું.

આધાર ટ્રસ્ટથી નીકળી, રસ્તામાં ચા-નાસ્તાને ન્યાય આપી અમે સાંજના ૭-૦૦ કલાકે ઘરે પહોંચ્યાં. અમે કુલ ૭૧૬ કી.મીટરનો પ્રવાસ કર્યો. ✶✶✶

## STORY TELLING

અંગ્રેજી માધ્યમમાં ભણેલા આજના કિશોર અને યુવાનોને અંગ્રેજીમાં જૈન ધર્મની કથા કહેશું તો આ પેઢીને આ દ્વારા જૈન ધર્મના તત્ત્વ અને આચારની ખબર પડશે. જે એમના સંસ્કારને ઉજળા કરશે.

આ માટે આ સંસ્થા શ્રી મું. જૈ. યુ. સંઘ-મુંબઈના પ્રતિનિધિઓ મુંબઈના ઉપાશ્રયમાં જઈ ૫ થી ૨૦ વર્ષના બાળકોને અંગ્રેજીમાં કથા કહેવાનું અભિયાન શરૂ કરશે.

જૈન ધર્મના પ્રચાર માટે આ અભિયાનમાં સાથ આપવા માંગતા હોય એવા અંગ્રેજી જાણનાર બહેનો–ભાઈઓને અમે નિમંત્રણ પાઠવીએ છીએ.

સંપર્ક : **ડૉ. રેણુકા પોરવાલ–૯૮૨૧૮૭૭૩૨૭**
**ડૉ. કામિની ગોગરી-૯૮૧૯૧૬૪૫૦૫**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત કિશોર ટિંબડીયા કેળવણી ફંડ

ફેબ્રુઆરી મહિનાના 'પ્રબુદ્ધ જીવન'માં 'અનાજ રાહત' માટે અપીલ કરી હતી. 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ લાગણીશીલ વાચકોએ તેનો પ્રતિસાદ સારો આપ્યો. અને થોડીઘણી, જો કે સાધારણ સારી એવી રકમ ભેગી થઈ. પણ 'આભ ફાટે ત્યાં થીંગડું શું કામ કરે' એ ન્યાયે એમાં પણ હજુ ઘણી જ જરૂર છે.

જો કે આજે તમારા બધાનાં ઉદાર દિલ જોઈને એક બીજી અપીલ 'કેળવણી ફંડ' માટે કરવાની ઈચ્છાને રોકી નથી શકતા. પેટની ભૂખ સંતોષાય પણ માનસિક ભૂખ તો કેળવણીથી જ સંતોષાય.

આપ સૌ જાણો છો કે આજે બાળકોને 'કેળવણી' આપવાનું આપણને પણ મોંઘું પડે છે, તો નીચલા સ્તરના લોકોને માટે કેમ પહોંચવું એ જ મહાપ્રશ્ન છે ! અમારે ત્યાં અનાજ લેવા માટે જે બહેનો આવે છે તેઓ કહે છે કે અમે તો નથી ભણ્યા પણ અમારે અમારા બાળકોને તો ભણાવવા જ છે કે જેથી અમે જે કામ કરીએ છીએ તેવા તેઓને ન કરવા પડે. કોઈના બાળકો એમ.એ. કરે છે. કોઈ એમ.બી.એ., કોઈ સી.એ., કોઈ સી.એફ.એ. કરે છે. કૉલેજમાં તો બધા જ જાય છે. એસ.એસ.સી. સુધી તો પહોંચે જ છે. આજે સ્કૂલની ફી દર વર્ષે વધતી જાય છે. કલાસની ફી પણ ઘણી જ હોય છે.

સ્કૂલ અને કૉલેજમાં ભણવા છતાં બધાને કલાસ કરવા જ પડે છે. આપણે ભણેલા હોવા છતાં પણ આપણે પણ આપણા બાળકોને કલાસ કરાવવા પડે છે. જ્યારે તેઓ તો નિરક્ષર છે. તેઓને વધારે જરૂર છે. ક્લાસવાળા પણ ડિસ્કાઉન્ટ આપે છે. છતાં પણ ઠેકાણે ઠેકાણે ફરીને તેઓ ફી ભેગી કરે છે. બહેનોની આવી પરિસ્થિતિ જોતાં ફરીવાર અમે તમારી આગળ તેઓની વ્યથા રજૂ કરીને તેઓના બાળકો આગળ સારી રીતે ભણી શકે એ માટે ઉદાર દિલે આપ સૌ આ ફંડમાં રકમ લખાવો એવી વિનંતી કરીએ છીએ.

આ ફંડમાં રકમ ઘણી ઓછી છે એટલે ફક્ત પોસ્ટ ગ્રેજ્યુએટ અને એમાં પણ ૭૦% માર્કસ ઉપરવાળાને જ મદદ આપી શકાય છે. તે પણ ફક્ત રૂા. ૨૦૦૦ થી ૨૫૦૦ સુધી જ. આને માટે પણ ફોર્મ તૈયાર કર્યા છે. એમાં તેઓએ પૂરી વિગત લખવી પડે છે. ફોર્મ તપાસીને યોગ્ય લાગે એ પ્રમાણે રકમ મંજૂર કરીએ છીએ. અમે ત્રણ બહેનો-રમા મહેતા, ઉષા શાહ અને વસુબેન ભણશાળી આ કામ સંભાળીએ છીએ.

આપને ફોર્મ જોવા હોય અને વધારે વિગત જાણવી હોય તો મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં આવી શકો છો.

ફીની રકમ અમે ચેકથી કૉલેજને નામે આપીએ છીએ.

મુંબઈ જૈન યુવક સંઘને આપ આગળ ખૂબ જ આશા છે.

**કન્વીનર : ● રમા મહેતા ● ઉષા શાહ ● વસુબેન ભણશાળી**


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૫ | ૩૯૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૩ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૪ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૫ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૬ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૭ | સંસ્કૃત નાટકોની કથા ભાગ ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૮ | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૯ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૦ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૧ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૨ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૩૩ | મરમનો મલક | ૨૫૦ |

**નવા પ્રકાશનો**
**આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત**
**જૈન ધર્મ – રૂા. ૭૦/-**
**ડૉ. કે.બી. શાહ સંપાદિત**
**જૈન કથા વિશ્વ– રૂા. ૨૦૦/-**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬**

# સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **પ્રજ્ઞા પ્રતિભાનો કીર્તિકળશ**
સંપાદક : **નંદલાલ દેવલુક**
પ્રકાશક : શ્રી અરિહંત પ્રકાશન, 'પદ્માલય', ૨૨૩૭/બી/૧, હીલ ડ્રાઈવ, પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, ભાવનગર-૨.
ફોન : ૨૫૬૨૬૯૦. મૂલ્ય-રૂા. ૫૦૦/-, પાના-૭૭૦, આવૃત્તિ-૧. ૨૬-૧-૨૦૧૩.

ભારતીય સંસ્કૃતિ ધર્મની સાથે સમગ્ર જૈન ઇતિહાસના વૈભવનું લેખન કરનાર પ્રજ્ઞાપુરુષ, વિદ્વાન લેખક નંદલાલભાઈનો આ સત્તાવીસમો ગ્રંથ છે.

પ્રસ્તુત ગ્રંથમાં એમણે ચોવીસ તીર્થંકરોની માહિતી આપી છે. પર્યુષણના આઠેય દિવસનો આલેખ, પ્રાચીન રાજવીઓ, શ્રેષ્ઠીઓ કે શ્રાવકોના પરિચયની સાથોસાથ સંસ્કાર વારસાની આરાધના કરનારી વિરલ પ્રતિભાઓ દર્શાવી છે.

આ મહાન ગ્રંથમાં મહાન લબ્ધિવર ગૌતમ સ્વામીની પૂર્વભવના રહસ્યોની સુંદર છણાવટ મળે છે, તો જુદા જુદા ક્ષેત્રોની પ્રજ્ઞાવાન પ્રતિભાઓનું આ ગ્રંથમાં આલેખન છે. છેક પ્રાચીન કાળના મહાન આચાર્યોથી આરંભીને અત્યાર સુધીના આચાર્યોની વાત કરી છે અને સાથે સાથે જૈન મહાભારત અને રામાયણની લાક્ષણિક ઘટનાઓનું આલેખન કર્યું છે.

આ ગ્રંથ એટલે નંદલાલભાઈની વર્ષોની અથાક મહેનત. આ ગ્રંથમાં જૈન સમાજની પરંપરા, ઇતિહાસ અને ભવ્યતા શબ્દસ્થ થઈ છે. આવા ગ્રંથોમાં આલેખાયેલી માહિતીનું મૂલ્ય ઘણું છે. એના દ્વારા આપણો ઇતિહાસ જળવાયો છે અને આપણી ભાવનાઓને સાચા પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકીએ છીએ. આવો આ આકારગ્રંથ જનસમૂહને અત્યંત ઉપયોગી છે.

XXX

પુસ્તકનું નામ : **કર્મનો શતરંજ**
લેખકનું નામ : **આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખર સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : **અર્હમ્ આરાધક ટ્રસ્ટ**
એ-૫, ૧લે માળે, હરીભુવન, જૈન દેરાસરની બાજુમાં, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦
પ્રાપ્તિસ્થાન : દીપકભાઈ ફુરીયા, C/o.પાવર કંટ્રોલ, ઈસ્માઈલ બિલ્ડીંગ, બીજે માળે, રૂમ નં. ૪, ૩૩-પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૪૦૦ ૦૦૨. મો.: ૯૮૬૭૫૮૦૨૨૭.
મૂલ્ય-રૂા. ૫૦/-, પાના-૧૨૮, આવૃત્તિ તૃતીય. વિ. સ. ૨૦૬૯.

પ. પૂ. આચાર્યદેવ રચિત 'કર્મનો શતરંજ' પુસ્તકમાં પૂજ્યશ્રીએ સંસારમાં રહેલ કલહ-કંકાસ અશાંતિ વગેરે ઘટનાઓ—કેટલીક સત્ય ઘટનાઓ અને કેટલીક કાલ્પનિક ઘટનાઓ કથારૂપે વણી લીધી છે. પૂજ્યશ્રી કહે છેઃ આ પ્રસંગોને જો કર્મથિયરી અને ઋણાનુબંધના દૃષ્ટિકોણથી જોવામાં આવશે તો કોઈને અન્યાય નહીં થાય અને અન્યાય સહન કરનારને પણ અકળામણ નહીં થાય.

આ ઘટનાઓનો બીજ મુદ્દો વાંચેલા પ્રસંગો પર આધારિત હોવા છતાં સમગ્ર ઘટનાને કલ્પના કરી વર્ણવી છે. તેથી બધી ઘટનાઓ કાલ્પનિક છે અને એ દ્વારા પૂજ્યશ્રીનો હેતુ સર્વત્ર પૂર્વનું કર્મ અને ઋણાનુબંધ સમજાવવાનો છે. કોઈનેય અન્યાય કરવો નહિ, કારણ કે વાવેલા દ્વેષના બીજ ભવિષ્યમાં બહુ ભારે પડી જાય છે.

કર્મથિયરી અને ઋણાનુબંધને સમજાવતું આ પુસ્તક સ્વસ્થ જીવનની દિશા અને સદ્ગતિની સફર કરાવે તેવું છે.

XXX

પુસ્તકનું નામ : **શ્રાવક કવિ ઋષભદાસકૃત જીવવિચાર રાસ - એક અધ્યયન**
લેખક : **ડૉ. પાર્વતી નેણશી ખીરાણી**
પ્રકાશક : **ગુણવંત બરવાળિયા**
અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર સંચાલિત
શ્રી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ, જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ટ સેન્ટર, ૨-મેવાડ, પાટણવાલા એસ્ટેટ, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).
મૂલ્ય-રૂા. ૫૦૦/-, પાના-૫૪૨, પ્રથમ આવૃત્તિ-૨૩-૩-૨૦૧૩.

ડૉ. પાર્વતીબહેને પીએચ.ડી.ની પદવી માટે શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'જીવવિચાર રાસ'ની હસ્ત પ્રતનું સંશોધન કરી આ ગ્રંથ તૈયાર કરેલ છે. આ વિશાળ શોધ પ્રબંધની જ્ઞાન યાત્રા કરતાં જેમ જેમ વાચક ગતિ કરે છે તેમ તેમ વાચકની પ્રજ્ઞા અને હૃદયની પ્રગતિ થતી રહે છે અને એમાંનું જ્ઞાનબીજ કબીરવડ બનતું જણાય છે.

જીવ તત્વના વિશાલ આકાશનું અહીં વિગતે વર્ણન છે. આ વિષયમાં લેખિકા પ્રાચીનથી અર્વાચીન સુધી તે છેક વર્તમાનમાં વિજ્ઞાન સુધી પોતાની લીટી દોરે છે. લેખિકાનું જીવ વિશેનું વૈજ્ઞાનિક સંશોધન પ્રશંસાપાત્ર છે.

આ અધ્યયન ગ્રંથમાં જીવતત્વનો મહાસાગર ભર્યો છે. આત્માના ઉર્ધ્વગમનની દિશા દર્શાવી છે. આ ગ્રંથમાં જીવવિષયક ઊંડું અને તલસ્પર્શી દર્શન લેખિકાએ કરાવ્યું છે. સાથે સાથે સાહિત્યની દૃષ્ટિએ આ રાસાનું મૂલ્યાંકન પાર્વતીબહેનની સાહિત્યિક સૂઝબૂઝની પ્રતીતિ કરાવે છે.

XXX

પુસ્તકનું નામ : **જીવન શુદ્ધિનું અજવાળું (વ્રત વિચાર રાસ - સંશોધન અને સમીક્ષા)**
લેખક : **ડૉ. રતનબેન ખીમજી છાડવા**-M. A. Ph.D.
પ્રકાશક : **ગુણવંત બરવાળિયા**
અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર સંચાલિત
શ્રી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ, જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર, ૨-મેવાડ, પાટણવાલા એસ્ટેટ, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).
મૂલ્ય-રૂા. ૬૫૦/-, પાના-૪૭૫, પ્રથમ આવૃત્તિ ૩૧-૩-૨૦૧૩.

ડૉ. રતનબેન ખીમજી છાડવાએ શ્રાવક કવિ ઋષભદાસકૃત 'વ્રતવિચાર રાસ' કૃતિની હસ્તપ્રતનું લીપ્યાંતર કરી, સંશોધન સંપાદન આ કૃતિમાં કર્યું છે. વ્રત એ ભારતભરના ધર્મોના પાયામાં રહેલ તત્વ છે. ધર્મના સિદ્ધાંતોના પાયા પર રચાયેલ કૃતિમાં તત્વના આલેખન દ્વારા સાધુ કવિઓ ઉપદેશ આપવાનું કાર્ય કરે છે. આ રાસમાં દૃષ્ટાંત કથાઓ દ્વારા કવિએ તત્વજ્ઞાન પીરસ્યું છે.

ડૉ. રતનબહેને આ ગ્રંથમાં કવિની કાવ્ય શક્તિનું સુંદર અને ગહન વિવરણ કર્યું છે. તે ઉપરાંત જૈન ધર્મના વ્રતોનું સ્વરૂપ, તેની પરિભાષા, ભેદો-પ્રભેદો, અન્ય ધર્મોમાં વ્રતનું

સ્વરૂપ અને વર્તમાન સમયમાં વ્રતની ઉપયોગિતા બતાવીને મધ્યકાલીન કૃતિને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી મૂલવી છે.

લેખિકાએ વ્રત જેવા તાત્વિક વિષયને રાસના ઢાંચામાં ઢાળી સાહિત્ય કૃતિ બનાવી શકાય છે તેની પ્રતીતિ કરાવી છે.

X X X

પુસ્તકનું નામ : **ઓસરીમાં તડકો** (લઘુ નિબંધો)
લેખક : **ડૉ. ગુલાબ દેઢિયા**
પ્રકાશક : **ગોરધન પટેલ 'કવિ'**
વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫.
ફોન : (૦૨૮૪૫) ૨૨૩૨૫૩, ૨૨૩૯૩૪.
મૂલ્ય-રૂા. ૧૨૦/-, પાના-૧૭૬,
આવૃત્તિ-માર્ચ-૨૦૧૨.

'ઓસરીમાં તડકો' વિશે માનનીય જયંત કોઠારી લખે છે-'તમે આસપાસના જગતને બારીક દૃષ્ટિથી અને પોતીકી સંવેદનશીલતાથી ઝીલ્યું છે ને તમારી પાસે સ-રસ અભિવ્યક્તિ છે એની પ્રતીતિ થાય છે.

આ લઘુનિબંધોમાં ગુલાબભાઈએ સૌંદર્યની કવિતા રચી છે. આ પુસ્તક વાંચતા વાંચતા માણવાનું છે. અનેક હાથવગા શબ્દોના ભંડાર સાથે વર્ણનશક્તિની કાબેલિયત હોવા છતાં વાંચનારને ક્યાંય કંટાળો ન આવે કે ભારેખમ ન લાગે તેવી સરળ પ્રવાહી શૈલીમાં સર્જન કરવું એ જ તેમનું તપ છે અને એ તેમની સાચી આગવી ઓળખ છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે દરેક પ્રકરણ કોઈ ને કોઈ વિષયની માંડણી કરીને અલગ અલગ રીતે આલેખાયું હોવા છતાં નવલકથાની માફક એકી બેઠકે વાંચી જવાનું મન થાય તેવું છે.

આ લઘુનિબંધોની કાવ્યાત્મક ક્ષણો માણવા જેવી છે.

X X X

પુસ્તકનું નામ : **અપ્રતિહતા** (નાટ્ય કવિતા)
લેખક : **ડૉ. હસમુખ દોશી**
પ્રકાશક : **સૌ. નિરંજના દોશી**
'સંદીપ', સેતુબંધ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. ફોન : ૦૨૮૧-૨૪૫૩૪૮૨.
પ્રાપ્તિ સ્થાન : ગુર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય-રૂા. ૧૮૦/-, પાના-૧૨૮, આવૃત્તિ-પ્રથમ. મે-૨૦૧૩.

ડૉ. હસમુખ દેશીએ આ નાટ્યકવિતાની રચના કેવળ આઠ જ દિવસમાં કરી જેનું વસ્તુ લેખકના મનમાં વર્ષોથી ઘોળાયા કરતું હતું. લેખક પોતે જ કહે છે તેમ આ નાટ્ય કવિતાનું વસ્તુ તદ્દન કાલ્પનિક નથી. આ નાટ્ય કવિતાની ઘટનાઓના મૂળ મૈથિલી ભાષાના એક શ્રેષ્ઠ કવિ વિદ્યાપતિના જીવનમાં રહેલા છે. એ ઘટનાઓમાં દંતકથાનો આધાર વધારે છે.

ઈ. સ. ૧૯૮૮માં કાશ્મીરમાં આતંકવાદનો ભડકો થયો અને તેની અસર લેખકની સંવેદના પર પડી અને એ સંવેદનામાંથી આ નાટ્યકૃતિની સર્જન સૃષ્ટિનું નિર્માણ થયું. લેખકે આ કાવ્ય નાટકનો સમય વિ. સં. ૧૩૫૭ના ગાળાનો મૂક્યો છે જેને કાશ્મીરના મૂળ ઇતિહાસ સાથે કોઈ સંબંધ નથી. બધા પાત્રો કાલ્પનિક છે પણ પર્શિયાના શાહ ઝીયા-ઉલ-આબાદીનનું આક્રમણ ઐતિહાસિક છે.

અપ્રતિહતા કાવ્ય નાટક શેક્સપિયર અને કવિ ન્હાનાલાલનું તથા ઉમાશંકર જોષીનું સ્મરણ કરાવે છે.

X X X

ુસ્તકનું નામ : **ગુજરાતના સંગીતકાર રત્નો**
લેખક : **હસુ યાજ્ઞિક**
પ્રકાશક : **ગુર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય**
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૮+૧૨૦, આવૃત્તિ-પ્રથમ, ૨૦૧૨.

આ પુસ્તકના લેખક શ્રી હસુ યાજ્ઞિકે આ પુસ્તકમાં છેક પૌરાણિક સમયથી માંડીને આધુનિક કાળ સુધીના ગુજરાતના સેંકડો સંગીતકારોના જીવન કાર્યની શ્રદ્ધેય, સરળ અને રસપ્રદ માહિતી આપી છે. અહીં પુરાણ દંતકથાના શ્રીકૃષ્ણ, અસાઈત, બૈજુ બાવરા, તાનારીરીથી માંડીને સ્વતંત્રતા પહેલાંના અને પછીના આદિત્યરામ, પ્રો. મૌલાબક્ષ, પં. ડાહ્યાલાલ શિવરામ, ઉ. ફૈયાઝખાં, ઉ. ઇનાયતખાં, ઓંકારનાથ, ઉ. મહમ્મદખાં ફરીદી, નાગરદાસ, ઉ. સુલ્તાનખાં, વગેરે અન્ય સંગીતકારોના જીવનકાર્ય આલેખાયાં છે. આ પુસ્તકમાં પ્રથમ વખત ગુજરાતી રંગભૂમિના સંગીતના ઇતિહાસ સાથે ૬૬ જેટલાં સંગીતકારોની માહિતી મળે છે. સંગીતકારોના જીવન કાર્યોની સાથે જ અહીં સંગીતના વિવિધ પ્રકારો, પ્રવાહો, પરિબળો અને તેનો ઇતિહાસ વણી લેવામાં આવ્યો છે. સંગીતપ્રેમીઓઓ વસાવવા જેવું આ પુસ્તક છે.

આ અંકની
છૂટક નકલની કિંમત
રૂપિયા ૪૦/-

X X X

પુસ્તકનું નામ : **ઈક્ષા** (અભ્યાસ લેખ સંચય)
લેખક : **પ્રા. દીક્ષા એચ. સાવલા**
પ્રકાશક : **ગુરુ ડિઝાઈન શૉપ**
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
મૂલ્ય-રૂા. ૯૦/-, પાના-૧૭૫, આવૃત્તિ-પ્રથમ -૨૦૧૨.

પ્રા. દીક્ષા સાવલાના અધ્યયનનું આ પ્રથમ પગલું એટલે ઇક્ષા-અભ્યાસલેખોનો સંચય. આ પુસ્તકમાં સાત અભ્યાસ લેખો પસંદ કરવામાં આવ્યા છે. એમાંના ચાર સંસ્કૃત કાવ્યો છે, બે મધ્યકાલીન ગુજરાતી કાવ્યો છે, અને એક જૈન દર્શનમાં અહિંસા વિશેનું કાવ્ય છે. અહીં ઋગ્વેદના અક્ષસૂક્તથી મધ્યકાલીન ગુજરાતીના મૃગાવતી ચરિત્ર ચોપાઈ સુધીના વિષયોનું આલેખન-આચમન થયું છે. સંસ્કૃત કાવ્યપરંપરામાં માનવજાતિના આદિકાવ્ય ઋગ્વેદ (અક્ષસૂક્ત) થી શરૂ કરીને આધુનિક સંસ્કૃત કવિ રસિકલાલ પટેલની 'માતૃલહરી' સુધીની યાત્રા થઈ છે. અહીં મૃચ્છકટિકામાં દલિત ચેતના જેવા લેખમાં પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યને અત્યારના દલિત સામાજિક સંદર્ભમાં જોવાનો પ્રયાસ પણ કર્યો છે તો અજ્ઞાત કવિ ત્રિભુવનસિંહ ચરિત જેવી અપ્રસિદ્ધ સંસ્કૃત જૈન કથાકૃતિના કથા સૂત્રને સંસ્કૃત પાઠને ઉકેલતા જઈ એના વિશે અવલોકનો આપવાનો પ્રયત્ન થયો છે. એ જ રીતે રસિક કવિની માતૃવંદનાનો પરિચય આપતો માતૃલહરી લેખ આધુનિક સંસ્કૃત કવિતાનો અભ્યાસ કરવાનો ઉત્સાહ બતાવે છે.

સાહિત્યના અભ્યાસીઓને પ્રેરણા આપે તેવું આ પુસ્તક છે. ✶✶✶

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩. મો. નં. : 9223190753.

# GANDHARVAD IN JAIN PHILOSOPHY

☐ DR. ANIL V. DESAI

[ *Leanrned writer is professor of philosophy and Vice Principal of Acharya Marathe College, Chembur, Mumbai. He wrote Ph.D. thesis on `Concepts of Soul, Karma, and liberation in Jainism'. He is a graceful speaker and wrote many articles on various subjects of Jainism.*]

## *Its meaning, Historical Sources, Importance and Relevance in Modern Times.*

O Vardhamana ! You are one who has become the very embodiment of imperishable pure consciousness, omniscience and one who is knower of the transformations of all existents characterized by origination, destruction and permanence. You are indeed knowledge endowed with the splendours. What is this light of yours? It is truly mavellous to us.

This is how AMRATCHANDRA Suri has described Lord Mahavira, about nine hundred years ago.

Lord Mahavira, the 24th and last of Jaina Tirthanakrs in this era enlightened and inspired minds and spirits of all life forms about six centuries before Christ.

GANDHARVAD is the name assigned to debates, doubts, questions and points of imperfections raised by eleven Learned Vedic Scholars (Brahmins by birth) to Lord Mahavira. Lord Mahavira who being omniscient had pre-knowledge of the same. Lord Mahavira answered and resolved all points of imperfections to the total satisfaction of all of them.

All eleven of them were no ordinary mortals, they were scholars of highest rank in Vedic philosophy. Their names were (1) INDRABHUTI, (2) AGNIBHUTI, (3) VAYUBHUTI, (all three of them were brothers with family name `GAUTAM') (4) ARYA VYAKTA, (5) ARYA SUDHARMA SWAMY, (6) MANDITPUTRA, (7) MAURYA PUTRA, (6th & 7th Brothers again) (8) AKAMPITA SWAMI (9) ACHALAPUTRA SWAMI, (10) METRAYA SWAMI AND (11) PRABHASA SWAMI.

It can be safely inferred from their age groups that they were very matured thinkers and intellectually honest.

Barring 11th GANDHARA PRABHASWAMI all of them were over thirty six years of age when they met Lord Mahavira for the first time. Inspite of being exceptionally gifted scholars, each of them had conflicting understanding of vedic texts and thereby had doubts or uncertainty on those points. These doubts were crucial links in their overall understanding of Vedic phiolosophy. These were the reasons for their imperfections. They had almost all the knowledge except these doubts. As they commanded great respect and reverence from the laity, they were reluctant to seek clarifications or they might have believed no one knew better or could give them satisfsctory answer.

These doubts were in following order.

1. The first Gandhar Indrabhuti had doubts about existence of soul independent of body. Even if it exists is it one or many? Or whether it continues after the death of body.
2. The second Gandhar Agnibhuti had doubts about KARMATATVA. Is there a cause which affects every thought, word and action therby influencing the destiny of its doer?
3. The third Gandhar Vayubhuti doubted whether soul and body are one or different from each other ? This is a question very close to what his eldest brother Indrabhuti had asked.
4. The fourth Arya Vyakta Gandhar's doubt was concerned with the nature of existence of basic elements like ether, water, air, light, sky etc.
5. The fifth Gandhar Shri Sudharma Swami had question or doubts whether soul that exists in body at present time assumes the same body in rebirth or not.
6. 6th, 7th, 8th,9th, 10th and 11th Gandhars named respectively as Manditaputra, Mauryaputra, Akampita Swami, Achalbrata Swami, Metraya Swami and Prabhasa Swami had doubts concerned mainly with causes, consequences and implications of karma theory. Sixth Gandhar doubted Karma Bandh and Liberation, seventh and

eight had doubts about existence of DEVAGATI and NARKI, 9th, and 10th had issues regarding merit and sin or PUNYA or PAPA and the existence of the world other than existing one and finally 11th Gandhar had doubts about complete cessation of karmic activities and liberation or nirvana of worldly soul.

**Sources of Ganadharvad in Jainism**

The origin of Gandharvad can be traced from AVASHYAK Sutra composed by Gandhar themselves. It entails six essentials or AVASHYAK. Srutkevli ACHARYA BHADRABAHU had composed Ten `NIRYUKTIS, one of which is SAMYAK AVASHIYAK NIRYUKTI from which Shree JINBHADRA GANI had composed Shree VISHESHAVASYAK BHASYA in PRAKRUT LANGUAGE.

This great work is composed of about 4000 verses. This epic work contains names of Gandhars, roots of their family trees, number of disciples and the doubts that each one had. This work includes 476 verses detailing misinterpretations of vedic texts and their possible right interpretations. This has been the basic source of heart and soul of GANDHARVAD. There have been numerous commentaries on this legendary text by Shri Jinbhadra Gani. Shri Jinbhadra Gani appear to have composed this great work in 666 AD. He was considered as AGAMVADI in JAINA DARSANA.

Visheshavshyakabhashya was translated in Sanskrit by Maldhari Hemchandra.

The other commentary is by Upadhyaya VINAY VIJAYJI who while commenting on KALPSUTRA, made a brief but now popular note on GANDHARVAD. Other commentary is of Pandit Dalsukh Malavania. For further readings there are books in two parts by Dr. ARUN VIJAYJI Maharaj, GANDHARVAD by Shrimad VIJAY BHUVANBHANU MAHARAJ and translation of Maldhari Hemchandracharya's work by Shri DHIRAJLAL D. MEHTA. All the above mentioned works are in lucid but simple GUJARATI language. The English translation of GANDHARVAD of Shri BHUVANBHANUSURI by Shri K. RAMAPPA IS PUBLISHED by Motilal Banarsidas from DELHI.

Lord Mahavir in the state of omniscience, having knowledge of all elements, all forms at one time answered each of the doubts leaving no scope for disagreement or dissent and to the total satisfation of all Gandhars. This eventually led to surrender and acceptance of Lord Mahavir as an all knowing Master.

Lord Mahavir having inexhaustible compassion for all proceeded to clarity doubts of each Gandhara.

First Gandhara's Indrabhuti's uncertaintly about existence or soul surviving death of body was explained by various convincing methods like direct and indirect perceptions, inferences, analogies, sacred texts of all sects including vedic text and finally the fact that if there is no soul why conduct rites and rituals to attend which he had come with ten other scholars.

The second Gandhar's doubt about karmatatva and its grip over worldly soul is expalined by recource to various conditions and transformations that a soul undergoes. Karmatatva is logical and reasonable explanation for apparently causeless incidends. Lord Mahavir reminds him that there is no Creator, Controller or Merciful God. Man is responsible for his past, present and future ocnditions. How he conducts himself determines what he gets at every stage in life. This does not imply fatalistic attitude of oneself and for others as is commonly misunderstood. It calls for greater effrots and restraints for right path as laid out by master himself. For the resolution of VAYUBHUTI'S doubt whether soul and body are same or different, Lord quotes from MANDUKYA Upanishad that soul is different from body, it can be only realized by truth, panance and celibacy. Soul is pure-consciousness and knoewledge. VYAKTA'S doubt regarding reality of soul was cleared by reference to dream and awakened state of consciousness. The fifth Gandhar's doubt was cleared by explaining that soul does not always assume same body in next birth. It is Karmic materials which determine how he is born in any of the four Gatis. For sixth Gandhara's doubt, Lord explained him that he did not understand all of soul's qualities. There is no bondage or liberation for omniscient but for worldly soul both are realities until it is free from all karmic connections. The 7th Gandhar's doubt was celared by direct showing of celestial bodies and inferences of happiest man. But at the same time Lord showed it is not of eternal existence, it comes to an end hence

not desirable. The 8th Gandhar's doubt about NARKI or Hellish life was cleared by stating that soul can be born in NARKI but does not always stay there, it can move to other GATI. A soul's upward movement should not be interpreted as non-existence of Narki. 9th, 10th and 11th Gandhar's doubts respectively about sin PAPA and merit PUNYA, existence of the other world and Liberation of worldly soul were cleared in follownig ways. Karma or action determines merit or sin which in turn serves as basis for happiness and the misery in the world. The importance of assumed other world is exalted and encouraged for avoidance of papa karma and remaining steady on right path. Finally doubts over liberation are cleared by subtle explanation of this concept which means complete absence of actions and acquisition of total knowledge.

In this way omniscient Lord Mahavira answered all questions, provided all missing links to all of them. All eleven learned men in full humility and modesty understood the right path of Mahavira.

Although they were proud of their knowledge and intelligence, they were neck deep in rituals and ceremonies, however they had great respect for truth and simplicity which Lord had in totality. They all immediately became Lord's first disciples. They were appointed as leaders of various categories. This in fact is famed Gandharvada in Jaina Darshan.

The first discourse of Lord was heard by souls of devgati but no one was ordained due to various reasons. Lord Mahavir, having sheer compassion and welfare of all souls and to promote and propagate non-violence, restraints, needed few able disciples. In the state of omniscience he could foresee arrival of learned Brahmins for a great religious rite, whom He thought to be great promoters and propagators of ideas which were to benefit the entire mankind.

**Importance and Relevance of Gandharvad in modern times**

The greatest discovery of man is, Discovery of himself. Human life is compared by poets and philosophers as a grand journey and holy pilgrimage where we not only discover the world outside but also the world inside, for the treacherous unexplored areas of the world are not in continents or seas but they are in minds and hearts of men. A man is never fully satisfied with physiological activiteis, certain metaphysical problems bother him. He continously strives to seek answers to these problems. Answers to these problems make him think about origin of and order in universe, secrets and true nature of physical world and finally existence and the aims of human life. As Socrates has said for every thinking being unexamined life is not worth living. The questions raised by Gandharas were of immense importance, not only to themselves but also to entire mankind.

These questions originate in every meritorious soul at some point of time in its worldly journey. The moot question is `can interest in it be sustained and strengthened until they are resolved by right sources.

Issues discussed in Gandharvad remain relevant as long as human mind exist in all ages. These issues are our keys to steadying, awakening and purifying consciousness. Social and material circumstances change periodically but the purpose of human birth will not change. With Lord's answers we all have golden opportunity to explore uncharted and immense power of our consciousness.

Even today's leaders of sub-atomic physics in the world talk of immense and unexplored power of human conciousness. The study of Gandharvad helpd each soul to refocus, reorient and rethink that human birth will not be wasted if we follow the path prescribed by Lord Mahavira. The relevance of this message of Lord is lauded by Upadhyaya Shri YASHOVIJAYJI in GNANSAAR in following way.

``Human existence is as unstable as wind, our wealth, possessions are like waves in stormy sea and our body as fragile as passing cloud."

I sincerely seek forgiveness of readers for any error either of language or contents. This write up is humble and an honest attempt to project Lord Mahavira's message for all of us.

I am thankful to Dr. Rashmibhai Zaveri for converting my intial reluctance into readiness and for providing vital inputs for this brief write up. ✷✷✷

Acharya Marathe College Chambur

Mo. : 9819724556. email:anilvdesai@gmail.com

# Thus HE Was, Thus HE Spoke

## SWAMI VIVEKANAND

*"I am a spirit living in a body. I am not the body. The body will die, but I shall not die. Here am I in this body; it will fall, but I shall go on living."*

**— Swami Vivekananda**

Swami Vivekananda is best known for his speech in Chicago, in 1893, in which he introduced the world to Hinduism. But his speeches did not centre on the practice of the religion. In fact, they were principles of life and living and Hinduism within the context of other world religions like Christianity and Judaism. After the Chicago Parliament of World Religions meet, he was celebrated as a messenger of Indian wisdom to the world. But Vivekananda, born as Narendra Nath Datta to an affluent Kolkata family, was not one who glorified in this status. His mission was to better the life of his fellow Indians by preaching the Vedanta philosophy to them, just as he had done to himself.

"Infinite power and existence and blessedness are ours, and we have not to acquire them; they are our own, and we have only to manifest them."

His road to a spiritual awakening was not easy. He had had a yogic temperament as a boy and practiced meditation even then. But he was filled with doubts about the existence of God. It was when he asked Ramakrishna Paramhamsa whether he had seen God that his restless soul found the answer it was seeking. Paramhamsa is famously quoted as saying: "Yes, I have. I see Him as clearly as I see you, only in a much intenser sense."

Vivekananda became a disciple of Paramhamsa, who instilled in his followers the spirit of renunciation and brotherly love for one another. He even gave them ochre robes to wear and sent them to beg for food. This was actually the seed of the monastic order later founded by Vivekananda. Paramhamsa gave Vivekananda clear directions for this. Vivekananda was still Narendranath at this point. It was only after Paramhamsa passed away in August of 1886 that the disciples formed a new brotherhood, took vows of sanyasa and assumed new names. Vivekananda took a bigger leadership role from this point onwards.

He travelled to Chicago where he made his famous speech and toured the world for three and a half years preaching the teachings of Vedanta. When he returned to India, he travelled all over the country to experience the conditions of Indians first hand. What he saw shook him to his core. He was the first to realise that India's failure and downfall would be in its neglect of the masses and that centuries of oppression by invaders had robbed India's poor of their will power and their belief in themselves, that they could improve their living and life conditions.

"Religion is not in books, nor in theories, nor in dogmas, nor in talking, not even in reasoning. It is being and becoming."

Vivekananda realised that while people held on to the beliefs and rituals of their religion, they did not know or practice its life-giving and empowering principles. He realised that the need of the hour was to make people mentally, emotionally and spiritually strong. This could only be done by a life-changing message. So he started preaching the potential of the soul as taught by Vedanta or the Upanishads, an ancient Hindu text.

"Change is always subjective. To talk of evil and misery is nonsense, because they do not exist outside. If I am immune from all anger, I never feel angry. If I am immune from all hatred, I never feel hatred."

Vivekananda would go on to focus not just on the religious message but his preaching had a two-fold intention: 1)impart knowledge that would empower people to improve their economic condition, and 2) spiritual knowledge to make them believe in themselves and strengthen their sense of morality. It was education that would improve the lot of his fellow Indians, Vivekananda realised. And an effecgtive organization was needed to effect this…

"to set in motion a machinery which will bring noblest ideas to the doorstep of even the poorest and the meanest." So, the **Ramakrishna Mission** was founded a few years later.

He continued his travels within India and also abroad. He passed away in July, 1902. His last message to a follower was this: "It may be that I shall find it good to get outside my body, to cast it off like a worn out garment. But I shall not cease to work. I shall inspire men everywhere until the whole world shall know that it is one with God."

**RESHMA JAIN**
The Narrators
Mob.: 9820427444

# OCEAN OF POLITENESS

## A Story From Agam Katha

**Gujarati: ACHARYASHRI VATSALYADEEPJI ● English Translation: SMT. PUSHPA PARIKH**

Indrabhuti Gautam a very learned personality once went to see Mahavir with the purpose of discussion. He carried along with him his group of pupils. He was proud of his knowledge about scriptures. He thought he would defeat Mahavir very easily.

Shraman Bhagwan Mahavir was sitting on the dias known as Samavasharan, giving deshna (lectures). He was very kind to every one. Even animals like cow and Tiger also used to sit side by side and listen quietly the deshna (lecture). Rich and poor all used to sit together. Seeing Gautam comimg towards him Mahavir received him saying,

``Welcome, Indrabhuti Gautam. I hope you had no trouble on the way.''

Gautam was astonished. `How could he know my name?' But being proud he thought, `who does not know my name? Everybody knows me. I would believe him to be very knowledgable (Sarvagnya) if he clears out my doubt without my telling him about it.'

Gautam was surprised to hear the deep voice saying, ``Gautam, you have a doubt about soul. Isn't it?'' Bhagwam Mahavir further said, ``Because there is soul in this universe, there is the cycle of birth and rebirth, happiness and misery; birth and death. Atma is born and it dies often. To be free from this cycle of birth and rebirth you have to try and diminish your karmas. Try to go on the path of liberation. Brother Gautam, you please try and go on that path.''

Learned Gautam bowed down at the feet of Mahavir Bhagwam and said, ``You are sarvagnya (one who knows everything) in the real sense. Please show me the path of liberation.''

Bhagwan Mahavir accepted him as his follower and agreed to give him Diksha. Now onwards Gautam became a saint.

once in a very pleasant season Guru Gautam was passing through a village. People used to respect him a lot. He was busy thinking about Mahavir constantly. Somebody on the way stopped him and asked him, ``Do you know? Maha Shravak Anand has achieved ultimate knowledge.'' Gautam Swami was pleased to hear the news and decided to see Anand. When he went to his house he saw that he was a person living worldly life. So he could not believe that he could achieve ultimate knowledge and told him that he would not believe about his achievement.

Shravak Anand told, `Prabhu, ``I think you are wrong'' repent for being wrong. Please excuse me for saying this. You should repent for uttering wrong thing.' Anand was very polite. Gautam decided to ask Mahavir Bhagwan about the answer and went to him. He asked, ``Who is right amongst we two? Do you think I should repent?''

Bhagwan Mahavir said laughingly, ``Dear Gautam, a normal person can also achieve the ultimate knowledge. You should go and say `Michchami Dukkadam' (I wish to be forgiven), to that shravak.'' Gautam Swami who was himself very polite immediately agreed and went to Anand and asked for his forgiveness. After this incident people were more impressed by Gautam Swami and considered themselves lucky because of his darshan.

✶ ✶ ✶



ભગવાનના ઉપદેશથી બોધ પામેલા ૧૧ બ્રાહ્મણ પંડિતોને દીક્ષાપ્રદાન, વાસક્ષેપ દ્વારા આશીર્વાદ, ગણધરપદે સ્થાપના અને શાસ્ત્ર રચના

Eleven learned Brahmins, being satisfied for their questions, accept Initiation at hands of Mahavira

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month
Published on 16th of every month & Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14



# પર્યુષણ વ્યાખ્યાનમાળા - ૨૦૧૩

**આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૯મા વર્ષમાં પ્રવેશે છે.
સોમવાર, તા. ૨-૯-૨૦૧૩ થી સોમવાર તા. ૯-૯-૨૦૧૩ સુધી રોજ બે વ્યાખ્યાનો.
સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

**પ્રમુખસ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ | તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|---|
| સોમવાર | ૨-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રમજાન હસણિયા | લોગસ્સ, એક વિશિષ્ટ સ્તોત્ર |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. રશ્મિકુમાર ઝવેરી | ગણધરવાદ |
| મંગળવાર | ૩-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી મનુભાઈ દોશી | ધર્મનો મર્મ, મનનો ધર્મ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી વલ્લભભાઈ ભંશાલી | સદાચાર તપ કે આગે ક્યા ? |
| બુધવાર | ૪-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. અશ્વિનકુમાર દેસાઈ | 'સાવિત્રી'માં મહર્ષિ અરવિંદનું આંતર દર્શન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુલાબ દેઢિયા | અનર્થદંડ વિરમણ વ્રત |
| ગુરુવાર | ૫-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. સુધીરબાબુ દેસાઈ | પુનર્જન્મ, આજની દૃષ્ટિએ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાણદેવજી | ગંગાસતીનું અધ્યાત્મ દર્શન |
| શુક્રવાર | ૬-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | વિદ્વાન સંગીતકાર શ્રી કુમાર ચેટરજી | સ્તોત્ર, શબ્દ, સંગીત સે ભક્તિ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | વિદ્વાન સંગીતકાર શ્રી કુમાર ચેટરજી | સ્તોત્ર, શબ્દ, સંગીત સે ભક્તિ |
| શનિવાર | ૭-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | આજના યુવાનોનો ધર્મ ક્યો ? |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | મહર્ષિ રમણ ગીતા |
| રવિવાર | ૮-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીતી કાજલ ઓઝા-વૈદ્ય | ગીતા : કર્મ અને નિયતિ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | ઈકોલોજી પરમો ધર્મઃ |
| સોમવાર | ૯-૯-૨૦૧૩ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી ધાત્રિકભાઈ ઝવેરી | મહાવીરનો ઉપદેશ, વર્તમાન સંદર્ભમાં |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭ ક્રોધની સમજ, ૮ ક્ષમાની ઓળખ |

+ ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ અને ડૉ. કામીનીબેન ગોગરી**
+ ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રી ભાવેશ મહેતા (૨) શ્રીમતિ અલકા શાહ (૩) કુ. ગોપી શાહ (૪) કુ. વૈશાલી કેરકર (૫) કુ. ધ્વનિ પંડ્યા (૬) શ્રીમતિ ગાયત્રી કામત (૭) શ્રીમતિ ઝરણા વ્યાસ (૮) શ્રી ગૌતમ કામત.
+ **તા. ૬ સપ્ટે.ના મહાવીર જન્મ વાંચન નિમિત્તે સુપ્રસિદ્ધ વિદ્વાન સંગીતકાર કુમાર ચેટરજી દ્વારા દશ્ય-શ્રાવ્યનો બે કલાકનો ખાસ કાર્યક્રમ : સમયસર પોતાની બેઠક લેવા વિનંતી.**
+ પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **બે. જ્વેલેક્ષ ફાઉન્ડેશન** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.
+ **ડૉ. રમણલાલ શાહ** લિખિત 'સાંપ્રત સહચિંતન' ભાગ-૧૬ અને **ડૉ. ધનવંત શાહ** લિખિત 'વિચારધારા' ભાગ-૧ અને ૨ – ત્રણેના સંપાદિકા ડૉ. **કલા શાહ**. આ ત્રણે ગ્રંથોનું લોકાર્પણ.
+ ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનો અને ભજનો સંસ્થાની વેબસાઈટ www.mumbai_jainyuvaksangh.com પર જોઈ-સાંભળી શકશો. સંપર્ક: **હિતેશ માયાણી** મો.09820347990

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી** | **નીતિન સોનાવાલા** | **ચંદ્રકાંત દીપચંદ શાહ** | **નિરુબેન એસ. શાહ** | **વર્ષાબહેન રજ્જુભાઈ શાહ** |
| **કોષાધ્યક્ષ** | **ઉપપ્રમુખ** | **પ્રમુખ** | **ધનવંત ટી. શાહ** | **સહમંત્રી** |
| | | | **મંત્રીઓ** | |

+ પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
+ **આ વર્ષે સંઘે માળવી એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ. કુકેરી સંચાલિત શાંતા બા વિદ્યાલયને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે** તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
+ સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૮ **સંસ્થાઓને** આજ સુધી આશરે રૂ. ૪.૧૫ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
+ દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.**

**Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**